ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ટ્રસ્ટ સંસ્થાપિત
સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય ( પ્રથમ શ્રેણી=પુષ્પ સાતમું )

# બહોત ગઈ થોડી રહી

યાને

# દાક્ષિણ્યનિધિ ક્ષુલ્લક

## ભાગ પહેલો

: લેખક :

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

બી. એ; એલએલ બી. સોલિસિટર નોટરી પબ્લિક

આવૃત્તિ ૧ લી.]          મૂલ્ય ૩) રૂપિયા          [ જાન્યુઆરી ૧૯૪૯

પ્રત ૧૬૨૫

સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન રાખ્યા છે.

સોલ એજન્ટસ :—

સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલ

મહાજનગલી, રાવપુરા—વડોદરા

મુદ્રક : મુદ્રણસ્થાન
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રિં. પ્રેસ,
મોદીખાના રોડ, વડોદરા
તા. ૨૫-૧-૧૯૪૯

# આમુખ

લગભગ સં. ૧૯૬૨માં ભાવનગર જવાનું થતાં તે વખતે છપાયેલ 'ધર્મરત્ન' પ્રકરણનો ભાગ વાંચવામાં આવ્યો. તેમાં ધર્મરત્નની યોગ્યતા બતાવનાર દ્રવ્ય શ્રાવકના એકવીશ ગુણોનું વર્ણન અને પ્રત્યેક ગુણ અંગેની એક એક કથા પણ વાંચી શ્રાવકપણાની લાયકાત મેળવવા આટલા ગુણો તો જોઈએ તે જાણી અંતરમાં ઘણો પ્રમોદ થયો. કેટલીક કથાઓ બહુ સુંદર લાગી. તેમાં પણ આઠમા ગુણ–દાક્ષિણ્ય ઉપરની ક્ષુલ્લક કુમારની કથાએ મારું મન વધારે આકર્ષ્યું.

તેના ઉપર એક બે ઉલ્લેખ કર્યાં. સં. ૧૯૮૪માં 'જીતની બાજી હારમાં' એ શિર્ષક નીચે 'શ્રી જૈન ધર્મ પ્રકાશ' (પૃ.૪૪ અને પૃ.૨૨૮)માં મારો લેખ લખ્યો અને દાક્ષિણ્ય ગુણનો મહિમા વર્ણવ્યો. 'સાધ્યને માર્ગે' સંગ્રહમાં એ લેખને પુનઃપ્રતિષ્ઠા આપી છે.

સં. ૨૦૦૧ની ઉનાળાની રજામાં ભાવનગર જતાં 'બહોત ગઈ થોડી રહી' વાળી વાત એક સ્નેહી પાસે સાંભળી. એ વાતને ક્ષુલ્લકની કથા સાથેનો ઘનિષ્ઠ સંબંધ લાગ્યો એટલે ક્ષુલ્લકની મૂળ કથાનો ઉપયોગ બીજી જ રીતે કરવા પ્રેરણા થઈ.

કથા લખનારને મૂળમાં આગળ પાછળ વધારો કરવાની છૂટ હોય છે અને પૂર્વ કાળમાં પણ મૂળ આશયને કાયમ રાખી કથાના રાસો કરવામાં, તેમને કાવ્યનું સ્વરૂપ આપવામાં અને તેને અદ્‌ભુત કાવ્ય બનાવવામાં તેવો પ્રકારની છૂટ હતી. ઐતિહાસિક ધાર્મિક સાંપ્રદાયિક કે સામાજિક કથાના લેખકે મૂળ વસ્તુનો આશય ધ્યાનમાં રાખવાનો, પાત્રોને બરાબર સમજવાના, પછી

એના આલેખનને અંગે મૂળ આશયને બહલાવવા શબ્દચિત્ર આડકથા અવાંતર પ્રસંગો અને નૈસર્ગિક વર્ણન તથા વ્યવહાર પ્રસંગોની ઘટના કરવાની એને છૂટ રહેતી અને તેવા અનેક રાસો, કથાઓ અને કિંવદંતીઓ આપણા સાહિત્યનો ભાગ બની રહેલ છે. મહાભારતની મૂળ કથાને અને તેમાં આવેલ અવાંતર કથાઓને અનેક આકાર આપવામાં આવ્યા છે, તેની આંતર કથાઓ પર આખ્યાનો લખાયાં છે અને નાની વાર્તાઓને મોટાં કાવ્ય રૂપે રજૂ કરવામાં આવી છે. જૈન સાહિત્યમાં પણ આખા રાસ-સાહિત્યમાં, કાવ્ય સાહિત્યમાં, કથા સાહિત્યમાં અને દષ્ટાંતોમાં એ છૂટનો પૂરતો ઉપયોગ થયો છે. એ દૃષ્ટિએ મેં ક્ષુલ્લકની કથા સાથે મૂળ કથા લગભગ કાયમ રાખી એને બહલાવવાની છૂટ લીધી છે.

શ્રીપાળનો રાસ, ચંદરાજાનો રાસ, ધમ્મિલનો રાસ અને સમરાદિત્યનો રાસ કે બીજો કોઇ પણ રાસ મૂળ કથા સાથે સરખાવવામાં આવે તો જે પ્રકારની વાણા તાણાની ગોઠવણ ત્યાં થયેલ છે તેવીજ ગોઠવણનું અનુકરણ મેં આ કથા લખવામાં કર્યું છે. અત્યારે સિનેમાને અંગે જે પદ્ધતિએ કથા કે વાર્તા-વસ્તુ લખાય છે તેમાં એવાજ પ્રકારની છૂટ લેવાય છે. મારા મનમાં એક વાત બેસી ગઇ છે કે ઐતિહાસિક કથાના લેખકે કે સાંપ્રદાયિક કથાના લેખકે મૂળ વાતને કાયમ જરૂર રાખવી જોઇએ, પછી એની ભૂમિકા ઉપર નાના મોટા પ્રસંગો મૂળ આશયને કાયમ રાખી કરવા ઘટે. મૂળ વસ્તુને વિકૃત સ્વરૂપ ન અપાય કે અસલ વાત મારી ન જાય તો અંદર તમે વધારો ઘટાડો મૂળ આશયને લક્ષ્યમાં રાખી કરી શકો. ધમ્મિલના રાસમાં અગડ-દત્તની આખી રોમાંચક કથા આડ કથા તરીકે મૂળ આશયને કાયમ રાખી દાખલ કરેલ છે અને સ્થળ કે પાત્રનાં વર્ણનો તો

કવિના મગજમાંથી જ નીકળ્યાં છે. આ અર્વાચીન પદ્ધતિનો મેં છૂટથી ઉપયોગ કર્યો છે.

મૂળ કથાને મેં ચાર વિભાગમાં મૂકી છે. એમાં પ્રથમ વિભાગમાં એક દિવસનો વાર્તા સમય લીધો છે, બીજા વિભાગમાં પંદર દિવસનો સમય લીધો છે, અને ત્રીજા વિભાગમાં ૬૦ વર્ષનો સમય લીધો છે. મૂળ કથામાં ક્ષુલ્લકનો દાક્ષિણ્ય ગુણ બતાવવા માટે એટલાં વર્ષ લીધા વગર એ વિભાગ વિકસાવી શકાય તેમ નહોતું, તેથી તે વિભાગનો એ સમય અનિવાર્ય બનેલ છે. મારા લક્ષ્યમાં છે કે વસ્તુ નિરૂપણ જેમ બને તેમ સંકીર્ણ થવું જોઈએ જ્યારે બનાવોને માટે લાંબો સમય ન કાઢવો જોઈએ. પણ આ વાર્તાના સ્વરૂપને એમ કરવામાં ન્યાય મળે તેમ નહોતું, તેથી ક્ષુલ્લકનો દાક્ષિણ્ય ગુણ ખીલવવા એટલાં બધાં વર્ષ વસ્તુનિરૂપણ માટે જરૂરી લાગ્યાં છે. એમાં કોઈ વર્તમાન સાહિત્ય નિયમનું ઉલ્લંઘન થતું હોય તો વસ્તુ નિર્દેશને અંગે અને મૂળ કથાને અનુલક્ષીને તે અનિવાર્ય હતું એમ ગણવાનું છે.

અને ચોથા વિભાગમાં એક રાત્રીનો સમય લેવામાં આવ્યો છે. મેં જે રીતે મૂળ કથાને બદલાવી છે તેમાં પરાકાષ્ઠા (climax) ચોથા વિભાગમાં આવે છે. મૂળ કથાની મુખ્ય હકીકત દાક્ષિણ્ય ગુણને વ્યક્ત કરવાની છે તે માટે આખો ત્રીજો વિભાગ રોકયો છે પણ સર્વની પરાભૂમિ તો ચોથા વિભાગમાં જે મહાન રાજ જલસો થાય છે ત્યાંજ આવે છે. સમયનો પરિક્રમ ભંગ ન થાય અને બાકીની કથા અધુરી ન રહી જાય તેટલા માટે પરિશિષ્ટમાં બાકીની કથા મૂકી દીધી છે.

આ પ્રકારની વસ્તુ સંકળના આ કથામાં થઈ છે. કથા લખવા માંડી ત્યારે આટલો લાંબો તેનો વિકાસ થશે એમ લાગતું નહોતું.

પણ પ્રવેશ કર્યો પછી વાત જામતી ગઈ અને જેમ વાત જામતી ગઈ તેમ નવા નવા પ્રસંગો સ્ફુરતા ગયા. મૂળ વાત દાક્ષિણ્યની છે તે તો કાયમ રહી છે, પણ તેમાં 'બહોત ગઈ થોડી રહી' વાળી હકીકત એવી રીતે વણાઇ ગઇ છે કે કથાને 'દાક્ષિણ્ય પ્રધાન' કહેવી કે સાવધાની સૂચક 'ઉપદેશ પ્રધાન' કહેવી એ શંકા પડી જાય તેવી વસ્તુ છે, પણ તે મૂળ કથાને અનુસરીને જ છે અને મને એ છેલ્લા વિભાગને પ્રાધાન્ય આપવામાં આનંદ આવ્યો તેથી કથાને તેનું નામ આપ્યું છે, પણ દાક્ષિણ્યની વાત કાયમ કરેલી છે તેથી અપર નામ 'ક્ષુલ્લક' સાથે મેળવી નાખ્યું છે. છતાં મૂળ કથા કેવી હતી, અને આ નિરૂપણમાં તેણે કેવો આકાર લીધો છે તેનો ખ્યાલ રહે તેટલા માટે ગ્રંથને છેડે પરિશિષ્ટ અ માં મૂળ કથાનું ગુજરાતી અવતરણ રજૂ કરવામાં આવ્યું છે. કથાની અંદરનાં વર્ણનો, પ્રસંગો, વાર્તાલાપો અને ઘટનાનાં મિશ્રણોની જવાબદારી મારી છે. મૂળ આશયને બરાબર વળગી રહેવાને અંગે મેં પૂરતી સાવચેતી રાખી છે.

અને પ્રત્યેક સહૃદય માણસે 'બહોત ગઈ થોડી રહી' એ પ્રકારની મનોદશા કેળવવા યોગ્ય છે. કોઇ અપકૃત્ય કરતાં, કોઇ આફત આવી પડે ત્યારે ખેદ થતાં, કોઇ હકીકતને અંગે કિન્નાખોર માનસ થઇ જતાં કે જીવનમાં કંટાળો આવતાં કે ન પસંદ કરવા યોગ્ય ( Undesirable ) નિર્ણય કરતી વખતે **આવા પ્રકારનું માનસ કેળવવા યોગ્ય છે.** આફત વખતે કે કિન્નો લેવાની વૃત્તિ વખતે તો એવા માનસથી મહાન ફેરફાર થઇ જવાની અથવા ખુલાસો આવી જવાની શકયતા છે. 'અહીં રહી રહીને કેટલું રહેવું છે?' એવા અકાર્ય માટે જીંદગી ઘણી ટૂંકી છે.' 'ઓખી દીન જાયગા,' 'મોટા માધાતા પણ ચાલ્યા ગયા, પણ પૃથ્વી કે ધન કોઇ સાથે ગયું નથી,' કોઈ દીકરાએ મોટો નાનો વારસો આપવા

માટે બાપનો આભાર માન્યો નથી,' 'આ તો બે દહાડાનો તમાસો છે પછી ધૂળની ધૂળ છે,' 'આપ મૂએ સારી ડૂબ ગઈ દુનિયા' આવા અર્થાંતર ન્યાસો અથવા સર્વમાન્ય સૂત્રો મનમાં રાખવાથી જીવનની મુસાફરી હળવી બને છે, કાંઈ નહિતો મનોવિકારની તીવ્રતા-ગાઢતા ઓછી થાય છે અને પ્રગતિમાર્ગ ખરાબ કે અનિષ્ટ રસ્તે ચઢી જતો અટકી જાય છે. 'આ બધું કોને માટે? કયા ભવ માટે?' આવી દશા કેળવવાની જરૂર છે, ક્રિયા અને ભાવનાની એક વાક્યતા ઘણે અંશે સાધી શકાય છે.

અને કોઈ ખરાબ કામ કરવા વિચાર આવે ત્યારે 'બહોત ગઈ થોડી રહી' આવી મનોદશા પડખે ઊભી રહી અકાર્ય નિવારણને અંગે ખૂબ ટેકો આપે છે અને કેટલીયે વાર જીવનપંથને ઉજાળે છે અથવા ખરાબ થઈ જતો અટકાવે છે, કારણકે એમાં સાથેજ સૂત્ર છે કે 'થોડી સો બીત જાય.' આ મનોદશાને પ્રેરણા થાય તો કામ થાય તેમ છે. આ કથા લખવાનો એ ઉદ્દેશ છે અને એ પાર પડે એમાં એનું સાફલ્ય છે.

અને 'દાક્ષિણ્ય' ગુણ આ યુગમાં ઉપદેશવો, એતો ભારે જોખમી કામ છે. અત્યારે સ્વાતંત્ર્યને નામે અથવા એના ઓઠા તળે જે સ્વચ્છંદતાની પોષણા થઈ રહી છે ત્યાં નાના મોટાનો વિવેક જાળવવાની વાત કરવી, આપણા વડીલ કે આપણા ઉપરી અધિકારીને આવુ કેમ કહેવાય, એમનો બોલ કેમ ઉત્થાપાય? એમની સામે કેમ બોલાય? આવી વાત કરનાર નબળો નિર્માલ્ય કે પોચો ગણાય છે. અત્યારે સામે ફટકારનારને બહાદુર ગણવામાં આવે છે, અત્યારે બળવો કરનારની બોલબોલા બોલાય છે, તેવા યુગમાં મ્હોંરખાપણાની વાત કરવી કસમયની લાગશે, પણ મને લાગે છે કે આપણા આર્યાવર્તની સંસ્કૃતિમાં આ 'મ્હોરખા-

એમના પાત્રાલેખનને અંગે ગૂંથાતા વિચારો હવે બંધ થશે એ ખ્યાલથી જરા ખેદ થાય છે, પણ લખવાની ટેવવાળા એકને એક મુદ્દા પર લાંબો વખત ટકી શકે નહિ એ હકીકત છે, પણ વધારે સુંદર પાત્રોને હાથ ધરવાની ભાવના સાથે આ ચિત્રપટ આલેખવામાં કે પાત્રાલેખન કરવામાં કોઇ અતિશયોક્તિ કે ન્યૂનતા થઇ ગયા હોય તો તે માટે ક્ષમા ચાહી આ પુસ્તક અભ્યાસની દૃષ્ટિએ જનતા સમક્ષ રજૂ કરું છું. આ પુસ્તક કે **કથા લેખનમાં** સાહિત્ય દૃષ્ટિ કરતાં **માર્ગ દર્શનની ભાવના** વિશેષ છે, એમાં વર્ણનની ભવ્યતા કે અલંકારિતા કરતાં ઉપદેશ કે **અનુકરણના પ્રસંગો વધારે નીપજાવ્યા છે.** એનો આશય પ્રગતિ માર્ગના જુદા જુદા માર્ગોમાંથી પોતાને યોગ્ય માર્ગ શોધી લેવાની **વિચાર જાગૃતિ એ એનો મુખ્ય આશય છે.** એ આશય કેટલે અંશે પાર પડયો છે અથવા પાર પડયો છે કે નહિ તે જોવાનું કે તેનો નિર્ણય કરવાનું કાર્ય વાચક કે વિવેચકનું છે. મારી વિજ્ઞપ્તિ તો એ છે કે આ કથાને સાહિત્ય દૃષ્ટિએ નિહાળવા કરતાં ચારિત્ર બંધારણને અંગે એનો ઉપયોગ થાય કે એમાં એ કાંઇ પૂરતી કરે તો મારો ઉદ્દેશ પાર પડશે.

મેં આ કથા રચનામાં અન્યની પદ્ય કૃતિનો ઉપયોગ કર્યો છે ત્યાં તેનાં નામો મૂકયાં છે. હું કોઈ કોઈ વાર પદ્ય બનાવવાનું પણ સાહસ કરું છું. તેના કોઇ કોઇ નમુના આ કથામાં મળી આવશે. જ્યાં જ્યાં પદ્ય આવેલ છે ત્યા ત્યાં તે માત્ર લાક્ષણિક છે એમ સમજવું, કારણકે કથાનું સ્થાન સાકેતપુર મગધ–બિહારમાં હોય ત્યાં ગુજરાતી કૃતિ ચાલે નહિ. એ વાત પર સકારણ લક્ષ્ય ખેંચું છું. કથાનો પ્રદેશ બિહાર છે, સમય લગભગ પાંચમા છઠ્ઠા સૈકાનો છે એટલે એમાં વાહન વ્યવહાર સભાપદ્ધતિ, જવા આવવાનાં સાધનો સર્વ તત્સમયનાં યોજ્યા છે એ વાત ધ્યાનમાં રાખવી.

સાહિત્યની દષ્ટિ કરતાં ચારિત્ર બંધારણની દષ્ટિ આ કથા લેખનમાં મુખ્યત્વે કરીને રહેલ હોવાથી તે દષ્ટિએ તેના પર ચર્ચા કરવામાં વિશેષ લાભ દેખાય છે. માનસિક દષ્ટિએ મનુષ્ય વર્તનના અભ્યાસને એમાં બનતું સ્થાન આપ્યું છે. અને તે પ્રકારે એ કથા નિરૂપણ વિચારાય તે સ્વપર હિતની નજરે વધારે ઇષ્ટ છે. બાકી કોઈ એને નવલ કહેવા લલચાય, કોઇ એને કથા નિરૂપણ કહે, કોઇ સંભાષણની નજરે એને નાટક કહેવા પ્રેરાઇ જાય, કોઇ ઉપદેશ પ્રસંગોને અંગે એને નિબંધ સંગ્રહ કહેવા લલચાઇ જાય કે કોઇ એને છૂટા છૂટા પ્રસંગોની મેળવણીનો સંગ્રહ માનવા ધારણા કરે તો તેનો નિર્ણય કરવાનું મેં વિદ્વાનોની વિચારણા અને નિર્ણય પર રાખ્યું છે. મને તો પ્રભાતમા પ્રેરણા થઇ તેમ દરરોજ શબ્દચિત્ર આલેખતો ગયો છું અને તેને બીજીવાર સંસ્કરણ માટે આંખ તળે નાખી તેની અનુપ્રેક્ષા કરી ગયો છું. આ આખું નિરૂપણ મારી આંતર પ્રેરણાનું પરિણામ છે અને કોઈ પણ સ્થાને સ્ખલના દેખાય તો તેની જવાબદારી મારી છે. જનતા એમાંથી કાઇ લાભ મેળવી શકે તો મને આ કરેલ પ્રયાસ માટે આનંદ થશે.

સં. ૨૦૦૨ હોળીનો પડવો,<br>ચોપાટી સીફેસ, મલબાર વ્યૂ<br>મુંબઇ તા. ૨૦–૩–૧૯૪૬<br>પ્રગટ કરાઇ ૧૫–૧–૪૯<br>રાવપુરા–વડોદરા

મોતીચંદ

પણા ' નો ગુણ વર્ણાઈ રહેલો છે, હજુ વડીલવર્ગ સામે બળવો કરતાં વિદ્વાન માણસો પણ છોભાતા મેં જોયા છે અને મને એ ગુણમાં નબળાઇ કે પરાધીનતા નથી લાગતી, પણ ભક્તિ, કૃતજ્ઞતા અને મહાનતા લાગે છે. નૈસર્ગિક કુમાશવાળી આવી વ્યક્તિઓ કદાચ થોડો વખત સહન પણ કરે, પણ એની સ્વાભાવિક મહાનુભાવિતા એને યોગ્ય સ્થાનકે જરૂર લઇ જાય છે. બાકી એ ગુણમાં સ્વાતંત્ર્ય નાશ મને દેખાતો નથી, પણ સાચું વિવેકીપણું કૃતવેદીતા અને ઉપકાર સ્મરણજ જણાય છે. જે પ્રાણીમાં સામાને ખરાબ લાગશે અથવા સામાની પાસે એવી વાત કેમ થાય અથવા એવા ઉપકારી કે મોટા માણસ કોઈ વચન નાખે કે હુકમ કરે તેનું ઉલ્લંઘન કેમ કરાય-આવો વિચાર રહે તેનામાં ભારે નમ્રતા અને અનુકરણીય કુમાશ હોય છે. આ વાતને આગળ કરવાનો આશય ' દાક્ષિણ્ય ' ગુણમાં છે અને એ ગુણનું આ યુગમાં પણ સેવન કરવાનો હું આગ્રહ કરૂં છું. આ વાત સ્પષ્ટ કરવાનો આશય મૂળ કથાનો છે અને મેં તેને બહાર લાવવા સમજણ પૂર્વક લાભની દૃષ્ટિએ પ્રયત્ન કર્યો છે.

ક્ષુલ્લકના અવલોકનોને વધારે લંબાવી શકાત, પણ ભવ ચક્ર જોવા નીકળનાર પ્રકર્ષ-વિમર્ષના પાત્રોએ તે કાર્ય 'શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ' ( પ્રસ્તાવ ૪ ) માં સારી રીતે કહેલું નિરૂપાઈ ગયું છે અને વધારે લંબાણ કરતા કથાનું પૂર વધી જાય તેવુ હતું તેથી જરૂરી પ્રસંગોનું નિરૂપણ કરી એ વિભાગ ટૂંકાવી નાખ્યો છે, બાકી એ વિભાગમાં વ્યવહારના ગમે તે પ્રસંગો અને મનોવિકારના અનેક પ્રકારના આવિર્ભાવોને લાવી શકાય તેમ હતું. આપણી આસપાસની આખી સૃષ્ટિ તે માટે ખુલ્લીજ છે અને અવલોકન શક્તિ અને વસ્તુ નિરૂપણની આવડત હોય તો તે વિભાગ પર પાનાનાં પાનાં ભરાય તેમ હતું, પણ તેમા ઉપર્યુક્ત કારણે ઘટતી મર્યાદા રાખી બાકીની વાત વાચનારની કલ્પના પર છોડી છે.

પ્રથમ વિભાગમાં સ્ત્રીઓનો આનંદ અને બીજા વિભાગમાં રાજ્ય ખટપટ ચીતરવા હેતુપૂર્વક પ્રયત્ન કર્યો છે. યશોભદ્રાના પાત્રને ખીલાવવાનો પ્રયત્ન મૂળ વસ્તુને લક્ષ્યમાં રાખીને થયો છે અને એનો જીવન ઉત્કર્ષ છેવટ સુધી એટલો થયો છે કે એને વ્યવહાર દૃષ્ટિએ અન્યાય થયો લાગે તો આત્મવિકાસ અને પ્રગતિની દૃષ્ટિએ એને પૂરતો ન્યાય મળી રહ્યો છે. બાકી ૮૮ વર્ષની વયે રાજા પુંડરીક મેનકા સામે વિષયદૃષ્ટિ કરે એ વાત ખૂબ વિચારવા યોગ્ય છે, ઘડપણ એ જીવનનો અરિસો છે અને એમાં યુવાવસ્થાના અત્યુદ્રેકના પડછાયા પડયા વગર રહેતા નથી. એ મહારાજાનું પાત્ર નિરૂપણ વિચારવા જેવું, લક્ષ્યમાં રાખવા જેવું અને ચેતવણી આપનાર દીવાદાંડી જેવું છે.

આ કથા નિરૂપણમાં દીક્ષા આપવાના એક મહત્ત્વનો પ્રશ્ન માનસ શાસ્ત્રની દૃષ્ટિએ ખૂબ વિસ્તારથી ચર્ચાઇ ગયો છે. બાળદીક્ષા, અનુભવ, વિષય કષાયને સ્થાન એ વગેરે ઘણી મહત્ત્વની વાતો મેં મારી નજરે રજૂ કરી છે એથી દીક્ષાના પ્રશ્નની વિચારણાને અંગે માનસ શાસ્ત્રની નજરે કેટલાંક સાધનો રજૂ થઇ શકયાં છે. એ અતિ સંકીર્ણ પ્રશ્ન છે, ખૂબ વિચારવા યોગ્ય છે અને મને સૂઝ્યો તે રીતે તેનું નિરૂપણ કર્યું છે. વિચારવાનાં સાધનોની નજરે એ કાર્યસાધના કરે તો ઠીક છે, બાકી આ પ્રશ્ન સમાજ સ્વાસ્થ્ય અને ચેતન પ્રગતિને અંગે ખૂબ વિચારણા માગે છે. અહીં પૂરા પાડેલા સાધનો માનસ વિદ્યાને અંગે ખાસ ધ્યાનમાં લેવા જેવા છે એમ મને લાગ્યું છે

એકંદરે આ કથા નિરૂપણમાં મને લગભગ આઠેક માસના સામાયક લાગ્યા છે, પણ મને તે લખતાં ખૂબ આનંદ થયો છે. મારો આશય હું સ્પષ્ટ સમજાવી શકયો હોઇશ અને વાચનારમાં રસ જાગૃતિ કરી શકીશ તો મને ઓર વધારે આનંદ થશે. ક્ષુલ્લક જેવા સરળ અને યશોભદ્રા જેવા વિશિષ્ટ ચારિત્ર્યવાન પાત્રોનો સંસર્ગ છોડતાં

# અનુક્રમણિકા

## વિભાગ ૧ લો


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મહારાજાનો જન્મ દિવસ ... ... ... | ૪ |
| ૨ | પુંડરીક—યશોધરા ... ... ... | ૮ |
| ૩ | કંડરીક અને યશોભદ્રા ... ... ... | ૧૪ |
| ૪ | જનતાનો જન્મોત્સવમાં રસ ... ... ... | ૧૮ |
| ૫ | ઉદ્યાનમાં રાસ સમારંભ ... ... ... | ૨૪ |
| ૬ | ઉદ્યાનમાં ગરબો ... ... ... | ૩૦ |
| ૭ | બાળાઓ—બાળકોએ ગૂંથેલો ગોફ ... ... | ૩૪ |
| ૮ | સાયંકાળે રાજસભા ... ... ... | ૩૮ |
| ૯ | કંડરીક યશોભદ્રાની પ્રેમરાત્રી ... ... ... | ૪૨ |
| ૧૦ | મહારાજા પુંડરીકની તે રાત્રી ... ... | ૫૦ |


## વિભાગ ૨ જો

### માળો વિંખાયો


| | | |
|---|---|---|
| ૧ | મહારાજાની નિરંકુશ વિચારમાળા ... ... | ૫૭ |
| ૨ | મહાઅમાત્યની દેખીતી નિષ્ક્રિયતા ... ... | ૬૧ |
| ૩ | વૈદ્યરાજનું નિદાન ... ... ... ... | ૬૭ |
| ૪ | પ્રિયંવદાનું દૂતી કાર્ય ... ... ... | ૭૪ |
| ૫ | પ્રિયંવદાની નિષ્ફળતા ... ... ... | ૮૫ |
| ૬ | વિટનો ઉપયોગ ... ... ... ... | ૯૧ |

૭ વિટની વાતો અને આતુરતામાં વધારો ... ... ૧૦૩
૮ વિટનો ડખ્ખો મુલ ... ... ... ૧૧૫
૯ હજૂરિયાના હેઠા હાથ ... ... ... ૧૨૫
૧૦ કાસળ કાઢવાના કારસ્તાન ... ... ... ૧૩૬
૧૧ પૂર્વભૂમિ અને આક્ષેપો ... ... ... ૧૪૨
૧૨ કંડરીકનું ભેદી અવસાન ... ... ... ૧૫૦
૧૩ ભાઠા કામના હરીફો અને મુવા ઉપર ભાથી ... ૧૫૭
૧૪ અકવાઓનો રાફડો ... ... ... ... ૧૬૪
૧૫ હજૂરિયા હરજીનો છેલ્લો દાવ ... ... ... ૧૬૯
૧૬ યશોભદ્રાનું મનોમંથન અને પલાયન ... ... ૧૭૬


## વિભાગ ૩ જો

### ક્ષુલ્લક અને દાક્ષિણ્ય


૧ શ્રાવસ્તિને માર્ગે ... ... ... ... ૧૮૩
૨ ધનાવહ શેઠની કૌટુંબિક ખાનદાની ... ... ૧૯૩
૩ સૌમ્ય મૂર્તિ કીર્તિમતી .. ... ... ૧૯૭
૪ રાજા પુંડરિકનો પશ્ચાતાપ ... ... ... ૨૦૮
૫ ગચ્છાધિપતિ અજિતસેનસૂરિ ... ... ... ૨૧૭
૬ યશોભદ્રાની દીક્ષા ... ... ... ... ૨૨૬
૭ ક્ષુલ્લક જન્મ ... ... ... ... ... ૨૩૮
૮ ક્ષુલ્લકનું બાલ્ય-દાક્ષિણ્યનો વિકાસ ... ... ૨૪૭
૯ ગુરુકુળવાસમાં બાર વર્ષ ... ... ... ૨૫૬


[ ચાલુ ]

# જોઈએ છે

(૧) લેખકો—નાની મોટી વાર્તાઓ, (કાલ્પનિક, અર્ધ સત્ય કે તદ્દન સત્ય ઘટનાવાળી નિબંધો, વિવરણો, બોધપાઠો, લેખો ( વ્યવહારૂ કે અમે તે પ્રકારના વિજ્ઞાનને લગતા; સામાજીક, આર્થિક, નૈતિક કે સાહિત્યિક વિષયને ચર્ચતા ) કોઇ પણ રીતે આર્ય સંસ્કૃતિના પોષક હોય તેવા, પોતાના સ્થાન ઉપરથી લખીને મોકલી આપવા માટે લેખકો ( પુરસ્કાર સાથે કે સિવાય ); નિયમિત રીતે કામ કરનારને વિશેષ પસંદગી મળશે.

(૨) એજન્ટો—અમારા તરફથી બહાર પડેલ તથા બહાર પડતાં, સર્વે પ્રકારનાં પુસ્તકોનું પોતે પસંદ કરેલ વિસ્તારમાં વેચાણ કરવા માટે એજન્ટો અને બુકસેલરો—જરૂર પડયે જામીનગીરી—બાંહેધરી આપવી પડશે. સરતો માટે પૂછોઃ—

(૩) ગ્રાહકો:—અમારી સંસ્થાને અનુરૂપ ( સંસ્કૃતિ રક્ષક ) ભાવનાવાળા સર્વ ભાઇબહેનોને જલદી ગ્રાહક તરીકે નામ નોંધાવવા અને તે પ્રમાણમાં લવાજમ ઘટાડવા જેવી સ્થિતિમાં અમને મૂકવાની મહેરબાની જોઇએ છે

પત્રવ્યવહાર કરવાનું ઠેકાણુંઃ—

સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય મંડળ

રાવપુરા—વડોદરા

卐

શ્રીયુત્ લેખકે વિના પુરસ્કારે આ પુસ્તક લખી આપ્યું હોવાથી અમારા મંડળના નિયમાનુસાર તેમને પ્રથમ શ્રેણીના આજીવન સભ્ય નીમવામાં આવે છે.

લેખક મહાશય આ પ્રકારના બીજા સભ્ય થતા હોવાથી અમો તેમને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

આ ઉપરાંત એક ત્રીજા ભાઈએ પણ પુસ્તક, વિના પુરસ્કારે લખી આપ્યું છે તેમનું નામ પણ આજીવન સભ્ય તરીકે હવે પછી જાહેર થશે

તો આથી સર્વે લેખક ભાઈઓને જણાવવાનું કે તેઓ પણ પોતાની કલમ વાપરીને આ સંસ્થાને ઉત્તેજન આપે અને આજીવન સભ્ય બની આ સંસ્થા તરફથી પ્રગટ થતાં પુસ્તકો મફત મેળવે

મેનેજીંગ ટ્રસ્ટી

卐

# બહુત ગઈ થોડી રહી

યાને

# દાક્ષિણ્યનિધિ ક્ષુલ્લક

ભાગ ૧ લો

: ૧ :

# મહારાજાનો જન્મદિવસ

મગધ દેશમાં આવેલા સાકેતપુર નગરમાં આજે મોટી ધમાલ મચી રહી હતી. મહારાજા પુંડરીકનો આજે જન્મદિવસ હતો. એને આજે સત્તાવીશ વર્ષ પૂરાં થઈ અઠ્ઠાવીસમું વર્ષ બેસવાનું હતું. એ રાજાએ નાની વયમાં પોતાની ઉદારતા અને આવડતથી ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. પિતા એને પંદરમા વર્ષનો મૂકી ગત થઈ ગયા ત્યારે તો એનો અભ્યાસ કાળ ચાલતો હતો, પણ મંત્રી સુબુદ્ધિની સારી દેખરેખથી, બુદ્ધિની તીવ્રતાથી અને સંયોગોની અનુકૂળતાથી એણે ઘણો સારો અભ્યાસ કરી લીધો હતો. એને ગુરુ મળ્યા તે બહુ જ્ઞાની હતા એટલે એણે પુંડરીકના મગજ અને માનસના વિકાસ ઉપર ખૂબ ધ્યાન આપ્યું અને એને અસાધારણ બુદ્ધિ વૈભવશાળી બનાવ્યો. એની રુચિ જૈન ધર્મ તરફ હતી અને એ એનો કુળ ધર્મ વંશ પરંપરાગત હતો. એના મગજના વિકાસના પ્રમાણમાં એના હૃદયનો ચરિત્રનો વિકાસ પૂરતો ન ગણાય, છતાં સામાન્ય રીતે વ્યવહારમાં ઠીક ગણાય એટલા ગુણો એનામાં હતા. થોડાં વર્ષ અભ્યાસ કરી એણે

રાજ કાર્યમાં માથું માર્યું અને સુબુદ્ધિ મંત્રીની સલાહથી, અવલોકન કરવાની પદ્ધતિથી અને જનતાની યાતના અને અગવડો તરફ લાગણી દર્શાવવાની રીતિથી એનું રાજકાર્ય દીપવા માંડયું. બે એક વર્ષ સુધી એણે થોડો અભ્યાસ અને થોડું રાજકારણ બન્ને સાથે રાખ્યા અને બાવીસ વર્ષની વયે એણે ખૂબ જોસથી રાજકારણમાં ઝુકાવી દીધું હતું. એણે જનતાનો ચાહ મેળવ્યો હતો અને લોકરુચિ મેળવવાની કળા એનામાં આવી ગઇ હતી. આજે ફાગણસુદ આઠમનો દિવસ હતો, વસંત ઋતુના આગમન થઇ ચૂક્યા હતા અને આજના પુણ્ય દિવસની લોકો રાહ જોઇ રહ્યા હતા એ એમનો પ્રભાતથી ચાલુ થયેલો ઉલ્લાસ બતાવી આપતુ હતુ. આજના દિવસ માટે એના દીલમાં પણ સારો ઉત્સાહ હતો.

પ્રભાતના કૂકડાઓ બોલે તે પહેલાં તો લોકોએ વહેલાં વહેલાં ઊઠી પોતાનાં આંગણા સાફ કરવા માંડયા હતા અને આજનો આનંદ-દિવસ ઊજવવા માટે અનેક પ્રકારની તૈયારી કરવા માંડી હતી: ઘર વાળી ઝૂડી તેમણે અબીલ ગુલાબનાં સાથિયા પૂરવા માડયા હતા. ઘરના પ્રવેશદ્વાર પર આંબા—આશોપાલવનાં તોરણો બાંધવા માંડયાં હતા અને અનેક ઘરોનાં આગણામાં, અટારીઓ ઉપર, અગાશી ઉપર ધજાઓ બાધવામાં આવી હતી આનંદોત્સવ ઊજવવામાં વિવિધતા હતી, પણ ઉત્સાહ તો સર્વ સામાન્ય હતો. જાહેર રસ્તા ઉપર જળ છંટકાવ થવો શરૂ થઇ ગયો હતો અને હજુ સૂર્યનો ઉદય થયો ન થયો, ત્યા તો સારાં વસ્ત્રો અને આભૂષણો પહેરી લોકો રસ્તા ઉપર ફરતા થઇ ગયા હતા. દેવમંદિરોમા ઘંટાના નાદો થવા લાગ્યા હતા, બાળકો નાહી ધોઇ કપડાં પહેરવા લાગ્યા હતાં અને આજે ખૂબ જોવાનું અને મ્હાલવાનું મળશે એવી કલ્પનાથી થનગનાટ કરી રહ્યાં હતાં. સાકેતપુરની સુંદરીઓમા આજે ભારે આનંદ પસરી રહ્યો હતો. તેઓ સ્નાન સમાર્જન કરી શરીરની ટાપટીપ કરવામાં, સારાં વસ્ત્રો

પહેરવામાં, વિવિધ ઘરેણાંઓ ગોઠવવામાં, આંખો આંજવામાં, અળતો લગાડવામાં સેંથામાં સિંદૂર પૂરવામાં અને એવી જાત જાતની અવનવી શોભાઓ કરવામાં રોકાઇ ગઇ હતી અને આજે નગર બહાર ઉદ્યાનમાં હરવા ફરવાનું મળશે, અનેક બ્હેનપણીઓ સાથે મેળાપ થશે અને જૂના પરિચયો તાજા થશે અને નવા બંધાશે એ વિચારથી તેમનાં હૃદયો હળમળી રહ્યાં હતાં.

ફાગણ સુદ ૮ નો દિવસ હોઇ વસંતોત્સવ નજીકમાં આવી રહ્યો હતો. શિયાળાનો પ્રભાવ પૂરો થવા આવ્યો હતો, વનરાજી ખૂબ ખીલી હતી, વૃક્ષો પર નવા પલ્લવો આવી ગયા હતા, પાદડાંઓ પડી રહ્યાં હતાં, આખી સૃષ્ટિ નવપલ્લવિત થતી જતી હતી, પંખીઓ કિલકિલાટ કરી રહ્યાં હતાં, કોયલ મધુર ગાન કરી વસંતનાં વધામણાં લલકારી રહી હતી અને આખા સંસાર વિસ્તારમાં ઉદ્યાન ખેતરમાં અને [illegible]ા નવીન ચૈતન્ય પ્રકટી રહ્યું હતુ આખા વાતાવરણમાં નવાં કુપળો લચી પડતાં હતાં આજે કામ ધંધા બંધ હોવાથી લોકોના ઉત્સાહમાં ભારે વધારો થઇ રહ્યો હતો. અને એ ઉત્સાહ તેઓ અનેક પ્રકારે વ્યક્ત કરી રહ્યા હતા. નિત્ય કાર્યથી નિવૃત્ત થઇ, સ્નાન કરી, પૂજન કાર્ય પતાવી, નગરજનોનો મોટો ભાગ નગર બહારના ઉદ્યાન તરફ વળી રહ્યો હતો અને બાળક બાળિકાઓ, સ્ત્રીઓ સુંદરીઓ અને નગરજનો આનંદ કરવા, રમતો જોવા, ઉત્સવમાં ભાગ લેવા અને આનંદથી ઉલ્લાસમાન થઇ આજના આનંદ દિવસનો બનતી સારી રીતે લાભ લેવા નીકળી પડયા હતા. ઠામ ઠામ બજાણીઆના ખેલો, જાદુગરની રચનાઓ, રમકડાં અને ખેલાવણાંઓની નાની દુકાનો, તેમજ અનેક પ્રકારની મોજ માણવાની ચીજો, તેનાં સાધનો અને તેમાં રસપૂર્વક ભાગ લેનારાંઓનાં ટોળે ટોળાં આમતેમ ફરી રહ્યાં હતાં. આજે બાળકોના આનંદનો પાર નહોતો, બાળાઓ દોડાદોડ કરી રહી હતી, છોકરા છોકરી મસ્તીએ ચડયા હતા અને ઘરમાં કામ કરનારી

નારીઓ આજે આનંદથી જાહેરમા ફરવા અને મહોત્સવ માણવા ઉદ્યાન તરફ નીકળી પડી હતી. કંઇક બ્હેનપણીઓને મળી ગમ્મત ઉડાવતી હતી અને કંઇક પોતાના નવા કપડા કે સારાં રોચક આભૂષણો તરફ નજર નાખી મનમા મલકાતી હતી.

એક પહોર દિવસ ચઢયો હતો, સૂર્યમહારાજા પોતાનું પ્રચંડ તેજ દાખવી રહ્યા હતા. કેશરવર્ણા વસ્ત્રો પહેરી, માથે પાઘડીઓ પહેરી લોકો ઉદ્યાન તરફ આવી રહ્યા હતા. કોઇએ વાઘા પહેર્યા હતા, તો કોઇએ અંગરખા પહેર્યા હતા. રંગબેરંગી પાઘડીઓથી આખો રાજમાર્ગ છવાઇ ગયો હતો. ઉદ્યાન વિભાગમાં જ્યાં ત્યાં લોકોની મેદની મળી છે. સુંદર વસ્ત્રો અને ઘરેણાંઓ ને વસંતપ્રિય પદ્ધતિએ શોભાવવાની ઘટના ચાલી રહી છે અને આજે તો જાણે જીવનમાં કોઇપણ પ્રકારની ચિંતા કે ગ્લાનિ ન હોય અને જાણે સ્વર્ગનું સુખ સાકેતપુર પર ઊતરી આવ્યું હોય તેમ તે નગરના આબાલવૃદ્ધ સર્વ જનોમાં સુખ આનંદ વિલાસ અને ઉત્સાહ દેખાઇ આવતા હતા, કોઇ ગુલાલ ઉડાડતા હતા, તો કોઈ ઊંચે સ્વરે ગાન લલકારી રહ્યા હતા, કોઇ જળની પીચકારીઓ ઉડાવતા હતા તો કોઈ હાથમા લાકડી રમાડતા હતા. માથામાં સુગંધી તેલ, ગળામાં પુષ્પના હારો અને આખા શરીરપર નવ વસ્ત્રો ધારણ કરી સર્વ ફીકરચિંતા ભૂલી જઈ લોકો કલ્લોલમા પડી ગયા હતા.

અને મગધની યુવતીઓ તો આજે ખરેખર હિલોળે ચઢી હતી: પર્વ દિવસે પહેરવાનાં સારામાં સારાં વસ્ત્રો અને આભૂષણો સજી આજનો આનંદ માણવા યૌવનના પૂરબહારમાં નીકળી પડી હતી, આનદ માણવામા જાણે પરસ્પર હરીફાઈ કરી રહી હોય તેમ એકમેકથી ચઢી જાય તેવા રસકલ્લોલ વર્તાવી રહી હતી અને ગામમાંથી નીકળી ઉદ્યાન તરફ નાનીમોટી ટોળીમા ચાલી આવતી હતી. આ રીતે પ્રથમ

પહોરની આખરે સાકેતપુરની જનતા પોતાના મહારાજાનો જન્મ-દિવસ ઊજવવા હળમળી રહી હતી અને લોકપ્રિય મહારાજા તરફ પોતાનો ભાવ બતાવવા માટે અનેક રીતે આંતરના ઉલ્લાસ બતાવી રહી હતી. ઉદ્યાનનો આખો માર્ગ અત્યારે ઊભરાઇ જતો હતો અને ઠામઠામ રંગરસ ફેલાઇ રહ્યો હતો. બાળકોનો નિર્દોષ આનંદ, લલનાઓનો આકર્ષક આનંદ અને લોકોનો સક્રિય આનંદ સાર્વત્રિક થઇ ગયો હતો અને સાકેતપુરની આખી જનતા અત્યારે સ્વર્ગના સુખનો અનુભવ કરવાને માર્ગે ચઢી રહી હતી.

: ૨ :

## પુંડરીક–યશોધરા

૧

ઉદ્યાનના જુદા જુદા ભાગોમાં છૂટક છૂટક સુગલો લટાર મારી રહ્યાં છે; કોઇ વૃક્ષઘટા નીચે દશ દશ પંદર પંદર મિત્રોની મંડળી વાતો કરી રહી છે; કોઇ સ્થાને એક કુટુંબનાં નાનાં મોટાં એકઠાં મળીને આનંદ કરી રહ્યાં છે; કોઇ સ્થાને બાળકો ખેલ ખેલી રહ્યા છે, દડા ઉછાળી રહ્યા છે, ગીલીદંડાના દાવ ચગાવી રહ્યા છે; કોઇ સ્થાને મદારીની આસપાસ લોકો રમત જોવા માટે ટોળું વળીને એકઠાં થઇ ગયાં છે; ચગડોળો ગોળ ફરતા હતા કોઇ ચગડોળો ઉપરથી નીચે અને નીચેથી ઉપર ચડતા ઊતરતા દેખાય છે; બજાણીઆ દોરપર પગ મેરવી નાચી રહ્યા છે, નીચે ઢોલ વાગી રહ્યા છે અને આ રીતે ચોતરફ ગાન તાન ગુલતાન ચાલી રહ્યાં છે, મેવા મીઠાઈ ફરસાણ ઊડી રહ્યાં છે અને અબીલ ગુલાલ અને કેશર ફેંકાઈ રહ્યાં છે. આવા આનંદમય વાતાવરણમાં લોકો રસ જમાવટ કરી રહ્યા છે ત્યાં વાત પ્રસરી કે મહારાજા પુંડરીક અને મહારાણી યશોધરા ઉદ્યાનમાં પધારે છે. લોકોના આનંદમાં એ સમાચારથી ખૂબ વધારો થઈ રહ્યો.

મહારાજા પુંડરીક અત્યારે યુવાન વયના હતા, આજે એને અઠ્ઠાવીસમું વર્ષ બેસવાનું હતું; છેલ્લાં પાંચેક વર્ષથી એ રાજકારણમાં ઠીક ઠીક ભાગ લઈ રહ્યા હતા, એની ઉદાર નીતિથી પ્રજા એકંદરે સુખી હતી, રાજ્યમાં કરવેરા નામના હતા, આવક જમીનની હતી, રાજાએ પ્રજાહિતના કામો શરૂ કર્યાં હતાં, પ્રજામાં કચવાટ થાય તેવું કોઇ કાર્ય કર્યું નહોતું, ન્યાયી પદ્ધતિએ રાજ્ય ચલાવ્યું હતું, દીન દુઃખીની અડી ભીડી વખતે એ ઠીક સહાય કરતા હતા, પૂરતી તપાસ કરીને કામ લેવાની પદ્ધતિ તેમણે સ્વીકારેલી હોવાથી એ વાજાં કે વોદરાંની માફક ભંભેરાઈ જાય તેવા રહ્યા નહોતા અને પ્રજાની અગવડ કે ફરિયાદ જાતે સાંભળતા હોવાથી એની પાસે પોકાર લઈ આવનાર પ્રજાજનો સંતોષ પામીને જતા હતા. આ પ્રજાવત્સલ મહારાજાનો આજે જન્મદિન હોવાથી પ્રજા આનંદ ઉત્સવમાં ખૂબ મોજ લઈ રહી હતી. પ્રજાનો આ આનદ સ્વતઃઉત્પન્ન થયેલો હતો, એની પાછળ રાજ આજ્ઞા કે ભયને જરાપણ સ્થાન ન હતું, એની પાછળ અંતરના ઉલ્લાસ અને પ્રેમપૂર્વકના હૃદય ભાવો હતા. પોતાની વિભૂતિ કે સંપત્તિને રાજાએ અંગત ઉપભોગનાં સાધન તરીકે એકંદરે માની નહોતી. એણે દીર્ઘદૃષ્ટા, ન્યાયી અને પ્રજાવત્સળ રાજા તરીકે બિરુદ મેળવી 'રાજસંન્યાસી' નો ઇલકાબ આટલી લઘુવયમાં મેળવ્યો હતો. પ્રજાના વ્યાપાર પર એની સચોટ નજર હતી, પ્રજાની અગવડો દૂર કરવાની એને ચિંતા હતી. પ્રજાનું નૈતિક બળ વધે, પ્રજા ધર્મપ્રિય બને અને પ્રજાની ચારિત્ર ભૂમિકા ઉચ્ચ રહે એ માટે એ વિવિધ પ્રકારના પ્રોત્સાહનો આપતો; ચારિત્ર-શીલ તરફ અનુરાગ દાખવતો અને અમલદાર કે નોકર વર્ગની પસંદગીમાં ચારિત્ર વર્તન પર ખાસ લક્ષ્ય આપતો. રાજ્યમાં નકામી ખટપટ ન થાય, સાચા હકો કોઇના માર્યા ન જાય અને પ્રજા રાજ્યની દરમિયાનગીરી વગર પોતાનાં કામકાજમાં મશગુલ રહે એની એ જાતે તકેદારી રાખતો.

ગયો હતો અને એના સુખદુઃખમાં ભાગ લેવાની આવડત અને લાગણીથી એની કીર્તિમા ખૂબ વધારો થયો હતો. આનું કારણ એ પણ હતું કે એને સૌંદર્યમૂર્તિ **યશોધરાનો** યોગ થયો હતો. એ નજીકમાં આવેલા ચંપાપુરીના રાજાની એકની એક પુત્રી હતી. અને પવિત્રમૂર્તિ પતિપરાયણ સાત્વિક સતી માતાના ખોળામા મોટી થઈ હતી. સારા શિક્ષણ અને ઉચ્ચ સંસર્ગથી એણે હૃદયના ગુણોનો વિકાસ નાનપણથી કર્યો હતો અને રાજવૈભવમાં ઊછરેલ હોવા છતા એનામા ગંભીરતા, ઉદારતા, નમ્રતા અને સરળશીલતા મોટા પ્રમાણમાં ખીલી નીકળ્યા હતા. એણે કળાઓનો અભ્યાસ કર્યો હતો, સમાનવયવાળી સખીઓના સંપર્ક પ્રસંગે એણે સર્વની ખૂબ ચાહના મેળવી હતી અને સહજ ઘઉંવર્ણી હોવા છતાં જાતે નમણી, ઘાટીલા શરીરવાળી અને મધ્યમ રીતે આકર્ષક લાગતી હતી.

મહારાજા પુંડરીક સાથે એના લગ્ન થયા ત્યારે એનું વય સોળ વર્ષનું હતું. રાજપુત્રીઓમાં સાધારણ રીતે અનુભવની કચાશ ઘણી રહી જાય છે, એને તડકા છાયા જોવાના પ્રસંગો ઘણા ઓછા મળે છે. એમને રંક દીનદુઃખીની સ્થિતિમાં પોતાની જાતને મૂકવાની તક ઘણી ઓછી મળે છે. સમજુ અને ભણેલી માતાના શુભ પ્રયાસ અને ચીવટને કારણે યશોધરામાં એ પ્રકારની ખામી રહી નહોતી અને સ્વયં પ્રતિભાસ પન્ન હોવાને કારણે અને અભ્યાસ કરાવનારની વ્યવહારદક્ષતાને લઇને એ નારીપ્રતિષ્ઠાનો નમુનો બની હતી. એનામાં અસાધારણ બુદ્ધિવિકાસ થવા ઉપરાત હૃદયના ગુણો પણ ખૂબ ખીલ્યા હતા. નાનપણમાં મેળવેલ શુભ સંસ્કારોનો એનામાં વિકાસ થતો દેખાતો હતો અને બાળપણની ઉચ્ચવાહિતા અટકવાને બદલે વૃદ્ધિંગત થતી હોય એમ એના સંબંધમાં જણાયા કરતુ હતુ.

શરીરની ખીલવણી થયા પછી સુયોગ્ય વયે એનું લગ્ન થયું એટલે એક તો એ બાળપણથી રૂપ સૌંદર્યશાળી અને કળાની

: ૩ :

## કંડરીક અને યશોભદ્રા

૧

કુંડરીક મહારાજા પુંડરીકનો નાનો ભાઇ થાય. એ મહારાજા પુંડરીકથી ત્રણ વર્ષ નાની ઉમરનો હોઈ, અત્યારે પચીશ વર્ષની યુવાવસ્થામાં આવ્યો હતો. એનામા અને મહારાજા પુંડરીકમાં ઘણો ફેર હતો. એ લહેરીલાલા જેવો હતો. એણે અભ્યાસ કર્યો હતો, પણ એનામા ચીત્તની સ્થિરતા, હૃદયની ગંભીરતા કે દીર્ઘદર્શિતા બહુ નહોતાં એને ગીત–ગાન ભોજન રમત ગમત બહુ પ્રિય હતાં. મહારાજા પુંડરીકને દેખાવ ધમાલ કરવાની ટેવ હતી, ત્યારે આ કંડરીક ભડભડીઓ આનંદમાં માનનારો અને ચમનમાં રહેનારો હોવા છતાં જાતે સ્વયં સંતોષી હતો. એકંદરે બન્ને ભાઇઓ વચ્ચે સંપ અને મેળ સારા હતા.

ગત વર્ષના વૈશાખ માસમાં એના લગ્ન યશોભદ્રા નામની નૃપ કન્યા સાથે યોગ્ય ઠાઠમાઠથી કરવામાં આવ્યા હતા. તે વખતથી એને રહેવા માટે ભવ્ય મહેલ આપવામા આવ્યો હતો, દાસદાસીનો મોટો

પરિવાર એની તહેનાતમાં તૈયાર હતો અને એ આરામી જીવનમાં માનનાર કુટાયાં મહારાજા અલગ સ્વતંત્ર મહેલમાં લહેરમાં વખત પસાર કરતા હતા. એને રાજકારણમા રસ નહોતો, એને વહીવટી બાબતોમા માથું મારવુ ગમતુ નહોતુ, એને ન્યાય ખાતાની ગભીરતા ગમતી નહોતી, એને રમત ગમત ખૂબ ગમતી અને એને આનંદ મૈત્રી વિલાસ ગપ્પાંસપ્પાં અને હરવાફરવામા રસ ઘણો હતો.

દેવી યશોભદ્રા અતિ રૂપાળી ભારે સૌદર્યશાળી અને સરસ અભ્યાસી હતી. મ ડળીકરાજા ગુણવર્માની એ પુત્રી થાય. રૂપસૌદર્યમાં નમણાપણામાં અને આકર્ષકપણામા એ મહારાણી યશોધરાથી ઘણી ચઢી જાય તેવી હતી. દેવી યશોધરા રૂપાળી તો હતી, પણ યશોભદ્રા તો સૌંદર્યની પૂતળી હતી એના ગૌરવર્ણ પાસે દેવી યશોધરાનો વર્ણશ્યામ પડી જતો હતો, એની આંખની ગંભીરતા અને સ્વચ્છતા પાસે મહારાણી આછા પડી જતા હતા. યશોભદ્રાની આખી ઘાટી સ્વચ્છ સુઘટ્ટ સુશ્લિષ્ટ અને ભવ્ય હતી. એનામાં યૌવનનાં પૂર ઊછળી આવતાં હતાં અને એની આખોમા યૌવનનું તેજ છલકાઈ જતું દેખાતુ હતુ. દેવી યશોધરાનું મુખ જરા લાંબું હતુ, ત્યારે યશોભદ્રાતુ ગોળ અને વિકસીત હોઈ ખૂબ ખેચાણ કરે તેવુ હતુ. યશોભદ્રાની પ્રગતિમા શરમાળપણુ હતું, ભાષામાં સ્વચ્છતા હતી, દેખાવમા આકર્ષકતા હતી અને નાકમાં મરોડ હતો. યશોભદ્રાનો કેશ કલાપ અને વેણીબધ અત્યત સુઘટ્ટ સુંદર અને મનોહર લાગતો હતો અને તેમા જ્યારે એ મોગરાની વેણી નાખતી ત્યારે તેનું સૌંદર્ય અપ્સરાને પણ ભૂલાવે તેવુ લાગતુ હતુ એની હસગતિ, મૃદુ સુદર અવાજ અને આખ તથા આખું શરીર એને પદ્મિની સ્ત્રીની કક્ષામા મૂકતુ હતુ. લગ્ન સમયથી એ પતિસાથે આનદ ભોગવતી હતી અને પતિ જ્યારે રમવા ફરવા જાય ત્યારે એ સમય એ અભ્યાસમા ગાળતી હતી. એ સસારી હોવા છતા અને વિલાસી

અભ્યાસી હતી એટલે પરણી ત્યારે રૂપગુણલાવણ્યનો નમુનો બની ચૂકી હતી. ઘઉંવર્ણી પણ તેજસ્વી આકૃતિ, મૃગનાં જેવા લોચન, અતિ સુંદર કેશકલાપ અને મરાવદાર સુઘટ સુશ્લિષ્ટ અંગવાળી, લગ્ન વખતે એ અતિ નાજુક નમણી અને આકર્ષક દેખાતી હતી. એ શરીરે અતિ સ્થૂળ નહોતી, અતિ પાતળી નહોતી પણ દરેક અવયવ ઘાટ સરનું હોવાને કારણે અને આંખ અને નાક સરસ હોવાને કારણે એના અતિ આકર્ષક કેશકલાપ–અંબોડાથી એ દીપી નીકળતી હતી. એની આંખની મોહકતા, માથાના અંબોડાનો વેણીસંચય અને ગળામાં પહેરેલ મોતીનો હાર અતિ ભવ્ય દેખાતા હતા અને એના તેજસ્વી મુખની લાલીમામાં વધારો કરી રહ્યા હતા.

એના લગ્ન સમયથી એણે મહારાજા પુંડરીકનું મન હરણ કરી લીધું હતું; બન્ને વચ્ચેનો મેળ ઘણો સારો જામી ગયો હતો અને અરસપરસ માયા મમતા વધતા જતાં હતાં. લગ્ન થયા ને સાત વર્ષ થયા હતા, પણ એક બીજા તરફ લાગણી પ્રેમ ઉત્સાહ અને આનંદ સદા વધતાં જ રહ્યાં હતા અને પરસ્પર ભિન્નતા ઇર્ષ્યા કે કચવાટના પ્રસંગ હજુ સુધી આવ્યા નહોતા. આને પરિણામે પુંડરીક–યશોધરાનું યુગળ જગતને દૃષ્ટાંત લેવા જેવું અને દાંપત્યના નમુના જેવું થઇ પડયું હતું અને મનુષ્ય લોકમાં આદર્શ દેવસુખ બન્ને સાથે મળીને ભોગવતા હોય એવું દેખાતું હતું. યુવાન વય અને રાજરાણીપણું હોવા છતાં બન્નેમાંથી એકેના મન પર અભિમાન દેખાતું નહોતુ, પોતે બહુ મોટા છે અને દુનિયા પોતાની સુખ સગવડ માટે નિર્માયલી છે એવા ધનપતિ કે મહીપતિને સુલભ વિચારો તેમનામાં આવ્યા નહોતા અને સ્વાભાવિક ઉદારતા, નૈસર્ગિક સુજનતા અને વ્યવહારૂ વર્તનને પરિણામે ઉત્તરોત્તર તેમની લોકપ્રિયતામા વધારો થઇ રહ્યો હતો.

દેવી યશોધરાના આનંદનો આજે પાર નહોતો. એની પતિ

તરફની ભાવના સતીત્વને દીપાવે તેવી હતી, એનો પતિ તરફનો પ્રેમ હૃદયપૂર્વકનો હતો. એની પતિભક્તિ સદોદિત, શાંતવાહિની અને અત્યંત પ્રશસ્ત હતી. એ પતિદેવની આજે સાલગરેહ હોવાથી એને તો આજે સોનાનો સૂર્ય ઊગ્યો હતો અને બઠી પ્રભાતથી અનેક તૈયારીમાં એ પડી ગઇ હતી. એના કુદરતી નમણાં અંગ પ્રત્યંગમાં આજે ઉત્સાહ માતો નહોતો, એની કળામય કામણગારી આંખોમાં આજે વિરલ શાંતિ સાથે વિશુદ્ધ ચકળવકળતા દેખાતી હતી, એના કપડાં એના સ્વાભાવિક રૂપ સૌંદર્યમાં વધારો કરી રહ્યાં હતા, એની મુખમુદ્રામાં ડહાપણ શાણપણ ગાંભીર્ય અને નમ્રત્વ તરવરી રહ્યા હતાં અને જેમ સાદા પણ મહામૂલાં આભૂષણો એની બાહ્ય છટા અને આકર્ષણપણામાં વધારો કરી રહ્યાં હતાં.

આર્ય જીવનમાં પતિના જીવન ઉપર નારી સૌભાગ્યનો સર્વ આધાર રહે છે એટલે યશોધરાને આજનો મહોત્સવ એટલે પોતાના સૌભાગ્યનો જ મહોત્સવ લાગતો હતો અને એમાં ભાગ લેવા એ પ્રભાતથી જ ખૂબ ઉત્સુક બની રહી હતી. એ પોતાની ફરજમાં જરા પણ ચૂક કરે તેવી ન હતી. ઊઠતાંની સાથેજ એણે પતિદેવને અભિનંદન આપ્યા અને બન્ને, દિવસનાં નિત્યકર્મમાં ચડી ગયાં, ત્યાંથી માંડીને સ્નાન, કેશગુંથન, વસ્ત્રાલંકાર ધારણ આદિ સર્વ કાર્યો પતાવીને બન્ને આજના પ્રજા અને રાજ્ય તરફથી થવાના ઉત્સવમાં ભાગ લેવા તૈયાર થઇ ગયાં. ગોઠવણ પ્રમાણે એક પહોર દિવસ ચડે તેમને ઉદ્યાનમાં પધારવાનું હતુ અને સાંજે રાજસભાની કચેરીમાં ભાગ લેવાનો હતો. આ ઉપરાંત આખા દિવસનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો હતો. અત્યારે સવારના એક પહોર દિવસ ચઢે ઉદ્યાનમાં જાહેર થયુ કે મહારાજા અને મહાદેવી ઉદ્યાનમાં પધારે છે. એટલે આમ જનતામા આનંદનું મોજુ પસાર થઇ ગયું.

યુવરાજની પત્ની હોવા છતા રહેણી કરણીમા અત્યંત સંયમી હતી અને જાહેરમાં દેખાવા કરતા એકાંત અભ્યાસ અને ચિંતવનમાં સમય વ્યતિત કરવામા વધારે મોજ માણતી હતી.

મ ડળીક રાજા ગુણવર્માની પુત્રી યશોભદ્રાના લગ્ન કંડરીક સાથે કરવામાં આવ્યા ત્યારથી એ બહુ આનંદમાં રહેતી હતી. ખીલતી યુવાની, ઘંટડી જેવો મીઠો અવાજ, અને આકર્ષક શરીરયષ્ટિથી એ કંડરીકને ખૂબ વહાલી થઇ પડી હતી અને કયારેક જાહેરમા દેખાય ત્યારે એનાં રૂપ લાવણ્ય અને ચહેરાપર જનતા વારી જતી હતી. પતિદેવ કંડરીકને માથે રાજ્યનો ભાર લગભગ નહિવત હતો, અને એ વિલાસી જીવડો હોઇ ખૂબ લહેરમા રચ્યો પચ્યો રહેતો હતો અને એને આવી નમુનેદાર પત્ની મળી એટલે એના સ્વભાવ પ્રમાણે એ વિલાસ આનંદમા ચકચૂર થઇ ગયો હતો. અત્યારે મહારાજા પુંડરીકને પુત્ર સાંપડેલ ન હોવાથી એ ગાદીવારસ ગણાતો હતો. એની પાસે અનેક ગાયકો અને ઉસ્તાદો આવતા હતા. પુંડરીક મહારાજા એને રાજકારણમાં રસ લેવા અને વિશાળ રાજ્યના જરૂરી પ્રશ્નોનો અભ્યાસ કરવા અવારનવાર સૂચના કરતા હતા, ત્યારે એ ભાઈ તરફ સભ્યતા દેખાડવા ખાતર તે માટે ઉત્સુકતા દાખવતો, પણ પોતાના આનંદ વિલાસમાં એ સર્વ રાજકારણ વીસરી જતો અને સ્વભાવનો શાંત હોવા છતાં રાજકરણમા લગભગ શૂન્ય રહ્યો હતો. ખાવું પીવુ હરવુ ફરવું નવવધૂની ઇચ્છાઓ પૂરી પાડવી અને લહેર કરવી એ એનુ જીવન બની રહ્યુ હતું અને માત્ર એમાં અનુકરણીય તત્વ હોય તો તે એકજ હતું કે એનામાં દારૂ કે જુગાર, પરદારાગમન કે નીચ વિલાસનો અંશ પણ નહોતો એકંદરે એ નમ્ર સાદો રાજવી થવા યોગ્ય ગણાય, પણ આગળ જતાં એ મુત્સદ્દી કે નીતિજ્ઞ થશે કે નહિ એનો અત્યારથી નિરધાર કહી શકાય તેમ લાગતું નહોતુ. વ્યવહારની નજરે કંડરીક યશોભદ્રાનું યુગળ દાંપત્યનો નમુનો થઇ પડયુ હતુ અને જો કે યશોભદ્રા જાહેરમાં બહુ

દેખાતી નહોતી, છતાં એણે સંયમી સુઘડ સાદા જીવનથી જનતાનો ચાહ આટલા અલ્પ સમયમાં મેળવ્યો હતો.

યશોભદ્રાને યશોધરા વચ્ચે ખૂબ મેળ બાઝ ગયો હતો, જાણે બન્ને સગી બહેનો હોય તેવો વ્યાપક વિશાળ અને અંતઃકરણનો પ્રેમ બન્ને વચ્ચે જામી ગયો હતો અને તેમાં દિવસાનુદિવસ વધારો થતો હતો. બન્ને એક બીજાને રાજમહેલે જતા આવતા હતા અને વાતચીત દરમ્યાન યશોભદ્રાના સંયમી જીવનના વિચારો સાંભળી યશોધરાદેવી છક થઇ જતા હતા. રાજખટપટની બન્નેમાંથી કોઇને ગંધ પણ નહોતી આવી અને જાણે સુસંસ્કારી બહેનપણીઓ હોય તેવા ગાઢ સંબંધે બન્ને રહેતી હતી. બપોરના ગાળામાં કોઇ વાર આખ્યાનો, કોઇ વાર કથાઓ અને કોઇ વાર નિર્દોષ રસતો રમવામાં તેઓ આનંદ લેતા હતા. આ આનંદપ્રસંગોમાં પણ દેવી યશોધરા પોતાની દેરાણી યશોભદ્રાની સાહજિક સુશીલતા, વિચારણીય સંયમીતા અને અનુકરણીય સભ્યતાથી ખૂબ પ્રસન્ન થતા અને બન્ને વચ્ચેનો સબંધ વધતો જતો હતો. રાજકુટુંબમાં ચાલતી ઇર્ષાઓ, એકબીજાને હલકા પાડવાની વૃત્તિઓ અને નીચ કૌભાંડોને હજુ સુધી સ્થાન મળ્યું નહોતું.

આજે મહારાજાનો જન્મદિવસ ઊજવવાનો હોવાથી અને પોતાની બહેન જેવી દેવી યશોધરાનું સૌભાગ્ય ઇચ્છવાની તક મળવાની હોવાથી, દેવી યશોભદ્રા સવારથી તૈયારીમાં પડી ગયા હતા અને સ્નાન વિગેરે નિત્યકર્મથી પરવારી સુંદર વેશ, કેશબંધ, આભૂષણ, અંજન આદિ પ્રવૃત્તિમા લાગી ગયા હતા. અને કુટાયા કંડરીક પણ આજ તો વહેલા ઊઠી તૈયારી કરવા મંડી ગયા હતા. એ વિલાસી જીવડાને વહેલા ઊઠવાની ટેવ નહોતી એટલે એને વહેલાં ઊઠવામા જરા અગવડ તો પડી, પણ આજે ઉપાય નહોતો અને જન્મદિવસની ઊજવણીમા ભાગ લેવા એને ઉત્સાહ પણ હતો. એટલે એણે પણ બડી પ્રભાતથી તૈયારી કરવા માંડી હતી.

: ૪ :

## જનતાનો જન્મોત્સવમાં રસ

સાકેતપુરને પાદરે ભવ્ય બગીચો હતો. એના ઉપર કુદરતની કૃપા હતી અને કારીગર માળીઓ એનું સંરક્ષણ કરી રહ્યા હતા. એને આકર્ષક બનાવવા સારો પ્રયાસ કરવામા આવતો હતો. એમાં અનેક ફૂલઝાડ, રોપ, રસ્તા, વીથિકાઓ અને આગામસ્થાનો હતાં, કેટલાએ શીતગૃહો હતા અને સ્થાને સ્થાને વૃક્ષો રચનાઓ વેલડીઓ અને લતાકુંજો હતા. નાના કૂંડો એની શોભામાં વધારો કરતા હતા અને લીલી ગોદરી એને આકર્ષક બનાવી રહી હતી. સહકારની વૃક્ષઘટામાથી, સિંદુવારના સમૂહમાંથી, કેતકીઓના વેલામાંથી, ડાલગના છોડવાઓમાંથી અને મોગરાનાં વનમાંથી લોકો મધ્ય ચોગાનમાં આવવા લાગ્યા અને બહુ થોડા વખતમાં ત્યાં માનવમેદની જામી ગઇ. એક બાજૂએ પુરૂષો અને સામી બાજુએ સ્ત્રીઓ એકઠી થવા લાગી. યુવાનોના હારબંધ કેશરીઆ વાધા અને સ્ત્રીઓમાં વિચિત્રરંગી ભાતભાતના પહેરવેશનું મોટું પ્રદર્શન જામવા લાગ્યુ. યુવાનો, યુવતીઓ, બાળાઓ, બરાબર ગોઠવાઇ ગયા.

એક વિભાગમાં આગેવાન વ્યાપારીઓ, મુખ્ય નગરજનો ગોઠવાઈ ગયાં.

ભ્રમરના ગુંજનમા લોકોનાં શરીરે લગાડેલ અત્તરની સુગંધ ભળી, મોગરા ચ પેલીની સુવાસમાં લોકોના શરીરે લગાડેલ સુગંધી તેલની સુવાસ મળી અને જનતાના આનંદની ઊર્મિઓમાં વતનની કોકિલાના નાદ ભળી ગયા. સહકારની છાયા, અશોક (આશોપાલવ)ની શીતળ શાંતિ અને લીલી વનરાજીના વસંતના મલકાટ સાથે અત્યારે એ સૌંદર્યનો ચમકાર નંદનવનનો ખ્યાલ કરાવી રહ્યો હતો. અને દેખાવ જોનારને અત્યારે જાણે દુનિયામા કોઈ જાતનુ દુઃખજ નથી એવો ખ્યાલ આવી રહ્યો હતો.

નગરજનો બન્ને બાજુએ ગોઠવાઇ ગયા, શહેરી લલના અને યુવતીઓ સામી બાજુએ બેસી ગઇ, બાળકો અને બાળીકાઓ આગળ ગોઠવાઇ ગયા, અધિકારી વર્ગ સિંહાસનોની બન્ને બાજૂએ પોતપોતાના અધિકાર અને મર્યાદા પ્રમાણે ગોઠવાઇ ગયો, યુવરાજ કંડરીક સિંહાસનની જમણી બાજુએ બેઠા, તેની પત્ની દેવી યશોભદ્રા મહારાણીને બેસવાના સિંહાસનની ડાબી બાજુ બેઠા, ત્યાં સમાચાર ફરીવળ્યા કે મહારાજા અને મહારાણી પધારે છે. વચ્ચેના બન્ને સિંહાસનોપર—જમણી બાજુએ મહારાજા પુંડરીક બિરાજમાન થયા અને મહારાણી યશોધરા ડાબી બાજુના સિંહાસન પર બેઠા. આખો માનવ સમુદાય ખડો થઇ ગયો હતો, સર્વનાં મુખપર આનંદ છવાઇ રહ્યો હતો અને તણખલુ પડે તો પણ અવાજ સંભળાય એવી નિરવ શાંતિ ત્યાં તુરત પ્રસરી રહી. નોબત શરણાઇ વાજાં ગાજા થી ઉદ્યાન ગાજી રહ્યું હતું તે એકદમ શાંત થઇ ગયું અને ઉદ્યાનમાં આજનો કાર્યક્રમ શું થશે તે જાણવા જોવા ઉત્સુક થઇ ગયા. છૂટા છવાયા લોકો દૂર હતા તે પણ નજીક આવી જવા લાગ્યા અને એક પ્રચંડ માનવમેદીની જામી ગઇ. અત્યારે જાણે માનવસાગર ઊછળી રહ્યો હોય તેમ દેખાતુ અને લોકો રેતીપર,

જમીનપર, ઝરુખાઓમાં અને રસ્તામાં બેસી ગયા હતા, કોઈ કોઈ તો ઝાડપર પણ ચઢી ગયા હતા અને આનંદમાં આવી જઈ આજના સમારંભમાં ભાગ લેવા ચટપટી રહ્યા હતા.

ઉદ્યાનના આ ગોળ વર્તુળાકાર મધ્યવિભાગમાં માનવ મેદિની જામી ગઈ. જનતા આજે ગેલમાં આવી ગઈ હતી. આજના ઉજ્જ્વળ પ્રસંગે મહારાજાએ શ્વેત કપડાં પહેર્યાં હતાં. એનું ઘાટીલું શરીર આજે વધારે દીપી રહ્યું હતું. એની વિકારી આંખો ચારે તરફ નજર નાખતી ચકળવકળ થયા કરતી હતી. એના કમાનવાળાં ભવાં, ગોળ કડપચી અને વાંકડી મૂછો એના ભરાવદાર દેખાવમાં સૌંદર્યને શોભાવી રહ્યાં હતા. મહારાણી યશોધરાએ આજે પીળા રંગની સાડી પહેરી હતી. એના ઘઉંવર્ણા શરીરની સાથે એ બરાબર મળી જતી હતી, એના ઘાટીલા શરીરની સાથે એનાં કપડાં ઘરેણાંનો મેળ બેસી જતો હતો પણ યશોભદ્રાના રૂપ લાવણ્ય અને આકર્ષકના પાસે એનું તેજ અને કાંતિ ઝીણાં પડી જતાં હતાં. નવયૌવના યશોભદ્રાને તો વિધાતાએ ફુરસદમાં ઘડી હતી અને ઘડીને હાથ ધોઈ નાંખ્યા હતા. એના પ્રત્યેક અંગમાં યૌવનના તનમનાટ સાથે સંયમશાળી શરમાળપણું ઓતપ્રોત થઈ ગયું હતું અને એની હંસગતિ એનાં કપડાંની છટા અને એના મુખપર મલકતું તેજ એને આજે બહાર દીપાવી રહ્યાં હતાં. અત્યારે યશોધરા અને યશોભદ્રા બરાબર પડખોપડખ બેઠેલાં હોવાથી તેમની સરખામણી બરાબર થઈ જતી હતી. આજના આનંદ પ્રસંગે બન્નેના મુખપર નિર્મળ મલકાટ પ્રસરી રહ્યો હતો અને બન્ને અનુક્રમે રાજરાણી અને યુવરાજ્ઞીની કોઈ જનતાનું ધ્યાન સ્વાભાવિક રીતે પોતાના તરફ ખેંચી રહ્યા હતા.

મહારાજ અને મહારાણી પોતપોતાનાં સિંહાસનો પર ગોઠવાઈ ગયાં. પછવાડે અને બાજુમાં રાજ્યાધિકારીઓ, અને વ્યાપારીઓ યથોચિત પ્રમાણે ગોઠવાઈ ગયા અને બન્ને બાજુ જનતા ગોઠવાઈ

ગઇ. અને સામે સ્ત્રીવર્ગ ગોઠવાઇ ગયો. મહારાજાની બાજુમાં તેમનો નાનો લેરખડો બાંઇ યુવરાજ કંડરીક બિરાજમાન થયો અને મહારાણી દેવી યશોધરાની બાજુમાં બહેન સરીખડી રૂપલાવણ્ય સંપન્ન યુવરાજપત્ની યશોભદ્રા બેઠા. અરસપરસ કુશળ પૂછાયા પછી મહા અમાત્ય હુચ્છુદ્ધિ ઊભા થયા અને સંક્ષેપમાં સર્વ સાંભળી શકે તે પ્રમાણે બોલ્યા. તેમના સ્વરમાં મીઠાશ હતી, ઉચ્ચારણમાં નમ્રતા સાથે સત્તાવાહિતા હતી અને વાણી ચાતુર્યમાં મુત્સદ્દીગીરી સાથે સેવાભાવનો ધ્વનિ હતો. તેમના સંભાષણનો સાર નીચે પ્રમાણે હતો:—

"મહારાજાધિરાજ! દેવી યશોધરા! સજ્જનો! અને સન્નારીઓ! આજે આપણે આપણા લોકપ્રિય મહારાજાનો જન્મદિવસ ઊજવવા એકઠા થયા છીએ. આવા શુભ પ્રસંગે પ્રજાજન અને પ્રકૃતિજનને આનંદ થાય તેમાં નવાઇ નથી. આપણા મહારાજા પોતાની અંગત સુખ સગવડનો વિચાર ન કરતાં રાતદિવસ પ્રજાજનોની પ્રગતિ માટે ઉત્સુક રહે છે એતો જાણીતી વાત છે. એમના અનેક પ્રયત્નો પ્રજાની જાણમાં પણ નહિ હોય, કારણ કે તે પ્રચ્છન્ન હોય, કેટલીક વાર જનતાની જાણ સુધી પહોંચતા નથી. તેઓ રાજકારણના દરેક વિષયમા જાતે ભાગ લે છે અને પ્રત્યેક ખાતા અને બાબતોનો રસપૂર્વક અભ્યાસ કરી જનતાની સગવડો સાચવે છે. તમારી આટલી મોટી હાજરી, તમારો મહારાજા તરફનો હૃદયનો ભાવ અને તમારો અંગત સ્નેહ ખૂબ જાણીતા હોય, મહારાજાને પ્રજાસેવા સન્મુખ લાવે છે, પ્રેરે છે અને રસમય બનાવે છે. જે મહારાજા પોતાની પ્રજાને સુખી જોવા રાજી હોય અને પ્રજાના સુખ સાથે પોતાનું સુખ જડાયલું છે એવી માન્યતા સાથે કામ લેતા હોય અને પ્રજાનાં સુખ સગવડ-અને પ્રગતિ માટે જેના દ્વાર ખુલ્લાં હોય તે રાજા ધન્ય છે, એ રાજાના નામને સાર્થક કરે છે અને સામાન્ય રીતે એ પ્રજાની પ્રીતિ પોતાની તરફ ખેંચી

લાવે છે. આપણે એવા મહારાજા મેળવવા ભાગ્યશાળી થયા છીએ એ આનંદનો વિષય છે અને એ કારણે પ્રજાની એમના તરફ મમતા છે તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે એ ગૌરવનો વિષય છે. પ્રજાની અનેરી મમતા રાજા તરફ હોય ત્યારે આખા દેશમાં અદ્ભુત શાંતિ પ્રસરે છે, ભાઇચારો જામે છે અને વગર ખટપટે રાજતંત્ર ચાલે છે. તેથી પ્રજાનાં નાના મોટા કામો તરફ એકસરખું ધ્યાન આપી શકાય છે અને આ રીતે રાજા પ્રજા વચ્ચે પિતાપુત્ર જેવો સંબંધ હોય ત્યારે પ્રજાની સગવડમાં વધારો થાય છે. અગાતના પ્રશ્નો હાથ ધરી શકાય છે અને ધાર્યા કરતા વધારે સુંદર પરિણામો નીપજાવી શકાય છે. આ બાબતમાં આપણે ગૌરવ લઇ શકીએ અને પોતાની જાતને ભાગ્યશાળી ગણી શકીએ એવા સારા સંયોગોમાં મહારાજાની વિચક્ષણ બુદ્ધિથી અને વ્યવહાર દક્ષતાથી મૂકાયા છીએ. આ વાત હું આજે રજૂ કરૂં તો તે માત્ર ઉપચાર તરીકે નથી, પણ સત્ય વાત છે અને સાચી વાત રજુ કરવી એ મારો ધર્મ છે. એમાં ખુશામતનો છાંટો પણ નથી અને તમારી ઉત્સાહી મુખમુદ્રાઓ એની સાક્ષી આપતી રહી છે.

"રાજકારણમાં પ્રજાહિતના સવાલો આવે ત્યારે તેના સંબંધમાં પ્રજાના આગેવાન મહાજનોની સલાહ લેવાનો રવૈયો પાડીને નામદાર મહારાજાએ પ્રજાના અવાજ તરફ ધ્યાન આપવાનો વિવેક બતાવ્યો છે અને પ્રજાની અંગત અગવડો તરફ દેખરેખ રાખવા મહારાજા જાતે મોડી રાતે છૂપા વેશે તપાસ કરે-કરાવે છે તેથી તેમના સંબંધમાં લોકમત કેવો છે તે જાણવાની તેમને તક મળે છે અને ચોર લૂટારા દારૂડીઆ અને જુગારીઓ અને રાત્રીએ ગભરાવનારા લંપટો પર મોટો કાબૂ રહે છે આ સર્વ તકેદારી કરનાર આપણા નામદાર મહારાજા પુંડરીકદેવની આજે અઠ્ઠાવીશમી વરસગાંઠ પ્રસંગે આપણે સર્વ તેમને અભિનંદન આપીએ અને તેમનું દીર્ઘ આયુષ્ય ઇચ્છીએ

અને આજના મહોત્સવમા રસપૂર્વક ભાગ લઇએ એવી વિનતિ હું નરનારી આબાલવૃદ્ધ સર્વ નગરજનોને કરૂં છું અને આપણા મહારાજાને દીર્ઘ આયુષ્ય, સુંદર શરીરસ્વાસ્થ્ય અને ઉચ્ચ વિવેકની મૌલિક માનસભૂમિકા તેમને પરમાત્મા આપે એવી પ્રાર્થના કરૂં છુ."

" નામદાર મહારાણી રાજાના પ્રત્યેક કાર્યમાં રસથી ભાગ લઇ રહ્યા છે અને તેઓ આ પ્રસંગે હાજર છે. એમના પ્રજા વાત્સલ્ય સંબંધી વિચારો ખરેખર આનંદ પમાડે તેવા છે. એમના દાંપત્યમાં સતત વિકાસ થાઓ અને .નામદાર મહારાણી રાજરાણી થવા સાથે પ્રજા હૃદયમાં સ્થાયી સ્થાન મેળવો એટલું મારી અને તમારી સર્વ તરફથી ઇચ્છી હુ અત્ર વિરમીશ."

નગરશેઠ ધનચંદ્રે ત્યાર પછી વિચારો રજૂ કર્યા. એમણે રાજાની લોકપ્રિયતા, શુભેચ્છાઓ અને 'રાજકારણમાં રસપૂર્વકની સતત વિચારણા સાથે અંગત ઉદારતા અને લોકસંગ્રહ વૃત્તિના વખાણ કર્યા. નગરશેઠના પ્રત્યેક વાકયને જનતા વધાવી રહી હતી અને હૃદયનો આનંદ ઊમળકાથી ઠાલવી રહી હતી. આ પ્રસંગે ત્યાર પછી એક ખેડુત અને કારીગર પણ પોતાની સાદી પણ હૃદયના ઊંડાણમાંથી નીકળતી ભાષામાં રાજ્યપ્રેમ બતાવી ગયા. ખાસ કરીને ખેડુતની કાલી ભાષાથી જનતાને ખૂબ મજા આવી. મહારાજાના મુખપર પ્રત્યેક વાકયે અસર કરી હતી. ખેડુતની કાલી ભાષામાં નીકળતા પ્રેમોદ્‌ગારો સાભળતાં એ એકાદ વખત હસી પણ પડયા હતા. લોકો આશા રાખતા હતા કે મહારાજા કાંઇ બોલશે, કોઇ નવાજેશો કરશે, કઇક જાહેરાત કરશે, પણ એ તો મુખપર આનંદ દર્શાવવા સિવાય કાંઇ બોલ્યા નહિ. એ શા વિચારમાં પડી ગયા છે એ નગરજનો કે અધિકારી વર્ગ સમજી શકયા નહિ.

: ૬ :

## ઉદ્યાનમાં રાસ સમારંભ

સ્નેહપૂર્ણ ઉદ્ગારો અને અભિનંદનોનો કાર્યક્રમ પૂરો થતાં આનંદિત વાતાવરણની વચ્ચે દેવી યશોધરા ઊઠ્યા. એની સાથે યુવરાજપત્ની યશોભદ્રા ઊઠ્યા અને મહારાણી અને યુવરાજપત્ની ઊઠ્યા એટલે સેંકડો લલનાઓ તૈયાર થઈ ગઈ. જરા શ્યામવર્ણી પણ સ્થૂળ શરીરવાળી દેવી યશોધરાની પડખે જ્યારે અત્યંત રૂપ લાવણ્ય-શાળી દેવી યશોભદ્રા હાજર થયા ત્યારે જનતાના આનંદનો પાર ન રહ્યો. સેંકડો આંખો એને જોવા તલસી રહી. યુવરાજના એની સાથે લગ્ન થયાને લગભગ એક વર્ષ થવા આવ્યું હતું, પણ એનો જાહેરમાં જનતા સમક્ષ રજૂ થવાનો આ પહેલો જ પ્રસંગ હતો. એનું રૂપ, એનું લાવણ્ય, એની સભ્યતા, અને એના વસ્ત્રાભૂષણોનો શરીર સાથે બેસતો મેળ જોઈને પ્રજાજનો મુગ્ધ બની ગયા, અને રાજબીજ કંડરીક કુમાર ભાગ્યશાળી છે એમ બોલવા લાગી ગયા.

આંખના પલકારામાં સ્ત્રીઓનું ટોળું જામી ગયું. આવે પ્રસંગે

રાસડા લેવાની પ્રથા પરાપૂર્વથી ચાલી આવતી હતી, એટલે બંહેનો તુરત સમજી ગઇ અને જેને એમા રસ પડતો હતો તે હાજર થઇ ગઇ નગરનારીઓને રાસ કરવા માટે તાલીમ લેવી પડે કે તૈયારી કરવી પડે તેમ નહોતુ, કારણ કે વહેવાર અને ધાર્મિક પ્રસંગે અનેક પ્રકારના રાસડા અને ગરબાઓ લેવાનો રિવાજ ત્યાં ચાલુ જ હતો. મહાદેવી યશોધરાની સૂચનાથી દેરાણી યશોભદ્રાએ રાસડો ઉપાડયો. એનો કોકિલ જેવો કંઠ, રાસ ઉપાડવાની હલક, ઠેકા પાડવાની છટા અને શરીરને ફરતું રાખવા છતા મર્યાદામાં રાખવાની મોહકતા અને એના પગના અને હાથના લહેકા અને શરીર યષ્ટિને મરોડમાં મૂકવાની એની કળા અભિનવ હતી, આકર્ષક હતી અને અસરકારક હતી. રાસડો શરૂ કરવાની સાથે દીપ ચાલી, ખૂબ જામી અને લોકો પણ સાથે તાલ લેવા લાગ્યા. રાસડો ચાલતો ગયો એમ લોકોમાં આનંદ વધવા લાગ્યો. દેવી યશોભદ્રાની સાથે રાસડો લેવરાવવામાં અન્ય કોઇ નહોતું, ઝીલનાર લગભગ ૧૦૦ સ્ત્રીઓ હતી. એના ગળાની મીઠાશ અને રાસ લેવરાવવાની કળા અજોડ હતી. એના રૂપાની ઘુઘરી જેવા અવાજના ગર્ભમાં માધુર્ય હતું એની શરીર વાળવાની કળામાં સૌમ્ય સાથે ઉદ્દીપન હતું, એના સુંદર વેશ અને નખશીખ સૌંદર્ય સાથે ભરાવદાર પણ મજબૂત શરીર હતું અને એને પ્રભુએ નવરાશની વેળાએ નમુના રૂપેજ ઘડી હાથ ધોઇ નાંખ્યા હોય એવું અસાધારણ તેજ સ્ફૂર્તિ અને આકર્ષકપણું એનામા એકઠાં થઈ ગયાં હતાં. આજે એ યૌવનના પૂર બહારમાં ગાજી રહી હતી અને મહારાજા પુંડરીકના જન્મ દિવસ પ્રસંગે એનામાં ઓર ઓજસ વરસી રહ્યું હતુ. એણે રાસડો[1] ઉપાડયો:—

૧ સ્વ. કવિ બોટાદકરનો આ રાસડો છે. 'મારે આજની ઘડી તે રળિયામણી જો.' ના લયમાં એ ગાઇ ગવરાવી શકાય છે.

સખી! આવોને આજ મારે આંગણે રે લોલ,
હું તો પૂજીશ પ્રેમ ભરી પાંપણે રે લોલ. સખી૦

સખી આવો તો રાસ રંગ રેલશું રે લોલ,
સૂનાં ઉરના સોહાગ કૈંક સિંચશું રે લોલ, સખી૦

સૂનાં મંદિરને ગાનથી ગજાવશું રે લોલ,
સૂનાં જગતના આનંદ ઉછળાવશું રે લોલ. સખી૦

શીળી ચંદ્રાના શીત ઝરણ ઝીલશું રે લોલ.
એના અમૃતથી ન્હાઇશું-ન્હવાડશું રે લોલ, સખી૦

તપ્યા તરણિનો તાપ ગયો ટાળશું રે લોલ,
રૂડાં રજની રાણીનાં હૃદય રંગશું રે લોલ. સખી૦

પુણ્ય પડદા તે પ્રેમ તણા પાડશું રે લોલ,
ભોળા મનના અબોલડા મટાડશું રે લોલ સખી૦

ભર્યા ભવના અનેક ભેદ ભાગશું રે લોલ
કૈંક વીત્યા વિયોગના વીસારશું રે લોલ સખી૦

સખી આવો વસંતકેરી વાડીએ રે લોલ,
મધુ મંડપની કુંજ-કુંજ માડીએ લોલ. સખી૦

વ્હાલ ભીની વસંતને વધાવીએ રે લોલ,
મીઠી કોયલના કાનને જગાડીએ રે લોલ. સખી૦

નવી ક્યારીમાં રોપ નવા રોપીએ રે લોલ,
એને આછા તે નીરથી ઉછેરીએ રે લોલ. સખી૦

કૈંક અણખીલી પાંખડી ખીલાવીએ રે લોલ,
વિશ્વપન્થે સુગંધ પુષ્પ વેરીએ રે લોલ સખી૦

અમર અંગાને આભથી ઉતારીએ રે લોલ,
અમરવેલીની છાંય બધે છાઇએ રે લોલ,

સખી ! આવોને આજ મારે આગણે રે લોલ.
સખી ! આવોને આજ મારે આગણે રે લોલ.

મૃદંગ અને સારંગીના સૂરનો મેળાપ હતો, ઝીલનારી સર્વકુશળ હતી. કોઇ આગળ પાછળ થઇ જાય કે તાલ તોડી આડી અવળી થઇ જાય એવી નહોતી અને ગવરાવનારની છટા અજબ હતી, આકર્ષક હતી અદ્‌ભુત હતી. નોબત અને શરણાઇ, સાથે સૂર પૂરતી હતી અને આખો ઉદ્યાન મંડપ એક રસ થઇ ગયો હતો. રાસડો જેમ જેમ જામતો ગયો તેમ તેમ સૂરના આરોહ ઉચ્ચ થતા ગયા, હાથની તાળીઓ અને પગના ચડકારા વધતા ગયા. અને સાથે ઢોલક અને નોબતનો દેકારો જામતો ગયો. પચીશીમા મ્હાલતી સરખી યુવતીઓની આગેવાની અત્યારે દેવી યશોભદ્રાના હાથમા આવી હતી. ઝાંઝરના ઝમકાર, મૃદંગના ઠેકા અને તાળીના અવાજ વધતા ચાલ્યા, ગતિમાં વધારો થતો ચાલ્યો અને રાસ જામતો જામતો પરાકાષ્ટાએ પહોચી ગયો. વસંતનુ રાજ્ય હતુ, ઉદ્યાનનો મઘમઘાટ હતો. હૃદયનો ઉલ્લાસ હતો અને જુવાનીની મસ્તી હતી, એટલે પછી એમાં વસંતરાજ જામે અને પુષ્પધન્વા એના પૂરબહારમાં અનંગ રૂપે અદૃશ્યપણે આક્રમણ કરી જાય એમા નવાઇ જેવુ નહોતુ દેવી યશોભદ્રા વચ્ચે ઊભી રહી ગવરાવે, નગરવાસી યુવતીઓ એવીજ છટાથી રાસને ઝીલે અને તાળી દઇ ફેરફુદડી ફરતી જાય, ત્યારે સ્વર્ગના દિવ્ય રાસના સુખડાં અહીં ઊતરતા દેખાય એવો આ અમર ઉત્સવ જામતો ગયો અને જમાવટ સાથે યુવતીઓના ઉત્સાહમા વધારો થતો ગયો.

આની અસર મહારાજા પુંડરીક પર ઘણી અજબ પ્રકારની થઇ. એણે પોતાના નાના ભાઇની પત્ની દેવી યશોભદ્રાને આજે ખાસ

ધારીને પહેલ વહેલી જોઇ. એનુ ભરાવદાર શરીર, થનગનતું યૌવન, મરોડદાર નાક, હરણ જેવાં ચપળ નયન અને સુવદ્દ સુંદર શરીર અને એની હંસવાહિની ચાલ, મરોડ દેતી તાળીઓ અને કોકિલ કંઠ જેવી મીઠી ગળી, સાથે એના અસાધારણ હાવભાવ જોઇ એ ભાન ભૂલી ગયો, એ જનમેદિની અને પ્રધાન અધિકારી વર્ગ વચ્ચે બેઠેલ છે એ વાત પણ એના ખ્યાલ બહાર થઈ ગઈ અને વિવેક ભૂલી નાનાભાઇની પત્નીને ધારી ધારીને પોતે જોવા લાગ્યો. એની પ્રત્યેક-ગતિ નીરખવા લાગ્યો અને મનમાં અનેક ગુંચવડા કરવા લાગ્યો. એતો એમજ સમજવા લાગ્યો કે આ આખો રાસડો એને ઉદ્દેશીને બોલાય છે અને એના પ્રત્યેક શબ્દમાં અને દેવી યશોભદ્રાની હીલચાલમા એ પોતાને આમંત્રણ હોય એમ માનવા લાગ્યો.

દેવી યશોભદ્રાએ શરૂઆતમાં 'સૂનાં' ઉરની વાત કરી એટલે એ સૂના સ્થાનમાં પોતાની જગ્યા ખાલી છે એમ માનવા મંડી ગયો. પછી વસંતના થનગનાટે અને તરણિ–સૂર્યના તાપના ઉલ્લેખે એને અવ્યવસ્થિત બનાવ્યો. એમાં મૂઢતા વધતી ગઇ અને અમરગંગાને આભથી ઉતારવાની વાત આવી ત્યારે જાણે દેવી યશોભદ્રા પોતાના ખોળામાં બેસી ગઇ હોય એવો એને ભાસ થવા માંડયો.

દેવી યશોભદ્રાને તો આજે સ્વાભાવિક ઉત્સાહ હતો. મહારાજાનો જન્મ દિવસ સર્વને વહાલો હોય છે, પ્રજા જનના આનંદ કરતાં પણ દેવી યશોભદ્રાને વધારે આનંદ હોય, કારણકે મહારાજા તેના જેઠ થાય. આવા સ્વાભાવિક ઉત્સાહ ઉપરાંત, તેનામાં તલમાત્ર વિકૃતિ નહોતી, એના ખ્યાલમા મહારાજા કે અન્ય કોઇનો તરવરાટ ન હોતો. છતાં જ્યારે એણે 'સૂના' શબ્દનો ગેય કાવ્યમાં ત્રણ વખત ફરી ફરીને ઉચ્ચાર કર્યો ત્યારે એને અંદર કાંઇક વ્યથા થઇ. એ કાંઇ ભાવીનો ભણકારો હશે, પણ તે વખતે તો જનપ્રવાહ અને

રાસના ઉલ્લાસમા એ વાત વીસરી પણ ગઈ અને રાસની ધમાલ વધતી ચાલી, આગળ ધપતી ચાલી અને પરાકાષ્ટા સુધી પહોંચી ગઇ.

રાસ ઝીલનાર નારીવૃંદ અને રાસને સાંભળનાર શ્રોતાઓ તો અત્યારે ખરેખરા ગેલમાં આવી ગયા હતા. એને મહારાજાને થતી આંતરવ્યથા અને માનસિક પરિવર્તનનો ખ્યાલ પણ નહોતો. પણ મહામંત્રી સુબુદ્ધિ, મહારાજાની આંખમાં થતા વિકાર, તેમની યશોભદ્રા ઉપર પડતી નજર, મહારાજાનાં શરીરમાં થતાં કંપન અને ધ્રુજતા હોઠની અંદર રમતા મદનરાજ મહારાજની કારમી વ્યથાની અસર જોઈ શક્યો અને એ મહા વિચક્ષણ અને જનસ્વભાવનો ભારે અભ્યાસી હોઇ આ વાત આગળ-વધે તો તેનાં કેવાં પરિણામો આવી જાય તે પામી ગયો અને મહારાજાને એ બાબતમાં તુરતમાં ચેતવવાની ફરજ જણાય તે વાતનો નિશ્ચય મનમાં ધારી બેઠો.

★

: ૬ :

## ઉદ્યાનમાં ગરબો

૨

રાસડો પૂરો થતાં બીજો ગરબો ચાલુ કરવા જનતાની માગણી થઇ, મહારાજાની તેમાં સમતિ થઇ. સુબુદ્ધિ અમાત્ય મૌન રહ્યો, લહેરી કંડરીક તો અત્યારે આનંદમાં આવી આગળ પાછળનો વિચાર ન કરતાં, પોતાની જાતને આવી વિચક્ષણ પત્ની મળવા માટે આનંદ માની રહ્યો. મહારાણી યશોભદ્રા ભોળી અને આનંદી હતી અને ગાનાર બ્હેનો તો આજના દિવસનો લ્હાવો લેવામાં અને રસ લૂટવાની વિલાસવૃતિમાં પડી ગઇ હતી. બીજો ગરબો પણ દેવી યશોભદ્રાએ ઉપાડયો. એતો પ્રથમથીજ જામતો ગયો અને ખૂબ વધતો ગયો. એમાં હાથતાળી અને ફેરફુદડીએ તો સાંભળનારને મુગ્ધ કરી દીધા. ગવરાવનાર જેવી ચકોર હતી, તેટલીજ ઝીલનાર ગાનારીઓ કાબેલ હતી. મૃદંગ અને સાજ સાથે ગરબો[1] ચાલ્યો:—

---

૧ કવિ બોટાદકરનો આ ગરબો છે. ' શહેરનો સૂબો કયારે આવશે રે ' એ જાણીતા લયમાં ગાઈ શકાય છે.

વાગે વધાઇ વસંતની રે,
ફૂલડે ઊડે એની ફોર રે, કોયલ બ્હેની!
એક 'કૂહૂ' કર આજનુ રે ટેક.
મ્હોરી લતા કોઈ માડવે રે,
મીઠો આંબલીઆનો મ્હોર રે, કોયલ બ્હેની !
વન વન વેણુ વિહગનો રે,
ઘર ઘર ગાજતાં ગાનરે, કોયલ બ્હેની ! એક૦
સૂનાં લાગે સહુ એ સખી રે,
પંચમ વીણુ નહિ પ્રાણરે, કોયલ બ્હેની ! એક૦
આજ કળી ઊઘડી રહે રે,
ઊઘડે અ બોલણુ ઉરરે, કોયલ બ્હેની ! એક૦
અંતર એમ ઉઘાડજે રે,
સંતાડયા છેડજે સૂર રે, કોયલ બ્હેની ! એક૦
આજ રહે કયમ રૂસણાં રે,
આજ ચત્રા શા ઉદાસ રે; કોયલ બ્હેની ! એક૦
ઊભી સખી આવી આંગણે રે,
પ્રેમનો કરજે પ્રકાશ રે; કોયલ બ્હેની ! એક૦
કાળ વસંત વહી જશે રે,
આભમા ઊડશે આગ રે; કોયલ બ્હેની ! એક૦
આવશે મેઘ અષાઢનો રે,
વીજળી પામશે વાજ રે, કોયલ બ્હેની ! એક૦
દાદુરનાદ ડરાવશે રે,
ઝિલ્લી[૨] તણા ઝણકાર રે; કોયલ બ્હેની ! એક૦

[૨] ભ્રમરું.

માન ત્યારે મન રાખજે'રે,
અવિરતનું અધિકાર રે, કોયલ બ્હેની ! એક૦
આજ રાણી તું તો રાગની રે,
સૌરભનો શણગાર રે; કોયલ બ્હેની ! એક૦
વેદઋચા તું વસંતની રે,
ધીમી સુધા કેરી ધાર રે, કોયલ બ્હેની ! એક૦
એક ' કૂહૂ ' કર આજનું રે.

રાસડો ખૂબ જામ્યો હતો તેવો જ ગરબો પણ જામ્યો. આના તો પ્રત્યેક પદ ચાર ચાર વાર ગણાયા અત્યારે ગીતનારી નગર સન્નારીઓ અને મહાદેવી યશોધરાના આનંદનો પાર નહોતો. એની નજર અત્યારે તો બ્હેન દેવી યશોભદ્રાના લાલિત્ય પર જ હતી. યશોભદ્રાને આનંદ તો તેટલો જ હતો. પણ ' કાળ વસંત વહી જશે રે ' એ ગવરાવતાં એને જરા આંચકો લાગ્યો, અષાઢ માસની અંધારી એની આંખમા તરવરવા લાગી, વચ્ચે વચ્ચે વળી વીજળીના ચમકારા ગવરાવતા એને સહજ પ્રકાશ પણ લાગતો હતો, પણ આ ખ્યાલ લાંબો વખત ન રહ્યો. એ ગવરાવવાની ધૂનમાં અને સૂરના ધમકારામાં તથા મૃદંગના અવાજમા ડૂબી ગઇ. એ વખતે મહારાજા પુંડરીક એના તરફ આકાક્ષાની નજરે જોઇ રહ્યા હતા. એનો એને સહજ પણ ખ્યાલ નહોતો.

ખરી વિચિત્ર દશા આ ગરબાએ મહારાજા પુંડરીક પર કરી. એ વસંતની વધાઇએ ચમક્યો, એ કોયલના આમંત્રણે પોતાને આમંત્રણ થતુ માની બેઠો. એ પોતાની પાસે દેવી યશોભદ્રા કર ઉઘાડતી હોય એમ ધારવા લાગ્યો. એ આખો વખત અનિમેષ નજરે દેવી યશોભદ્રા તરફ જોઇ રહ્યો એની મનોવ્યથા વધતી ચાલી. એના પર કામદેવે કાબૂ જમાવી દીધો અને સુબુદ્ધિ પ્રધાને એને સાવધાન

થવા જણાવ્યું ન હોત તો કદાચ એ તદ્દન પરવશ બની જાત. રાસડાએ અને ગરબાએ એને લગભગ ઘેલો બનાવી મૂક્યો.

જનતા તો ઊછળતી હતી. પગના ઠેકા દેતી હતી, હાથની તાળીઓ પાડતી હતી અને રસમા ગરકાવ થઇ ગઇ હતી. આ રીતે આજના માંગળીક દિવસની પ્રભાતની વિધિ પૂર્ણ થઈ. મહારાજા પોતાના મહેલમાં ગયા. પોતાને આજના સુંદર પવિત્ર દિવસે શેની વ્યથા થાય છે તે તે સમજી ન શક્યો. પણ જાણે પોતાની પ્રિય વસ્તુ ખોવાઈ ગઇ હોય અને તેને પોતે શોધતા હોય તેવી તેની દશા થઇ ગઈ. તેનુ કારણ શું છે અને શેને માટે આ સર્વ થઇ રહ્યુ છે તેનુ પૃથક્કરણ કરવાનો તે વખતે તેને સમય પણ નહોતો. પણ ગૂઢ ચિંતાથી તેના આનંદ પર શોકની છાયા આવી રહી હતી, મૂઢતાના મેલછા તરવરી રહી હતી અને આજના દિવસને અનનુરૂપ ઘેરી દક્ષા એ મનમાં અનુભવતો હતો.

: ૭ :

## બાળાઓ-બાળકોએ ગૂંથેલો ગોફ

૧

રાસડા અને ગરબાની આખી યોજના દેવી **યશોભદ્રાએ** કરી હતી. દિવસોથી એને માટે એણે તૈયારી કરી હતી. ઝીલનારીઓ રાસડો અને ગરબો ઝીલતી વખતે સંગીતના સર્વ સાજોના અનુપ્રાસમાં પોતાની ગતિ કરે, હાથની તાળીઓ એક સાથે અને તાલ-સૂરના ધોરણે પડે, કોઇનો સ્વર ઊંચો કે આડો અવળો ન થઇ જાય, મૃદંગ, કાંસી અને બીજાં સાજો બરાબર નિયમસર અને એક બીજાના સંબંધમાં આરોહ અવરોહ કરે, વગેરે સંગીતના સર્વ નિયમો ધ્યાનમાં રાખીને એણે યોજના કરી હતી. ઝીલનારીઓ પણ નક્કી કરી રાખી હતી એણે બે ચાર વખત એની પુનરાવૃત્તિ પણ કરી લીધી હતી. એની ગોઠવણ પાછળ જ્ઞાન હતું, વ્યવસ્થા હતી, અભ્યાસ હતો. એકતો સ્ત્રીઓનાં ગળાંની સ્વાભાવિક મીઠાશ નૈસર્ગિક રીતે મધુર હોય છે અને વળી તો ઉચ્ચ કુટુંબોની યુવતીઓ, સુંદર અવાજ આવડત અને ગોઠવણ પૂર્વક તૈયાર કરનાર ઉસ્તાદ ગાયકો હતા એટલે આખું વાતા-

વરણુ ચનગનતું હતું. વસંતનો સમય, નગરજનોનાં દીલમાં રમી રહેલ મહારાજાનો જન્મ દિવસ, સરસ કપડા, વનખંડની હરિયાળી શોભા, ચોતરફ હસી રહેલી કુદરત, વનરાજીમાથી આવતો કોયલનો મધુર સ્વર અને ભ્રમરનો ગુંજારવ એવા તો જામી ગયા હતા કે અત્યારે સાકેતપુરને પાદરે સ્વર્ગનું નંદનવન ઊતરી આવ્યુ હોય અને દેવીઓ અદ્ભુત રાસ ખેલી રહી હોય એવો ભવ્ય દેખાવ જોનારને વિસ્મય કરી રહ્યો હતો. હાજર રહેલા સર્વના મુખપર આનંદનો દેખાવ અને નિશ્ચિંતતાની છાયા તે વખતની શોભામાં ખૂબ વધારો કરી રહ્યા હતા.

યુવાનીને આરે ઊભેલી રૂપવતી સૌભાગ્યવતી ગર્વવતી યુવતીઓ ચક્રવ્યૂહમાં ફરતી જાય, લળી લળીને નમતી જાય, ઉપાડો લઇને તાળીઓ પાડતી જાય અને તે પ્રમાણે ઢોલકના સૂર હીચ આપતા જાય, ત્યારે તેનો જે ઘોર પડે તેનુ વર્ણન શબ્દ દ્વારા અશક્ય છે પણ કલ્પના શકિતના જોરથી માનસિક ભૂમિકા પર ખડું કરી શકાય તેવું છે. આખા રાસ કે ગરબા દરમિયાન એક ખોટો તાળ ન પડયો, એક ગાનારી અન્યથી આગળ કે પાછળ પડી ગઈ નહિ, એક ચણકારો ખોટો પડયો નહિ. ધંધાદારી કુશળ ગાનારની છટાથી આખો રાસ ગરબાનો કાર્યક્રમ ચાલ્યો તે દરમ્યાન કોઇએ અવાજ કર્યો નહિ, કોઈ હાસ્યુ ચાલ્યુ નહિ, કોઇ બાજુવાળા સાથે બોલ્યુ નહિ અને કોઇએ કશા પ્રકારની ગડબડ કરી નહિ. આખા વાતાવરણમાં શાતિ છવાઇ રહી, પગના થડકારા કોઈ કરે તો નીચે અવાજ કરે તેવી લાકડાની ભૂમિકા ન હોવાથી નિરવ શાતિ પ્રસરી રહી હતી અને મુખની મીઠાશ, આનદના હાસ્ય કે ટોળટપ્પાં કરવાની કોઇને જરૂર નહોતી રહી. યુવતીમડળે સર્વનું ધ્યાન પોતાની તરફ એવી સરસ રીતે દોર્યું હતું કે લોકોને એને જોવા અને સાંભળવા ઉપરાત બીજી કોઇ વાતની અત્યારે પડી નહોતી. આખા ઉદ્યાનમાં અત્યારે આનંદનું

રાજ્ય છવાઇ રહ્યુ હતું. મહારાવ મદનદેવજીની ભૂરકી ફેલાઈ રહી હતી અને પુષ્પધન્વા આનંગને વિલાસ દરેકની મુખમુદ્રા પર પ્રકટ દેખાઈ ગયો હતો. જે મહારાજાને જન્મદિવસ આજે ઊજવાઈ રહ્યો હતો તેના દીલમાં અત્યારે આનંદ નહોતો અને મુખમુદ્રા પણ ગભીર દેખાતી હતી. ત્યારે હૃદયમાં એ કાંઇ વ્યથા અનુભવતો હોય એમ દેખાઇ આવતુ હતું, પણ લોકો તો અત્યારે ગેલમા આવી ગયા હતા. રાજાની આ ચિંતાએ મહા અમાત્ય સુબુદ્ધિ સિવાય બીજા કોઈનું ધ્યાન પણ ખેંચ્યુ નહોતું. અમાત્ય આ ચિંતા અને રાજાની વિકારી આખોમા ભાવી અધપાત જોઇ રહ્યા હતા. એકંદરે આનંદની છોળો વચ્ચે યુવતીઓએ ગરબો પૂરો કર્યો.

હવે બાળકો અને બાળિકાઓનો વારો આવ્યો. લગભગ સો જેટલા બાળકો મધ્ય વર્તુળમાં આવી ગયા. એક બાળા અને એક બાળક એમ ગોઠવાઈ ગયા. તેમણે ગાન શરૂ કર્યું, ત્યારે પણ જનતામાં ખૂબ આનંદ છવાઈ ગયો. ગાન સાથે મોટો ગોફ ગૂંથ્યો, એક પદને ખૂબ વાર ગાયુ. સાખી ગાતી વખતે હીલચાલ સ્થિર કરી અને મોટો ગોફ તૈયાર કરી નાખ્યો.

[1]આજે ઉરમાં આનંદ ન માય, ઊભરે હેત શું રે,
સાથે સર્વ મળીને ગાઇએ, વિધવિધ ભાત શું રે.
રાજા પુંડરીકને જન્મદિવસ ઊજવાય, મળીયે લહેરથી રે,
દેવી યશોધરા તો આનંદમગળ ગાય, હૃદયના રાગથી રે.
આજે ઉરમાં આનંદ ન માય, ઊભરે હેત શું રે.
(સાખી) મહારાજા શુભ ન્યાયથી, પ્રજાપ્રિય થઇ જાય,
યશોધરા દેવી સતી, ધન્ય ધન્ય કહેવાય.
રાજમંત્રી યુવરાજજી, રાજ રતન થઇ જાય,
યશભદ્રાની ધૂમમાં, સર્વ હૃદય ઉછળાય.

---

૧ 'પુનમચાંદની' ના રાગનુ અનુસરણ.

આજે વસંત ફાલી ફૂલી સુહાગણ દીસતી રે,
એની સાથે નાચે બાળાઓ આનંદથી રે,
નાના બાળકો લળી લળી ગુણ ગાય.
ઊભરે હેત શું રે આજે.

(સાખી) વસંતના આ ઠાઠમાં સાકેતપુરના લોક,
હાણે માણે વીલસે, પ્રેમ નજરની ઝોક.
પશુ પંખી વિલસી રહ્યા, વિલસ્યા બાલકુમાર,
વનરાજી નિશ્ચય થઈ વર્ત્યો જયંજયકાર.
એવા આનંદી અમારા દીલના ભાવથીરે,
દીર્ઘ આયુષ્ય ઇચ્છીએ મહારાજ ને રે,
મહાદેવીને અખંડ સૌભાગ્ય અમારા ભાવથીરે.
એનું રાજ્ય તપો સુખી પ્રજાના પ્રેમથીરે,
આશીષ અર્પી બાળો હૃદયમાં હરખાય
ઊભરે હેત શું રે. આજે.

ગોફ બીજીવાર ગાન કરી પાછો ઉખેળી નાખ્યો. એમના થડકારામાં ફેર ન પડયો, ગોફમાં ગૂંચવણ ન થઇ, રાગની જાતિ કે ગાનની રીતિમાં ક્ષતિ ન આવી અને નિર્દોષ મુખડાં અને હૃદયના ભાવનું મહાન પ્રદર્શન થઈ ગયું. ગોફ ગૂંથતા યશોભદ્રાનું નામ આવ્યું ત્યારે મહારાજા પુંડરીકના શરીરમાં ઝણઝણાટી થઇ, જે પોતે પણ ન સમજ્યો અને અન્ય કોઈનું એના પર લક્ષ્ય પણ ન ગયું.

ત્યારબાદ થોડા અંગબળના પ્રયોગો થયા, કસરતો થઈ અને ઠેકઠેકાણે લોકો આનંદ દર્શાવવા છુટા પડવા લાગ્યા. લગભગ બે કલાકનો કાર્યક્રમ આ રીતે પૂરો થઇ ગયો લોકોમાંથી કેટલાક વનરાજીમાં ફરવા લાગ્યા, કોઇ વિશાળ છાયડાવાળા ઝાડ નીચે જમાવટ કરી બેઠા કોઇ સરોવર કાઠેની ઘટાનીચે ફરવા લાગ્યા, કોઇં વાતોમાં પડી ગયા અને કોઇ ઘર તરફ પાછા ફરવા લાગ્યા. મહારાજાના જન્મદિવસનો પ્રભાતનો કાર્યક્રમ આ રીતે પૂરો થયો.

: ૮ :

## સાયંકાળે રાજસભા

૭

ફાગણ શુદ ૮ ( અષ્ટમી )ની સાયંકાળે રાજસભા મળી. મહારાજા પુંડરીક માટે મધ્ય સિંહાસન ગોઠવાયું સિંહાસનની શોભા અદ્‌ભુત હતી. એમાં હીરા માણેક મોતી જડવામાં આવ્યાં હતાં. સુવર્ણના આ સિંહાસન ઉપર લપેટો જડવામાં આવ્યો હતો. મધ્ય સિંહાસનની જમણી બાજુ દેવી યશોધરાનું સિંહાસન ગોઠવાયું હતું. તેની બાજુમાં મહામંત્રી અમાત્ય સુબુદ્ધિ અને બીજા મંત્રીઓનાં સ્થાનો નિર્માયાં હતાં, મંત્રીની બરાબર બાજૂમાં સેનાધિપતિ ગોઠવાયા હતા. સેનાધિપતિની બાજુએ યુવરાજ કંડરીકનું અને તેની પડખે દેવી યશોભદ્રાનું સ્થાન હતું. ત્યારપછી મંડલીક રાજાઓ અને ભાયાતોનાં સ્થાનો નિયત થયેલા હતાં. ડાબી બાજુએ નગરશેઠ, વ્યાપારી આગેવાનો અને મોટા જમીનદારો માટે ગોઠવણ થઇ હતી. વિશાળ સભા ચિક્કાર ભરાઇ ગઇ હતી અને સર્વ દરબારી અને પ્રજાજનો પોતપોતાને સ્થાને ગોઠવાઇ ગયા હતા. આજના પર્વ દિવસે દરેક અધિકારી અને નગરજન, ખેડૂત અને જમીનદાર પોતપોતાના પૂર બહારમાં

સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરીને આનંદમાં ભાગ લેવા હાજર થઈ ગયા હતા. આખો દેખાવ ખૂબ ભવ્ય લાગતો હતો, વાતાવરણ આનંદને વધાવતું લાગતું હતુ. શરૂઆતમાં અંદર અંદર વાતો ચાલતી હતી, તે પણ મહારાજા મહારાણી પધારે છે એવી જાહેરાત થતા બંધ થઇ ગઈ, અને ચારે તરફ શાંતિ પ્રસરી રહી.

નગરજનો તથા પ્રધાન વર્ગની પત્નીઓને રાજ સિંહાસનની પછવાડે સ્થાન આપવામાં આવ્યું હતુ. વસંતના થનગનાટમાં રસ-ગૃદ્ધા નારીઓ આજે સવારે આનંદ મંગળના ઘોષ કરી આવી હતી, તેની મોટી સંખ્યા સભાસ્થાનને દીપાવી રહી હતી. સ્ત્રીઓ પૈકી પ્રથમ હારમા તો માત્ર યશોધરા મહારાણી અને દેવી યશોભદ્રાને સ્થાન હતાં, બાકીની સ્ત્રીઓ રાજસિંહાસનની પાછળના ભાગમાં ગોઠવાઇ ગઈ હતી કે આખો વખત રાજાની નજર દેવી યશોભદ્રા ઉપર પડે. મહારાણીનું સ્થાન તો મહારાજાની બાજૂમા હતું એટલે તેના તરફ કે તેની ઉપર રાજાની નજર પડે તેમ ન હતું. એ આકર્ષક અને નમણી હોવા છતા યશોભદ્રાની પાસે ઘણી ઓછી પડી જાય તેવી દેખાતી હતી. યશોભદ્રા તો આજે યૌવનને આરે ઊભેલી રતિનો નમુનો થઇ પડી હતી. ભરાવદાર શરીર, બંધ બેસતા વસ્ત્રાભૂષણો, આંખોનાં તેજ અને ગરમીની ઋતુને સુયોગ્ય પાતળા કપડાંમાંથી એનો વેણીબંધ અને આખી શરીરયષ્ટિ અપ્સરાને ભૂલાવે તેવી દીપી નીકળતી હતી અને એના જાહેરમા આજે થયેલા પ્રથમ દેખાવને યોગ્ય ન્યાય આપી રહી હતી. પૂર દાદમા આખી સભા ગાજી રહી હતી. પડદાનો રિવાજ નહોતો અને સ્ત્રીઓને તદ્યોગ્ય માન આપવાનો તે યુગ હતો. રાજકારણમા સ્ત્રીઓ સલાહ આપતી, પણ સીધો ભાગ લેવાની તે વખતે રીતિ ચાલતી નહોતી. સ્ત્રીઓની આજની હાજરી મોટી હતી. અને રાજસભાના ઠાઠમાં ખૂબ ઉમેરો કરતી હતી.

ત્યાં પ્રતિહારીએ છડી પોકારી.—મહારાજા પુંડરીક પધારે છે.

આઠ પંખાધારી ઊલટે પગલે ચાલતી હતી. મહારાણી મહારાજાની બાજુમાં બે બે ચામરધારીઓ ચાલતી હતી, પછવાડે સૂર્યનાં કિરણને ઝળકાવતું બામંડળ ચાલતું હતુ અને મહારાજા મહારાણી નેકીના પોકાર સાથે રાજ સભામા દાખલ થયા ત્યારે પંખાધારીઓ અવળે પગલે તેમને માર્ગ દેખાડતા હતા 'દેવ ! આ બાજુએ—આ બાજુએ.' (इत. इत देवो) 'આસ્તે કદમ, મુલાકાતસેં કદમ; બાજૂસેં બાજૂસેં નિધાહ રખીએ મહેરબાન'નો તે વખતે જમાનો નહોતો. ત્યાં તો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રયોગોજ થતા હતા. મહારાજા પધારતાં આખી સભા ઊભી થઇ. રાજારાણી પોતપોતાનાં સિંહાસનો પર બિરાજ્યા. અનાયાસે મહારાજાની નજર જમણી બાજુએ ઊભાં થયેલા દેવી યશોભદ્રા પર પ્રથમજ પડી અને એના આખા શરીરમાં એક જાતની ઝણઝણાટી થઇ. સવારે ઉદ્યાનમાં જે માનસક્ષોભ અને તરવરાટ થયા હતા તેની પુનરાવૃત્તિ થઇ. સભ્યતા જાળવવા રાજાએ આંખને પાછી ખેંચી લીધી ખરી, પણ આખી સભા દરમ્યાન એ અનેકવાર દેવી યશોભદ્રા તરફ જઇ આવતી હતી અને પાછી ખેંચાતી હતી રાજા આ વખતે વધારે અકળાયો, મનમા કાંઇ નિશ્ચય કરી બેઠો, પણ તેની વ્યાકુળતા કોઇના સમજવામાં ન આવી. ચતુર સુબુદ્ધિ અમાત્ય અત્યારે પણ ચેતી ગયો અને એને આજના બન્ને અસંગમાં અનિચ્છનીય ભાવીના ભણકારા લાગી ગયા.

રાજસભાનુ કાર્ય શરૂ થયું. મહા અમાત્યે ભાષણ કર્યું. પ્રજા હિતના કાર્યો રાજાએ કેટલા પ્રેમથી ઉપાડી લીધાં હતાં તેનું તેણે વર્ણન કર્યું. પ્રજાહિત માટે મહારાજાની તત્પરતા દાખવી. રાજ્યની આવકમાં કરવેરાનું નામ નથી એ વાતની પ્રશંસા કરી. જન સુખાકારી સારી વર્તે છે એમ જણાવ્યું અને વરસાદની અનુકૂળતાથી અને કુદરતની કૃપાથી રાજ્યમાં આનંદ મંગળ વર્તે છે એનો સર્વ યશ મહારાજાની દીર્ઘ નજર અને કુનેહને આપ્યો અને છેવટે મહારાજા

મહારાણીને દીર્ઘ આયુષ્ય ઇચ્છ્યું. છતાં એ આખા સભાષણ દરમ્યાન રાજાની નજર દેવી યશોભદ્રા ઉપર અવારનવાર પડતી હતી તે મહા• અમાત્ય જોઇ શકતા હતા અને પરિણામે તેના ભાષણમાં જે ઉલ્લાસ હોવો જોઇએ તે પૂરો આજે દેખાતો નહોતો. એ પોતે સવારના અને બપોરના પ્રસંગના ગર્ભમા શો ભાવાર્થ છે તે કળી શકયો નહોતો, પણ મહારાજાને શિક્ષણ આપવામા પોતાનો હાથ હોવાથી એ એના ઊંડાણમાં અનુભવની નજરે ભારે દુઃખદ સ્થિતિ કલ્પી શકતો હતો. અન્ય કોઇપણ વ્યક્તિની નજરમાં આ વિચિત્ર પરિસ્થિતિ આવી પણ નહિ અને કોઇને તેનો ખ્યાલ પણ થયો નહિ

સભામા ત્યારબાદ નગરશેઠ બોલ્યા. ખેડૂતોના ઉપરી પટેલ કાલી ઘેલી ભાષામાં રાજાને લાંબુ આયુષ્ય ઇચ્છી બેસી ગયા. મહારાજા પુંડરીકે દૃષ્ટિથી આભાર માન્યો, પ્રજા તરફ પોતાનો ખૂબ પ્રેમ છે. એટલું જણાવ્યુ અને પોતે વધારે ન બોલતાં મૌન રહ્યા સામાન્ય રીતે એ બહુ બોલા હતા, જ્યારે ત્યારે ભાષણ કરવાની એને ટેવ હતી, આજનો એનો અલ્પવાદ બહુ અસાધારણ હતો એની હમેશની રીતથી જુદો પડનાર હતો, પણ કોઇએ એ પર ચર્ચા કે ટીકા ન કરી

અનેકવાર રાજાની નજર દેવી યશોભદ્રા પર પડી, પણ દેવીને એ વાતનો ખ્યાલ પણ નહોતો. લહેરી કંડરીકને એ વાત સ્વપ્નમા પણ આવે તેવી નહોતી. એતો ચારે તરફ જોવામા અને બાજુમા બેઠેલા સાથે બહુ ઝીણેથી વાતો કરવામાં પડી ગયો હતો અને સભા બરખાસ્ત થઇ અને મહારાજા મહારાણી વિદાય થઇ ગયા પછી થોડો સમય અન્ય કારભારીઓ અને નગરજનો સાથે વાત કરતો રહ્યો અને પછી દેવી યશોભદ્રા સાથે પોતાને મહેલે વિદાય થઇ ગયો. મહારાજાના ગમન પછી લગભગ અરધા કલાકે સર્વ સભાજનો પોતપોતાને સ્થાનકે ગયા. એકંદરે આજે સભાજનોમાં, નગરજનોમાં અને આબાલવૃદ્ધ સર્વમાં આનંદ વર્તી રહ્યો હતો અને મહારાજાની વયના પ્રમાણમાં એ ઠીક નીવડશે એવી શુભેચ્છા પ્રસરી રહી હતી.

: ૯ :

## કંડરીક–યશોભદ્રાની પ્રેમરાત્રી

સાયંકાળથી દેવી યશોભદ્રાની જમણી આંખ ફરકવા લાગી અને આજના શુભ દિવસે એના મનમાં ગ્લાનિ થવા માંડી. કંડરીક યુવરાજ પોતાના રાજમહેલમાં યશોભદ્રા સાથે આવ્યા પછી ભોજન કરી જરૂરી રાજકારણે બહાર ગયા હતા. વગર કારણે થતી ગ્લાનિને દાબી દેવા દેવીએ પ્રયત્નો કર્યા. પણ એમાં એ પૂરી ફતેહ ન મેળવી શકી. આજના આનંદ મંગળ દિવસે પતિદેવ સાથે વિલાસ કરવાના એણે અનેક સ્થૂળ સાધનો ગોઠવી રાખ્યાં હતાં અને પતિ આગમનની એ આતુરતાથી રાહ જોઈ રહી હતી. વાસભુવનને એણે આજે ખાસ શણગારી રાખ્યું હતું અને પતિદેવને પ્રસન્ન કરવા એણે અનેક વિધ કલ્પનાઓ અને વાતો ગોઠવી રાખી હતી. એની ઉત્સુકતા પતિદેવ સાથે આનંદ લહેર કરવાની વધતી જતી હતી, ત્યારે પતિદેવ જમીને બહાર ગયા તે આવવાનો વિલંબ કરી રહ્યા હતા. એક પહોર રાત્રી ગઈ, પણ પતિદેવ પાછા પધાર્યા નહિ. જયારે કોઈની આતુરતાથી

રાહ જોવામાં આવે અને તે આવે નહિ ત્યારે પ્રત્યેક પળ કલાક જેવી થઇ જાય છે, વિરહકાળની આતુરતા વધતી જાય છે અને અનેક જાતની કુશંકાઓ થયા કરે છે. કંડરીક ક્યારે આવશે અને કેમ અને ક્યાં રોકાયેલ છે તેના સંબધમાં તેણે કાંઇ સંદેશો પણ પાઠવ્યો નહોતો. એટલે રાહ જોઇને બેસી રહેલ દેવી યશોભદ્રાને આંખમાં ઊંઘ આવવા લાગી. બેઠા બેઠા એની આંખ મળી ગઇ અને તેવી તંદ્રા અવસ્થામાં એને ભાસ થયો કે મહા અરણ્યમાં પોતે એકલી ઊભી છે અને પોતાની પાછળ પડેલા કોઇ વિકરાળ જનાવરના ત્રાસે પોતે આગળ દોડે છે અને કોઇનું શરણ માગે છે. આજુબાજુમાંથી કોઇ તેને ટેકો આપતુ નથી કે સહાય કરતું નથી. આખરે એક તદ્દન સફેદ ઝાડ પર ચઢી જાય છે વગેરે. આવા ભ્રાંતિમૂલક અને ઉદ્વેગવર્ધક દિવાસ્વપ્નમાં એ વિહરતી હતી ત્યા પતિદેવ પધાર્યા અને દેવી અપમંગળના ચિહ્નસમા કુસ્વપ્નની ભ્રાંતિ વીસરી ગઇ. પતિદેવને આદર દેવા એ તૈયાર થઇ ગઇ. ત્યાં તો પતિદેવજ બોલી ઊઠયા:

**યુવરાજ**—‘ દેવી ! શા વિચારમાં પડી ગયા છો ? ”

**યશોભદ્રા**—“ આર્ય પુત્ર ! આપની રાહ જોતી બેઠી હતી, તેમા જરા ઝોકે ચઢી ગઇ. ”

**યુવરાજ**—“ રાજકાર્યના કોઇ જરૂરી પ્રસંગની વાત અમાત્ય સુબુદ્ધિ સાથે કરતા જરા વધારે વખત થઇ ગયો. ”

**યશોભદ્રા**—“ ત્યારે આપે હવે રાજકારણમા ભાગ લેવા માંડયો એ તો બહુ ઠીક થયું. ”

**યુવરાજ**—“ આજની મારી વાત રાજકારણની પણ હતી અને કેટલીક ખાનગી અંગત પણ હતી. ”

**યશોભદ્રા**—“ અંગત વાતમાં હું તમારી અર્ધાંગના હોઇ તમારી વાત જાણી શકું ? ”

યુવરાજ—" જરૂર, તને સર્વ વાત વિગત સાથે કહીશ. ' તારે આજે મારી રાહ જોતા ખૂબ બેસી રહેવું પડયું ! '

યશોભદ્રા—" ખાસ અગવડ પડી નથી, પણ આપે કાંઇ કહેવરાવ્યુ નહિ, એટલે વખત કાઢવો જરા આકરો થઇ પડયો. "

યુવરાજ કંડરીકે પોતાના કપડાં ઉતારતાં આટલી વાત કરી નાખી. પ્રથમ તમેથી સંબોધન કરાયતી પત્નીને ' તુ ' થી વાત કરવા માંડી, એટલે દેવી તો રાજી થઈ ગયા અને કંચુકી યુવરાજના કપડાં આભૂષણ તરવાર વગેરે ઉતારી રહ્યો હતો તે દૂર જતા વાતનો આકાર ફરી ગયો.

" દેવી ! આજ સવારના અને સાંજના બન્ને સમારંભ બહુ સારા થઇ ગયા ! સવારના પ્રસંગમા તમારી વ્યંવસ્થા અને ગોઠવણ બહુ સારી રીતે તરી આવતા હતા " યુવરાજે વાત ફેરવી.

" આર્યદેવ ! એમ કહી આપ મને વધારે પડતી બહલાવો છો " યશોભદ્રાએ જવાબ આપ્યો.

" આપના વડીલ બંધુ અને નગરના મહારાજાનો જન્મદિવસ હોય, ત્યારે આખી પ્રજા તેની ઉજવણી કરવા તૈયાર થઇ રહી હતી. હુ તો એમાં નિમિત્ત માત્ર હતી. "

યુવરાજે કહ્યુ: " એમ બોલવું એ તો તારો વિવેક છે, પણ એમ કરવામા અનેક દિવસોની તૈયારી અને કાર્યક્રમને દીપાવવાની તમારી આવડતને ન્યાય આપતા નથી. " ' તું ' અને તમેના પ્રયોગમા આવી રીતે ફેરફાર થતા જ રહ્યા, અને વાત વધારે આગળ ચાલી.

" એમાં મારી જાતને ન્યાય આપવાનો પ્રસંગ જ રહેતો નથી. મહારાજાનો પ્રજાપ્રેમ અને પ્રજાની રાજભક્તિનુ એમા પ્રદર્શન હતું. " રાણીએ સુંદર સાદાં વસ્ત્રો પહેર્યાં હતાં. યુવરાજે તદ્દન સફેદ

વસ્ત્ર પહેર્યાં હતા. બન્ને પલંગપર બેઠા. મોટી દીવીઓમાંથી અજવાળાં પડી રહ્યાં હતાં. સુઘડ મહેલમાં સુગંધની છોળો તરવરી રહી હતી. યુવરાજે દેવીના હાથે તૈયાર થયેલું પાન ખાધું, મુખવાસ લીધો દેવીએ તે વખતે સરસ ફૂલનો હાર યુવરાજના ગળામાં નાખ્યો અને દેવીને પ્રેમથી જ્યારે યુવરાજે પોતાની બાજૂમાં બેસાડી ત્યારે આનંદ પ્રસરી રહ્યો મોડા આવવાની ફરિયાદ ઊડી ગઇ, તદ્રાનું દિવાસ્વપ્ન વિસરાળ થઇ ગયુ અને મનમાં અને વાતાવરણમાં સુખની લહરી પ્રસરી રહી.

**યુવરાજ**—" પ્રિયે ! સાચુ કહેજે. આજે સવારે રાસડો ખેવરાવતાં તારા મુખપર પરસેવાના બિંદુ કેમ આવ્યા ? "

**યશોભદ્રા**—" કાંઇક વસંતની ગરમી, કાંઇક લોકોની મેદની-ની ગરમી અને કાંઇક માણસોની વચ્ચે આવા પ્રસંગમાં હાજર થવામાં રહેતી શરમ; એથી મારા મુખપર પસીનો થયો પણ મને સભાક્ષોભ જરા પણ લાગ્યો નહોતો. "

**યુવરાજ**—" દેવી ! હું તો એનું તદ્દન જુદું જ કારણ ધારૂં છું. "

**યશોભદ્રા**—" તો આપની નજરમાં જે કારણ આવ્યાં કે જણાયાં હોય તો કહી બતાવો. મને જે લાગ્યું તે મેં આપને કહ્યું.

**યુવરાજ**—" દેવી ! તારે આકાશમાંથી અમરગંગાને ઉતારવી હતી અને તેની રાહ જોવામાં તરણિ સૂર્ય સામે તું જોતી હતી, સૂર્યે તને ઝંખવાણી પાડી દીધી. મને તો લાગે છે કે તને એ કારણે પસીનો થઇ ગયો. "

**યશોભદ્રા**—" મારા નાથ ! આપનો ખુલાસો બરાબર નથી. સૂર્યમા શી તાકાત છે કે એ મને ઝંખવાણી પાડે ? મે અમર-ગંગાને જરૂર ઉતારી અને આજે પ્રભાતે તો એ ઉદ્યાનમાં રમી

રહી હતી એમ મે મારી સગી આંખોએ જોયું. '

યુવરાજ—" ધોળે દિવસે અમરગંગા ઉતારવાની કલ્પના કરવી એમાં મને તો વિચિત્રતા અને ધૃષ્ટતા લાગે છે. તેં અમરગંગા-ના દિવસે કદી દર્શન કર્યાં છે? એને ધોળે દિવસે કદી પૃથ્વીપર ઊતરતા જોઈ છે? '

યશોભદ્રા—" આપે ચારે તરફ નજર નાખી હોત તો આપને બરાબર દેખાત કે ધોળે દિવસે પણ અમરગંગાને આકાશથી પૃથ્વી પર ઉતારી શકાય છે? "

યુવરાજ—" મે તો અમરગંગાને બહુ શોધી, એના જળમાં સ્નાન કરી મારી જાતને પુનિત કરવા હું ઉત્સુક થઇ રહ્યો હતો અને ઘેર બેઠા ગંગા આવવાના વિચારે થનગની રહ્યો હતો, પણ આખા દિવસમાં ગંગાસ્નાન થયું નહિ. "

યશોભદ્રા—" પણ તમને દિવસે ગંગાસ્નાન ન થઇ શક્યુ તો હુ તો અત્યારે એને પૂર પાટમાં આપની સમક્ષ વહન થતી અનુભવી શકું છુ. આપ આગળ પાછળ કે બહાર કે મહેલમા જુઓ તો આપને એ પતિ તરફ જોસમાં દોડી જતી અને એના બાલમાં ઊરમા હૃદયમા ભરાઈ જતી દેખાશે. "

યુવરાજ—" પણ એને કંઈ શોકની[1] બીક છે કે એ લપાતી છુપાતી રાતનો વખત શોધે છે. ધોળે દિવસે એ ક્યાં ભરાઇ જાય છે?" અને તારે તો એને ધોળે દિવસે વસંતની ખીલવણી વચ્ચે ઉતારવી હતી એ વાત કેમ ઉડાવી દીધી? "

યશોભદ્રા—" મારા દેવ! ગંગા તો પતિ તરફ દિવસ અને રાત દોડતી જાય છે. એના દોડવામા એને રાત કે દિવસનો ખ્યાલ

૧ સપત્ની, જોડણી કોષના નિયમ પ્રમાણે 'ય' શ્રુતિ લખવામાં દર્શાવવાની જરૂર નથી.

પણ રહેતો નથી. એના વહનનુ જોર દિવસે અને રાત્રે એક સરખું જ રહે છે. પણ ખેદની વાત એકજ છે કે એના પતિદેવ ઘણા વિશાળ હોવા છતાં રખડનારા છે, મોડા આવનારા છે, અને સ્વભાવે સ્વાદથી ખારા છે."

યુવરાજ—"તો એવા ખારા પતિ પાછળ એ શા માટે દોડતી હશે? એને કાતો ઉન્માદ થયો હશે અથવા એનું ચિત્ત ભ્રમિત થઇ ગયું હશે."

યશોભદ્રા—"વહાલા! આપ નારીહૃદયને કદી પારખી ન શકો. આપનાથી આ કોયડો કદી નહિ ઊકલે. આપ જેમ જેમ એને ઉકેલવા પ્રયત્ન કરશો તેમ તેમ આપ વધારે ગુંચવાઇ જશો. એની પાછળ આર્યભાવના છે, આર્યહૃદય છે અને એની ઝીણવટમાં અને નિકાલમા અમારૂ સ્રીહૃદય જ કામ આપી શકે તેમ છે. હું તો એ બરાબર સમજી શકું છું અને મેં આજે ધોળે દિવસે અમરગંગા ઊતરતી ઉદ્યાનમાં જોઇ છે અને અત્યારે એને ખળખળ કરતી સમુદ્રદેવમાં ભળી-મળી જતી જોઉં છું"

યુવરાજ—"તે તારી વાત હું જાણુ પણ દેવિ! તારી અમરગંગા કરતાં પણ કોયલડી જબરી તો ખરી!"

યશોભદ્રા—"પણ આપને અમરગંગા ગમી કે કોયલ ગમી?"

યુવરાજ—"સાચું પૂછતા હો તો મને તો અમરગંગા ગમી... તેં કોયલડીને બોલાવવા પ્રયાસ તો મજાનો કર્યો અને મે તો એનો 'ટહૂકાર' સાંભળ્યો પણ ખરો, પણ અસાડના ડરામણા દાદુરનાનાદ યાદ કરાવીને તેં કોયલડીને હીણી પાડી દીધી."

યશોભદ્રા—"એ ગમે તેમ હોય, પણ મારે તો આપના કાનમાં કોયલડીના ટહૂકાર કરાવવા હતા. ભલે આપને કોયલડી ઓછી ગમી અને અમરગંગા વધારે ગમી, પણ કોયલ પણ આપને રીઝવી શકી એટલે બસ!"

**યુવરાજ**—" પણ વસંત વખતે તો વસંતનાં જ ગાણાં શોભે. એ વખતે અસાડના દાદુર ( દેડકા ) નાદ યાદ કરી વાતને મોળી પાડવામાં સમયની ઉચિતતા સાધી ન મણાય. "

**યશોભદ્રા**—" વસંત સમયે પણ જે અસાડ સમયને નિગાહમાં રાખે, સુખના વાયુ વખતે જે તોફાનના વાયરાને નજરમાં રાખે તેને જીવનના અટપટા પ્રસંગમાં પણ ગૂંચવણ ન પડે. "

**યુવરાજ**—" છતાં લગન વખતે તો લગનનાં જ ગીત ગવાય, એમાં મરશીઆં ગવાય નહિ અને એ શોભે પણ નહિ. તેં અસાડની વાત ન કરી હોત તો અસરગમ આ કરતાં પણ તારી કોયલડી વધારે શોભત, જબરી ભાત પાડી જાત. "

**યશોભદ્રા**—" આપને ગમી તે વાત ખરી, બાકી આપને રાસ અને ગરબા એકંદરે કેવા લાગ્યા ? "

**યુવરાજ** ( વાત ફેરવીને )—" રાસ લેવાની, ગરબો ઉપાડવાની અને તાલ દેવાની તારી પદ્ધતિ મને એકંદરે ખૂબ ગમી. "

**યશોભદ્રા**—" આપ આ રીતે મારી મશ્કરી કરતા હોતો આપની આ છેલ્લી વાતનો જવાબ હું ન આપું, પણ હવે પછી વસંતકાળમાં દાદુરના ગીત હવે હું નહિ ગાઉં. "

**યુવરાજ**—" એ તો ખોટે રસ્તે વાત ઉતારી દીધી. વસંત ચાલતો હોય અને વાદળાં ચઢી આવે તો ? "

**યશોભદ્રા**—" આજના શુભ દિવસે એ પ્રશ્નની વિચારણા અસ્થાને અને અયોગ્ય ગણાય. બાકી વસંતકાળમાં વાદળાં ચઢી આવે તો છત્ર ધરી શકાય છે અને છત્ર ઊડી જાય અને કદાચ થોડા ભીંજાઈએ તો પણ શું થઈ ગયું ? કોયલે એટલા નાજુક નજ બની જવું જોઈએ કે વીજળીના ચમકારાથી કે દેડકાના અવાજથી, વરસાદના પાડવાથી કે ઝિલ્લિ (તમરા)ના અવાજથી ગભરાઈ જવાય. "

યુવરાજ—" પણ એવા કડાકા ધડાકા અને અવાજ ચારે તરફ થતા હોય ત્યારે કોયલડી ટહુકે ખરી ?"

યશોભદ્રા—" મારા દેવ ! કોયલડી તો સર્વ સંજોગોમાં એની મોજમાં જ હોય એ કદી ગભરાય નહિ, એ કદી મુંઝાય નહિ, એ એનો ટહુકાર છોડે નહિ. વસંતમા એ વધારે જોસમાં આવે એ ખરું."

અમરગંગા અને કોયલનું પુરાણુ આગળ ચાલ્યુ. વિલાસી કંડરીક આજે મોટા પંડિતની જેમ વાત કરતો હતો. એક દરે વાતની ચર્ચામા એ યશોભદ્રા પર કદી વિજય મેળવતો નહિ, પણ શાણી યશોભદ્રા, પતિ દલીલ કે ચર્ચામાં પાછા પડયા છે એવો પ્રસંગ પ્રાપ્ત થતાં વાતને નવો ઝોક આપી ફેરવી તોળતી હતી. યશોભદ્રા પૂરી અભ્યાસી કળાબાજ અને સમયને અનુરૂપ મુદ્દાસર બોલનારી હતી. અને વાતચીત કરવાની શક્તિ એણે ખૂબ ખીલવી હતી. કેટલાક માણસોમાં વાતચીત કરવાની દઢ શૈલી આવી જાય છે અને કાંઇ પણ બોલે તેમાં સિદ્ધપણાના લલકાર અને કાસ આવી જાય છે, ત્યારે બીજા કેટલાક ગમે તેટલા ગંભીર વિષય પર વિચારણા-પૂર્વક બોલતા હોય છતાં આખી વાત છાશબાકળા જેવી થઇ જાય છે. યશોભદ્રા ખૂબ પદ્ધતિસર, મર્યાદાપૂર્વક દલીલ પુરઃસર બોલનાર હતી અને કંડરીક લહેરી વિલાસી અને સામાન્ય ભણતરવાળો પણ ભલો અને હૃદયથી દેવી યશોભદ્રાનો ચાહનારો હતો. અત્યારે તો ટોળટપ્પાની વાત ઉપરથી બન્ને રસની વાર્તામા ઊતર્યા, વાતોમાથી વિલાસમાં ઊતરી ગયા, પછી પ્રેમચર્ચામાં ઊતર્યા અને દાંપત્ય વિલાસમા ખૂબ મસ્ત થઇ ગયા. વાતચીત પ્રેમચર્ચા અને કટાક્ષમાં કલાકો ગયા, મોટી રાત નાની થઇ પડી અને અદ્‌ભુત દાંપત્યસુખ અનુભવી મોડી રાતે ઊંઘ્યા. તે રાત્રે દેવી યશોભદ્રાને ગર્ભ રહ્યો.

૧૧૦૧

## મહારાજા પુંડરીકની તે રાત્રી

૯

ઉદ્યાનમાં મહારાજા પુંડરીકના મનની વ્યગ્રતા આવા શુભ દિવસે શરૂ થઈ ગઈ હતી તે બપોરથી વધવા માંડી અને રાજસભામાં એ પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. આજના અતિ આનંદના દિવસે એના મનમા વધાર વધારે વાદળો ચઢી આવતાં ગયા. સાયંકાળે એને જમવામા પણ રૂચિ ન થઇ. મહારાણી યશોધરાએ આજે મહારાજા માટે ખાસ રસોઇ કરાવી હતી, પણ એનું અન જ ખાવામાં નહોતું. રાણી અને રાજાના પાટલા પડખો પડખ પડયા, રાજાએ જમતાં જમતાં વાત પણ ન કરી, મહારાણીએ એને બોલાવવા અનેક પ્રયત્નો કર્યા, પણ રાજા હા, ના, ના, જવાબ સિવાય કાંઇ બોલે નહિ. રાણીના દીલમાં એથી આઘાત તો થયો, પણ એ પતિપરાયણા દેવી કશું બોલ્યા નહિ કે એણે એ વાત પોતાના મનપર પણ લીધી નહિ કે જણાવી નહિ

જમી પરવારીને મહારાજા મહારાણી વાસભુવનમાં ગયા. આજે દેવીએ અનેક તૈયારીઓ કરાવી હતી. ફૂલ અને સુગંધનો મધ-

મધાટ થઇ રહ્યો હતો, પોતે સુંદરમાં સુંદર વસ્ત્રો અને ઘરેણાંઓ પહેરી હાજર થઇ હતી, કેશમાં અતિ સુંદર તેલથી ચોટલો વાળી અંદર સિંદૂર પૂર્યો હતો અને અતિ મુલાયમ વસ્ત્રો અને તેને પહેરવાની રીતથી એણે સૌંદર્ય દેખાડવાનો પ્રયત્ન કર્યો હતો. એણે મહારાજા પાસે હાજર થઇ વાતો કરવા માંડી, પણ મહારાજા જાણે આજે પારકા થઈ ગયા હોય એમ સવાલના જવાબ આપવા સિવાય કાંઇ પ્રેમ દાખવતા નહોતા કે કાંઇ વાત શરૂ કરતા નહોતા. મહારાણીએ પોતાના દેવનું દીર્ઘ આયુષ્ય ઇચ્છયું. પતિદેવની આરતિ કરી, ચરણામૃત લીધું, પણ આખો વખત મહારાજા ટગર ટગર જોયા કરતા હતા. આજના પર્વ જેવા પવિત્ર દિવસે મહારાજાને શું થયું છે. રાણી સમજી શકી નહિ, એટલે એણે મહારાજાને પૂછયું: “દેવ! આજે આપની તબિયત નરમ છે? આજે આપને પેટમાં કાંઇ અપચો થયો છે? આપ કેમ કાંઇ બોલતા નથી?”

“મને સારૂં છે. ચિંતા કર નહિ” રાજાએ જવાબમા કહ્યું “મને ઊંઘ આવે છે. હું થાકી ગયો છુ. આ દીવાનો પ્રકાશ મને ગમતો નથી.”

રાણી સમજી ગયા કે રાજાના મનમાં આજે કાંઈ પીડા છે. પોતે આજની રાત માટે અનેક તૈયારીઓ કરી હતી, પતિદેવની સાથે આ વાત કરીશ અને આવી રીતે તેમને રીઝવીશ. એ બાબતના એણે અનેક પ્રસંગો–રૂપકો મનમાં યોજી રાખ્યા હતા. પતિની સાથે પ્રેમમસ્તી કરવાની એણે અનેક ધારણાઓ ઘડી રાખી હતી અને પતિદેવને રીઝવવા એણે અનેક યોજનાઓ તૈયાર કરી રાખી હતી. પોતે એક વખત પતિદેવથી રીસાશે, પતિ તેને મનાવવા આવશે, ત્યારે પોતે કેવું કેવું બોલશે,–આવા આવા અનેક મનોરથો એણે કરી રાખ્યા હતા. રાણીની મનની મનમાં રહી ગઇ. પતિદેવની માનસિક ભ્રમિત દશા જોઇ એને મનમાં ઘણું દુઃખ થયું, પણ એ

પવિત્ર સાધ્વી આર્યા એક અક્ષર બોલી નહિ. પતિને ઠપકો પણ આપ્યો નહિ અને પતિને માટે પોતે નિષ્ઠુર કલ્પના પણ કરી નહિ. અત્યંત આઘાત સાથે એણે એક સિવાય સર્વ દીવા ઓલવી નાખ્યા, ધૂપ બંધ કરી દીધો, અત્તરનાં વાસણો પર ઢાંકણાં વાસી દીધાં અને પોતે પતિદેવની બાજુએ બેઠી. રાજાએ કપડાં ઉતારી સૂવાની તૈયારી કરવા માંડી, પોતે એમને માથે હાથ ફેરવવા લાગી.

પતિદેવે કહ્યું: 'મારી તબિયત ઠીક નથી, સૂઈ જા.' અંતરની અપાર વેદના સાથે રાણી બાજૂના પલંગમાં જઈ પડયા. રાજાએ એને વધારે બોલાવી પણ નહિ, પણ એતો રાજાની ચિંતા કરતી કરતી સૂઈ ગઈ, ઊંઘી ગઈ

રાજાનું મન અત્યારે ચકડોળે ચઢયુ હતુ. એના દિલમાં ભાઈની પત્ની યશોભદ્રા રમી રહી હતી. એના લ્હેકા અને એના મચકા, એનું લચી પડતુ યૌવન અને એનુ ચંદ્ર જેવું મુખ, એના પગના ધબકારા અને તાળીઓના પડકારા, એનો સુમધુર કોકિલ કંઠ અને એની સર્વ સ્ત્રીઓને એક સરખી રીતે સાથે ગવરાવવાની ઢબ, એનાં કામણગારાં નયન અને એની અત્યંત આકર્ષક દેહલતા, ગવરાવતી વખતના એના દાડમની કળી જેવા દાંતો અને પોપટ જેવુ નાક—આવી દરેક દરેક બાબત અત્યારે એની સમક્ષ પસાર થતી હતી, જાણે પોતે રાસ જોતો હોય તે દશામાંથી પોતે રાસ લેતો હોય એમ એને લાગ્યું. જાણે એક નહિ પણ સેંકડો યશોભદ્રા એક સરખા ઘાટની અને એક સરખા સ્વાંગની રાસડાઓ લઈ રહી હોય એવો એને ભાસ થયો. એને કોયલડીના ગરબાએ ઘાયલ કર્યો હતો એને 'પંચમ વિણ નહિ પ્રાણ'નો અર્થ સૂજ્યો નહોતો, પણ એતો એ શબ્દોમા પોતાનુ સ્થાન યશોભદ્રાના હૃદયમા માની ચૂકયો હતો. એણે કોયલડીનો ઉદ્દામ સૂર પોતને ઉદ્દેશીને જ થયો હતો એમ માની લીધુ હતુ. એણે રાગની રાણી પણ યશોભદ્રાને ધારી. એણે સૌરભનો શણગાર પણ

યશોભદ્રાને ધારી અને વસંતની વેદઋચા પણ યશોભદ્રાને ધારી અને એને જ સુધાની ધાર ધારી. એને મતે કોયલ ટૂહૂ કરતી જ હતી અને હજુ પણ એના કાન ચમકાવતી હતી.

પછી તો કલ્પના વધવા માંડી. જાણે એક એક યશોભદ્રાની બાજુમાં પુંડરીક પોતે રાસડો લેતો હોય, જાણે પોતાનો કોઇ પડકાર આડો અવળો પડતાં યશોભદ્રા હસીને ઠપકો આપતી હોય એવા એવા ગાંડા ખ્યાલ આવ્યા. પછી પોતે એને ચુંબન કરવા આગળ વધ્યો, યશોભદ્રા ખસી ગઇ આવા આવા અનેક ખ્યાલે એનું મસ્તક ભમી ગયું. એ વધારે વધારે ઊંડો ઊતરતો ગયો અને જાણે યશોભદ્રા પોતાની જ હોય એવા કલ્પનાના તરંગોમા નાચવા લાગ્યો. ત્યાં એની નજર બાજુમા સુતેલ દેવી યશોધરા પર પડી. યશોધરા શુદ્ધ પતિવ્રતા હતી. આર્યહૃદયા સાધ્વી હતી, પતિપ્રેમી સતી હતી. એને અત્યારસુધી મહારાજા પુંડરીકની એ પ્રેમપ્રતિમા હતી. પણ અત્યારે એ મહારાજાની નજરે ઝાંખી પડી ગઇ, પોતાના પ્રેમની આડે આવનારી દેખાણી, યશોભદ્રાની તેજસ્વી કાંતિ આગળ એ કાળી દેખાણી, યશોભદ્રાના તસતસતા યૌવન પાસે એ પુખ્ત વયની વૃદ્ધા લાગી. યશોભદ્રાના લાલ ગુલાબી અધર પાસે હોઠ કાળા લાગ્યા અને યશોભદ્રાના ઘાટીલા મારકણા યૌવન પાસે એ ઢીલી પોચી દાસી જેવી લાગી. મહારાજાને એના તરફ આકર્ષણ ન થયું, પોતે યશોભદ્રાને વધારે ચાહતો હતો એ વાતમા દેવી યશોધરાને મોટો અન્યાય કરે છે એમ પણ એને ન લાગ્યુ. બીજી પળે એણે એના તરફથી આંખ ખેંચી લીધી અને એક દીવો બળતો હતો તેને પણ ઠારી દીધો. દેવી યશોધરા તો ખિન્ન વદને નિર્દોષ ઊંઘમાં પડી ગઇ હતી. તેણે આ દૃશ્ય જોયુ નહિ.

અંધારું કર્યો પછી પુંડરીકને લાગતું હતું કે પોતે ઊંઘી જશે પણ અંધારાએ તો દાટ વાળી દીધો. પછી કલ્પનાના ઘોડા ખૂબ

ખૂબ દોડવા લાગ્યા. યશોભદ્રાને પોતે કેમ બોલાવશે અને યશોભદ્રાને પોતે ચુંબનો લેશે અને યશોભદ્રા પ્રથમ કેવો છણકો કરશે અને યશોભદ્રાને પોતે કેવી રીતે ભેટી પડશે—આવી આવી અનેક કલ્પનાઓ આવી ગઈ. રાજા પોતે વિવેકી હતો, સારા સાર જાણનાર હતો, પરસ્ત્રીના ફંદામાં પડનારના બેહાલ કેવા થતા હતા તેનો અભ્યાસી હતો. પણ તાત્કાલિન જુવાનીના જોસમાં અને ક્ષણભરના આવેશમાં એ સર્વ ભાન ભૂલી ગયો. અનંગદેવ મદનરાજે અને તેના સહાવેગી મિત્ર યૌવને એનાપર આકરો કાબૂ જમાવી દીધો અને પોતે પોતાના નાનાભાઈને કેટલો અન્યાય કરે છે તેનો વિવેક કે વિચાર પણ એ ગુમાવી બેઠો. ભાન સાન ખોઈ બેસી કુળ નિકંદન કરવાના માર્ગે ચઢી ગયો અને કલ્પના અને તરંગના ઘોડા દોડાવી પોતાના જન્મદિવસની રાત આનંદથી ખેલવા—ભોગવવાને બદલે માનસિક યાતનાને વશ થઈ ગયો. અંતરથી હેરાન પરેશાન થઈ ગયો અને કેટલીક ન લખી શકાય તેવી ખ્યાલી ખોટી અભ્યવહાર્ અને અશક્ય પરિસ્થિતિઓ કલ્પી, ન ધારી શકાય તેવા ઢંગધડા વગરના પરિણામશૂન્ય અક્કલશૂન્ય અર્થશૂન્ય વિચારના વમળમાં અટવાઈ ગયો.

જે રાત્રીએ આનંદ મંગળ વાગવા જોઈએ, જે રાત્રીએ વ્યવહારુ દૃષ્ટિએ સાંસારિક સુખના હિલોળા ઊડવા જોઈએ, જે રાત્રી માટે ભવ્ય કલ્પનાથી લોકો રાજા માટે સ્વર્ગનું સુખ ધારી બેઠા હતા, જે રાત્રીએ રાજવિહારમાં ઝળઝળાટ પ્રકાશ અને આનંદ રણકાર, સંગીત અને ઉત્સવના લલકાર થતા જોઈતા હતા, ત્યાં આજે નિરવ શાંતિ હતી. ઘોર અંધકાર વ્યાપી ગયો હતો અને કોઈનું હૃદય વાંચી શકાતું હોય તો મહાવ્યથા નિસાસા અને ધબકારા દેખી શકાતા હતા.

માણસ એક પગથિયું ચૂકે એટલે વિવેક ભ્રષ્ટ થઈ જાય છે. વિવેક ભ્રષ્ટનો પછી શતમુખ વિનિપાત થાય છે, પછી એનો આરો

આવતો નથી અને એ એક પછી એક પગથિયા કડકડાટ ઊતરવા માંડે છે અને કોઇ વાર ભૂસકો પણ મારી દે છે અને એકંદરે એ નીચેને નીચેજ ઊતરતો જાય છે. વિવેકને તિલાંજલિ આપી દે છે, પોતાનું મહાન સ્થાન વીસરી જાય છે. સગપણ સંબંધને નેવે મૂકે છે, પોતાની જમાવેલી પ્રતિષ્ઠા પર ફરી વળતાં પાણી તરફ બેદરકાર બની જાય છે. રાજા ઊઠીને પરનારને ફસાવવા ઇચ્છે એની જનતા પર કેવી ભયંકર અસર થાય એ વાત તરફ એનું દુર્લક્ષ્ય થાય છે અને પોતાનાજ ઘરમાં સગા ભાઇની પત્નીને ચાહવામાં પોતે કુટુંબના કર્તા-વડીલ તરીકે કેવી ભયંકર વ્યવહારૂ ભૂલ કરે છે તેનો વિચાર કે ખ્યાલ પણ તણાઇ જાય છે. કામાર્થીને અંધ કહેવામા આવે છે તેનું આ કારણ છે. એના સત્યાસત્ય, સારાસાર શુભાશુભ કર્તવ્યના સર્વ વિચારો સુકાઈ જાય છે, નહિવત થઇ જાય છે, મરી જાય છે અને આખી દુનિયામાં જાણે એ એકનેજ દેખે છે, એકનેજ શોધે છે અને એકની ઉપર પોતાનું જીવન ટકી રહ્યું છે એમ માની લે છે. અને મન પરથી વિવેકનો કાબૂ ગયો એટલે પછી એતો ગમે ત્યાં જાય, ફાવે તેવા વિચાર કરે, ન કલ્પી શકાય તેવી કલ્પના કરે, ન કરવા યોગ્ય પરિસ્થિતિને માની લે અને ગમે તે ભોગે ધાર્યું કરવાના માર્ગે ચઢી જાય અને વચ્ચે પડનારી પ્રત્યવાયોને લાત મારતો જાય. કામદેવની આ અત્યંત આકરી પરવશતાને મહારાજા પુંડરીક તાબે થઇ ગયો, આધીન થઇ ગયો, પોતાપણું વિસરી ગયો અને આખી રાત આંખનું મટકું માંડયા વગર અમરંગી તરંગોમાં પસાર કરી. એણે પથારીમાં—પલંગમાં પડી ઊંઘવા વિચાર કર્યો, ચાર ક્ષણ ડાબે પડખે સૂએ, પાંચ ક્ષણ જમણે પડખે સૂએ ત્યાં તો યશોભદ્રાના ટોળે ટોળાં નજર સામે ખડાં થઈ જાય. પહેલી હારમાં એક, પછી બે, પછી ત્રણ એમ સેંકડો હજારો યશોભદ્રાઓ દેખાય કોઇવાર અત્યંત તેજોમય યૌવનમાં ચમકતી પ્રભાતે જોયેલી મરતી કરતી સુંદરી દેખાય, તો કોઇ વાર રાજ—

સભાના વૈભવમાં દિવ્ય વધારો કરતી શાંત શીતાત્મા સિંહાસનના રૂઢ ભવ્ય આકાર વાળી તેની મૂર્તિ ખડી થઇ જાય. કોઇવાર પાતળાં છૂટા કપડા ધારી વીર્યવતી બાળા દેખાય તો કોઇવાર હાથમા પૂજાપો લઇ સામે ધસી આવતી પૂજારણના આકારમાં ભવ્ય ભાવિક ભક્તની આંખે પોતાને ભેટવા તલસતી દિવ્યાકારી ભક્તાણી દેખાય. કોઇવાર રાજાને છણુકાવતી રૂદ્રસ્વરૂપી આકર્ષક પણ લાલ આંખવાળી ચંડી સ્વરૂપે એ રાજાને આકર્ષણ કરે તો કોઇવાર પોતાની બાજૂમાં ઊભેલી રાજવદન નિહાળતી દિવ્યાંગના દેખાય.

આખો રાત રાજા અનેક તરંગમાં વધતો ગયો, ગૂચવણોમાં ગૂંચવાઇ ગયો, આવેગનાં તરફડિયાંમાં ફડફડી ગયો. એ કોઇવાર બારી પાસે; કોઇવાર અગાસીમાં, કોઇવાર સિંહાસન પર કોઇવાર ગાલીચા પર બેસે, પણ એના જીવને આખી રાત શાંતિ ન વળી, ધીરજ ન આવી. એણે આખી રાત ઊંઘ્યા વગર કાઢી. તંદ્રા આવી ત્યારે કલ્પના વધારે થવા લાગી. મહારાજાએ વગર શાંતિએ એ આખી રાત પસાર કરી.

આ રીતે સાકેતપુરમાં ફાગણ સુદ આઠમનો દિવસ પસાર થયો. દેવી યશોભદ્રાને રાજાના મનની પરિસ્થિતિનો ખ્યાલ પણ નહોતો. એના દેદીપ્યમાન ચારિત્ર પાસે એના મનમાં આવી કલ્પના પણ શકય નહોતી. રાજાનો જન્મદિવસ આ રીતે જુદા જુદા ભાવે, અનેકને આનંદે અને ખુદ મહારાજાના ઉજાગરાએ પસાર થયો અને બીજા દિવસના વહેણાં વાયાં, કૂકડા બોલ્યા. રાજા ઊંઘ્યા નહિ તેથી દુનિયાનો કાર્યક્રમ બદલાયો નહિ. આ રીતે સાકેતપુરમાં રાજાએ રાજસભ્યોએ અને પ્રજાજનોએ રાજાનો જન્મ દિવસ જાહેર તહેવાર તરીકે ઊજવ્યો.

★

# વિભાગ બીજો

## સાળો. ત્રિ ખાયો

: ૧ :

## મહારાજાની નિરંકુશ વિચારમાળા

**મ**હારાજા પુંડરીકનો જન્મ દિવસ એ રીતે પસાર થઈ ગયો. નગરજનોએ લહેર કરી, બાળકોને મીઠાઈ મળી, સુંદરીઓને રાસડા ગરબાના નૃત્ય મળ્યાં, ખેલ ખેલનારાઓને કુશળતા બતાવવાની તક મળી, હલવાઈઓને વેપાર થયો, રાજપુરૂષોને ભેટ સોગાદો મળી, લહેરી યુવરાજ કંડરીકને આનંદ થયો, અને દેવી યશોભદ્રાને પોતાનું સૌભાગ્ય દેખાડવા અને વિકસાવવાના પ્રસંગો અનાયાસે સાંપડયા. એક દરે આ પ્રમાણે આનંદ સર્વત્ર વ્યાપી થયો ત્યારે આખા નાટકના મુખ્ય સૂત્રધાર—મહારાજા અને મહારાણીને અકલ્પ્ય પરિતાપ થયો. મહારાજાના માનસપટમાં યશોભદ્રા આવી અને મહારાજાના દિલમાં શું છે તે સમજવાનો પ્રયત્ન કરવામાં નિષ્ફળ નીવડેલ દેવી યશોધરા પતિના ખેદને જોઈ જોઈને વધારે ને વધારે પરિતાપ પામ્યા અને શુભ દિવસે પતિ સાથે આનંદ ગોષ્ટિ અને વૈભવ સુખ માણવાની કલ્પનાની ઉપર હડતાલ લગાવી ઊંઘી ગયા, છતાં ઊંઘમાં પણ એના મુખ પર ગ્લાનિ દેખાતી હતી.

બીજે દિવસે મહારાજા પુંડરીકના મુખ પર જે આનંદ છાયા

હોવી જોઇએ તેમાંનું કાંઇ નહોતુ. આખી રાતના ઉજાગરાને પરિણામે આંખમાં ઊંઘ દેખાતી હતી, ચિંતાબાપ્ત મુખ પર આડા લિસોટા પડયા હતા, જાણે પોતાની પ્રિય વસ્તુ ખોવાયલી હોય તેમ તેના મુખ પર ચિંતા–ગમગીની અને ઊંડી નિરાશા દેખાતી હતી, એનું મન કોઇ પણ કામ પર ચોટતું નહોતું. એના બોલવામાં જે સત્તાવાહિતા અને શૌર્ય સામાન્ય રીતે ભરેલાં અને ઊભરાઇ જતાં દેખાતા હતા તેની આજે ગેરહાજરી જોવામાં આવતી હતી. શું કરવુ અને કયાં જવું અને કોની સાથે વાત કરવી એની મહારાજાને કળ પડતી નહોતી. અને મનનો ભાર ઓછો કરવાનો માર્ગ સૂજતો નહોતો. અત્યારસુધી એણે એવી નામના મેળવી હતી કે અત્યારે પોતાને જે જોઇતું હતું તેની વાત પણ કોઇને કહી શકાય તેમ નહોતું અને વાત કર્યા વગર ઇષ્ટ વસ્તુને પામવાનો રસ્તો નીકળે કે સાંપડે તેમ નહોતું.

રાજાની આવી અસ્તવ્યસ્ત મનોદશા દેવી યશોધરા પામી ગયા હતા. એક પહોર દિવસ તો એણે એમને એમ જવા દીધો, પણ દરમ્યાન જોઇ લીધું કે મહારાજાના મન પર બોજો વધતો જ જાય છે અને ખિન્નતા ઘટવાને બદલે વધતી જ જાય છે એટલે એણે મહારાજાની પડખે બેસી વાત આદરી.

" મારા દેવ ! કાલની સાંજથી આપને શું થાય છે ! " દેવીએ પૂછ્યું. " આપની તબિયત નરમ છે ? "

" મને કંઇ સમજાતું નથી " પરાણે જવાબ આપતાં પુંડરીક દેવ બોલ્યા. " મારી તબિયત સારી છે. "

" આપની તબિયત માટે રાજવૈદ્યને બોલાવું ? આપ આખી રાત ઊંઘ્યા પણ નથી અને અત્યારે પણ શરીર આખું ખમખમી રહ્યું છે અને માથું ગરમ દેખાય છે "

મહારાજાએ ટૂંકમાં પતાવ્યું " મને કાંઇ નથી, વૈદ્યને બોલાવવાની જરૂર નથી. મને એકલો પડી રહેવા દે. "

મહારાજા અત્યંત પીડાથી બોલતા હતા, પણ એનું બોલવામાં પણ પૂરું ધ્યાન નહોતું. અત્યારે એને શું થાય છે તે સમજાતું નહોતું. રાણીને મનમાં થયું કે રાજકારણની કોઇ આકરી ચિંતા ઉત્પન્ન થઇ છે, અત્યારે તે પોતાને (રાણીને) કદાચ કહેવાય તેવી બાબત નહિ હોય. તથારે સવાલ જવાબ કરવામાં પણ સાર જેવું ન લાગ્યું, કારણ કે મહારાજા વાત કરવા પણ ઇચ્છતા નહોતા એવું એમના મુખના ભાવ કહી બતાવતા હતા અને એમની બોલી પણ એવી જ હતી. મહારાણી સાથે છૂટથી પોતાના મનની વાત ન કરવાનો આ પહેલો જ પ્રસંગ હતો અને રાણી આવા અનુભવને અભાવે રાજાના મોંસન વગરના જવાબ સાંભળી છોભીલા તો પડી ગયા, પણ પોતે ગમ ખાઇ ગયા. જરા પણ ક્ષોભ બતાવ્યા વગર એ રાજા પાસેથી દૂર થઇ ગયા અને મહારાજા હવે તદ્દન એકલા પડયા.

રાજાના માનસ પટ પર પાછા કાલના દેખાવો, યશોભદ્રાના મરખા અને લ્હેકા તેની આંખ આગળ તરી આવ્યા, એનાં સુઘટ્ટ શરીરના અંગપ્રત્યંગ એની સામે દોડવા લાગ્યાં. એની કામણગારી આંખો અને બરાવદાર મુખડું, એની પાતળી કેડ અને આકર્ષક મધ્ય વિભાગ, એનું ગોરૂં ઘાટીલું શરીર અને હાથપગના લટકા, એની વાણીની મીઠાશ અને ગળાની કુમળાશ એક પછી એક એના પર ગજબ કરવા લાગ્યા અને એ પરવશ બની, મન કે મગજ પરનો કાબૂ ખોઇ બેઠો.

એકાદ ક્ષણ પોતે કેટલા અધમ વિચાર કરી રહ્યો છે તેનું નીચપણું નિર્માલ્યપણું અને તેના ગર્ભમાં રહેલ અધઃપાતની અધમ ભૂમિકા પર એને ખ્યાલ આવી ગયો. એને એમાં નાના ભાઇ તરફ થતા અન્યાયનો આભાસ થયો, પોતે રાજપિતા હોઈ રૈયતની દીકરી ભાર્યા કે કુમારિકા પર આવી નજર કરે તો મહાપાતકનો

ભાગીદાર બને એ વાતની એને ઝાંખી થઈ, પોતે કુટુંબનો વડો હોઈ નાનાભાઈની વધૂના પિતાસ્થાને છે એ સ્થિતિમાં કોઈ પણ નજરે એનાથી આવા પ્રકારની કલ્પના પણ ન થઇ શકે એમ પણ એને જરા લાગ્યું; પણ એ વિચાર બે ચાર ક્ષણથી વધારે ટક્યા નહિ. એ વિચાર ઊંડા ઊતરે કે આકાર લે તે પહેલાં તો કામદેવે એના પર વિજય મેળવ્યો, એની નજરમાં નાચતી કૂદતી રાસ લેતી યશોભદ્રા દેખાઇ ગઇ, એની આંખના ઊંડાણમાં, એના મગજના અંદરના ભાગમાં અને એના હૃદયના પ્રત્યેક તારમાં એણે કાબૂ કરી લીધો અને પછી તો પોતાનો ભાઇ નમાલો છે, નકામો છે, લહેરી છે, આવી દેવાંગનાને સાથે રાખવા અને ભોગવવાને અયોગ્ય છે—આવા આવા વિચારો આવવા લાગ્યા અને ઢંગધડા વગરની માનસિક પરિસ્થિતિમાં કોઈ પણ ભોગે યશોભદ્રાને પોતાની કરવાનો એ આખરી નિર્ણય કરી ચૂક્યો.

: ૨ :

## મહાઅમાત્યની દેખીતી નિષ્ક્રિયતા

**મ**હારાજા પુંડરીક આવી રીતે વિચાર તરંગમાં ચઢી ગયા અને એ તરંગના આવેશમાં ભાઇની વહુને પોતાની કરવાનો ઠરાવ કરી બેઠા ત્યા સુધી તો તેના મનથી વાત બધી પાંસરી દેખાણી. તેના નિર્ણયમાં વચ્ચે કોઇ આડું આવી શકે તેવું તેને ન લાગ્યું, પણ તેને ધીમે ધીમે પરિસ્થિતિની મુશ્કેલીનો ખ્યાલ થવા લાગ્યો. ભાઇની વહુ બહુ મર્યાદાવાળી હતી એ એના જાણવામાં હતું. એ ઘણી છૂટથી જાહેરમાં ફરવાવાળી પણ નહોતી એ વાતની મહારાજાને ખબર હતી, એ મહારાજાને મંદિરે કદિ આવી નહોતી. એ મહારાજા જાણતા હતા અને આખા રાજતંત્રમાં વહુ દીકરીના સંબંધમાં સખ્ત વિચારો, આકરો ન્યાય અને ઉચ્ચ ધોરણ હતા એ વાત પણ રાજાના ધ્યાનમાં હતી.

ત્યારે હવે અહીં શું થાય? અત્યંત આકર્ષક અને સાથે અત્યંત મર્યાદાશીલ કામદેવની અનોખી કૃતિને પોતાની કેમ કરાય! અને પિતા તુલ્ય અમાત્ય સુબુદ્ધિને આ વાતની ગંધ પણ આવે તો

એને કેવુ લાગે ! અને આવી વાત બહાર પડયા વગર ન જ રહે. એ વાતના રાજ્યાનુભવ સાથે એ બાબતનો અંશપણ બહાર જાય તો પોતાની આખી કારકિર્દિ અને મેળવેલ નામના ધૂળ મળે એ વિચારે મહારાજાના મનમાં કંપ થયો, એ કંપ પણ બે ચાર ક્ષણ રહ્યો. એની માનસિક ચક્ષુ પાસે યશોભદ્રા નાચવા લાગી. એના મગજમા યશોભદ્રાના રાસડા અને ફરફરતાં વસ્ત્રો તરવરવા લાગ્યા, એની તસતસતી સાડી અને ગુલાબી ગાલ પોતાની નજીક થઇ જઈ પોતાને આમંત્રતા હોય એવી એની કલ્પના વધવા માંડી અને આવા નિર્માલ્ય વિચાર કરવા માટે પોતાની જાત પણ સાથે સાથે શોચ પણ કરવા લાગ્યો.

ત્યા દેવી યશોધરા આવી ચઢયા. એને થોડા વખત પહેલાં ચાલી જવા રાજાએ કહ્યું હતુ અને પોતાને એકાંતમાં રહેવાની ઇચ્છા છે એમ જણાવી દીધુ હતુ; પણ પતિપ્રાણા સાધ્વીનું મન ન રહ્યું, એને લાગ્યુ કે રાજાની તબિયત બરાબર ન હોય કે મનમાં વ્યાકુળતા હોય ત્યારે પોતાનુ વાજબી સ્થાન મહારાજાની બાજુમાં જ હોય અથવા હોવુ જોઇએ. એટલે એ તો અપમાન કે તિરસ્કારની કલ્પના વગર માત્ર કર્તવ્ય બુદ્ધિએ મહારાજા પાસે આવી તેની બાજુમાં બેઠી ગયા. તુરત મહારાજા તાડુકયા ' દેવી ' તમે અહીંથી ચાલ્યા જાઓ. મેં તમને એક વાર કહ્યું કે મને એકલો પડી રહેવા દો. ત્યારે તમારે અહીં રહીને મારો જીવ લેવો છે? જાઓ, ચાલ્યા જાઓ, દૂર થાઓ. ' આટલું બોલી રાજાએ પોતાના મુખની આડા હાથ ધરી દીધા અને આંખો બંધ કરી દીધી

યશોધરાએ આવો પ્રસંગ કદી અનુભવેલો નહિ. પોતાના પતિથી કદી અપમાન પામેલ નહિ અને અત્યારે એની લાલ લાલ આંખો જોઈ અને ભાષામાં તિરસ્કાર સાંભળી એ ખરેખર ડઘાઈ ગઈ. નહિ ધારેલ સ્થાનેથી પહેલી વાર અપમાન કે તિરસ્કાર થાય ત્યારે મોટા

આઘાત લાગે છે અને ઘડીભર તો જાણે પોતાના પગ નીચેથી જમીન સરકી જતી લાગે છે, જાણે જગત ચકળ વકળ ફરતું લાગે છે, બુદ્ધિ બહેર મારી જાય છે. નવા અનુભવની આંધી ચઢે છે અને શું કરવું, શું બોલવું, કયા જવું એનો નિર્ણય ન થઈ શકે તેવી ગૂંચવણ પ્રાપ્ત થઈ જાય છે. મહારાણીને બરાબર એમ જ થયું, માથા ઉપર વજ્રનો ઘાત પડયો, શરીરમાંથી ગરમી છૂટી. આંખમા ગ્લાનિ આવી ગઈ, પણ એ રાણી સાધ્વી એક અક્ષર બોલી નહિ, જરાપણ ક્ષોભ બતાવ્યા વગર એ પાછી ચાલી ગઈ, પણ કોઈ દિવસ નહિ અને આજે પતિનું વર્તન ન સમજી શકાય તેવુ થઈ રહ્યું છે અને ન બોલે તેવું પે બોલી ગયા છે એ વાતની એના મનમાં વિચારધારા ચાલી. એને મહા ખેદ થયો અને પતિના અંતિમ હિતની દૃષ્ટિએ વાતમાં ઊંડા ઊતરવાની જરૂર છે એવો એને ખ્યાલ આવ્યો.

આવા સંકટ સમયમાં એને સુબુદ્ધિ અમાત્ય યાદ આવ્યો. જો કોઈ રાજકારણનો પ્રસંગ હશે તો અમાત્ય તરફથી બાતમી મળશે, અથવા આવા પ્રસંગે કેવી રીતે કામ લેવુ તેની સલાહ તેની પાસેથી મળશે અને મુખ્ય મંત્રી લગભગ પિતા સ્થાને રાજમાન્ય અને વૃદ્ધ હોવાથી એની સૂચના ઉપયોગી થશે એમ ધારી મહાઅમાત્યને બોલાવવા માણસને મોકલ્યો. મહારાણી એટલું તો સમજી ગયા હતા કે રાજાને કોઈ પ્રકારનો શારીરિક વ્યાધિ જણાતો નથી. જે કાંઈ હશે તે માનસિક કારણ હોવું જોઈએ અને એ ચિંતાનું કારણ સમજાય તો તેનો ઉપાય હસ્તગત થાય અથવા કરવા પ્રયત્ન થાય અને તે રીતે મહારાજાને પાછા અસલ રાહ પર લાવી શકાય તેવી તેની મનોભાવના હતી. સુબુદ્ધિ મંત્રીને આવતાં કલાક જ થયો, ભીષ્મ પિતામહ જેવા વૃદ્ધ, ચાણાક્ય જેવા નીતિજ્ઞ અને છતાં કોઈ પણ પ્રકારની કૂટનીતિમાં નહિ માનનાર આ માનનીય વૃદ્ધ અમાત્ય જયારે દેવી યશોધરા પાસે હાજર થયા ત્યારે દેવીના દીલ ઉપરથી ઘણો ભાર ઓછો થઈ ગયો,

આપત્તિ વખતે સશક્ત પ્રિયજન હાજર થાય ત્યારે એ ધારેલ પરિણામ લાવી શકશે અને તે માટે પોતાથી બનતું કરશે અથવા તેને અંગે જરૂરી માર્ગ દર્શન કરાવશે એટલા વિચાર માત્રથી મગજ પરતો બોજો હળવો થઈ જાય છે.

દેવી યશોધરાએ યોગ્ય મર્યાદાપૂર્વક મહારાજાનું ગઈ રાતનું અને આજની સવારનું વર્તન સુબુદ્ધિ મંત્રી આગળ વર્ણવી બતાવ્યું. એણે પતિ માટે એક પણ હલકો શબ્દ વાપર્યો નહિ, પણ ટૂંકામાં આખી પરિસ્થિતિ સમજાવી દીધી અને પોતે લગ્નના દિવસથી અત્યાર સુધી કદી પણ આવી અવ્યવસ્થા કે ગરબડ મહારાજામાં જોઈ નથી અને સત્વર ઉપાયની જરૂર છે એટલી મહારાજાના હિતની નજરે વાત કરી દેવી મૌન રહ્યા. મહાઅમાત્ય દુનિયાના અનુભવી હતા, એને ગઈ કાલથી જ ભાવી આફતની સણસણાટી આવી ગઈ હતી, પણ એને કાંઈ સ્પષ્ટ ખ્યાલ આવ્યો નહોતો.

"દેવી ! તમારા ધ્યાનમાં મહારાજાના મનની આવી વ્યાકુળ સ્થિતિનું કારણ શું આવે છે ?" અમાત્યે પૂછ્યું.

"મારી સમજમાં કાંઈ કારણ આવતું નથી." દેવી યશોધરાએ જવાબમા કહ્યું. "જો મને સમજ પડતી હોત તો આપને તસ્દી ન જ આપત. મહારાજાના મગજ પર દીર્ઘ અસર ન થાય અને પ્રજા હિતની પ્રગતિમાં કોઈ અણધાર્યો ફેરફાર ન થઈ જાય તેટલા ખાતર આપની સલાહની અને જરૂરી કામ લેવાની સ્થિતિ થઈ પડી છે અને તેટલા માટે જ આપને બોલાવ્યા છે."

"એકાદ વખત અસ્વસ્થતા થઈ જાય તેમાં ગભરાઈ જવાનું કારણ નથી" અમાત્યે શાણપણ બતાવ્યું. "કોઈ વખત પર આવો ફેરફાર થઈ આવે છે તેમાં ચિંતા કરવાની ન હોય. એ તો કાળક્રમે જ

સુધરે. એવી બાબતમાં દોડાદોડ કરવાની ન પાલવે. " અમાત્યે વાતને ઢીલી પાડવા માંડી.

" પણ જ્યારે અસાધારણ માનસિક પલટો આવી જાય અને માણસ ન કરવાનું કરતો દેખાય તો તેનો તાત્કાલિક ઉપાય લેવાવો જોઇએ. વાત વંઠી ગયા પછી સુધરે નહિ એવું પણ બને છે માટે આપના ધ્યાન પર આ વાત નાખી. " દેવીએ વાતની મહત્તા પર ધ્યાન ખેંચ્યું.

અમાત્યે કહ્યું. " આવી વાતમાં ઉતાવળ કરવાથી વાત બગડી જાય છે, માણસની આંખની શરમ તૂટી જાય છે અને એકવાર શરમ ગઈ એટલે માણસ ઉઘાડી રીતે હલકા માર્ગ પર ઊતરી જાય છે. માટે આવી બાબતમાં ચોખવટ કરવામા કે વાતનું નામ પડાવવામાં માલ નથી. " અમાત્યના ધ્યાન પર ગઈ કાલની રાજાની નજર આવી ગયેલી હતી એટલે એને મનમાં ધારીને પોતે આટલું બોલી ગયા પણ કોઇ વાતની કે કારણની ચોખવટ કરી નહિ.

મહારાણી આ જવાબ સમજ્યા નહિ. એના ધ્યાન પર આ વાત આવી નહિ, એને તો એક જ વાત બેસી ગઈ કે અમાત્ય હવે વૃદ્ધ થયા છે અને એમને અતિ સંભાળભરી રીતે ચાલવાની ટેવ પડી ગયેલ હોવાને લીધે તેમની હમેશની રીત પ્રમાણે વાતને લાંબી કસે નાખવાનો માર્ગ લઇ રહ્યા છે. રાણીને સદ્ય ઉપાય કરવા કરાવવાનો આગ્રહ હતો, એને રાજા ગાંડો થઇ જશે કે આપઘાત કરી બેસશે એવી ઊંડી ઊંડી બીક લાગી ગઈ હતી. એને રાજાની ભ્રાંતિજનક માનસિક વિહ્વળતાની અંદર શો મરમ હતો તેની કલ્પના પણ નહોતી આવી એટલે એણે અમાત્યની સલાહને ઘરડા માણસોની નિષ્ક્રિયતા અને દીર્ઘસૂત્રીતા સાથે જોડી દીધી. છેવટે પોતે જરૂરી તપાસ કરશે, યોગ્ય કરશે વગેરે વાતો કરી અમાત્ય રાણીની રજા લઇ બહાર જવા માટે ઊભા થયા ત્યારે તેણે એક સવાલ કર્યો.

" દેવી ! અહીં દેવી યશોભદ્રા કોઈ વખત આવે છે ? "

દેવીએ કહ્યું કે આ મહેલમાં એ કદી આવેલ હોય એવું તેના જાણવામાં નથી. અમાત્ય આ જવાબ લઈ વિદાય થયા.

યશોધરા દેવીને વિચાર થયો કે અમાત્યે આવો સવાલ કેમ પૂછયો? એ એક સવાલને પરિણામે એના મનમાં અનેક શંકાઓ થઈ, વિચાર પરંપરા ગોઠવાઈ અને વાતમાં કાંઈ ભેદ જેવું છે એમ તેને લાગ્યું. મહાઅમાત્યે પોતાના મુદ્દાસ બાતમીદારને અમુક સૂચના આપી દીધી અને પોતે પોતાના નિવાસસ્થાન તરફ વિદાય થઈ ગયા.

: ૩ :

## વૈદ્યરાજનું નિદાન

મહારાજા પુંડરીકે બે રાત્રી અને બે દિવસ બાલામંડળની જેમ પસાર કર્યાં. અને કાંઇ કામકાજ સુઝે નહિ, કોઈની સાથે વાત કરવી ગમે નહિ, ખાવામાં કે નિત્યકર્મમાં એનું કાંઇ ધ્યાન ન રહે અને અમાત્યના રાજ્યવહીવટી કામકાજ માટે કાંઇ સવાલ પૂછવામાં આવે ત્યારે તેના તરફથી કાંઇ સરખા જવાબ ન મળે અથવા ભળતા જવાબ મળે. આ વાત ધીમે ધીમે શહેરમાં પ્રસરવા માંડી. કોઈ કહે મહારાજાનું ફટકી ગયું છે, કોઇ કહે રાજા ઉપર કોઇએ કામણ કર્યું છે, કોઇ કહે રાજાને મોટો મંદવાડ થઇ પડયો છે અને કોઇ કહે કે રાજાને પોતાનો પુત્ર ન હોવાથી જાતે અકળાઇ ગયા છે. ગામમાં તો નહિ બનેલી કે અસંભવિત વાતો ચાલવા માંડી અને વગર સહીના કાગળો આવવા માંડયા. મોટાનો મંદવાડ હોય ત્યારે તેના સમાચાર દાવાનળની જેમ ફેલાતા જાય છે અને દરેક માણસ એમાં પાંચ દશ ટકા વાત વધારતો જાય છે અને કેટલાક ફળદ્રુપ ભેજાંઓ તો મગજમાંથી છુટાઓ લગાવી કંઇક કંઇક વાતો ચલાવે છે. આવી રીતે લોકોમાં વાતો વધારે

વધારે ચાલવા લાગી અને અનેક જાતની અતિશયોક્તિથી વાતનું વતેસર થવું ચાલ્યું.

સુબુદ્ધિ મહામંત્રીને કાને ગામમાં ચાલતી વાતો આવ્યા કરતી હતી. એને પણ અનેક જાતના વિચારો આવતા હતા, પણ એ વાતનું મૂળ ક્યાં છે તેનો પોતે નિર્ણય કરી શક્યા નહોતા. એમણે રાજાના જન્મદિવસે બનેલા બનાવ પર નિગાહ રાખી અમુક વિચાર-ધારા બાંધી હતી. પણ તે વાતનો નિર્ણય કરવા પહેલાં વધારે હકીક્ત મેળવવાની પોતાને જરૂર લાગી હતી, અને અધૂરી હકીક્ત કે અપૂર્ણ-તપાસે કામ લેવાની તેને ટેવ ન હોવાથી એ તો હજુ માર્ગ પ્રતીક્ષા કરી રહ્યા હતા, અને કોઇપણ માર્ગ કે ઉપાય લેવા પહેલા વાત શી છે તેનો નિર્ણય કરવાને અંગે, જરૂરી બાતમી મેળવવાના કામમાં રોકાઇ ગયા હતા. રાજાની માનસિક વિહ્વળતા વધતી જતી હતી અને એના ચહેરાપર અને શરીરપર કંટાળાનાં અને ચિંતાનાં ચિહ્નો સ્પષ્ટ થતાં જતાં હતાં. મહારાણી તો લગભગ કિંકર્તવ્યતા મૂઢ થઇ ગઇ હતી અને સુબુદ્ધિ મહામંત્રીને વાત કરી દીધી એટલે એના મગજ પરથી બોજો હલકો થઇ ગયો હતો. છતાં એ જાણતી હતી કે મંત્રી ઘણો કુશળ હોવા છતાં કામ લેવામાં ઘણો ધીરો હતો રાણી પોતે રાજાની દરરોજની ચિંતાગ્રસ્ત દશા અને વિચિત્ર વર્તન જોઇ મૂંઝાઇ ગઇ હતી અને હવે કેમ કામ લેવું અને કોની સલાહ લેવી એનો નિર્ણય કરી શકી નહોતી.

ત્રીજે દિવસે મહારાણીએ રાજવૈદ્યને બોલાવ્યા. વૈદ્યરાજ મહા-મતિ અત્યંત કુશળ વૈદ્ય હતા. મોટા રાજરોગથી માંડીને નાને તેવા વ્યાધિની બાબતમાં નિદાન અને ચિકિત્સામાં ભારે પ્રવીણ હતા અને અમુક અનુભવોમાંથી પસાર થયેલા હોવાને કારણે અને અભ્યાસ પણ જીવનભરનો હોવાને લઇને, માનસ વિદ્યામાં પણ ભારે વિચક્ષણ થઇ ગયા હતા. વૈદ્યની બાબતમાં અનુભવ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

જે વૈદ્યોએ હજારો કેસ સુધાર્યા કે બગાડયા હોય અથવા જેણે ઘણી મોટી સંખ્યાના વ્યાધિગ્રસ્તોની દવા કરી હોય તેને કેસ સોંપવામાં સંકોચ ન કરવો. બીન અનુભવી તાજા વૈદ્ય કે ઊંટવૈદ્યને કદી કેસ સોંપવો નહિ અને પાકા વૃદ્ધ ધીકતી ઘરાકી વાળા વૈદ્યની સલાહ વગર સંકોચે લેવી અને અનુસરવું એ વાત રાણીને ઠીક લાગી.

અને આ મહામતિ વૈદ્યરાજ પાસે વ્યાધિ નિદાનની એક અભિનવ રીતિ હતી. એ શારીરિક વ્યાધિની તપાસ મૂત્ર ( પેશાબ ) થી કરતા હતા. એના અભ્યાસ અને અનુભવને આધારે એ જાણી શકયા હતા કે દરેક વ્યાધિનું મૂળ મળમાં હોય છે અને મળનું મૂળ મૂત્રાશય ( કીડની–kidney) માં હોય છે. એ પેશાબ જોઇ તેમાં તેલના ચાર પાંચ ટીપાં નાખતા અને ત્યાર પછી તેલ બેસી જાય કે તરે છે, એનો રંગ વાદળી થાય છે કે પીળો થાય છે, એ ચક્કર ચક્કર ફરે છે કે સ્થિર રહે છે, એમાં વચ્ચે સફેદ ગોળાઓ ઊપડે છે કે રંગ બેરંગી ઊપડે છે—એ પરથી વ્યાધિ પારખતા હતા અને મૂત્રાશયના બગાડ ઉપર શારીરિક સર્વ વ્યાધિઓનું મૂળ પકડી પછી ચિકિત્સા કરતા હતા. આ તેમની રીત અભિનવ હતી. ખાસ કારગત નીવડતી હતી અને તેથી એણે અનેક અસાધ્ય અથવા આકરા વ્યાધિઓવાળા કેસો હાથમાં લઇ, સારાં પરિણામો બતાવ્યાં હતાં. જ્યારે બીજા વૈદ્યો કેસને આકરો અથવા લગભગ આશા વગરનો જણાવતા ત્યારે પણ એ કેસને પોતાના હાથમાં લઇ, મૂત્ર પરીક્ષાદ્વારા રસ્તાસર કરી આપતા અને એ રીતે એણે ઘણી નામના મેળવી હતી. માનસિક વ્યાધિમાં મૂત્ર પરીક્ષા જરા પણ કામ લાગતી નહોતી. એને માટે એ માનસવિદ્યાના બળથી કામ લેતા હતા.

મહારાણી યશોધરાએ વૈદ્યરાજ મહામતિ પાસે, ઊજવેલા છેલ્લા જન્મદિવસથી માંડીને ,મહારાજા કેવી રીતે તદ્દન ફરી ગયા હતા, કેવા અવ્યવસ્થિત થઇ ગયા હતા અને કેવું વિચિત્ર વર્તન ચલાવી

આખો વખત બેચેન રહેતા હતા-તેનું દેવીએ વર્ણન કરી બતાવ્યું. અનુભવી વૈદ્યે પ્રથમ સવાલ કર્યો કે 'રાજાના શરીરમાં તાપ છે કે નહિ?' "વૈદ્યરાજ! તાવ તો નથી, પણ શરીરમાં ગરમી અને ઉકળાટ જરૂર છે." રાણીએ જવાબ આપ્યો.

"એ રાતના કાંઇ બોલે છે?" વૈદ્યરાજે સવાલ કર્યો.

"એ આખી રાત ઊંઘતાજ નથી. પલંગમાંથી ખાટ પર, ખાટ પરથી બાજોઠ પર અને બાજોઠેથી ગાલિચા ઉપર જાય આવે છે, મનમા કાંઇ બબડે છે અને ગણુગણાટ કરે છે. એ નથી ખાતા કે નથી પીતા, કાઇ પૂછીયે તો ઘણી વાર જવાબ ન આપે અને કોઇ વાર ઢંગધડા વગરની વાતો કરે તો, વાકયો મેળ વગરનાં કે અર્થ વગરનાં, આગળ પાછળના સંબંધ વગરનાં કે ધારધોટ વગરનાં બોલે. આવી દશા વર્તે છે.'

વૈદ્યરાજે સવાલ કર્યો. "આજે સવારે કરેલ પેશાબ જાળવી રાખેલ છે."

રાણી-"મહારાજાએ સવારે વાસણમા પેશાબ કરેલ છે તે હજુ મહેતરાણી સાફ કરી ગઈ નથી."

વૈદ્યરાજના કહેવાથી મૂત્રનું કૂંડું રાણીએ મંગાવ્યું. તેલની એક ઝારી મગાવી. વૈદ્યરાજે ઠામને અડયા વગર ઝારીની નળીમાંથી પેશાબના ઠામમાં પાંચેક ટીપાં તેલ નાખ્યું. પૂર્ણ પ્રકાશમાં ઊભા રહી તેલનાં બિંદુ નાખ્યાં પછી ચતા ફેરફારો તપાસ્યા અને પછી કહ્યુ કે મહારાજાના શરીરમાં કોઇ પણ પ્રકારનો શારીરિક વ્યાધિ નથી.'

મહારાણીએ પૂછ્યુ "આ બધુ જરા વધુ ખુલાસાથી સમજાવો. રાજાના શરીરમા વ્યાધિ નથી એમ આપ કહો છો તો પછી આ બધું શુ છે? જરા વાતની ચોખવટ કરો"

વૈદ્યરાજે ઉત્તરમાં કહ્યું: "દેવી ! સાંભળો. વ્યાધિના બે પ્રકાર છે: કેટલાક વ્યાધિ શારીરિક હોય છે અને કેટલાક માનસિક હોય છે. શરીરના વ્યાધિઓ વાત પિત્ત અને કફની વિષમતાથી થાય છે અને તેનુ નિદાન આ તેલના મૂત્ર પરના પ્રયોગથી થાય છે. વ્યાધિનું એકવાર નિદાન થઈ જાય, પછી તેની ચિકિત્સા કરવી મુશ્કેલ નથી. યોગ્ય દવા આપવામાં આવે અને દૈવ અનુકૂળ હોય તો વ્યાધિ નિર્મૂળ કરવામાં વાંધો આવતો નથી."

"વ્યાધિનાં મૂળમાં અજીર્ણ હોય છે. **सर्वेषामपि रोगाणां कारणं कुपिता मला** . મળશુદ્ધિ બરાબર ન થાય તેથી વ્યાધિઓ જામે છે, સર્વ વ્યાધિનું મૂળ મળમાં છે. એ મળશુદ્ધિ અને મૂત્રાશયની સ્થિતિને ઘણો સંબંધ છે અને એ કેવી રીતે વર્તે છે તે તેલ પરીક્ષાથી પ્રાપ્ત થાય છે. વાત પિત્ત કે કફની વિષમતા થઈ જાય તો અજીર્ણ થાય છે તેનો પ્રકાર આ તેલનાં ટીપાંઓ બતાવી આપે છે. અજીર્ણના ચાર પ્રકાર છે: આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ અને રસશેષ એનાં લક્ષણો વિસ્તારથી બતાવ્યાં છે અને એની પરીક્ષા તેલનાં બિંદુઓ કરી આપે છે. આ પરીક્ષા દ્વારા હું તમને બરાબર કહી શકું છું કે મહારાજાને કોઈ શારીરિક વ્યાધિ નથી. મારી તેલ પરીક્ષા અફર છે, ચોક્કસ છે. અને આશંકા વગરની છે અને સેંકડો વ્યાધિગ્રસ્તોની બાબતમાં કારગત નીવડેલી છે."

"પણ મહારાજાની બેચેની અને અસ્વસ્થતા ઉઘાડા છે અને એમની નિષ્ક્રિયતા, એમની બેચેની દેખાવ તવી છે તેનું કારણ શું?" મહારાણીએ પાછી પ્રશ્ન પરંપરા ચાલુ રાખી. વૈદ્યરાજ મહામતિ જવાબમાં કહેવા લાગ્યા "વ્યાધિ શારીરિક હોય છે તેમ માનસિક પણ હોય છે. શારીરિક વ્યાધિમાં વાતપિત્ત કફનું વિષમપણુ થાય છે, તેમજ માનસિક વ્યાધિમાં રજસ અને તમસ કામ લે છે. રજસનું જોર થતાં મનમાં ઉદ્વેગ થાય છે અને તમસનું જોર થતાં મનમાં ઉકળાટ થાય છે. આ માનસિક વ્યાધિઓ જરા આકરા થઈ પડે છે. એનાં મૂળને પકડવામાં મુશ્કેલી પણ પડે છે અને એવા વ્યાધિનો કાળ લંબાય છે."

" પણ એની દવા ખરી કે નહિ ? " રાણીએ પૂછ્યું.

" માનસિક વ્યાધિનો ઉપચાર જ્ઞાનથી, વિજ્ઞાનથી, ધીરજથી, સ્મૃતિથી અને સમાધિથી થઇ શકે છે. એમાં વનસ્પતિની દવા, રસ ઔષધિ કે માત્રા બહુ કારગત નથી નીવડતાં. એમાં તો વ્યાધિગ્રસ્તનો આખો ઇતિહાસ તપાસી, એના વ્યાધિનાં મૂળ સુધી જઇ, એનું કારણ શોધવું જોઇએ અને પછી એની સાથે અમુક રીતે કામ લઇ, એની પાસે એને અનુકૂળ પ્રસંગો ઊભા કરી, એના મનને અમુક વલણ આપવું જોઇએ અને સાચો વ્યાધિ સમજાય તો તેને માટેના શક્ય ઉપચાર માનસિક પ્રયોગોથી, વાતોથી અને સૂચનથી કરવા જોઇએ. પણ એમાં બાહ્ય પરીક્ષા, નાડી પરીક્ષા કે એવી સ્થૂલ ઉપરછલી પરીક્ષા ખાસ પરિણામો નીપજાવી શકતી નથી.

" અને વ્યાધિનું નિદાન કરતી વખતે વૈદ્યે વ્યાધિવાળાની નવ બાબતો લક્ષ્યમાં રાખવાની હોય છેઃ પ્રકૃતિ, બળ, બાંધો, પ્રમ , પથ્ય, ધીરજ, સત્ત્વ, આહારશક્તિ, કસરતની સગવડ અને વય. આ સર્વ બાબતોનો વિચાર કરતાં મહારાજાના વ્યાધિનો નિર્ણય કરવા માટે વધારે હકીકતની જરૂર છે. માનસિક વ્યાધિ માત્રના ઉપચાર હોય છે, પણ તે પહેલાં આખો ઇતિહાસ સમજવાની જરૂર રહે છે.

" અને એક બીજી વાત પણ છે. વ્યાધિ કઇ સ્થિતિમાં છે તેનો પણ ખ્યાલ રાખવાની જરૂર છે. વ્યાધિના સંચય, પ્રકોપ, પ્રસર, સ્થાન અને વ્યક્તિભેદ વિચારવા જોઇએ અને સંચયની સ્થિતિમાં વ્યાધિને અટકાવવામાં આવે કે રોકી દેવામાં આવે તો તે આગળ વધતા નથી. પ્રકોપ થઇ ગયા પછી તેનું શમન કરવું વધારે મુશ્કેલ પડે છે. માટે મારે આપને કહેવાનું એ છે કે મહારાજાની મૂત્રપરીક્ષામાં કાંઇ વ્યાધિ જણાતો નથી અને માનસિક વ્યાધિને અંગે તમે હકીકત કહી તે પૂરતી નથી માનસિક વ્યાધિનાં તો અનેક કારણો હોય. રાજ્યમાં તોફાનનો ભય હોય, મંત્રીવર્ગમાં ગડબડ હોય,

અંતઃપુરમાં આશંકા હોય, પરચક્રનો ભય હોય, પ્રજામાં અસંતોષની મણુતરી હોય, અથવા રાજાના મનમાં કોઇ અંગત કારણ હોય, એને પ્રિય વસ્તુ કે માણસની ઇચ્છા હોય તે પૂરાતી ન હોય, એને કોઇ તરફ દ્વેષ હોય છતાં તે દુર્ધર્ષ હોય—આવાં આવાં અનેક કારણો હોય છે. એની વિગત સાંપડે તો તેના ઉપચાર પણ થઇ શકે. સૂચનથી પણ માનસિક વ્યાધિ મટાડી શકાય છે. હવે તમારે કાંઇ પૂછવું હોય તો પૂછો. વધારે હકીકત મેળવવાની જરૂર છે, વ્યાધિના ઉપચાર જરૂર હોય છે. પણ વ્યાધિનાં નિદાનનો આધાર વ્યક્તિગત કેસના ઇતિહાસના જ્ઞાન ઉપર અવલંબે છે અને નિદાન થયા વગર ચિકિત્સા યથાયોગ્ય થઇ શકતી નથી."

રાણીએ કહ્યું: "હકીકત જણાવી તેટલીજ છે. જન્મદિવસના મહોત્સવના પ્રસંગ પછી મહારાજા તદ્દન બદલાઇ ગયા છે, વિચિત્ર વર્તન કરી રહ્યા છે અને ન સમજાય તેવો માનસિક ક્ષોભ અનુભવી રહ્યા છે. આ સિવાય કાંઇ હકીકત જણાવી શકાય તેવી મારી પાસે નથી."

વૈદ્યરાજ મહામતિએ જવાબમાં કહ્યું "તમે બરાબર માહિતી મેળવો, વાતોનાં મૂળ પર જાઓ, તપાસ કરો અત્યારે દવા આપવી હોય તો મળ શુદ્ધિની અપાય, પણ તેનો કાંઇ અર્થ નથી. માનસિક વ્યાધિના ઉપચાર માટે તો હકીકતની જરૂર છે અને તેના ઉપાય જેમ જલ્દી થાય તેમ વધારે ઠીક. એવા માનસિક વ્યાધિને સંચયની સ્થિતિમાંજ અટકાવવાથી ખુબ લાભ થાય છે. એક વખત એનો પ્રકોપ થઇ જાય ત્યાર પછી એના પર કાબૂ મેળવવો વધારે મુશ્કેલ પડે છે. આપ ફરી બોલાવશો ત્યારે હું આવીશ. હકીકતમાં ઊંડા ઊતરી કાંઇ ચોખ્ખી વાત કરો તો ચોક્કસ ઉપચાર થઇ શકશે"

રાણીની દૃષ્ટિ પરથી હવે વધારે વાતની ઇચ્છા ન જણાતા વૈદ્યરાજે રજા લીધી રાણીને લાગ્યું કે વૈદ્યરાજને પૂછવાથી કાંઇ ખાસ લાભ ન કરી શકાયો. એને આશા હતી કે મહામંત્રી કાંઇ સલાહ ન આપી શક્યા તો વૈદ્યરાજ કાંઇ ઉપાય બતાવશે, પણ તેમાં પણ તે નિષ્ફળ થઇ.

: ૪ :

## પ્રિયંવદાનું દૂતી કાર્ય

૧

મહારાજા પુંડરીક એ દિવસ તો ખૂબ બેચેનીમાં ગાળ્યા. પોતાનો આપ્ત વર્ગ અને મંત્રીમંડળ ચિંતાગ્રસ્ત હતાં. એ પોતે જોઇ શકતા હતા, કોઇ કાંઈ બોલી શકતુ ન હતું એ એના ખ્યાલમાં હતું, પણ આવી પરિસ્થિતિમાં પોતાનો નાક જળવાઇ રહે અને પોતે ઉઘાડા ન પડી જાય એવો રસ્તો એને મળી શકતો નહિ. કોઇને મુખે વાત કરી શકાય તેવી ન હોય અને પોતામાં એને પચાવવા જેટલી અથવા તેનો રસ્તો કાઢવાની તાકાત ન હોય ત્યારે **'કહેવાય પણ નહિ અને સહેવાય પણ નહિ'** એવી સ્થિતિ ઊભી થાય છે. પુંડરીક દેવ અત્યારે બે દિવસથી એવી સ્થિતિના ચક્કરમાં પડી ગયા હતા, છતાં એ જાતે તદ્દન બોથડ કે મૂર્ખ ન હોતા. ત્રીજે દિવસે એને પોતાનેજ વિચાર થયો કે આમ ગાંડાની જેમ બબડયા કરવું કે પડયા રહેવું તે તો પાલવે નહિ, એમાં તો ન અર્થસિદ્ધિ થાય કે ન કાર્ય થાય અને વિના કારણ પોતાના

સંબંધમાં ગેરસમજૂતી આવ્યા કરે અને લોકો મનઘડત અનેક તરંગો ઉઠાવી સાચી ખોટી અને ભળતી વાતો પોતાના સંબંધમાં ચલાવ્યા કરે. એની યશોભદ્રાને પોતાની કરવાની કે એની સાથે અમનચમન ઉડાવવાની આકાંક્ષા જરાપણ ઓછી થઇ નહોતી. એની રૂપલુબ્ધતા અને સ્પર્શસુખની હોંસ જરાપણ કમી થઈ નહોતી. પણ હવે બે રાત્રી વચ્ચે ગયા પછી એને વિચાર થવા માંડયો કે એમ બેસી રહેવાથી કે વિષાદ કર્યા કરવાથી કાંઇ યશોભદ્રા પોતાની થાય નહિ. એટલે એણે ધીમે ધીમે રાજકારણમાં રસ લેવા માંડયો, મંત્રી અને અન્ય રાજપુરુષો સાથે વાતો કરવા માંડી, નાના નાના હુકમો પણ આપવા માંડયા અને એ રીતે પોતાની વિહ્વળતા ઓછી થતી જાય છે એમ એણે પ્રયત્નપૂર્વક બતાવવા માંડયું. આથી પોતા સંબંધમાં ભળતી સળતી પ્રજામાં વાતો ચાલતી હતી તે ઓછી થવા લાગી, પણ એના કુશળ મંત્રીઓ અને અમલદારો રાજાનું દીલ ભમતું છે અસ્થિર છે, અવ્યવસ્થિત છે– એ વાત જોઇ જાણી શકતા હતા. રાજા પુંડરીક પાસે એક અત્યંત વિશ્વાસુ દાસી હતી, તેનું નામ હતું પ્રિયંવદા. તે મહારાણી પાસે રહેતી હતી, પણ મહારાજા પુંડરીકની ખાસ વિશ્વાસુ દાસી હતી. તે અત્યંત રૂપાળી અને દૂતી કાર્ય કરવામાં ખૂબ કુશળ હતી એમ મહારાજા માનતા હતા. એ પોતાની વાત ગુપ્ત રાખી શકશે અને જાતે કામ કરી આપશે એમ લાગવાથી રાજાએ તેને પોતાની પાસે બોલાવી.

પુંડરીક—' પ્રિયંવદા ' મારૂં એક કામ કરી આપવાનું છે. '

પ્રિયંવદા—' આપનું કામ કરવા માટે તો આ જનમ લીધો છે, આપ જે કામ મજસરખું હોય તે ફરમાવો હું આપની સેવામાં હાજર છું. '

પુંડરીક—' પણ વાત જરા અટપટી ખટપટી અને વિચિત્ર લાગે તેવી છે. કોઇને કાને એ વાત ન જાય તેવું વચન આપ.'

પ્રિયંવદા—' એ આપ શું બોલ્યા? માથું જાય, પણ આપની વાત મારી જીભ પર નજ આવે. મારા સમા ધણીને કે મારી માને પણ તેનો સણસણાટ ન જાય તેમ આપને ખાતરી આપવાની જરૂર પણ ન જ હોય.'

પુંડરીક—' આ વાત તો તારી રાણીને પણ ન જવી જોઇએ, મંત્રીશ્વરને કે કોઇને કાને ન જવી જોઇએ.'

પ્રિયંવદા—' મેં આપને કહ્યું કે મારી જીભે જ કોઇ આપની વાત ન આવે, તેમાં રાણી સાહેબા, મંત્રીશ્વર અને સર્વ સગાં સંબંધી સ્નેહી અને ઓળખીતાં આવી ગયાં. અને આપની વાત બહાર પાડીને પછી મારે કઇ દુનિયામા રહેવું? આપ જે હોય તે હુકમ ફરમાવો.'

પુંડરીક—' મારી વાત બહાર પડે તો મારી આબરૂ જાય અને મારે મરવુ પડે તેવી વાત છે, એટલે ખાસ વચન આપે તો જ તને એક કામ સોંપાય તેમ છે, માટે વિચાર કરીજો. જો વાત જરાપણ બહાર પડે તો મારે તો આપઘાત કરવો પડે તેમ છે, બોલ તારાથી બનશે?'

પ્રિયંવદા—' મારા દેવ! મારા પેટમાં આપનું અન્ન છે. આપે મને દાસી મટાડી ઘરબારી બનાવી છે અને છતાં રાજમહેલમાં રહેવા દો છો. મહારાણી બાના મારા પર ચાર હાથ છે. અને આપ મારા પર વિશ્વાસ રાખી મને કોઇ કામ સોંપવા ઇચ્છો છો. હું એવો વિશ્વાસઘાત કરૂં એમ આપ ધારો તો તો પછી મારૂં જીવતર નકામું થાય. આપ વિશ્વાસ રાખો અને જે હોય તે વાત આપ વગર સંકોચે કહી મને હુકમ ફરમાવો. આ ખોળિયું આપની

સેવા માટે જ સરજાયલુ છે અને આપનું કામ કરવું એ તો મારો જનમનો લહાવો છે. આપ આટલી ખાતરી માંગો છો એટલું પણ મારૂ દુર્ભાગ્ય છે. હું તો અહીં નાનેથી મોટી રાજદરબારમાં થઇ છું અને રાજ્યની અનેક ખટપટ અને હકીકતથી વાકેફગાર છું, પણ રાજ્યની વાત મહેલ બહાર કરવાની ટેવ જ રાખી નથી.'

પુંડરીક—' મારી વાત રાજખટપટને લગતી નથી કે રાજ્યનું કામ નથી. આ તો મારી પોતાની વાત છે, અંગત વાત છે અને તારીદ્વારા સુધરી શકે તેમ છે. બોલ, તું ખાનગી રાખી શકશે ?'

પ્રિયંવદા—' આપ આ પ્રશ્ન વારંવાર કરીને મને વધારે ને વધારે શરમાવો છો. મારે તો આપની સેવા કરવાની છે. વાત આપની હોય કે રાજ્યની હોય, રાણીસાહેબાની હોય કે રાજસેવકોની હોય. ગમે તે વાત મારીદ્વારા બહાર પડશે એમ આપ ધારો તો મારે તો મોતનો જ આશરો લેવો પડે.'

અત્યાર સુધી મેળવેલ પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેટલા ખાતર યોગ્ય સંભાળ લેવાની મહારાજા પુંડરીકને જરૂર લાગી, જેથી તેમણે દાસીને વાત કરતા પહેલા તાવી જોઇ, ચકાસી જોઇ અને પછી જ્યારે પોતાને તેના વિશ્વાસુપણાની ખાતરી થઇ ત્યારે પોતે વાત શરૂ કરી. મહારાજા વિચારશીલ અને દીર્ઘનજર પહોંચાડનાર હતા, અત્યારે વિષયાધીન થઇ ગયા હતા, છતા એ વાત બહાર પડી જાય તો એનું પરિણામ કેવું આવે તેનો આગળથી ખ્યાલ કરી શકે તેટલા અનુભવી હતા અને પોતાની નામના અથવા આબરૂ રાજાને માટે કેટલી મહત્ત્વની ચીજ છે તેનો ક્યાસ કરનાર હતા—આટલા કારણે એણે દાસી પાસે વાત કાઢવા પહેલા પ્રસ્તાવનામાં આટલો વખત લીધો અને દાસીના નિમકહલાલપણાની ચોક્કસ ખાતરી થયા પછી વાત ઉચ્ચારી.

પુંડરીક—' પ્રિયવંદા ! તારે યશોભદ્રા સાથે કેવો સંબંધ છે ?' યશોભદ્રાનું નામ સાંભળતાં દાસી પ્રિયવંદાના શરીર પર કાટકો પડયો, એને કંપારી આવી ગઇ. એ મહારાજાના જન્મ દિવસે આખો વખત હાજર હતી. એણે દેવી યશોભદ્રાની સર્વ રીતભાત જોઇ હતી અને એને મન યશોભદ્રા એક ખરૂં રાજરત્ન અને અનુપમ અલંકાર હતુ. એ પોતે નોકરીમાં હતી દેવી યશોધરાની, પણ અવારનવાર યશોભદ્રા પાસે આવતી જતી અને એને માટે એના મનમાં ખૂબ ભાવ થયેલો હતો. પણ મહારાજાના જન્મ દિવસને રોજ રાસડા-ગરબામાં એની કાર્ય વાહી જોયા પછી તો એને દેવી યશોભદ્રા માટે રંઢ લાગી હતી, એ એના પર વારી ગઇ હતી અને એના સંબંધમાં અભિપ્રાય ઘણો ઉચ્ચ થઇ ગયો હતો. દાસીઓ બહુ ચબરાક હોય છે, સામાને સમજવાની એમનામાં આવડત હોય છે અને બોલવામાં એમનામાં ખૂબ ચાલાકી અને ચાવળાઇ હોય છે, તેમ સામાને ઓળખવામાં એમની ઊંડાણ શક્તિ તો ભારે ખીલેલી હોય છે. એણે દેવી યશોભદ્રાનુ નામ સાંભળ્યું ને એ ચબરાક દાસી આખી વાત પામી ગઈ, એના ખ્યાલમાં આખી વાતનું રહસ્ય આવી ગયું અને રાજાને શું કહેવાનું હશે અને પોતાનો કેવો ઉપયોગ કરવાનો હશે એ વાતની કલ્પના એના મગજમાં આવી ગઇ છતાં પોતાની જાતને સંભાળી લીધી અને વાત આગળ ચલાવવા દીધી.

પ્રિયંવદા—' દેવી યશોભદ્રાને હુ બરાબર ઓળખું છું, કોઇ કોઇ વાર એમને મહેલે પણ જઉ છુ. તેમનો મને બહુ પરિચય તો નથી, પણ અવારનવાર તેમની પાસે જવાનુ બને છે.

પુંડરીક—' યશોભદ્રાને મારી કરાવી આપ અને એને માટે રઢ લાગી છે અને ગમે તેમ કરી મારે એની સાથે આનંદ કરવો છે. તું મુદ્દો સમજી ? તારાથી એ કામ બનશે ? ઘણુ સાચવીને કરવાનું કામ છે અને વાત બહાર પડે તો આબરૂના કાકરા થઇ જાય તેવો સોદો છે. બોલ, કામ બનશે ?'

પ્રિયંવદા—'મહારાજ ! યશોભદ્રા દેવી બહુ ઓછું બોલનારા છે, એ કોઇની સાથે મળતા હળતા નથી, એ ઝાઝું હરતા ફરતા પણ નથી અને આખો વખત દેવસેવા કે વાચન અભ્યાસમા કાઢે છે. એની સામાન્ય રીતભાત બોલીચાલી અને વર્તના જોતાં એ કામ આકરૂં લાગે છે, પણ પ્રયત્ન કરી જોઇશ.'

પુંડરીક—'તો કામ કઇ રીતે લઇશ તેની રૂપરેખા જણાવ. આ કામમાં બરાબર સંભાળ રાખવી જોઇશે, નહિ તો ઓઢનું ચોડ વેતરાઈ જતા વાર નહિ લાગે.'

પ્રિયંવદા—'હું આજે જ દેવી યશોભદ્રાને મળીને તેને ચકાસી જોઇશ અને જે જે વાત થશે તે આપને કહી જઇશ. વાત તદ્દન ગુપ્ત રહેશે એની શંકા ન રાખશો. પણ કામ કઠણ છે એમ લાગે છે, બનતા સર્વ ઉપાય કરીશ. આપ મારાપર ભરોંસો રાખશો.'

પુંડરીક—'એ બાબતમાં ખર્ચ થાય તેની ચિંતા ન કરતી. પણ કામ તદ્દન ખાનગી કરજે અને વાતની ગન્ધસન રાણીને કે સત્રીને ન જાય તેની સંભાળ રાખજે.'

પ્રિયવદા બહાર નીકળી. એને બરાબર સામે જ દેવી યશોધરા મળ્યા. એણે મહારાજા પાસેથી આવતી દાસીને જોઇ. એણે આ અભિનવ બનાવ લાગ્યો. દાસીને પૂછ્યુ, દાસીએ ઉડાઉ જવાબ આપ્યો. યશોધરા ભોળી હતી જરા શકા તો તેના મનમાં ઊઠી, પણ એ સરળ હોવાથી વાતના વધારે ઊંડાણમાં ઊતરી નહિ અને મહારાજાની તબિયત સુધારા પર આવતી જતી હતી એટલે બીજી વાત પર તેને ધ્યાન પણ ન ગયું.

પ્રિયંવદા ત્યાંથી કંડરીકના મહેલે સીધી ગઇ. દેવી યશોભદ્રા હમણાં જ પૂજનકાર્યથી પરવારી ગયા હતા અને હજુ ભોજનને થોડો સમય હતો. પ્રિયંવદા દેવી યશોભદ્રા પાસે આવી. એણે સહજ

વિવેકની વાતો કર્યાં પછી મહારાજા પુંડરીકના યશોગાન ગાવા માંડયા. મહારાજા કેવી સરસ રીતે રાજકાર્ય કરતા હતા, આખો વખત પ્રજાના સુખ સગવડ વ્યાપાર અને ઉન્નતિના કેવા કેવા વિચારો કરતા હતા, રાજની આબાદી માટે તેમને કેટલી ચિંતા હતી, તેઓ કસરતમાં કેટલા પ્રવીણ હતા, તેમનું શરીર કેટલું કસાયલું હતું આવી આવી વાતો એણે કરી અને સરળ ભાવે યશોભદ્રાએ તે વાત સાંભળી. એને વાતમાં કાંઈ ખાસ રસ પડછો નહિ, કે તેમાં કાંઇ ખાસ વાંધા જેવું દેખાયું પણ નહિ

દાસી પ્રિયંવદાને લાગ્યું કે પોતે યશોભદ્રાના મનમાં મહારાજ પુંડરીક માટે રસ ઉત્પન્ન કરી શકી છે. બે ઘડી બેસીને પ્રિયંવદા ત્યાંથી ચાલી ગઇ. બપોરે બહુમૂલાં વસ્ત્રો અને ભારે કિંમતના દાગીના સાથે ફરી વાર યશોભદ્રા પાસે તેના મહેલમાં પાછી હાજર થઇ. પ્રિયવદાએ વસ્ત્રો અને અલંકારો દેવી યશોભદ્રાને આપ્યા અને મહારાજા પુંડરીકે ખાસ મોકલ્યાં છે એમ જણાવ્યું. દેવી યશોભદ્રાને કોઇ વખત આવી સોગાત રાજા તરફથી મળેલી નહિ એટલે સહજ નવાઇ તો લાગી, પણ એનો સ્વીકાર કરવામાં કાંઇ વાંધો લાગ્યો નહિ. હજુ સાકેતપુરમાં તેનું આ પહેલુ વર્ષ હતું એટલે રાજરીત કેવી હશે તેનો તેને પૂરો ખ્યાલ પણ નહોતો અને પોતાના જેઠ તરફથી આવી રીતે કપડાં ઘરેણાં દર વર્ષે આવવાનાં હશે એવા ખ્યાલથી એણે વસ્તુઓ લઈ લીધી અને મહારાજાની પોતાની આવી બાબતમાં ચીવટ માટે પ્રશંસાના બે શબ્દો વિવેકસર કહ્યા.

પ્રિયંવદા આનો અવળો અર્થ કરી ગઇ. એને લાગ્યું કે પોતે દેવી યશોભદ્રાને ચળાવી શકી છે. એને તો થયું કે હવે દેવી પાસે સીધી વાત મૂકવામાં વાંધો નહિ આવે. સવારે તથા બપોરે જે હકીકત બની હતી ને તેણે મહારાજા પુંડરીકને જણાવી. પુંડરીકે પણ માન્યું કે હવે દેવી યશોભદ્રા પોતાની જ છે. વિષયી માણસ પોતાના

ભોગ્યની પ્રત્યેક ચેષ્ટા પોતાને માટે જ છે એમ માની લે છે અને સામાની દરેક હીલચાલનો, ચાલચલગતનો કે બોલીચાલીનો ઉપયોગ પોતાને અન્વયે માની લઇ ફાવતો – ભળતો અર્થ ઉપજાવી પોતાની માન્યતાના સ્વર્ગમાં છોડો વખત લહેર માને છે. જ્યારે મહારાજાએ જાણ્યું કે પોતે મોકલેલ વસ્તુઓનો દેવી યશોભદ્રાએ સ્વીકાર કર્યો છે એટલે એ તો રાજી થઇ ગયો અને એની સાથે મેળાપ કરવાને તલપાપડ થઇ ગયો. એને લાગ્યુ કે હવે ઢીલ કરવાનો કે થવાનો કાંઇ પ્રસંગ કે હેતુ નથી. એટલે એણે તો પ્રિયંવદાને આવતી કાલેજ મુલાકાત ગોઠવવાનો હુકમ આપી દીધો. પ્રિયંવદાએ પોતાની વાતનું મૂલ્ય વધારવા ખાતર વાતમા અતિશયોક્તિ કરીને રસ ચઢાવ્યો હતો એટલે મહારાજા તો કામ લગભગ થઇ ગયું છે એમ માની સુખના સ્વપ્નાં સેવવા લાગ્યા અને એક કલાક એક માસ જેવો જાય છે એવી ભાષામા સયોગ સકેત જલ્દી ગોઠવી આપવા પ્રિયંવદાને એણે આગ્રહ કર્યો અને પ્રિયંવદા પણ રાજા ઉપર પોતાનો કાબૂ જમાવવા અને કાયમ કરવા રાજાના તરંગવિચારોમાં ઉત્તેજન આપતા પોતે જેમ બને તેમ જલ્દી મુલાકાત ગોઠવી આપવાનું બીડુ ઝડપી રાજાથી જુદી પડી.

બીજે દિવસે પ્રિયંવદા, દેવી યશોભદ્રા પાસે ગઇ કાલે આવી હતી તેજ વખતે પાછી આવી. આ વખતે એણે પોતાની સાથે મહા મૂલ્યવાન રત્નકંબળ આણી હતી. એ રત્નકંબળ નેપાળમા બનતી હતી અને એક સાડીની કિંમત લાખ રૂપિયા થતી હતી. અત્યંત મુલાયમ સાડી હથેલીમાં રહી શકે તેવી બનતી હતી અને છતા પહેરવામા આવે તો શરીર સાથે એકાકાર થઇ જાય અને આરપાર અવયવ ન દેખાય એવી તેમાં ખૂબી હતી, એવી સાડીને મેળવવાની પણ ભારે મુશ્કેલી હતી અને રાજા મહારાજાનેજ એની ખરીદી પોષાય તેમ હતું. મહા-

રાજાએ એ સાડી મહાદેવી યશોધરા માટે લીધી હતી. પણ અત્યારે પોતાના વિષયાંધપણામા યશોભદ્રાને મોકલી આપવા માટે તે પ્રિયં - વદાને આપી હતી. એ ઉપરાંત અત્યંત સુગંધી ખાદ્ય પદાર્થો જેમાં ભારે કિંમતી અંબર કસ્તુરી નાખેલા હતા અને જેને માદક બનાવવા માટે ખાસ પ્રયાસ કરવામાં આવ્યો હતો તે પણ પ્રિયંવદા લઇ આવી હતી.

એણે વસ્ત્ર અને પદાર્થો દેવી યશોભદ્રા પાસે મૂકયા, પણ આજે તેણે યશોભદ્રાને ખાનગીમા બોલાવી આ પદાર્થો રજૂ કર્યાં. દેવી આનું કારણ સમજી નહિ. એને મન તો સર્વ વાત ઉઘાડી હતી પછી એણે વાત છેડી. એણે સીધો સવાલ કર્યો: મહારાજા કયારે મળે ? કયાં મળે ?

આટલો સવાલ તેના તરફથી સાભળતાં જ દેવી યશોભદ્રા લાલચોળ થઇ ગયા. એ અત્યંત વિચક્ષણ હોવાથી આખી વાત સમજી ગયા. એ પ્રિયંવદાનુ બે દિવસમાં થયેલ ત્રણ વખત આગા- મન તથા કારણો સમજી ગયા અને જવાબમાં કહ્યું ' પ્રિયંવદા ! તું આ શું બોલી ? મારી પોતાની દાસી હોય તો તેને મારા મહેલમાથી કાઢી મૂકું. તુ દેવી યશોધરા બહેનની દાસી છે તેથી તને જવાબમા માત્ર એટલુ જ કહુ છુ કે અહીંથી ચાલી જા અને હવે મારે આંગણે કદી આવીશ નહિ '

પ્રિયંવદા—' દેવી ' તમારી ભૂલ થાય છે. મહારાજા સાથે આવો તક તો ભાગ્યવાનને સાંપડે છે જરા વિચાર કરો મહારાજા તમને મળવા ખૂબ આતુર છે. '

યશોભદ્રા—' તું આ શુ બકે છે ? મહારાજાને કહેજે કે સતીને એકજ પતિ હોય છે. એના જીવનમા બીજો સંકલ્પ ન હોય.'

પ્રિયંવદા—'ક્યાં મહારાજાનું લાવણ્ય ! ક્યાં એની દેહયષ્ટિ ! ક્યાં એનુ ભવ્ય લલાટ ! અને ક્યાં એના વિશાળ બાહુ ! માગતાં પ્રાર્થના કરતાં કે હજારો વર્ષ તપ કરતા ન મળે એવી ગંગા ચાલી ચલાવીને ઘર આંગણે આવી ચઢી છે એને રોકવામા ખાળવામાં કે અવગણવામા ડહાપણ થતું હોય એમ મને લાગતુ નથી.'

યશોભદ્રા એના જીવનમાં કોઇ ઉપર ગુસ્સે થઇ નહોતી. એ તદ્દન શાંત સ્વભાવની હતી, પણ જ્યારે પ્રિયંવદાએ મહારાજાની પ્રશંસા કરવા માડી અને આડકતરી રીતે તેની તરફ આકર્ષણ કરવા એણે વધારે પડતા વખાણ કરવા માંડયા, ત્યારે યશોભદ્રાને સહજ ક્રોધ આવી ગયો અને એણે માત્ર ઉગ્ર સ્વરે એટલું જ કહ્યું કે 'તુ તારો પટપટારો બંધ કર. આર્ય મહિલાને પતિ સર્વસ્વ છે, એના બ્રહ્મચર્યમાં એનો વિજય છે, એની એક નિષ્ઠામા એનું જીવન છે અને એના તરફ વફાદાર રહેવામા એના જીવનનો લહાવો છે.'

પ્રિયંવદા—'દેવી ! જરા વિચાર તો કરો, ક્યાં મહારાજા પુંડરીકનું રાજતેજ અને ક્યાં આ અભણ જેવા ઠોઠાના પટારા ! તમને અત્યારે સ્વર્ગનું રાજ્ય મળે છે, તેને બદલે આવા ચાપલાવેડા શા માટે કરી રહ્યા છો ? મારૂ માનો, રાજાને રીઝવી લો અને જુવાનીનો લહાવો લઇ લો. નહિ તો આનું પરિણામ સારૂં નહિ આવે.'

દેવી યશોભદ્રાના ગુસ્સાનો પાર ન રહ્યો, એને પોતાના પતિ માટે વપરાયલા વિશેષણોથી ઝાળ ચઢી, એને આવી દાસીના શબ્દોના અંતર્ગતમાં રહેલ ધમકી પણ સમજાઇ ગઇ, પરંતુ જરા પણ વિચાર કરવાનો સમય લીધા સિવાય આણેલ વસ્તુઓને પ્રિયંવદા તરફ ધકેલી દીધી, અને એને ઇસારત કરી ચાલી જવા જણાવી દીધું. એણે સાથે એ પણ સમજાવી દીધું કે પોતે વધારે વાત્ત કરવા ઇચ્છતી નથી. પ્રિયંવદાએ વધારે બોલવા પ્રયત્ન કર્યો. એ બોલવામા ખૂબ ચબરાક હતી, પણ દેવી યશોભદ્રા તો તેના તરફ ખુલ્લો તિરસ્કાર

બતાવી આણેલ વસ્તુઓ તેના તરફ ફેંકી, બાજુના ઓરડામાં ચાલ્યા ગયા અને પ્રિયંવદા એક ક્ષણવાર વિમાસણમાં પડી ગઈ. એ દાસીપણામાંથી છૂટી થએલી હતી. એનો મનુષ્ય સ્વભાવનો અભ્યાસ બહુ પાકો હતો અને જાતે અત્યંત સ્વમાનશીલ હતી. એને પોતાની આવડત અને સમજાવટની શક્તિનું ખૂબ અભિમાન હતું અને એ મહારાજા પુંડરીકને ખાતરી આપીને આવી હતી કે એ પોતાને સોંપેલાં કામમાં જરૂર સફળ થશે. દેવી યશોભદ્રા તિરસ્કાર કરીને ચાલ્યા ગયા અને વસ્તુઓ તેના તરફ હડસેલી દીધી એટલે એ જરા ડઘાઇ ગઇ, પણ અત્યારે બીજો માર્ગ તેની નજરમાં સૂઝ્યો નહિ. એ સાથે આણેલ વસ્તુઓને અંગે હતાશ થવાને બદલે વધારે સાહસ થઇ, એણે પોતાના હોઠ કચકચાવ્યા, મનમાં દેવી તરફ વેર બાંધી લીધું અને પોતાની શક્તિ અજમાવવા મનમા નિર્ણય કરી, દેવીને ઠેકાણે લાવવાનો સંકલ્પ કરી ત્યાંથી બહાર નીકળી, મહારાજાના મહેલ તરફ વસ્તુઓને સાથે લઇ વિદાય થઇ ગઇ.

: ૫ :

## પ્રિયંવદાની નિષ્ફળતા

### ૧

ઋતુએ વસંતોત્સવ આવી રહ્યો હતો. આજે ફાગણ સુદ ૧૧ નો દિવસ હતો, કુદરતમાં કલ્લોલ વર્તી રહ્યો હતો, પક્ષીઓમાં કિલકિલાટ જામી ગયો હતો, વૃક્ષોપરથી જૂનાં પાંદડાં પડી નવાં આવી ગયાં હતાં, વનરાજી ખૂબ ખીલી રહી હતી. કુદરતમાં ઠંડી ઓછી થતી જતી હતી, અને હજુ સખત ગરમીનો સમય આવ્યો નહોતો. લોકો કેશરીઆ કપડા પહેરી લહેરમાં ફરતા હતા અને કોઇ હાથમાં ડાંકલાં લઈ, તો કોઇ કાંસી લઇ મોજ કરતા ફરતા હતા. હોળિકાનો મહોત્સવ કરવા લોકો તલપાપડ થઇ ગયા હતા અને દિવસોથી એને માટે તૈયારી કરી ખૂબ આનંદ ભોગવવાની આશા સેવી રહ્યા હતા.

આ વસંતોત્સવના હજુ છેલ્લા ચાર દિવસ બાકી હતા. અગિયારશને દિવસે પ્રિયંવદા પોતાને થયેલા અપમાનથી ખૂન્નસવાળી થઈ, યશોભદ્રાને ઠેકાણે લઇ આવવાના નિશ્ચય સાથે મહારાજાના મહેલમાં આવી. આવીને પ્રથમ તો મહારાજા પાસે વસ્તુઓ સાથે

ચાલી આવી, પણ દિવસનો સમય હોવાથી અને દેવી યશોધરા મહેલમાં હોવાથી એ રાજા પાસે હાજર થઇ શકી નહિ.

મહારાજા એના પ્રત્યાગમનની રાહ જોઇ રહ્યા હતા. મહારાજાને તો એક ક્ષણ એક વરસ જેવી લાગતી હતી. એ તો યશોભદ્રાને પોતે મળશે ત્યારે એની સાથે કેમ હસશે અને એને કેવી કેવી વાતો કરશે અને પોતે તેને કેવી રીતે ખોળામાં બેસાડશે અને તેની સાથે કેવા ખેલ ખેલશે અને એ રીસાશે ત્યારે એના કેવી રીતે મનામણાં કરશે—એની કલ્પના કરી રહ્યો હતો. એને પ્રિયંવદાની કાર્યશક્તિ પર એટલો બધો ભરોસો હતો કે એ ધારેલ પરિણામ જરૂર લાવી શકશે અને આજકાલ પોતાનો સબંધ યશોભદ્રા સાથે જોડાવી આપશે એ બાબતમાં એના મનમાં જરા પણ શક નહોતો, છતાં સ્નેહ હમેશાં શંકી હોય છે એટલે વળી વચ્ચે વચ્ચે કોઇ વાર જરા શંકા થઇ આવે ત્યારે દાસી પ્રિયંવદાની કુનેહ પરના વિશ્વાસને લઇને એ મનને મનાવી લેતો પ્રિયંવદા ગઇ ત્યારે એને જણાવીને વિદાય થઇ હતી એટલે એ કયારે આવે અને સંતોષકારક પરિણામ જણાવે એ માટે એના મનમાં આતુરતા વધતી જતી હતી અને એણે અધીરતાનું રૂપ લીધું હતું. એણે દૂરથી પ્રિયંવદાને પાછી ફરતી જોઇ, તેના હાથમાં મોકલેલ વસ્તુ તેણે જોઇ, એટલે મહારાજાને મનમાં ફડકો પડયો. પણ તેજ વખતે દેવી યશોધરા ત્યાં પધાર્યાં. ચપળ દાસી પ્રિયંવદા મહારાજા પાસે ન જતાં આડે રસ્તે ચાલી ગઇ અને રાજા ગણી એટલા પડયા. દેવી યશોધરા મહારાજા પાસે આવીને બેઠાં

યશોધરા—આર્યપુત્ર ! આજે તો આપની તબિયત ઠીક લાગે છે. કેમ જણાય છે ?'

મહારાજા—'ઠીક છે.'

યશોધરા—'આપ ટાઇમ ભોજન લેશો ?'

મહારાજા—' ના '

યશોધરા—' કેમ ? બરાબર નથી ? આપને શું થાય છે ? '

મહારાજા—' ઠીક છે ' જવાબ આપતાં કંટાળો સ્પષ્ટ જણાતો હતો.

યશોધરા—' કોઇ ઔષધ-ઉપચારની જરૂર છે. બે દિવસમાં તો આપના મ્હોં પર ફીકાશ આવી ગઇ છે. વૈદ્યરાજને બોલાવું ? '

મહારાજા—' ના '

યશોધરા—' આપ સ્નાન કરશો ? ભોજન મંગાવું ? '

મહારાજા—' ના '

મહારાણીએ ઘણા સવાલો પૂછયા, પણ જવાબમાં હા કે ના સિવાય કાંઇ વાત નહિ, સીધો જવાબ નહિ અને જેવી પરિસ્થિતિ નોમ ( ફાગણ સુદ )ની સવારે જણાતી હતી તેવી જ અત્યારે જણાતાં મહારાણી તો વધારે ડઘાઇ ગયા. એણે પ્રિયંવદાને પાછી ફરતાં અને મહારાજા તરફ આવતાં અને પોતાને જોતાં પાછી ફરી જતાં જોઇ હતી. એને મનમાં બેવડી ગૂંચવણ દેખાવા માડી. રાજાના શરીરમાં વ્યાધિ નથી, પણ માનસિક ચિંતા છે અને રાજા કોઇ વાત છૂપાવે છે એવો એમને તર્ક થયો, પણ જાતે સરળ અને ભોળી, હોવાથી વાતને અને શંકાને મનમાં દબાવી દીધી. ત્યાર પછી મહારાજ મ્હોમન વગરના જવાબ આપે દરમ્યાન એની વેધક નજરે એ પામી ગઇ કે મહારાજાના મનમાં કોઇ ઊંડી વેદના છે અને પોતાની સાથે વધારે વાત કરવા ઇચ્છતા નથી. આ હકીકતથી એના મનમાં વધારે દુઃખ થયુ પણ એ અત્યંત સુશીલ અને ભોળી હોવાથી ત્યાંથી ચાલી ગઈ. પણ એને મનમાં થયું કે રાજા ઉપર તેના હિત ખાતર દેખરેખ રાખવાની જરૂર છે. એને મહારાજાની વલણને અંગે ચિંતા દેખાણી, પણ એને રાજા ઉપર કોઇ પ્રકારની શંકા ન આવી. એણે

એકાદ દાસીને રાજાની સંભાળ રાખવા સૂચવી દીધું અને પોતે પોતાના ઓરડામાં જતી હતી ત્યાં સામેથી પ્રિયવદાને આવતી જોઇ. પ્રિયવદાને પૂછ્યું કે તે કયાં જાય છે? તેના જવાબમા પ્રિયંવદાએ ઉડાવનારા જવાબ આપ્યા. મહારાણી ભોળી હતી એટલે એણે વધારે ન પૂછ્યું, પણ પ્રિયંવદાની પાસે ચીજો હતી અને એને એ છૂપાવતી હતી એટલુ એને જણાયું. પણ એણે વાતને વધારે ચકાસી નહિ. અત્યારે મહારાજાએ એને ઉડાઉ જવાબ આપ્યા હતા એ વાતની ચિંતામા એ વ્યગ્ર હતી.

યશોધરા તુરત સ્નાન કરવા ગયા એ તકનો લાભ લઈ અને એ એકાદ ઘડી પાછા ફરવાના નથી એની ખાતરી કરી પ્રિયંવદા મહારાજા પુંડરીક પાસે આવી. મહારાજાતો આતુરતાથી એના આગમનની રાહ જોઇ રહ્યા હતા. પ્રિયંવદાએ વિગતવાર આખી હકીકત રજૂ કરી. પોતે યશોભદ્રા પાસે જઇને કેવી રીતે વાત આદરી, વસ્તુઓ કેવી રીતે બતાવી, તેના મૂલ્ય કેવી રીતે મૂલવ્યાં, ત્યા સુધી બધુ ઠીક ચાલ્યું, પણ એની સાથે રાજાનો મેળાપ કરાવવાની વાત શરૂ કરતાં યશોભદ્રા કેવી રીતે છણકાઇ ગઇ, પોતાનું કેટલું અપમાન કર્યું, આવેલ વસ્તુ કેવી રીતે ફગાવી દીધી અને પોતાને ધક્કામુક્કી કરી કેવી રીતે કાઢી મુકી એ આખી વાત મીઠું મરચું ભભરાવીને કહી અને પોતે સર્વ વસ્ત્રો અને આભૂષણો પાછા લઇ આવી છે એમ બોલી ચૂપ થઇ ગઇ.

મહારાજા—'ત્યારે તને શું લાગે છે? આ વાતમાં ઉપાય શો?'

પ્રિયંવદા—'મારા દેવ! મેં એને સમજાવવામા વિનવવામાં અને લલચાવવામાં બાકી રાખી નથી. મારૂં તો એ કાંઇ સાંભળે તેમ નથી. મને તો એણે પોતાને બંગલે પગ મૂકવાની પણ મનાઇ કરી દીધી છે.'

મહારાજા—'ત્યારે એમાં રસ્તો કેમ નીકળે?'

પ્રિયંવદા—' મારા પ્રભુ ! મેં એને ઘણું કહ્યું, એને મહારાણી પદની લાલચ આપી, એને આપણા દેશની સામ્રાજ્ઞી થવાની તક પકડી લેવા સૂચવ્યું, પણ એતો પેલા રેઢિયાળ કંડરીકની જ વાત કરતી રહી, અને જાણે એના સિવાય આ દુનિયામાં બીજો કોઇ નહોય એવી એવી ચાલુ લવારી કરતી રહી '

મહારાજા—' પછી તે મારા વખાણ કર્યાં કે નહિ ? '

પ્રિયંવદા—' અરે રાજન ! વખાણમાં તે કાંઇ બાકી હોય ! આપને ઇંદ્રસ્થાને બતાવ્યા, આપના દેહના, આપની ઋદ્ધિસિદ્ધિના અને આપની સુજનતાની કંઇક વાતો કરી એતો પરતાવનામાં થઇ ગઇ, પણ જ્યાં આપના મેળાપની વાત કરી ત્યાં એ ત્રાડુકી ઊઠી. એતો જાણે પોતાના પતિને જ ઓળખે છે, એને જ દેવ માની બેઠી છે, એને જુવાનીના લહાવાની લાલચે ન પલાળી એને મહારાણી પદની લાલચે ન આકર્ષી, એને ભોગવિલાસની ચીજોએ ન ખેચી. એતો કોઇ અજબ પ્રાણી દેખાય છે. '

મહારાજા—' ત્યારે હવે તને રસ્તો શો સૂઝે છે ? '

પ્રિયંવદા—' મે તો મારી કુલ આવડતનો ઉપયોગ કર્યો, મેં લાલચો આપવામાં પણ બાકી રાખી નથી. મેં શામ અને દામની બન્ને રીતિઓનો પૂરો ઉપયોગ કર્યો છે, પણ એતો અજબ સ્ત્રી છે. એ અભિમાની છોકરીનો ભરો ઉતારવો જોઇએ, પણ એ જ્યાં જરાપણ મચક જ ન આપે ત્યાં વાત પણ શી રીતે થાય ? એ હવે મને તો સાંભળે તેમ નથી, મારી સામે નજર પણ નાખે તેમ નથી અને મારો પગ તેના મહેલ તરફ જવા ઊપડે તેમ પણ નથી. '

મહારાજા—' અરે એમ તે કામ થતાં હશે ? એ ભલે એમ બોલી, પણ તું આજે સાંજે ફરી વાર જા, એને સમજાવ, ફોસલાવ, ધમકાવ. જો, સાંજે કંડરીક ઉદ્યાને દર્શન કરવા જાય છે, તે

તકનો લાભ લઇ તુ મંદિરે પહોચી જા અને યશોભદ્રાને ગમે તેવાં વચન આપી મારી સાથે મેળવી આપ. તારી સેવાનો બદલો પૂરતો આપીશ.'

પ્રિયંવદાએ તો દેવી યશોભદ્રાનું સ્વરૂપ નજરે જોયું હતુ, એની પાસે હવે મહારાજાનુ નામ લેવું પણ અશક્ય હતુ, દેવીના પાકા જવાબ આગળ સમજાવટ બધી નકામી હતી અને એની ઉગ્રતા સહેવાની તાકાત પોતામાં રહેશે કે નહિ તેનો પણ પોતાના મનમા વસવસો હતો. છતાં રાજાની આજ્ઞા માનવા તે બંધાયલી હતી. એટલે એણે બનતું કરવા રાજાને જણાવ્યું. રાજાને પ્રિયંવદાની શક્તિમાં વિશ્વાસ હતો એટલે તે બધુ ઠીક કરી લાવશે એવી આશા સેવતો આખો દિવસ મહેલમા જ રહ્યો. પ્રિયંવદા ભેટના કપડાં તથા આભૂષણો પાછા લઇ સાંજ પડવાની રાહ જોવા લાગી.

સાંજે ફરી વખત તે દેવી યશોભદ્રાના મહેલ તરફ ગઈ. દરવાજે પહોચી ત્યા દરવાને ખબર આપ્યા કે તેને મહેલમાં પેસવા ન દેવાનો દેવી યશોભદ્રાનો હુકમ છે. તેણે દરવાનને કહ્યુ કે પોતે મહારાજાના હુકમથી ખાસ કામ માટે આવેલ છે દરવાન અંદર જઇ પાછો આવ્યો અને જણાવ્યું કે દેવી મળવાની સાફ ના પાડે છે અને તુરતજ મહેલ છોડી જવા ફરમાવે છે. આવી જાતના હુકમ સાંભળવાની પ્રિયંવદાને ટેવ નહોતી એટલે એને પણ અંદરથી ક્રોધની જવાળા લાગી, સવારની લાગેલી જવાળા સાંજે વધારે આકરી થવા લાગી અને પોતે દાંત કચકચાવી વૈરને પાકું કરી ત્યાંથી ચાલી નીકળી. પણ પાછા ફરતાં હવે મહારાજા પાસે વાત કેમ કરવી અને યશોભદ્રાને પાકી નસિયત કરી કેમ ઠેકાણે લાવવી અને ઠેકાણે ન લાવી શકાય તો તેના પર વેર કેમ વાળવું તેની યોજનાઓ મનમાં ઘડવા લાગી.

: ૬ :

# વિટનો ઉપયોગ

૧

રાજા પાસે પ્રિયંવદા આવી અને ખૂબ અતિશયોક્તિ કરીને વાત સંભળાવી. એણે જણાવ્યું કે યશોભદ્રા તો રાજાને ગાળો આપે છે, રાજા સંબંધી ન બોલવાનું બોલે છે અને જાણે પોતે રાજાથી પણ વધારે હોય એવો ગર્વ ધરાવે છે. એ તો ત્યાંસુધી બોલે છે કે રાજાને ગાદી પરથી ઉઠાડી પોતાના ધણીને ગાદીએ લાવવાના છે, રાજ્યમાં મોટો બળવો જગાડવો છે અને બધા ભાયાતો પસાયતાઓ અને નાના નાના ખડીઆ રાજાઓનું લશ્કર એણે એકઠું કરવા માંડયું છે અને કંડરીક પણ એમાં સામેલ થયેલ છે. આવી અનેક ભળતી વાત રસ ચઢાવીને એણે કરી અને રાજાને ખૂબ ચઢાવ્યો.

'રાજા વાજા ને વાંદરા, જેમ ભંભેરીએ તેમ ભંભેરાય'—એ જાણીતી કહેવત છે વિષય પરાધીન પડેલા રાજાના હાથમાં આ એક બ્હાનું આવી ચઢયું, પણ એનો ઉપયોગ કરવા પહેલાં એ વિચારમાં પડી ગયો. એને મનમાં હવે એવડી ફીકર થઇ. ભાઇ રાજ્ય પચાવી

પડે તો પોતાની કેવી રખડપટ્ટી થાય અને અંતે યશોભદ્રા તો હાથમાં આવવાની જ નહિ એ વિચારથી એને ભારે વિમાસણ થવા માંડી. પ્રિયંવદા તો વાત કરી ચાલી ગઇ, પણ રાજાને તે રાત્રે પણ જરાએ ઊંઘ ન આવી. હવે તો વિષય વાસના સાથે રાજ્યચિંતા જોડાઇ. હવે ઇંદ્રિયતૃપ્તિના વિકાર સાથે પોતાનું સમસ્ત સ્થાન ઊખડી જવાની કલ્પના જોડાઇ. હવે સગી માના પેટ સાથે હરીફાઇનું વેર જાગૃત થયું. હવે એને મન જીવનમરણના સવાલ છતા થઇ ગયા, એટલે શું કરવું અને કેમ કરવું અને કોની સાથે સલાહ મેળવવી એના તરંગમાં આખી રાત પસાર થઇ. ભાઈ સાથે તકરાર થાય તો કેટલા લશ્કરનો પોતે નાયક બને અને ભાઇ કેટલાને ખૂટવી શકે એની એણે ગણતરી કરવા માંડી. એને વચ્ચે વચ્ચે પોતાના ભાઇને બોલાવવાની મરજી થઈ, સામ સામે બેસી રાજ્ય સંબંધી ચોખવટ કરવાની મરજી પણ થઇ, પણ એમ કરવા જતાં પોતે નબળો કે નમાલો છે એવો ખ્યાલ ભાઇને આવે એટલે એ વાત ઠીક ન લાગી. એણે મનની સાથે બળાબળના આંકડા મૂકયા, એણે પદાતિ લશ્કર, ( પાયદળ ) ઘોડેસ્વાર લશ્કર, ( હયદળ ) હાથી અને રથના સરવાળા કર્યા, એણે નજીકના રાજામાંથી કયા રાજાનો આશ્રય લઈ, ભાઈ કંડરીક પોતા પર આક્રમણ કરે તેની ગણતરી કરવા માંડી અને આવા માનસિક વિચારમાં અને યોજનામાં અત્યંત કષ્ટ સાથે રાત્રી ઢંગધડા વગરની તંદ્રામાં અને માથા કે મેળ વગરના વિચારમા પસાર થઇ. રાત્રે ચારે વાગે પાછી યશોભદ્રા સાભરી. ગમે તેમ કરીને તેને હાથ નો કરવી જોઇએ, એ વિચારે મગજ પર કાબૂ લીધો એટલે વળી ભાઈ કંડરીક સાથેનું માનસિક યુદ્ધ જરા બાજૂ પર રહી ગયું.

રાજાની ,પાસે એક ' વિટ ' હતો. દરેક રાજા પાસે આવો એકાદ પુરુષ હોય છે. એ ઘણો ચાલાક, પાજી, લુચ્ચો અને ચબરાક હોય છે. એ વાત વાતમાં મશ્કરી કરે તો પણ એને ચલાવી લેવામાં

આવે છે; એને 'વિદુષક' અથવા 'રંગલો' પણ કહેવામાં આવે છે. એ દરેક વાતને ઢીલી કરી નાખનાર, ઘણા ગંભીર પ્રસંગ વખતે પણ વાતને તંગ થવા ન દેનાર અને બહારથી બેદરકાર દેખાવા છતાં અંદરખાનેથી ઘણા કુશળ હોય છે અને મોટા દરબારમાં એ આનંદ કરાવવાને નામે બીલકુલ જવાબદારી વગરનું છતાં અગત્યનું સ્થાન ધરાવે છે. એ ફીકર વગરનો, ઢીલો, અક્કલ વગરનો અને વાત વાતમાં હસાવનારો દેખાય, છતાં એ બહુ પહોંચેલ, રાજખટપટના દરેક અંશ જાણનાર અને ગમે તેના અંતરમાં પેસીને વાત મેળવનાર હોય છે અને ઠેઠ સુધીની ખાસ જરૂરી બાતમી તે કેટલીક વાર પૂરી પાડી શકે છે, અને મેળવી શકે તેવી સ્થિતિમાં હોય છે કોઇ પણ પરિસ્થિતિ ગંભીર ન થઈ જાય તેટલા માટે તેને રાજદરબારમાં સ્થાન હોય છે. રાજાઓ એની અંદર રહેલી હુશિયારીને જાણતા હોય છે, પણ એનો ઉપયોગ તો માત્ર ઠઠ્ઠા મશ્કરી કરવામાં, કોઇને બનાવવામાં કે કોઇ પણ વાતને ગંભીર થતી અટકાવવામા કરે છે.

મહારાજા પુંડરીકને રાતે ચાર વાગે પોતાનો આ વિટ સાંભર્યો. એના નટખટપણામા રાજાને ભારે વિશ્વાસ હતો. રાજાને મનમાં થયું કે જે કામ પ્રિયંવદા ન કરી શકી તે કદાચ વિટ કરી શકશે એ ઉપરાંત એને રાજ ખટપટ અને ભાઇ કંડરીકના કાવતરાની માહિતી પણ તે મેળવવી હતી એટલે એણે મનમાં નક્કી કર્યું કે સવારે વિટને બોલાવવો, તેનો ઉપયોગ યશોભદ્રાને પોતાની કરવાને અંગે કરવો અને સાથે સાથે કંડરીક પોતાનું રાજ્ય પચાવી પાડવાના કાર્યમાં કયાં સુધી વધ્યો છે તેની બાતમી પણ મેળવવી. હકીકત પાકી મળે ત્યારે સુબુદ્ધિ મંત્રીની સલાહ લેવાની ઇચ્છા પણ મનમાં રાખી, પણ એને સુબુદ્ધિ મંત્રીના સફેદ બાલ, ભવ્ય ચહેરો અને તીક્ષ્ણ આંખો યાદ આવ્યા તેની સાથે તેના ખ્યાલમાં યશોભદ્રા તરફનું પોતાનું આકર્ષણ તે જાણશે ત્યારે તેને માટે કેવો ખરાબ ખ્યાલ

આવશે એ વાત જરા ઝબકી તો ખરી, પણ ઝબકવાની સાથેજ દબાઇ ગઇ.

રાત્રે ચાર વાગે મહારાજા પુંડરીકની આંખો જરા મળી. મહારાણી દરમ્યાન ચાર વખત આવી ગયા હતા, રાજાને નિસાસા નાખતાં જોઇ ગયા હતા, આગલી આઠમની રાતની જેવીજ સ્થિતિ પાછી થતી જોઈ મુંઝાયા હતા પણ નિરૂપાય બની ચાલ્યા ગયા હતા. ચાર વાગે રાજાને ઊંઘતા જોઈ એને જરા નિરાંત થઇ અને પોતે જરા આરામ લેવા ચાલ્યા ગયા. તે દિવસની પ્રિયંવદાની બન્ને વખતની હીલચાલ એ જાણી ચૂકી હતી. પણ જાતે ભદ્રા હોવાથી વધારે ચકચાર ન કરતાં. મનનો ગોટો મનમાં ગળી ગઇ હતી. એને તો રાજાની વર્તમાન માનસિક નિર્બળતાને અંગે ભાવી ગાંડપણનો ભય લાગતો હતો એટલે નાની નાની વાત પર એનું મુદ્દામ લક્ષ્ય પણ નહોતુ રાણી પણ ચાર વાગ્યા પછી સૂતી.

બારસને દિવસે અગિયાર વાગ્યા સુધીમાં મહારાજા પુંડરીકે સ્નાન વિગેરે પૂરાં કર્યાં. આજે એની આંખમાં ઊંઘ, ચિંતા, ઉદ્વિગ્નતા અને ગ્લાનિ ભરેલાં હતાં, જાણે મહિના દિવસનો મંદવાડ ખાધો હોય તેવી ફિક્કાશ તેના ચહેરા પર જણાઇ આવતી હતી આજે એનાં ચાલવામા અને બોલવામાં અસ્થિરતા વધારે ઉઘાડી દેખાઇ આવતી હતી. અગિયાર વાગે એણે વિટને પોતાની પાસે બોલાવ્યો. વિટને રાજદરબારમાં સ્થાન હતુ, પણ મહારાજાએ પોતાની પાસે ખાનગીમાં એને કદી બોલાવેલ ન હોવાથી એને નવાઇ તો લાગી, પણ એ તુરત તૈયાર થઇ મહારાજા પાસે આવ્યો. એના મનમાં રાજ્ય માટે ગૌરવ હતું, રાજા માટે માન હતુ અને સાથે સાથે રાજા જોઇએ તેટલા મક્કમ નથી એ વાતનું અંતર દુઃખ પણ હતું. એની રાજ્ય તરફની ભક્તિ સદોદિત અને ભાવનામય હતી, અને એની અંદરની આવડત અને એકનિષ્ઠા માટે એણે રાજ્યમાં નામના મેળવી

હતી. એ રાજાની પાસે આવી પહોંચ્યો કે રાજા એને લઇ બાજુના કમરામાં ગયા અને ત્યાં વાતચીત શરૂ કરી.

વિટ—' મારા દેવ'! આ સેવકને કેમ યાદ કર્યો ? મારા યોગ્ય કાર્ય સેવા ફરમાવો. '

**મહારાજા**—' વિટ ! તારૂ એક ખાસ કામ પડ્યું છે. તારાથી એ કામ થઈ શકશે એમ મને લાગવાથી તને બોલાવ્યો છે. '

વિટ—' મારા દેવ ! ખોળિયુ આપનું છે, આ હાથ પગ આપના છે, અને આ મોજડિયુ પણ આપની છે. જે હોય તે ફરમાન કરી દો. '

**મહારાજા**—' તારી રીત પ્રમાણે તુ તો દરેક વાતને હસી કાઢે છે, પણ મારે તારી પાસે ઘણી અગત્યની અને ખાનગી વાત કરવાની છે અને તને કામ સોંપવુ છે. તુ સાવધ રહી કામ કરી શકશે ? '

વિટ—' સાહેબ ! જો વાતને નજીવી ન કરીએ અને દરેક વાતને તાણી મગજને હેરાન કરીએ તો પછી અહીં જીવાય જ નહિ. વાતને હાળી ટાળી નાખવાની ટેવ પાડવાથી ઘણાં લાભ થયો છે, નહિ તો દરરોજ છપ્પન વાધા પડે અને સાઠ કજિયા થાય. '

**મહારાજા**—' હવે તારૂ તત્ત્વજ્ઞાન તારા મનમાં રાખ. કામ સોંપુ તે કરી આપીશ કે નહિ અને વાત તદ્દન ખાનગી રાખી શકીશ કે નહિ તે સવાલના સીધા જવાબ આપ '

વિટ—' મહારાજા ! આ જીંદગીમાં હળવા થઈ જવાની જરૂર છે. ઘરસંસારમા પણ દરેક વાતનો તાગ લીધા કરીએ તો સગી બાયડી પણ કંકાસે ચઢી જાય, એટલે થોડુ આપણું રહે, થોડુ તેનું રહે અને એવા પરસ્પરના મેળથીજ અને લેમૂકના ધોરણે જ સસાર ચાલે. '

મહારાજા—તને એકવાર કહ્યું કે તારી લવારી છોડી દે અને તારૂં વહેવારૂ તત્ત્વજ્ઞાન તારા પેટમાં રાખ. મારા સવાલનો સીધો ચટ જવાબ આપ કે મારૂં કામ કરી આપશે કે નહિ અને વાતને ખાનગી રાખી શકશે કે નહિ ?'

વિટ—' સાહેબ ! મેં તો આજે આપનાં દર્શન કર્યાં ત્યારથી મારા પેટમાં ફાળ પડી છે. આપના ચહેરા પરની પીળાશ અને અડધી ઊંઘમાં લાલ દેખાતી આંખોમાં જણાઇ આવતી તંદ્રા અને આખા શરીરના હાલ હવાલ જોતાં મારાં તો હાજા ગગડી ગયાં છે. મને એમ થાય છે કે હું તો સાચુ જોઉં છું કે ઊંઘમાં-સ્વપ્નામાં પડી ગયો છુ ! દેવ ! આપને શું થયુ છે ? '

મહારાજા—તું આવા આડા અવળા સવાલો કરી નકામો વખત કાઢયા કરે છે અને મારા સવાલનો જવાબ આપતો નથી. મને ગમે તે થયું છે તેનુ તારે શું કામ છે? તુ મારા સવાલનો જવાબ આપ. બોલ ! તારાથી મારૂં કામ થઇ શકશે કે નહિ ? '

વિટ—' આપની તબિયત બાબતમાં મને થતી ચિંતાને અંગે કરેલા સવાલોને આપ નકામા કહેતાં હો તો ભલે, આપ સરમુખત્યાર છો. મારા દિલમાં તો આપના વર્તમાન હાલ જોઇને અગન વરસે છે, મારા પેટમાં લાય લાગી છે અને મારા છોકરાના સમ ખાઇને કહું છું કે અત્યારે મને મરવા જેવું લાગે છે. '

મહારાજા—' પણ વિટ ! તું તારી લાયરી જ કર્યાં કરીશ કે મારા સવાલનો જવાબ આપીશ ? '

વિટ—' આ શરીર આપનુ છે, આ જીવતર આપનું છે, આ મારૂં સર્વસ્વ આપનું છે. આપ મને સવાલ કરો છો તે સાંભળી મને થાય છે કે આપે મને બરાબર ઓળખ્યો નથી આ કારણે અને આપના મુખ પરના ઉદ્વેગને લઇને મને ચિંતા થાય છે. કોઇ જાતની શંકા કર્યા વગર કે ખાતરી માગ્યા વગર આપ મને ફરમાવો. '

**મહારાજા**—' સાંભળ ! મારી વાત તું ખાનગી રાખશે એની ખાતરી છે. તને સીધો સવાલ પૂછું છું કે યશોભદ્રાને મારી કરવી છે, એને માટે હું ગાંડો થઇ ગયો છું, મને એના વગર ચેન પડતુ નથી. એને મારી કરવાની છે. એને વશ કરવાનું કામ કરી આપીશ ?'

વિટને તો આ સવાલ સાંભળી ઝાટકો પડયો. એ લહેરી હતો, પણ મનુષ્યનું મન સમજવાની એનામાં આવડત હતી. મહારાજા પોતાના સગા ભાઇની વહુ ઉપર નજર બગાડે એ વાત એની કલ્પનામા પણ આવે તેવી નહોતી. એ આખી પરિસ્થિતિ સમજી ગયો અને તુરત રાજાને રાજી રાખવાની હોંસમાં આવી ગયો એણે આગળ પાછળનો વિચાર કર્યો વગર જવાબ આપ્યો

વિટ—' અરે સાહેબ ! એમા આટલી બધી ચિંતા શી કરી ? એક ચપટી વાગે તેટલા વખતમાં એ કામ કરી આપુ એને જેમ બને તેમ જલ્દી આપની પાસે ખડી કરી દઉં. એ તો આખર બૈરી જાત છે ને ? અને બૈરીની બુદ્ધિ પાનીએ હોય આપ ચિંતા છોડી દો. હું મારી આવડતનો ઉપયોગ કરૂં છું. આપ મોજ કરો.'

**મહારાજા**—વિટ ! તું ધારે છે તેટલી એ સહેલી વાત નથી. તું સમજાવટ થી ફોસલાવજે, વસ્તુઓના લોભમાં નાખજે અને જરૂર પડે તો ધમકાવજે—પણ કામ જલદી કરી આપવું જોઇશે તને ન્યાલ કરી દઇશ.'

વિટ—' આપ મારી ઉપર વિશ્વાસ રાખી આખી જીંદગીમ આ એકનું એક ખાનગી કામ પહેલી વખત મને સોપી રહ્યા છો તેમાં તે હું પાછો હઠું ? આપ મારી આવડત પર ભરોસો રાખો અને હવે રાજકાજમાં જીવ પરોવી દો. હુ જેમ બને તેમ તુરતમા કામ સાધી આપની પાસે હાજર થઇશ. આપ મારા પર પ્રતીતિ રાખો.'

મહારાજાએ એને જરૂરી ખરચ કરવા પરવાનગી આપી દીધી.

વાતને કોઇ પાસે અણસારો પણ ન થઈ જાય તેની ચીવટ રાખવા કહી દીધું અને વાતમાં ઢીલ ન કરવાની ભલામણ કરી દીધી. વિટે રાજા પાસેથી જશ ખાટી લીધો. પોતે મનમાં માની લીધુ કે રાજાની મહેરબાની તેના પર ખૂબ વધી જશે, પણ રાજા પાસેથી બહાર આવ્યા પછી એને વાતની કઠીનતા નજર પર તરવરવા લાગી. એણે દેવી યશોભદ્રાની શાંતપણ મક્કમ મુખમુદ્રા અનેક વાર જોઈ હતી, પણ એની સાથે વાત કરવાનો પ્રસંગ એને મળેલ નહોતો. આવા અલ્પ પ્રસંગવાળા મનુષ્ય પાસે એટલ્દસ નાજુક વાત કરવાની જીભ કેમ ઊપડશે એની પ્રથમ તો એને શંકા આવી, પણ પોતાની વાત કરવાની કળા અને આવડતનું એને અભિમાન હતું એટલે એતો રાજમહેલમાંથી સીધો જ કંડરીકના મહેલ તરફ ચાલ્યો.

યુવરાજ કંડરીક અત્યારે મહેલમાં છે એમ ખબર મળતાં વિટ પોતાને ઘેર ગયો અને જમી પરવારી બધી ગણતરી કરવા લાગ્યો. આ કામ રસ્તે કઈ રીતે ચઢે તેના માર્ગો વિચારવા લાગ્યો અને રાજ-મહેલમાંથી સીધો કંડરીકને મહેલે હોંશમાં ચાલી જવામાં પોતે ઉતાવળ કરી હતી એમ તેને હવે લાગવા માંડયું. રાજાએ પોતાને ખાસ કામ બતાવ્યું હતું એ વાતની એનામાંથી ખુમારી જેમ જેમ ઓછી થતી ચાલી અને દુનિયાના ચાલુ ગૂંચવાડાઓના ખ્યાલો થવા માંડયા તેમ તેમ તેની નજરે દેવી યશોભદ્રાની મક્કમ મુખમુદ્રા યાદ આવી. તેની સાથેજ કંડરીક ભલો માણસ છે તે એની નજરે નમાલો લાગ્યો અને એની સાથેની ગાંઠ તોડવામાં અગવડ નહિ પડે એમ લાગ્યું. કંડરીકને મહેલે જતાંજ એને પાછું વળવું પડયું હતું એમાં એની નજરે અપશુકન લાગ્યા હતા. પહેલે કોળિયે માખી આવી ગઇ એવી ભ્રમણા થઈ હતી, તેને બદલે આ વિચાર કરવાનો અને પાસા ગોઠવવાનો વખત મળ્યો એટલે બધી વાત ઠીક થઇ છે એમ એણે ધારી લીધું. યશોભદ્રાની પાસે જવા પહેલાં તેના સંબં-

ધમાં જરૂરી માહિતી મેળવવાથી કામમાં સરળતા આવશે એમ એને લાગ્યું અને તેટલા સારૂ એ દિશા તરફ પ્રયત્ન કરવા નિર્ણય કર્યો. જરૂરી હકીકત જાણી એણે યશોભદ્રાના શોખને યોગ્ય ખાનપાનની અને પહેરવાની ચીજો એકઠી કરવા માંડી. એને ખાસ પસંદ આવે તેવાં ઘરેણાં એકઠા કર્યાં, હિરા માણેકના મહામૂલ્યવાન હારો ખરીદી લીધા, ભારે પ્રયત્નથી તૈયાર કરેલ નમુનેદાર, રંગબેરંગી બાંધણીઓ એકઠી કરી અને મહામૂલ્યવાન માદક પાન તૈયાર કરાવ્યાં. મહારાજાના હુકમથી એને કિંમત માટે વિચાર કરવાનો નહોતો એટલે એણે તો મોટો કરિયાવર દોઢ દિવસમાં તૈયાર કરી દીધો. પોતાની ખાનગી તપાસમાં એને માલૂમ પડ્યું કે કંડરીક સાંજે દેવમ દિરે દર્શન કરવા અને પછી લટાર મારવા જાય છે, ત્યારે યશોભદ્રા મહેલમા એકલા હોય છે તે ખબરનો લાભ લઈ તેરશની સાંજે તે યશોભદ્રાને મહેલે પહોંચી ગયો. પોતાની સાથે માત્ર બે હિરાજડિત હારો રાખ્યા અને દરવાનને વરધી આપી પરવાનગીથી યુવરાજ કંડરીકના મહેલમાં દાખલ થયો.

દેવી યશોભદ્રા સાથે એને સીધો પરિચય નહોતો પણ રાજપુરૂષ તરીકે દેવી યશોભદ્રાએ એનું નામ સાભળ્યું હતું અને રાજસભામાં એને બે વખત દૂરથી નજરે જોયેલ પણ હતો. એ મહેલમાં અંદર આવ્યો. દેવી આવ્યા. દેવીને એણે નમન કર્યું. દેવીને જમણે પડખે આસન પર એ બેઠો. દેવી સમજ્યા કે એને યુવરાજ કંડરીક સાથે કોઇ રાજકારણની વાત કરવી હશે એટલે વાત શરૂ કરી.

**યશોભદ્રા**—'યુવરાજ તો દેવદર્શને ગયા છે. પાછા ફરતાં કલાકેક લાગશે. એ દર્શન કર્યા બાદ ફરવા જાય છે.'

વિટ—'હુ તો આપની પાસે આવ્યો છું. મારે યુવરાજનું કામ નથી. યુવરાજમા વાત કરવાની હામપણ કયા બળી છે?'

**યશોભદ્રા**—' એટલે તુ શું કહેવા માગે છે? યુવરાજ સાથે તેં કેટલીવાર વાત કરી છે? તને ગમે તેમ ફાટયું ફાટયુ બોલતા આવડે છે તે હું જાણું છું, પણ જો યુવરાજ માટે કાંઇ બોલ્યો છો તો દરવાજાનો રસ્તો તને દેખાડી દઇશ.'

વિટ—' દેવી ! આમ ગુસ્સે કાં થઇ જાઓ છો. હું તો તમને યુવરાજથી પણ ચઢે તેવા અને તમને ગમે તેવાની વાત કરવા આવ્યો છુ. જુઓ આ હીરાના હાર. બાકી અઢળક મૂલ્યની વસ્તુઓ તમને ગમે તેવી ભેગી કરી છે. તે સ્વીકારો અને મોજ કરો.

**યશોભદ્રા**—' તુ આ શું બકે છે? કોની સામે બકે છે? તારા કહેવા પરથી હુ માનું છુ કે તારા રાજાએ તારો વિટ તરીકે ઉપયોગ કરવા માંડયો છે. જો એમ હોય તો ફટ છે તારા અવતારને ! આવા **ધંધા કરીને પેટ ભરવું તેના કરતાં તેને ફોડી નાખવું એ હજાર દરજે સારૂં ગણાય.'**

વિટ—' દેવી ! મારી વાત સાંભળો. મારો ફુલ્લો રાજા તમને ખૂબ ચાહે છે, એ તમને રાણી પદે સ્થાપશે, તમને સર્વ પ્રકારનું સુખ આપશે અને તમને આનદ મંગળમાં અપનાવશે. અને આ ભાન વગરના ભોળા કુડરીકમાં શું બળ્યું છે? નથી એનામાં બુદ્ધિ, નથી બળ, નથી શાણપણ, નથી રૂપરંગ કે નથી શૌર્ય તમે ગાંડા ન થાઓ અને ઊગતા જોબનના લ્હાવા લઇ લો.'

**યશોભદ્રા**—' ઊભો થઇ જા, જીભની લવારી બધ કર, અને આ દિશાએ પગ ન મૂકતો; આવી વાત ફરીવાર ન બોલતો. **સતીને મળ્યો તે પતિ,** એ એનો જીવન આધાર અને એ એનો માલેક, એ એનો સૌભાગ્ય રક્ષક, **એ એનો** છત્રપતિ–તારા રાજાને કહેજે કે કેસરી સિંહ ખડ ખાય નહિ અને અંગધક કૂળના સર્પ વમન કરેલા વિષને પાછું ખેંચે નહિ. મારે તો મારા દેવ યુવરાજ છે, અને મારૂં સર્વસ્વ પણ એજ છે. એને માટે આવા તુચ્છ શબ્દ વાપરવા તને શીખવ્યુ કોણે? અને એવુ બોલતાં તારી જીભ પણ કેમ ઊપડી?'

વિટ—' મને કોઇએ શીખવ્યું નથી. હું તો જેવું જોઉં છું તેવુ બોલુ છું. આ રાજા તો ઈંદ્રનો અવતાર છે, મહા પુણ્યવાન છે, અતિ બુદ્ધિશાળી છે, ખૂબ લોકપ્રિય છે અને આ આખા દેશમાં એની આણ પ્રવર્તે છે. એના પડખાં સેવવાં, એના સાથે મોજ માણવી—એતો જીંદગીનો લહાવો છે. ભવોભવનાં તપ કર્યાં હોય ત્યારે આવો જોગ સાંપડે. અને કંડરીકમાં કાંઇ માલ નથી. એતો ભોળો રાજા છે અને બીન આવડતનો બાવળીઓ છે. એનામાં કાંટા ઘણા છે અને સુગંધનું નામ નથી. તમે કયા આ ચાડલો કરવા આવતી લક્ષ્મીને નકારો ભણો છો ?'

યશોભદ્રા—' તારો લવારો બંધ કર. ઉપાડ તારા હાર, તું રાજપુરૂષ છે તેથી તને ધક્કા મરાવી બહાર કાઢવો એ ઠીક નથી. મારે તો યુવરાજ દેવ છે, મારા સૌભાગ્યના સ્વામી છે અને મારી આંખોના તારા છે. તારા રાજાને કહેજે કે આવી ઘર બગાડવાની વૃત્તિને પરિણામે રૌરવ નરકમા પડશો આવી પાપી લિપ્સા છોડી દઇ રાજકાજ સંભાળો. હું હવે તારી સાથે વધારે વાત કરવા ઇચ્છતી નથી.'

વિટ—દેવી ! ભૂલ ખાઓ છો. તમારો થઇને કહું છું કે સમજી જાઓ. આવી તક જીંદગીમાં વારંવાર આવતી નથી. આ મોટા દેશની મહારાણી-સામ્રાજ્ઞીનું પદ પ્રાપ્ત કરી લેવાની આ તક છે. મહારાજા દેવી યશોધરાને દૂર કરી નાખશે, એનો કાંટો કાઢી નાખશે અને તમને અપનાવશે. તમારા પર એમનો સાચો પ્રેમ છે અને તમે અત્યારે થોર સાથે ઘસાયા છો, તેને બદલે બાવના ચંદને પકડી લો. આવેલ અવસર ઠેલો નહિ, હાથે કરીને પસ્તાવાને પગલે ચઢો નહિ અને મુજ ગરીબની સલાહ માનો. કયા: રાજા ભોજ ને કયાં અગોનેલી' પુંડરીક અને કંડરીક એક માબાપના પુત્રો છે, પણ એક આંબાની બે કેરીમાં એક મીઠી અને બીજી ખાટી હોય તેમ પુંડરીક મહારાજ તો બંકો છે, ઉમરાવ છે, રસિક છે, ઉદ્દેચન કરે તેવા પ્રકારની પ્રતિભાસ પન્ન છે અને કંડરીક તો ગામડીઓ છે, બોડકો છે. તમે તો મહારાજાની પડખેજ શોભો.'

**યશોભદ્રા**—'નીચ ! અધમ ! પાપી ! તારી સાથે મારે સભ્યતાથી જ વાત કરવી હતી, પણ તું મારા મ્હોંમાં આંગળા ઘાલી બોલાવે છે. ફરીવાર કહું છું કે ચાલ્યો જા, ચૂપ રહે અને તારા હાર ઉઠાવી લે. મારા દેવ મારા પતિ છે, મારૂં સર્વસ્વ મારા દેવ છે અને મારૂ જીવન મારૂં ધ્યેય અને મારો આત્મા તન્મય છે, ને સિવાય અન્ય તરફ મે કદી નજર કરી નથી. તારા રાજાને કહેજે કે સતીને એકજ પતિ હોય છે. ચાલ્યો જા, ઊઠ અને મને વધારે ઉશ્કેરી તારા જેવા રાજાના માનીતાનું અપમાન કરાવ નહિ. એક શબ્દ વધારે બોલ્યો તો તારી જીભ ખેંચી કાઢીશ.'

વિટે જોયું કે હવા એકદમ ગરમ થઇ ગઇ છે, વધારે વાત કરવામાં સાર જેવું નથી. એની નજરે એણે દેવી યશોભદ્રામા પાકો નિર્ણય વાંચ્યો દેવી યશોભદ્રા કંડરીકના જીવતાં તો કદી પુંડરીકને મળે નહિ એ પોતે બરાબર જોઇ શકયો. એને મનમાં યશોભદ્રા માટે માન પણ થયું, પણ પોતાનું અપમાન કરતી દેવીને જોઇ એના મનમા વૈરની અંગત ગાઠ પણ તે વખતે પાકી બંધાણી, એક વધારે શબ્દ બોલ્યા વિના એ ઊઠયો, હાર લઇ લીધા અને વિદાય થયો. દેવીએ એને 'આવજો' એટલું પણ ન કહ્યું. એ દાંત કચકચાવતો ત્યાંથી બહાર નીકળ્યો. પોતાના કામમાં નિષ્ફળ નીવડયો એટલે રાત્રે તો રાજા પાસે પણ ન ગયો. વાત કઇ રીતે સુધરે તેની યોજનાના પાસાઓ એ ગોઠવવા લાગ્યો. એના મનમાં યોજના ઘડાય પણ યશોભદ્રાનો મક્કમ નિર્ણય યાદ આવે એટલે એ યોજના પાકી ભાગીને ભૂકો થઇ જતી હોય એમ એને લાગ્યું. આખી રાત વિટ વિચાર વમળમા ગૂંચાયો પણ કોઇ નિર્ણય પર આવી શકયો નહિ. અંતે ચાર વાગે પ્રભાતે એને સ્ફુરણા થઇ કે કંડરીકનો કાંટો નીકળી જાય તોજ મહારાજાની ધારણા સફળ થાય. આવા અવ્યવસ્થિત નિર્ણય પર આવી એ મોડો મોડો ઊંઘી ગયો.

卐

: ૭ :

## વિટની વાતો અને આતુરતામાં વધારો

બીજે દિવસે સવારે સ્નાન શૌચ વિગેરે નિત્યકર્મથી પરવારી વિટ મહારાજા પુંડરીક પાસે હાજર થયો. મહારાજા તો ફતેહની વાત સાંભળવા આતુર હતા. એણે વિટને આવતો જઇ પોતાની પાસેના સેવકોને દૂર કર્યાં, પણ વિટનું પડેલું મ્હોઢું જોઈ રાજાનો મિજાજ ફંડો થઇ ગયો. એને વિટની કળા આવડત અને જાળબિછાવટ ઉપર ખૂબ ભરોંસો હતો, એટલે વાત રાજાએજ શરૂ કરી.

મહારાજા—'કેમ વિટ! કામ ફત્તેહ કરી આવ્યો? તારો તો ફત્તે હોય જ!'

વિટ—'મારા દેવ! કામ રસ્તાસર લઇ આવવા ખૂબ પ્રયાસ કર્યો પણ અત્યારે તો કામ ઊલટું વટકાઇ પડ્યું છે, કામ આડે રસ્તે ચઢી ગયું છે અને વાત હાથથી સરી ગઇ છે.'

મહારાજા—'એટલે તું શું કહેવા માગે છે? ભદ્રાને તું મારી ના કરી શક્યો? હું તો આજ કાલના સંકેતની રાહ જોઇ રહ્યો છું અને મારે તો એક એક દિવસ વરસ જેવો થઇ પડ્યો છે. હું કાક

રાત્રે પણ મોડી રાત સુધી તારી રાહ જોઇ રહ્યો હતો. સીધી વાત કર અને ચોખ્ખો જવાબ આપ.'

વિટ—' મારા દેવ ! મેં મહેનત અને ખરચમાં બાકી રાખી નથી. મેં આપના હુકમથી અનેક વસ્તુઓ વસાવી, ભાતભાતની સુગંધીઓ એકઠી કરી, જાત જાતનાં અત્તર અને અંજનો વેચાતાં લીધાં, રંગબેરંગી સાડીઓ ખરીદી, ભારે વસ્ત્રો લીધા, સોના હીરા માણેકના ઘરેણાં લઈ લીધાં—'

મહારાજા—' ટૂંકી વાત કર, તને જવાબ શો મળ્યો ? મારો અને યશોભદ્રાનો મેળાપ ક્યારે ગોઠવી લાવ્યો છે ? તે રાત્રે મળશે કે દિવસે મળશે ? અંધારે મળશે કે અજવાળે મળશે ? નકામાં ટાયલાં મૂકી દે. મારા સવાલનો જવાબ આપ અને ખોટી લાયરી મૂકી દે. મારે તો અત્યારે દરેક ક્ષણ લાખેણો જાય છે, '

વિટ—' વસ્તુઓ વસાવવી તો ઘણી, પણ ભદ્રા પાસે એક સાથે તો કેવી રીતે લઇ જવાય ? એટલે કાલે રાત્રે તો માત્ર હીરા માણેકના એ હાર લઇને ગયો. મારે દિવસે તો ભદ્રાને મળવુ નહોતું અને સાંજના વખત સિવાય ભદ્રા બા એકલા મળે તેમ નહોતુ, એટલે હું કાલે સાંજે—'

મહારાજા—' લાયરી મૂક, વધારે વાત ન કર, ટૂંકી વાત કર. તુ ક્યારે ગયો અને કેમ ગયો તેનું મારે કામ નથી. તું વાત કેવી રીતે લંબાણ કરે છે ? વાત નક્કી કરી આવ્યો કે નહિ તેનો સીધો જવાબ આપ. તારી દરરોજની રીત છોડી દે. '

વિટ—' હાજી હું કાલે સાંજે ત્યાં ગયો ત્યારે ભદ્રા બા એકલા હતા. એને પ્રથમ તો કોઈ દિવસ નહિ અને તે દિવસે ગઈ કાલે મને ત્યાં આવેલો જોઈ આશ્ચર્ય થયું, કારણ કે મારા દેવ ! મારે આપને જણાવવું ઘટે કે અત્યાર આગમચ હું કંડરીક યુવરાજને મહેલે કદી ગયો નહોતો. '

**મહારાજા**—' હવે મેલને પૂળો મહેલ પર, અને ચીજો પર અને ખાલી ડફાસો પર. આ રીતે તો સાંજ સુધી તારી વાત પૂરી નહિ થાય. ટૂંકામાં કહી દે કે તારી વાતનું શું પરિણામ આવ્યું ? '

આટલી વાત થઇ ત્યાં દેવી યશોધરા આવી પહોંચ્યા. વિટને જોઇ એ જરા છોભીલા તો પડયા, પણ વિટની સાથે રાજા ધ્યાન દઇને વાત કરતા હતા અને છેલ્લા પાંચ દિવસથી જે ગંભીરતા ધારી રહ્યા હતા તે તેનાથી જુદી સ્થિતિ જોતાં દેવીને આશ્ચર્ય થયું. તેણે સીધો સવાલ વિટને પૂછયો—' અલ્યા વિટ ! અત્યારે જમ્યા જૂઠયા વગર વહેલી સવારે તું અહીં કયાંથી ? કેમ કાંઇ રાજાને મજાક કરાવવા આવ્યો છે ? ચાલ, રાજાને હવે જરા નાહવા ધોવા જમવા દે.'

મહારાજા તો વાતનો તાગ લેવા ઉત્સુક હતા, એને યશોભદ્રાનો જવાબ જાણવો હતો, એને વિટની લાંબી લાંબી વાત ગમતી નહોતી, એ તો ' ટપ પડયા ને ટપ મૂઆ 'ની જેવી વાતમાં માનનાર હતા અને માણસ જ્યારે એક વાતની લત લઇ બેસે છે ત્યારે તેને બીજી વાતો ટાયલા જેવી લાગે છે. સામો માણસ પોતાની કામગીરી બતાવવા ઉત્સુક હોય છે, જ્યારે આતુર માણસ પોતાના મુદ્દા પર હોય છે. એક જાનમાં સાથે ગયેલા જાનૈયાની દૃષ્ટિ જમવા પર હોય છે, ત્યારે વરરાજાની નજર કન્યા પર હોય છે. આ દૃષ્ટિબિન્દુ ઘણી વખત વાત કરનાર ભૂલી જાય છે અને પોતાની અગત્ય બતાવવા ખાતર નાની નાની બાબતોમાં પણ મીઠું મરચું ભભરાવીને વાત લંબાણ કર્યા જ કરે કરે છે. એમાં સામાને રસ છે કે નહિ, સામાનો મુદ્દો શો છે, સામો સાંભળનાર કેટલી વાત જાણવા ઇચ્છે છે અને નકામા ટાયલાંથી કેટલાં કંટાળી જાય છે તેનો વિચાર કર્યા વગર પોતાની કથા કર્યા જ કરે છે. પોતે કયાં ગયો અને કયારે ગયો અને કેમ મોડો થયો એવી આજુ

બાજુની સાચી કે ભળતી વાત કરવામાં ઘણીવાર મૂળ મુદ્દો જ ભૂલી જાય છે અને પછી તો સ્મશાને જાય તો એ ' મને હમણા જ ખબર પડી, ફલાણા ભાઇએ કહ્યું ! ' આવી આવી લાયરી કરે છે. પણ એના ધ્યાનમાં રહેતું નથી કે સામાને દિલાસો આપવામાં આવી આવી ભળતી વાતને શું સ્થાન છે ? એવી કચરાપટી વાતને સ્થાન હોય પણ ખરૂં ? **વાત કરવાની કળા** છે, પણ એ જેને તેને આવડતી નથી. ગપીદાસો ( Gossips ) ગામનાં ટાયલા કર્યા કરે છે, કંટાળો નીપજાવનાર આત્મઘેલા ( Bores ) પોતાની જ વાત કરે છે, અને રસિક વાત કરનારાઓ ( brilliant conversationists ) હમેશાં સાંભળનારની જ વાતચીત કરે છે અને સાંભળનારને રૂચે તેવી અને તેવા પ્રકારે વાત કરે છે. વાત કરવાની કળા જેને સાંપડી જાય છે તેને જીવનમાં ખૂબ સરળતા થઇ જાય છે, તેના પોતાના માર્ગો તુરત સાફ થઇ જાય છે અને તેને અલ્પ પ્રયાસે ઘણો લાભ મળે છે. વિટ વાતમાં કુશળ હતો, ભાષા પર અસાધારણ કાબૂ ધરાવનાર હતો. પણ એ સામાની ઉત્સુકતા, અધીરપ કે વલણ ઉપર જરા પણ ધ્યાન આપનાર ન હોવાથી વાત કરનાર તરીકે નીચલા વર્ગનો હતો.

મહારાજા પુંડરીકને એના ઉપર બહુ દુઃખ લાગ્યું, એ વાત સુધરી છે કે બગડી છે એ પણ સમજ્યા નહિ અને રાણીની હાજરીમાં હવે વધારે વાત થઇ શકે તેમ નહોતુ. રાણી કાંઇ સમજી શક્યા નહિ, પણ વિટની સાથે વાત કરવાને અંગે મહારાજામાં મોટો અણધાર્યો ફેરફાર થઇ ગયો છે એટલું જાણી ગયા. રાજા ખૂબ ધ્યાનથી સવાલ જવાબ કરી રહ્યા છે અને અંદરની મુંઝવણ, આંખમાં દેખાતી આતુરતા, ચહેરા પર આકાંક્ષા અને શરીર પર ઉન્માદ બતાવી રહ્યા હતા, તેથી રાણીને નવાઇ લાગી. છેલ્લા પાંચ દિવસથી રાજા કોઇ વાતમાં રસ લેતા નહોતા, કોઇની સાથે આનંદ કરતા નહોતા

કે વાત કે સવાલ પૂછતા નહોતા, ત્યારે અત્યારે જુદો જ રંગ હતો. રાણીને એમ પણ લાગ્યું કે બન્ને જણાઓ વાત કરતા એકદમ અટકી ગયા, જાણે રાણી ત્યાં આવી નીકળ્યા તે બન્નેને ગમ્યું ન હોય તેવો ભાવ દાખવી રહ્યા—એ વાત રાણીને ન ગમી. અને અત્યાર સુધી રાજકારણની કે પરદેશના રાજ્ય સંબંધીની કે પ્રજાના વર્તન-સબંધીની કોઇ વાત તેનાથી મહારાજા ખાનગી રાખતા નહોતા, તેને બદલે તે માત્ર એટલું જ બોલ્યા કે 'વિટ' ત્યારે મને તુરત મળજે.' વિટ ચાલતો થયો. રાણીને આ છેલ્લા પ્રસંગથી ખાસ ખેદ થયો. અને લાગ્યું કે રાજમહેલમાં કોઇ વાત તેનાથી ગુપ્ત જરૂર ચાલે છે. રાણીએ વાતનો પ્રકાર શો છે તે જાણવા માટે પ્રયાસ કર્યો, વિટ અત્યારે શું કામે આવ્યો હતો તે સંબંધી સવાલ કર્યો, પણ રાજાએ જવાબમા ગોટા વાળ્યા, સવાલ ઉડાવ્યો. એટલે મહારાણીને વધારે ઉકળાટ થયો, રાજાની માનસિક નબળાઇમાં વધારો ન થાય તે ખાતર તે વધારે ન બોલ્યા, પણ એના મનમાં કચવાટ જરૂર થયો. અને એણે તર્કવિતર્કની પરંપરાને સ્થાન આપ્યું, પણ અત્યારે તો એ ગમ ખાઇ ગયા.

વિટના ગયા પછી મહારાણીએ રાજાને સમજાવી ઉઠાડયા, તેમને સ્નાનભોજન કરવા સમજાવ્યું. મહારાજાએ સ્નાનભોજન કર્યાં પણ એનું મન વિટની વાત પર લાગેલું હતું, એની રઢ ભદ્રાનો જવાબ સાંભળવા પર લાગી હતી અને એને તો મનમાં અનેક સવાલો થયા કરતા. ઘડીકમાં એને થતું હતું કે વિટ ભારે પક્કો છે એટલે એના કામમાં એ જરૂર ફાવ્યો હોવો જોઇએ, ઘડીકમાં એને થતું હતું કે ભદ્રા બહુ જક્કી છે, એ કદી પણ પોતાનો હઠ છોડે નહિ અને એ પોતાની થાય જ નહિ. અને પ્રિયંવદા દાસી સાથેનો ભદ્રાનો પ્રસંગ યાદ આવે અને પોતે મનમાં હતાશ થઇ જાય; વળી એને મનમાં થાય કે યશોભદ્રા ગમે તેવી પણ બૈરીજ છે ને, એ વિટના વાણીવિલાસ

પાસે જરૂર ઢળી અર્ઘ હશે. વળી એને ભદ્રાનાં રૂપ, નમણાઈ અને મક્કમતા યાદ આવે, આતુરતા વધે અને વળી એની મૂર્તિ સામે ખડી થઇ જાય. જાણે એ કોઇવાર ઠપકો આપતી જણાય, કોઇવાર નમ્રતા બતાવતી જણાય, કોઇવાર તિરસ્કાર કરતી જણાય, કોઇવાર છણકો કરતી જણાય અને કોઇવાર આંખ આડા હાથ દઇને દૂર નાસતી જણાય !

બપોરે આરામ લેવાને વખતે આવી ઢંગધડા વગરની સ્વપ્નસૃષ્ટિ રચી. રાણી એના પલંગપર બેસી રહ્યા પણ રાજા એક અક્ષર તેની સાથે બોલ્યા નહિ. પલંગમાં પડયા પડયા યશોભદ્રાનો વિચારજ કરતા રહ્યા. અને માણસ જ્યારે ઠેકાણા વગરના તરંગે ચઢી જાય છે ત્યાર પછી માપ કે પ્રમાણ રહેતું નથી, એતો ઓતરમાંથી દખ્ખણમાં નાસે અને ઉગમણમાંથી આથમણામાં ઊડે. તરંગને પાંખો ફફડાવવી પડતી નથી, એને સ્થાન મર્યાદા નથી, એને વ્યવસ્થાના અંકુશ નથી, એને સામાના અભિપ્રાયની ગણના કે ખ્યાલના કરવાની હોતી નથી. તરંગે ચઢેલ જીવ ડૂબકીઓ માર્યાજ કરે છે, ધંપછાડા કર્યા કરે છે અને ગોટાવાળી મનને નબળું કચવાટવાળું અને ગોઝારૂ બનાવી મૂકે છે.

આજે તે રસનો દિવસ હતો. મહારાજા જન્મદિવસ પછી કચેરીએ પધાર્યા નહોતા, રાજકારણમાં કાંઈ ધ્યાન આપતા નહોતા, લોકોમા એને અંગે તરેહ તરેહ વારની વાતો ચાલ્યા કરતી હતી, કોઇ કહે રાજાનું ફટકી ગયું છે, કોઇ કહે રાજાને રાજરોગ થયો છે, કોઇ કહે રાજા નવી રાણી પરણનાર છે, કોઇ કહે યશોધરા દેવીને છોકરાં થતાં નથી તેથી રાજા તેના ઉપર ખફા થયા છે. કોઇ તો એવા એવા તુક્કા ઉડાવતા હતા કે તે લખી પણ શકાય નહિ. રાજા તો ચાર દિવસથી ખલાસ થઇ ગયા છે અને તેની ગાદી પર કોને બેસાડવો તેની તકરાર ચાલે છે એટલે રાજાના અવસાનની વાત છૂપાવ-

વામાં આવે છે વગેરે વગેરે. લોકોને મોઢે કોઇ તાળું મારી શકતું નથી અને તરંગી ભેજાંને નવી નવી વાતો ચલાવવામાં ખૂબ રસ પડે છે. જરા ગંભીર ચહેરે અને જાણે પોતે ખાનગી ભરમ જાણતા હોય તેવા દેખાવથી વાત કરે અને વાત આગળ ચાલે અને દરેક આગળ ચલાવનાર પાચ સાત ટકા વધારીને વાત કરે, એમ વાત વિસ્તરતી જાય છે અને વધારો પામતી જાય છે. ગામમાં હવે તો વાત વધારે વધારે ચાલવા માંડી, માથે હોળીનો મહોત્સવ આવતો હતો એટલે લોકો નવરા હતા.

સુબુદ્ધિ મંત્રીના જાણવામાં આ ઊડતી વાતો આવી. એને સાકેતપુરની સરહદ ઉપરથી કેટલીક બાતમી પણ મળી હતી. મહારાજાને મળવાની એને જરૂર લાગી. એ જાણતા હતા કે કવખતે પોતે રાજમહેલમાં જશે તો ગામમાં વાતો વધારે જરૂર ચશે, કારણકે આવા મહા અમાત્ય અને મોટા અમલદારની નાની મોટી હીલચાલો પર નગરજનો બહુ બારિકીથી નજર રાખે છે અને એમની વાત ખુબ રસપૂર્વક કરે છે. રાજકથા અને દેશકથાને ખાસ સ્વરૂપ આપી અનર્થદંડમા એને ખાસ સ્થાન અપાયું છે તેનું કારણ એજ છે કે એમાં પાઇની પેદાશ વગર લોકો ઘણો સમય બરબાદ કરે છે અને અતિશ્યોક્તિ કરી વાતને ખોટું રૂપ આપે છે અને ઘણીવાર મનઘડંત વાતો બહાર ચલાવે છે. એ લોકસ્વભાવને બરાબર સમજવાની જરૂર છે. પ્રાચીન કાળથી એક એવી માન્યતા ચાલે છે કે આતવારે ( રવિવારે ) ગાય પાડાને જન્મ આપે તો અશુભ ગણાય અને તેના નિવારણને અંગે એક મોટો ગપાટો મારવો જોઇએ. વાત સાભળીને લોકો ચોકી જાય એટલે અપશુકનનું નિવારણ થાય. આ કારણે પ્રાચીન કાળમા માથા કે મેળ વગરની રાજકથા અને દેશકથા લોકોમાં ખૂબ ચાલતી હતી. વગર માગ્યા અભિપ્રાયો અપાતા હતા અને નાની વાતને કેટલીકવાર મોટું રૂપ અપાતું અને ઘણીવાર તો ધરમૂળથી

કલ્પનાથી વાતો ઊભી કરી તે પર મોટી ઈમારતો બાંધવામાં આવતી. આ લોકસ્વભાવ મહામંત્રી જાણતા હતા, પણ તેને અત્યારે લાગ્યું કે રાજા સાથે સીધો સંપર્ક સાધવાની અને કેટલીક વાતની ચોખવટ કરવાની જરૂર છે. એ મહા નીતિજ્ઞ હતા. રાજા પાસે હાલમાં વિટનો આવરો જાવરો ખૂબ રહે છે એવી બાતમી મહામંત્રીને મળી હતી, વિટની ચાલચલગત માટે તેમને સારો અભિપ્રાય ન હતો. એવા ભામટા જેવા રંગી ભંગી માણસ સાથે મહારાજા એકાંતમાં વાત કરે એ મંત્રીને પસંદ નહોતું; રાજસભામાં એ લહેર કરાવે એ જુદી વાત છે, પણ રાજાની પાસે એવા માણસોનું ઉપજામણ થાય એ વાત મંત્રીને શરમાવનારી લાગી હતી. એક દરે એને રાજમહેલમાં જઈ સીધા સમાચાર મેળવવાની અને ગાડું સડકથી ઊતરી ગયું હોય તો યોગ્ય પ્રગતને રસ્તે લઈ આવવાની જરૂર લાગી. મંત્રી તેટલા માટે રાજમહેલ તરફ સીધાવ્યા.

બરાબર રાજમહેલને નાકે ગયા ત્યાં વિટ આંટા ખાય. મહામંત્રીને જોઈને એ જરા છોભીલો પડી ગયો. મંત્રીએ એને દબડાવ્યો 'અત્યારના પહોરમાં રાજમહેલ પાસે કેમ આંટા મારે છે?' એવો સવાલ પૂછ્યો. વિટે જવાબમાં ગોટા વાળ્યા. મંત્રી જમાનાના ખાધેલ હતા. એને ભારે નવાઈ લાગી. વાતમાં ઊંડો ભરમ છે એમ તેને લાગ્યું. વિટને રાજમહેલ નજીક આંટા ન મારવાની મંત્રીએ તાકીદ આપી અને પોતે મહેલમાં દાખલ થયા. તે તો કોઈપણ સમયે વરધી આપ્યા વગર રાજમહેલમાં જઈ શકતા હતા. દરવાનો એમને ત્યાં જોઈ ખડા થઈ ગયા. એતો સીધા અંદર દાખલ થઈ મહારાજા જ્યાં બેઠા બેઠા બગાસાં ખાતાં હતાં અને વિટના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા ત્યાં પહોંચી ગયા. એ પાછલે બારણેથી અંદર પેઠા. રાજાની તેના તરફ પીઠ હતી. રાજા સમજ્યા કે વિટ આવી પહોંચ્યો, એટલે એણે તો વગર જોયે તપાસે સવાલ

પૂછયો–' કેમ દોસ્ત ! કામ ફતેહ કરી આવ્યો ? ' અને પાછળ મોં ફેરવી જૂએ છે તો મહાઅમાત્ય ! રાજા એકદમ ભોંઠો પડી ગયો. પલંગમાંથી બેઠો થઇ નીચે ઊતરી ગયો.

મહામંત્રીએ પણ સીધો સવાલ કર્યો–' મારા નાના રાજા ! આ બધું શું માંડી બેઠા છો ? પાંચ પાંચ દિવસથી રાજકારણમાં નથી ભાગ લેતા, નથી હુકમો આપતા, નથી રાજસભામાં આવતા, નથી સમાચાર સાંભળતા કે નથી પ્રજાના દુ:ખસુખ માટે નગરચર્ચા કરતા?'

મહારાજા—' જન્મદિવસથી તબિયત બગડી ગઇ છે, તેથી હાલ આરામ લઉં છું. તમારા જેવા રાજ્યની ચિંતા રાખનાર છે તેથી હું નિશ્ચિંત છું. '

મહામંત્રી—' મારા દુલ્લા રાજા ! હું તો ઘરડો થયો, હવે ખર્યું પાન ગણાઉં. હવે તો તમારે સઘળું કામ હાથમાં લેવું ઘટે. હમણાં સાંભળ્યું છે કે સરહદ ઉપરે પાછા પૌલસ્ત્યોએ માથું ઊંચક્યું છે, તેના ઉપર બારીક દેખરેખ રાખવાની અને તેની અંદરખાનેની બારીકીથી તપાસ રાખવાની અને બાતમી મેળવવાની જરૂર છે. આપણા પૂર્વ સિમાડે હાલ હજાર પાંચસે સૈનિકો રાખવાની જરૂર છે, શહેરમાં નાગા માણસો રખડતા થઈ ગયા છે તેના પર ધાક બેસાડવાની જરૂર છે. રાજાથી કાંઈ મહેલમાં બેસી રાજ થોડું જ થવાનું છે?

મહારાજા—' મંત્રીરાજ ! તમે તો ખરેખર ભીષ્મ પિતામહ જેવા છો, મારા પિતાના મુખ્ય સલાહકાર છો, મારા ગુરૂદેવ છો અને અત્યારે પાંચ વર્ષ બેઠા છો ત્યાં સુધી મારે ફીકર નથી. આપની વાત ધ્યાનમાં રાખીશ. '

મંત્રીએ થોડી આડી અવળી વાતો કરી. મહારાજાએ એની પ્રશંસા કરી અને એને થોડાં ફુલ ચઢાવ્યાં એટલે એ વિટ સંબંધી વાત કરવા કે ચેતવણી આપવાની હકીકત જ ભૂલી ગયા. એમના

પડી ગયા અને મહારાજા જરૂર ગાંડા થઈ જશે એમ એને લાગવા માંડ્યું. શા ઉપચાર કરવા અને કોની સલાહ લેવી એનો નિર્ણય કરી શક્યા નહિ, પણ વૈદ્યરાજની સલાહ ફરીવાર લેવાનો વિચાર કરી તેને તેડાવવા માણસને મોકલ્યો.

લગભગ સવારનો ભૂખ્યો વિટ રાજમહેલને દરવાજે કલાકો સુધી અટક્યો, પણ અંદર જવા માટે વરધી આપી હતી તેનો જવાબ ન આવ્યો એટલે એ થાકી કંટાળીને પોતાને ઘેર ગયો. બપોરના છેલ્લા પહોરે રાજાએ તેને અંદર બોલાવવા વરધી આપી, ત્યારે તે દરવાજે નહોતો. રાજાની આતુરતામાં ઘણો વધારો થઇ ગયો.



: ૮ :

## વિટનો ડખ્ખો ગુલ

૫

માણુસ જ્યારે એક બાબત પોતાનું ચિત્ત લગાવે છે ત્યારે તે વસ્તુ ન મળે ત્યાં સુધી તેને ચેન પડતું નથી, પછી તો આ દુનિયામાં ઇષ્ટ, વલ્લભ કે મેળવવા યોગ્ય વસ્તુ સ્ત્રી હોય ત્યારે માણુસ તેની પાછળ ઘેલો થઈ જાય છે, પોતાનાં અન્ય સ્નેહ સબંધ વિસરી જાય છે અને એને મેળવવાના કામ પાછળ ખાને ખરાબ થઈ જાય છે, આકાશ પાતાળ એક કરી મૂકે છે, પોતાનું ઉચ્ચ સ્થાન કે મેળવેલ આબરૂના કાંકરા કરી નાખે છે અને આંધળા માણુસ માફક વર્તે છે. કોઈ પણુ ઇન્દ્રીયના વિષયની લુબ્ધતા આકરી છે, ભાન ભૂલાવનારી છે, સભ્યતા પર પૂળો મુકાવનારી છે. પણુ સ્પર્શેન્દ્રિયને અંગે પારકી સ્ત્રીની લોલુપતા તો હદ બહારની વિકૃતિ કરી નાખે છે, માણુસને જનાવર બનાવી મૂકે છે, વિચારણાને દૂર ધકેલી દે છે અને ગાડપણુ ઉન્માદ અને અતિરેકની છેલ્લી હદસુધી માણુસને લઈ જાય છે.

મહારાજા પુંડરીકની દશા બરાબર આવી થઈ રહી હતી. એણે મહારાણીને પોતાની પાસેથી ચાલી જવા કહ્યું ત્યારે એ રાણીને કેટલો

ઉપર વયની અસર ખૂબ થઈ હતી, એમના માથા ઉપર એક પણ વાળ કાળો રહ્યો નહોતો, હજુ આંખમાં ચમકાટ હતો, છતા સ્મરણ શક્તિપર વયની અસર જરૂર થઇ હતી. એ મહારાજાને પોતાના પુત્ર જેવો ગણતા હતા અને એના તરફ રાજા પણ પિતાની નજરે જોતા હતા. ઘરડા માણસોમા કેટલીક વાર સૌહાર્દ એટલું હોય છે કે એ વાત્સલ્યને કારણે પુત્ર કે નાના માણસોને યોગ્ય નસિયત કે નફરત કરી શકતા નથી અને કેટલીક વાર આવી બાબત કેમ કહેવાય એવી નરમાશથી કામ લઇને બાળક કે પાલિતનુ હિત વેડરી નાખે છે. નસિયતમાં શિખામણ અને સજા બન્નેનો સમાવેશ થાય છે અને વડીલો જો આ કાર્ય યોગ્ય રીતે કરે તો તેમના અનુભવને પરિણામે તે પોતાના પુત્ર કે પાલિતને ઘણો લાભ કરી શકે, બાકી જો એ લાડ લડાવવામાં લેવાઇ જાય કે નફરત (ઘૃણા) બતાવવામાં ઉપેક્ષા કે બેદરકારીપણું કરે તો એકંદરે પાલિતને ઘણુ નુકસાન થાય છે, એનો જીવનનો આખો ઝોક ખોટે રસ્તે ઊતરી જાય છે અને નાના વૃક્ષને જેમ વાળવુ હોય તેમ વાળી શકાય છે તે સ્થિતિ ચાલી જતા પછી ફેરફાર થવામાં ભારે અગવડ પડે છે.

અત્યારે મહામંત્રી ઘણું ઘણું કહેવા આવ્યા હતા, પણ પુંડરીક મહારાજાની સભ્યતાથી, તેમના સીધા અને વિવેકી જવાબથી કહેવાની અનેક વાતના મુદ્દાઓ વિસરી ગયા. બધું સારૂ થઈ જશે એમ ધારી બેઠા અને ખાસ કરીને મહારાજા માટે શહેરમાં કેવી કેવી વાતો થાય છે અને તેને અંગે ચેતવાની કેટલી જરૂર છે એ આખો મુદ્દો જ ભૂલી ગયા. માત્ર સિમાડા પર દુશ્મનની હીલચાલ સબંધી વાત કરી એટલે મહારાજાએ બધી હકીકતનો વિસ્તાર પૂછી લીધો અને એ વાતનો વિચાર કરવા જણાવ્યુ. પરદેશની નીતિના અટપટા પ્રશ્નોમા, કામ લેવાની નીતિરીતિની ચર્ચામા બે ઘડી જેટલો વખત ચાલ્યો ગયો. રાજાને તો ગમે તેમ કરી વાતનો છેડો લાવવો હતો. વિટ-

પાસેથી નિવેદન સાંભળવું હતું, પણ પિતાતુલ્ય મહામંત્રી કોઇવાર ચાલી ચલવીને મહેલે આવે ત્યારે તેને ટૂંકથી પતાવાય તેમ નહોતું અંદરની ચટપટી છતાં પરાણે પરાણે પણ વિવેકસર વાતો કરીને મહારાજાએ મહામંત્રીને વિદાય કર્યા.

મહામંત્રી મહેલની બહાર નીકળ્યા, ત્યાં પાછો વિટને દૂરથી આંટા મારતો જોયો. પોતે વિટ સંબંધી વાત કરવી જ વીસરી ગયા એ યાદ આવ્યું. તુરતા તુરત પાછા જઇને વાત કરવી એ એમને ઠીક ન લાગ્યું. બીજે દિવસ વાત કરવાનો મનમાં નિરધાર કરી મહામંત્રી પોતાના સ્થાનપર ચાલ્યા ગયા.

મહામંત્રી ગયા કે દેવી યશોધરા મહારાજા પાસે આવ્યા. કોઇ દિવસ ભાગ્યે જ મહામંત્રી મહેલે પધારે એટલે દેવીને જરૂર નવાઇ લાગી. મહારાજા પાસે આવીને એ બેઠા અને હજુ મહામંત્રી કેમ પધાર્યા હતા એટલો સવાલ કરે ત્યાં તો દ્વારપાળે આવી ખબર આપ્યા કે વિટ અંદર આવવા પરવાનગી માંગે છે. મહારાજાને વિટને એકાંતમાં મળવુ હતુ, રાણી અત્યારે આતુરતાથી સવાલો પૂછી રહ્યા હતા, રાણીને અત્યાર સુધી રાજાએ ટૂંકારો કર્યો નહોતો. અત્યારે એણે રાણીને ચાલી જવા કહ્યું. રાણીને લાગ્યું કે રાજ્યમાં કાંઈ ઊથલ પાથલ થઈ રહી છે, રાજાનું મન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે અને આવી આફતને વખતે પોતાનું સ્થાન મહારાજાની પડખેજ હોઈ શકે. એ તો રાજાની વધારે ને વધારે નજીક જાય, ખૂબ આતુરતાથી સવાલ પર સવાલ પૂછે અને હવે શું થશે તેની ચિંતા સેવે. કલાક ગયો, બે કલાક ગયા, સાંજ પડવા આવી. રાજાએ રાણીને પાચેક વખત ત્યાંથી ચાલી જવા કહ્યું. અંતે રાણી બાજુના ઓરડામાં ગયા, ખરી મૂંઝવણમાં

અન્યાય કરે છે તેનો તેને પોતાને ખ્યાલ ન રહ્યો. જેણે વર્ષોથી સાથ આપ્યો હતો, જેણે અનેક આનંદો સાથે રહી ભોગવ્યા હતા, જેના જીવનમાં એકપણ ઠપકાપાત્ર પ્રસંગ બન્યો નહતો અને જે રાજાનો પડયો શુકન ઉપાડી લેવામા પોતાને ધન્ય માનનારી હતી તેને રાજાથી તિરસ્કાર તો અપાઈ ગયો, પણ પછી રાજાને એ વાતનો ખેદ ખૂબ થયો. આ બાજુએ વિટની વાટ જોઈ પોતે બેઠેલો તે આવે નહિ, બીજી બાજુ રાણી અંદર જઈ રડે તેના ડૂસકા સંભળાય, વચ્ચે વૈદ્યરાજને બોલાવવા માણસ મોકલાય તેને માટેના હુકમ રાણીના ગુંગળાતા અવાજે સંભળાય અને રાજાને દિશા ન સૂઝે એટલે આખા વાતાવરણની ગમગીનીમાં ખૂબ વધારો થઈ ગયો. હવે તો રાજાને પણ એમ લાગવા માડયુ કે પોતાના મગજમા કાંઈ ફેરફાર તો જરૂર થઈ ગયો છે. એને એટલું તો જરૂર લાગ્યુ કે મહારાણીનો પોતે તિરસ્કાર કર્યો તે વખતે તેને પોતાની જાત પર કે પોતાના મગજ પર કાબૂ રહ્યો નહોતો પણ આટલો ક્ષણિક વિચાર આવ્યો, ત્યાંતો તુરત યશોભદ્રાની છબી નજર સામે તરી આવી, પશ્ચાતાપની સર્વ વાત વિસરાઈ ગઈ અને તેની સાથે કેમ વાત ચાલશે અને પોતે કેમ નાચશે અને કેમ ઝગ્ગાળપણાંને દૂર કરાવશે અને એવા એવા વિચારો આવવા લાગ્યા.

સમી સાંજે ગાય દૂધ પીધું, વિટને તેડવા માણસ ગયો ત્યાં તેનો પત્તો લાગ્યો નહિ, રાજાને થયુ કે વિટ યશોભદ્રાને બોલાવી લાવવા ગયો હશે વળી મનમાં શંકા થઇ કે વિટના મોઢા પર ઉત્સાહ નહોતો અને જરૂર યશોભદ્રાએ એને કાંઈ નહિ આપ્યું હોય વળી વિચાર આવે કે યશોભદ્રા પરણેલી છે. આવો રાજા જેવો રાજા એને પોતાની કરી લેવા તક આપે એવી મૂરખી તે નજ હોય. વળી એને વિચાર આવે કે એ ખરેખર પતિવ્રતા છે, ડરીકને વફાદાર છે વળી પાછી પોતાની અને ડરીક બન્નેની સરખામણી મન પર આવી જાય

પોતાને લાગે કે કંડરીકમાં તે શું બળ્યું છે? નથી એનામાં ઘાટ નથી ઘોટ, નથી તેજ, નથી દમ કે નથી રંગ- એની પાસે મારા જેવો રૂપાળો યુવક ક્યાં અને એ ક્યાં? આવા આવા અનેક વિચારો આવ્યા. અડધી રાત ગઈ, વિટ ન આવ્યો અને યશોભદ્રાને હાજર ન કરી. વચ્ચે જરા અવાજ આવે એટલે મહારાજાને લાગે કે જરૂર યશોભદ્રાને લઈને વિટ ગુપ્ત રીતે આવ્યો હશે, આંટા મારીને તપાસ કરે ત્યારે જણાય કે પવનનો ખાલી સુસવાટજ હતો.

**વિષયલુબ્ધના આર્ત્ત ધ્યાનના પ્રકારોનો** પાર નથી, એક વિચારની સાથે અનેક આવે છે, મેળ વગરના ઉધામા ધાય છે અને સબંધ વગરના વિચારોના તરંગ ચઢે છે. વિચાર ઉપરથી દબાણ ગયું એટલે પછી એની કમાન છટકી જાય છે અને છટકેલ કમાન પછી તો જે અકળામણ અને દુર્વ્યવસ્થા માનસ ક્ષેત્રમાં થાય છે તેની ગૂચવણ અનુભવે જ સમજાય તેવી છે આખુ માનસ ધૂંધવાઈ જાય છે, તેમા ધુમાડાનાં ગોટે ગોટા ચઢે છે. અને ધુમ્ર પડદાની પાછળ કે તેની અદર દેખાતુ નથી તે પ્રમાણે સ્પષ્ટ વિચાર, માનસનો પ્રકાશ બહેર મારી જાય છે.

પુંડરીક મહારાજ વિચાર કરી કરીને થાકયા, રાહ જોઈ જોઈને કંટાળ્યા, વિટની બીન આવડતને ફીટકાર આપવા લાગ્યા. અંતે કંટાળીને આમતેમ આંટા મારતા હતા, ત્યાં એક નવો વિચાર તેમના મનમાં સ્ફુર્યો. એને થયું કે આખો વાનમા આડખીલી કંડરીકનીજ છે. એ સમજ વગરનો મૂરખો પોતાના કામમાં આડો આવે છે. આખો વખત તે શહેરમા વગર આકેલા આખલા માફક ભટકે છે અને કાંઇ કામ કરતો નથી, મફતનું ખાય છે. અને આખો વખત પડયો રહે છે. એનુ કાસળ કાઢી નાખ્યુ હોય તો બધી વાત બની આવે. એને સૂજ્યું કે યશોભદ્રા તો નિ સહાય છે, એકલવાસી સ્વભાવને લઇને એની વહાર કરે તેવુ કોઇ પણ નથી અને જો કંડરીકને દૂર કરી

નાખ્યો હોય, તેનો કાંટો કાઢી નાખ્યો હોય, તેનું કાસળ કાઢી નાખ્યું હોય તો પછી યશોભદ્રા તો સ્વતઃ પોતાની જ છે.

આ વિચાર સ્ફુરવાની સાથે જ મન પરનો બોજો ઓછો થતો હોય એમ મહારાજાને લાગ્યું. એને જાણે બહુ વિચારકપણાને અંગે આવો છૂટકારો સાંપડયો છે એમ લાગ્યું અને પોતાના ભેજાના ફળદ્રુપપણા માટે એણે પોતાની જાતને અભિનંદન આપ્યા. વિકારને વશ પડેલો માણસ કેવો વિવેકભ્રષ્ટ થઈ જાય છે તેની કલ્પના પણ તેને ન રહી. પોતાનો મા જણ્યો સગો ભાઇ છે, પોતાના રાજ્યાશ્રય નીચે છે, અત્યારે ગાદી વારસ છે અને ભલો ભોળો અને ભરોસો રાખનાર છે, બીન ખટપટી અને મળતાવડો છે—આ સર્વ વાત મન પર આવી જ નહિ. અત્યારે જે વિચાર પોતાને આવ્યો તેનો અમલ કરવામા આવે તો કેવું ખરાબ થાય, કેટલું ખોટું દેખાય અને વંશપરંપરામાં એવા ડાઘ પાડનારના કુટુંબીઓની આખરે કેવી દશા થાય; એ સર્વ વાત ઊડી ગઇ, વિચારપથમાથી ખસી ગઇ અને માત્ર વિષય લોલુપી થઈ ભાઇનું કાસળ કાઢવાના નિશ્ચય પર તે આવતો ગયો.

ચૌદશની સવાર થઈ, મોડા જાગરણ પછી અર્ધ ધ્યાન—અર્ધ તંદ્રામા સૂતેલ રાજા સ્વપ્ન સૃષ્ટિમા અનેક સારા ખરાબ દૃશ્યો અનુભવી મોડા મોડા જાગ્યા, દાતણપાણી કરી બેઠા ત્યાં બહારથી સમાચાર આવ્યા કે વૈદ્યરાજ મહારાજાની તબિયત તપાસવા આવ્યા છે. મહારાજાએ એને આવવાની અનુજ્ઞા કમને આપી ત્યાં સમાચાર આવ્યા કે વિટ દરવાજા પર આવ્યો છે. વૈદ્યરાજ પોતાની સમક્ષ આવી ગયા હતા અને એ વૃદ્ધ ધન્વતરીનું તેજ એટલું હતું કે એને ચાલ્યા જવાનું કહી શકાય તેમ નહોતું.

વૈદ્યરાજે તો પ્રશ્નોની પરંપરા ચલાવી. મુખમાં સ્વાદ કેવો રહે છે અને દસ્ત કેટલીવાર થાય છે—વગેરે સવાલો પર સવાલ પૂછવા માંડયા, નાડી પરીક્ષા અને મૂત્ર પરીક્ષા કરવામાં વખત લીધો. મહારાજા તો વિટની પાસે ગઈ કાલનો અહેવાલ સાંભળવા આતુર થઈ રહ્યા હતા. વૈદ્યરાજ જ્ઞાનશક્તિ અને પોતાનું પાંડિત્ય બતાવવા જેમ જેમ વધારે વાત કરે તેમ તેમ મહારાજાને કંટાળો આવે વૈદ્યે આજે તો દવા આપવાની વાત કરી અને ઊઠવાની તૈયારી કરત્યા મહારાજા પાસે વરધી આવી કે મહા-અમાત્ય દરવાજા પર આવી ગયા છે અને વિટની સાથે કાંઈ વાત કરવામા રોકાયા છે. આમ તો મહામંત્રીને રાજમહેલમા આવવા માટે પરવાનગી લેવી પડતી નહોતી, પણ તે આવે તેના ખબર માણસ આપી જાય ખરો, પણ રાજાના જાણવામાં આવ્યું કે વિટ દરવાજે છે અને તેની અને મહામંત્રી વચ્ચે તડાતડી ચાલી છે એટલે એને બેવડો આઘાત થયો. મહામંત્રી તાડુકીને વિટને કાઢી મૂકશે તો યશોભદ્રાના મીલનની વાત મારી જશે અને જો તેમની પાસે વિટ કોઇ વાત માની જશે કે કહી દેશે તો પોતાની વાત ઉઘાડી પડી જશે એવા વિચારો રાજાને થવા લાગ્યા. અત્યારે મહારાજાને યશોભદ્રાની જ લાગી હતી અને તેમાં જે કોઈ આડું આવે તેના ઉપર પોતાની ખફગી ઊતરે એ વાત ઉઘાડી હતી. મહામંત્રી સાથે મિજાજથી કે તોછડાઈથી વર્તી શકાય તેમ નહોતું અને મહામંત્રી કેમ આવ્યા છે તેની પોતાને ખબર નહોતી. મહામંત્રી તુરત રાજા પાસે આવ્યા.

વૈદ્યરાજ રાજા પાસે હાજર હતા. રાજાની તબિયત માટે વૈદ્યરાજ સાથે મહામંત્રીએ વાત કરી. કાંઇ ખાસ ચિંતા જેવું નથી, દવા અને આરામની જરૂર છે એવી એવી ઔપચારિક વાત કરી વૈદ્યરાજે રજા લીધી. મહારાણીને એણે સૂચના આપી દીધી

કે રાજાને સંભાળવો, ઉશ્કેરાવા ન દેવો, નહિ તો આમાંથી ગાંડ-પણ થઇ જતાં વાર નહિ લાગે વગેરે.

મહામંત્રી આજે જરા ઉશ્કેરાયલા હતા, એણે દરવાજા પર વિટને ખૂબ દબડાવ્યો હતો, રાજદરબાર પાસે વગર કારણે આંટા ન ખાવા કહી દીધુ હતું અને બન્ને દિવસમાં એને ત્રણ ચાર વખત દરવાજા પાસે આંટા મારતો જોયો હતો એટલે તાકીદ આપી ત્યાંથી ભગાડી મૂકયો અને આવી રીતે આંટા મારતો કે ખટપટ કરતો ફરીવાર જોવામાં આવશે તો તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે. એટલું કહી પોતે અંદર આવ્યા હતા. વિટ શુ કરે છે અને કેમ આવે છે અને તેને શુ કામ સોંપાયલું છે તેની ગંધ પણ મહામંત્રીને આવી નહિ. એને તો વિટ જેવા રખડુ લાલચુને રાજમહેલમા સ્થાન કે પ્રવેશ ન હોય એટલું જ લાગ્યુ.

અંદર આવી મહારાજા પાસે સિમાડા પર ચાલતી ખટપટની વિગતો રજૂ કરી, ત્યાં તોફાન વધતાં જાય છે એ હકીકત જણાવી. એક બે પટાવતો જરા માથાં ઊંચકી રહ્યા છે અને ઉશ્કેરણી કરી રહ્યા છે એ જણાવ્યું અને પોતે બે ચાર ટુકડીઓ ત્યાં મોકલવાની ગોઠવણ કરી રહ્યા છે એટલી વાત કરી. ઊઠતાં ઊઠતાં એ વળી રોકાણા, રાજ્યની નાની મોટી વાત કરવા લાગ્યા. મહારાજા તો વિટ કયારે મળે અને કયારે સમાચાર સંભળાવે તેની આતુરતામાં જ હતા. વિચક્ષણ મહામંત્રી જોઇ શકયા કે રાજાને કાંઇ મનદુઃખ છે, એમને નકામી વાત કરવાની ટેવ ન હોવાથી મનમાં સમજી રહ્યા. મહામંત્રી-એ કલાક સુધી વાત કરી, ઊઠતી વખત વિટને યાદ કર્યો, આવા માણસ રાજમહેલમાં નહોય, ન હોવા ઘટે. એની વર્તણુક ઇચ્છવા જોગ નથી. એટલી મહારાજાને સૂચના કરી મહામંત્રી વિદાય થયા. સરહદ પર કરેલી ગોઠવણોની વિગત સમજાવી ગયા અને વધારે બાતમી મળશે તો મહારાજાને પોતે જણાવી જશે એટલું કહી ગયા.

મહારાજા તો મંત્રીની વિદાયગીરીની રાહ જોઈ રહ્યા હતા. એ વિદાય થયા કે રાજાએ વિટને તેડવા માણસ મોકલ્યો, પણ દરવાજા પર વિટનો પત્તો લાગ્યો નહિ. આથી મહારાજાને વધારે ચિંતા થવા લાગી. માણસને એક વાતની લગની લાગે છે ત્યારે પછી એને દુનિયાપર બીજું કાંઈ દેખાતું નથી, એને બીજી વાત સૂઝતી નથી અને એનું મન બીજે ઠરતું નથી. એણે પોતાના હજૂરીઆને બોલાવી હુકમ આપ્યો કે વિટને એને ઘેર જઈ તુરત બોલાવી લાવે. રાજાનો ખાસ માણસ વિટને બોલાવવા આવ્યો. એટલે વિટે જણાવ્યું કે મહામંત્રીએ એને રાજમહેલમાં પગ ન મૂકવા માટે ફરમાન કરી દીધું છે જેથી પોતે લાચાર છે. જરા તેની રીત પ્રમાણે વાતમાં મીઠું મરચું પણ ભભરાવ્યું.

હજૂરીઓ રાજમહેલમાં આવ્યો, રાજા અત્યારે સ્નાન કરવા ગયા હતા, એને મનમાં થયું કે વિટ આવશે તો જરા રાહ જોશે, પણ સ્નાન કરીને આવ્યા ત્યારે ખબર પડી કે વિટ આવ્યો નહોતો. પોતાના ખાસ હજૂરીઆને બોલાવી પૂછ્યું ત્યારે તેણે મહામંત્રીએ કરેલા વિટ સંબંધીના હુકમની વાત કરી અને તે સંયોગોમાં વિટ રાજમહેલમાં આવી શકશે નહિ એમ જણાવ્યું. મહારાજાને આ સમાચારથી વિમાસણ થઈ પડી. મહામંત્રી તરફ એના મનમાં એટલું બધું માન હતું કે એના હુકમ ઉપર હુકમ કરવો કે તેને ફેરવી નાખવો એ તેને પાલવે તેમ નહતું. પોતે પાછો વિચાર કર્યો કે ત્યારે સાકેતપુરનો રાજા કોણ પોતે કે મહામંત્રી? આવા અવ્યવસ્થિત અને કોઈવાર અતિ અધમ વિચારો વિષયલુબ્ધને જરૂર થાય છે. છતાં મહામંત્રીનું ઉચ્ચ સ્થાન, વૃદ્ધ ઉંમર અને પ્રચંડ કાર્યશક્તિ વિચારતાં રાજા અટક્યો. લગભગ બે ઘડિ વિચાર કર્યો અને તેજ હજૂરીઆને ફરીવાર બોલાવી વિટને ત્યાં મોકલ્યો અને યશોભદ્રાએ જવાબ શો આપ્યો છે તેની વિગત મંગાવી. આવી રીતે મહારાજાએ પોતાની ખાનગી વાતમાં

વિટ ઉપરાંત હજૂરીઆને દાખલ કર્યો. રાજાથી વિટને મળાય તેમ નહોતું, મહામંત્રીની આજ્ઞા ફેરવાય તેમ નહોતું અને મન ઉપર યશોભદ્રાએ કાબૂ બરાબર લઈ લીધો હતો એટલે આવા હલકા હજૂરીઆને વાત કરવામાં રહેલ જોખમની તુલના કરવાનું રાજાને તે વખતે સૂજે તેમ નતોતું. રાજાઓ પાસે હજૂરીઆ જરૂર હોય છે એમનું કાર્ય રાજા પાસે ગામની વાતો કરવાનું અને રાજા કોઇને તેડાવે બોલાવે કે કોઈ આવે તેની ખબર આપવાનું હોય છે. એને રાજાના કાન સુધી પહોચવાનો પરવાનો હોય છે, એટલે એ રાજા સાથેના પોતાના સંબંધની સાચી ખોટી બનાવટી વાતો ઉપજાવી કાઢી પોતાના સ્નેહી સગાઓમાં અને સામાન્ય જનતામાં તેનો લાભ પણ સારી રીતે લે છે. રાજમહેલ અંદર ચાલતી વાતો માટે જનતાને હમેશા જિજ્ઞાસા રહે છે. રાજમહેલમા ચાલતી ખટપટો અને વાતોની જાણ માટે જનતા ખૂબ ઉત્સુક રહે છે. એની અંદર ચાલતી ખટપટો ફેલાતા વખત લાગતો નથી અને એવા પ્રસંગનો આવા ટૂંક પગારના હજૂરીઆઓ પોતાનું મહત્ત્વ વધારવાને અંગે ખૂબ લાભ લે છે રાજાએ પરિણામનું મહત્ત્વ વિચાર્યા વગર ખાસ હજૂરીઆને ફરી દખત બપોરે વિટને ત્યા મોકલ્યો અને યશોભદ્રા સાથે આગલી સાંજે (તેરશે) શું બન્યું તેનો જવાબ મંગાવ્યો.

હજૂરીઓ ચૌદશના દિવસની બપોરે ફરીવાર વિટને આવાસે આવ્યો. વિટ તો ગામના મધ્ય ભાગમાં રહેતો હતો. એના જેવા લહેરીને ત્યાં અનેક માણસો આવતા હતા. એ ગામનો ચોવટીઓ ગણાતો હતો એટલે કઇકના નાના મોટા કજીઆઓ તેની પાસે આવતા હતા, અનેકની પંચાતો એ કરતો હતો અને અમુક વર્ગમાં એ મોટો માણસ ગણાતો હતો. મહારાજા પાસે એ જનાર આવનાર હતો અને રાજસભામાં એ માન્ય પુરૂષ હતો એટલે એની મહેરબાનીની મેળવવા અનેક માણસો આવતા હતા રાજા પાસે તો એ નોકર હતો,

પણ જનતામાં તો એ મોટુ સ્થાન જમાવી પડયો હતો. હજૂરીઓ બીજી વખત તેની પાસે આવ્યો ત્યારે બપોરની મંડળી જામી હતી અને સર્વની વચ્ચે ભાઇ શ્રી વિટમહાશય અનેક વાતનાં ગપ્પાં હાંકી રહ્યાં હતા. એમાં રાજ્યનું તેડું આવ્યુ એટલે ચકલી બાઈ ફુલેકે ચઢયા અને બધા સાભળે તેમ તેણે તો હજૂરીઆ સાથે વાત કરવા માંડી. પોતાની અગત્ય બતાવવાની લાલસામા એ પોતાનો રાજધર્મ ચૂકી ગયો, પોતાને સોપાયલી વાતની અંદર રાખવી જોઇતી ખબરદારી વિસરી ગયો અને ભડભડ સવાલ જવાબ કરવા મ ડી ગયો.

હજૂરિયો–' ભાઈ વિટ ' જરા બાજુએ આવ. મારે મહારાજા સ બધી અગત્યની વાત કરવી છે. '

વિટ–' મહારાજાને કહી દે કે તમારૂં કામ મારાથી નહિ બને. '

હજૂરિયો–' અરે પણ તુ બાજૂએ તો આવ. મારે તને પૂછવું છે, મને મહારાજાએ તારી પાસે મોકલ્યો છે. તને બોલાવવા મોકલ્યો છે જરા બાજૂએ આવ. '

વિટ–' મારૂં તો માથુ જાય તેવો સોદો થયો છે. મને મહામંત્રીએ ડોળા કાઢી કાઢી ડારો આપ્યો છે અને રાજમહેલમાં પગ મૂકુ તો ફાંસીએ દેવાની વાત કરી છે. મારાથી અવાય તેમ નથી. '

હજૂરિયો–' પણ તું જરા બાજૂમાં આવ, વાત સમજ અને મારે તને પૂછવું છે તેનો ખુલાસો આપ. '

ઘણી સમજાવટ પછી વિટ ત્યાંથી ઊભો થયો. હાજર રહેલામાં ઘૂસપૂસ થવા માંડી, રાજ્યમાં કોઇ મોટી ખટપટ ચાલી રહી છે એમ વાતો થવા માંડી. વિટે ઊઠી બાજુના કમરામા જઈ હજૂરિયાને સાચી વાત કહી પોતે યશોભદ્રાના મહેલમા બીજીવાર દાખલ પણ થઇ શકયો નથી એ વાતની કબૂલાત કરી અને મંત્રીશ્વરે આપેલ ધાક એના મનમાથી હજુ પણ ખસી નથી એ વાત જણાવી. હજૂરિયે

સર્વ વાત ગુપ્ત રાખવા કહ્યું, પણ વિટ તો હતો ભંગેરી, એ પાછો પોતાની મંડળીમાં જઇને બેઠો ત્યારે સીધી વાતો ન કરી, પણ પોતે રાજાના વિશ્વાસમાં છે અને રાજા અત્યારે પરસ્ત્રીલંપટ થઇ ગયો છે અને એ બાબતમાં રાજાએ પોતાને વિશ્વાસમાં લીધો છે એવી એવી સાચી અને બળતી વાત કહી. એટલે ગામમાં તો એ વાત અનેક સ્વરૂપે ફેલાવવા લાગી, લોકો અનેક તર્કવિતર્ક કરવા લાગ્યા અને મનઘડંત તુક્કાઓ ઉડાવી રાજાની, મહેલની અને રાજ કર્માચારીઓની વાતો કરવા લાગ્યા.

હજુરિયો મહારાજા પાસે ગયો. એણે પોતાનું મહત્ત્વ વધારવા વિટમાં કાંઇ દમ નથી એ રીતે જ વાત શરૂ કરી. એતો યશોભદ્રાનું મુખ પણ જોઇ શકયો નથી એવી વાત કરી અને એવા હામજી ભામજીનું આવી વાતમાં કામ નહિ એટલી ટાપસી પૂરી અને વળી વધારામાં જણાવ્યુ કે વિટ તો એવો ધ્રુજી ગયો છે અને મહામંત્રીના નામથી પણ એવો ગભરાય છે કે હવે એ રાજમહેલમાં પગ પણ મૂકી શકે તેમ નથી, એના હોંજા ગગડી ગયા છે વગેરે. આમ ચોળી ચસળી મીઠું મરચું ભભરાવી વિટને નકામો ગણાવ્યો અને એનાથી કાંઇ કામ થઇ શકયુ નથી અને થઇ શકે તેમ નથી એટલું જણાવી હજૂરિયો વિદાય થઇ ગયો.

મહારાજાએ વાત સાંભળી વિટને આ વાતમાંથી પડતો મૂકવાનો નિશ્ચય કરી લીધો અને હજૂરિયાને પોતાની પાસે સવારે પ્રથમ પહોરે હાજર થઇ જવા હુકમ કહેવરાવી દીધો. મહારાજાને આખી રાત વિચાર તો ઘણા થયા, પણ હજૂરિયો પોતાનું કામ જરૂર કરી આપશે એમ એણે ધારી લીધુ. હજૂરિયાની બોલવાની રીતભાત મહારાજાને વધારે અસરકારક લાગી. માણસ જ્યારે ઇષ્ટપ્રાપ્તિમાં પાછો પડે છે ત્યારે તરખલાનો પણ આશ્રય લે છે અને તરખલું પણ કામ કરી આપશે એમ કલ્પનાથી માની બેસે છે.

૧૯

## હજૂરિયાના હેઠા હાથ

### ૫

હજૂરિયો નોકર જાતનો હતો, ગોલા ખવાસ જેવી સાધારણ જાતનો હતો અને બોલવામા કે પોતાની જાતનો પડારો ( શેખી ) કરવામાં વિટથી પણ આઘો નીકળી જાય તેવો હતો. રાજાની હદપાર ખુશામત કરવાનો એનો ધંધો હતો અને રાજાની હામાં હા મેળવી અને એને રાજી રાખી પોતાનો ગુજારો કરવાનું જ એનુ જ્ઞાન હતું. રાજા જે માગે તે લાવી આપવું, એ ખરે બપોરે મધરાત કહે તો હા કહેવી અને એની આખના અણુસારાથી એનું મન સમજી જવું એ આવા ખુશામતીઆની આવડતમાં હોય છે. રાજાને ખુશી કરવા એ ગમેતેવું અધમ કામ વગર સંકોચે કરે તેવા વર્ગમાનો તે એક હતો. એવાને શિસ્ત, ધોરણ કે જીવનનિયમનની કાંઈ પડી હોતી નથી, એના બોલવા પર બધન રહેતું નથી અને પોતે લુચ્ચાઇ દાંભાઇ કરવામાં ખૂબ કાબેલ છે એવુ જણાવવામા એમને શરમ હોતી નથી આવા ગોલાખવાસ જેવા હજૂરિયાનુ નામ 'હરજી' હતું એ કોઇ જાતના ધોરણ મુદ્દા કે ઘડતર વગરના ખુશીમતીઆના હાથમાં મહા-

રાજાની અતિ ગુપ્ત વાત આવી એટલે એ તો ફાટીને બેવડો ચોવડો થઈ ગયો અને રાજાએ એને સવારે મળી જવાનો હુકમ મોકલાવ્યો ત્યારે તો એને મન પોતાની પહોળાઇના પ્રમાણમાં ઘરની શેરી સાંકડી લાગી. પોતે રાજાની સાથે શી વાતો કરશે અને રાજાને કેમ રીઝવશે અને પોતાનું કામ કેવી રીતે કાઢી લેશે તેની યોજના ઘડવામાં એ તો તરંગો ઉપર તરંગો કરતો ચાલ્યો અને પછી પોતે કેવો રાજમાન્ય થશે અને પોતાનું સન્માન વધતાં કેવા કેવા હોદ્દાઓ પર આવશે તેના શેખચલ્લીના વિચારો ઢંગધડા વગર કરવા લાગ્યો. સવારે પ્રથમ પહોરને છેડે એ મહારાજા પાસે હાજર થયો.

હજૂરિયો—'દેવ! આપનો સેવક હાજર છે. કામ સેવા ફરમાવો.'

મહારાજા—'અલ્યા હરજી! વિટને અને યશોભદ્રાને શી શી વાતો થઇ તે વિગતવાર કહે.'

હજૂરિયો—'અરે સાહેબ! વાત શીને ચીત શી? એને અંદર મહેલમા પેસવાના પણ સાંસા છે, ત્યા વાત કોણ કરે અને કોની સાથે કરે?'

મહારાજા—'પણ જરા સંદેશો તો કહેવરાવ્યો હશે, કાંઇ સનસનાટ ગણગણાટ તો કાને પડયો હશે?'

હજૂરિયો—'મારા દેવ! એને મહેલની બહાર દેવડીએથીજ પાછો તગડાવી મૂકયો. એનાં તે ગજા હોય? એ તે શુ બચ્ચાંના ખેલ હતા? એ તે શુ ઠેકડીમાં ગપ્પા હાંકવાનાં હતાં? એવા વિટ જેવા લફંગાઓ તો હારીને હેઠા બેસી જાય. એવા કામમાં એનું ગજું નહિ, એનો ભાર નહિ, એની તાકાત નહિ.'

મહારાજા—'ત્યારે તુ એ કામ કરીશ? સારો અને યશોભદ્રાનો મેળાપ કરાવી આપ'

હજૂરિયો—' એતો મારૂ કામ ' ચપટી વાગે ત્યાં કામ કરી લાવું. જુઓ સાહેબ ! એતો બૈરૂ માણસ, એની બુદ્ધિ કેટલી હોય ? એ હાલતી જાય અને પગની પાછળનો ભાગ જોતી જાય ' એનામાં અક્કલ કેટલી હોય ? આપ કહો તો એને હમણા અહી લઇ આવું

મહારાજા—' એને અહીં લવાય નહિ. એમ કરવામાં તો ઢેઢફજેતો થાય, રાણીને ખબર પડે તો ઘર ઊઠી થાય, મહામંત્રીને ખબર પડે તો એ શ્રાપ આપે અને ગામમા બહાર પડે તો રાજ્યનું પાણી ઊતરી જાય.'

હજૂરિયો—' તો મારા દેવ ' આજે સાંજે બધાં હોળિકા સમાર ભમાં ગયાં હશે તે વખતે આપણે એના મહેલે પહોંચીએ. એ વખતે લહેરી ક ડરીક તો કયાઇ રખડવા ગયો હશે, પણ યશોભદ્રા તો જરા માણુસગ ધી અને વેવલી છે તે જરૂર મહેલમાં બેઠી હશે. એના નોકર ચાકરો પણ હોળી ખેલવા ગ્યા હશે.'

મહારાજા—' એ તને ઠીક યાદ આવ્યું. આજની તક જરૂર સારી મળી જશે. પણ વાત કોણ શરૂ કરશે ? તારે કાઇ યશોભદ્રા સાથે વાતચીત કરવાનો કે જવા આવવાનો વહેવાર છે ?'

હજૂરિયો—' આશુ' બોલ્યા મહારાજ ' આપના પગની રજ તે કોઇ દુનિયામા થવી છે ? એતો આકુડી પગે પડતી આવશે. એવા હુલ્લા રાજાના પડખાં તે કયાં પડયાં છે ? અરે મારા દેવ ! જરા જો જો તો ખરા ' એને પાણી પાણી કરી દઉં અને આપની ગોલી બનાવી દઉં. આપ નિશ્ચિંત રહો અને મારા પર ધારણા રાખો. ભગવાન આપની સર્વ ઇચ્છા પાર પાડશે.'

મહારાજા—' હરજી ' તું ધારે છે તેવી એ બાઇ ઢીલી પોચી નથી, એ તો આકરી છે, મરચું છે, અભિમાની છે, કડક છે અને કાંઇક મારૂ અપમાન કરી બેસે તો ?'

હજૂરિયો—' મહારાજ ' આપનું અપમાન એ ગટુકડી શું કરતી હતી ? કુંમર એટલા દેવ કર્યા હોય અને પાચે આંગળીએ પ્રભુને પૂજ્યા હોય ત્યારે આપ જેવા દેવની કૃપા થાય. એના કંડરીકમાં તે શુ બાપ્યુ છે ? આપ ખોટી ચિંતા કરો છો. એવી રૂપાળી બાઇ તો આથડવા જ કરે, બાકી જરા મોંઘી સોંઘી થાય તો પટાવી લેવાની ' એમાં ચિંતા શી ? '

મહારાજા—' ત્યારે અત્યારે તો જા. સાંજે સૂરજ આથમવાની પહેલાં અહીં આવી જજે અને જો બધી વાત છાની રાખજે. આ વાતની કોઇને ખબર પડે તેમાં આપણુ નહિ. એટલે સંભાળીને કામ લેજે અને મ્હોંસવાદે પણ કોઇની પાસે વાતને વાસરવા દેતો નહિ કે તેની ગંધ બહાર જવા દેતો નહિ. '

હજૂરિયો નમન કરીને ગયો. તેના મુખપરથી જાણે એ રાજાના કાસમાં તલ્લીન થઇ ગયો હોય- તેવુ તેણે બતાવ્યુ. એને માત્ર રાજાને ખુશ કરવો હતો એટલે કામનું જોખમ, વાતની સફતા કે સતી આઓ સાથે કામ લેવાની વિષમતા એના મનમાં પણ આવ્યા નહિ, એણે તો માની લીધું કે મહારાજા સાથે જઇને પોતે ઊભો રહ્યો એટલે બેડો પાર ' સડેલ પ્રચલિત વાતાવરણમાં ઊછરેલા એના મનમાં સતી સ્ત્રીઓનું પ્રામલ્ભ્ય, અડગ સ્ત્રીઓનું પાતિવ્રત્ય કે જીવનને ભોગે શીલ રક્ષણની દૃઢતાનો ખ્યાલ પણ ન આવ્યો. માત્ર પોતે રાજમાન્ય થઇ પડશે એવા ખ્યાલમાં એ તો આખો દિવસ આસ તેગ કરવા માંડયો અને ભારે હરખમાં આવી અત્યારથી જ જાણે પોતે રાજ્યનો માનીતો મોટો અમલદાર થઇ ગયો હોય એમ વર્તવા લાગ્યો. હલકા માણસોને સત્તાના તરંગો પણ અડધા ગાડા બનાવી મૂકે છે અને એના તોરમા એ ઘરના માણસો સાથે વર્તવામા કે બોલવામાં પણ વિવેક ભૂલી જાય છે. જમતા જમતાં એ પોતાની બૈરી પાસે જરા બોલી ગયો કે પોતે તો હવે મોટો અમલદાર થઇ જવાનો

છે અને રાજાનો બેટો રાજાના ઘરમાંજ કરાવવાનો છે. આ વાત પૂરી ન સમજતાં એની બૈરીએ તેજ બપોરથી ગામમાં વાત ચલાવવા માંડી અને રાજા ભ્રષ્ટ અને હીનચારિત્રી થઇ ગયો છે એવા ગપાટા ગામમાં ચાલવા લાગ્યા. રાજાના ચારિત્ર્ય સંબંધી ગામમાં વાત થાય તે આખા સમાજને અનેક રીતે નુકસાન કરનાર થઇ પડે છે, રાજાનું માન ઘટી જાય છે અને અધમ તેમજ મધ્યમ લોકો તેનો દાખલો લઇ પડવાઇ ( પતનશીલ ) બની જાય છે.

પણ અત્યારે રાજાને કોઈ વાતની પડી ન હતી, એણે પોતાના મનના તારો યશોભદ્રાપર લગાવી દીધા હતા અને યશોધરા જેવી સીધી સરળ અને પતિભક્તા તરફ એ તારો એને વિમુખ બનાવી રહ્યા હતા. હજૂરિયાના ગયા પછી મહારાણી રાજા પાસે આવ્યા, આવા ખવાસગોલા સાથે મહારાજા શી વાત કરે છે તેનો પ્રકાર પૂછ્યો, રાજાઓએ હલકા નીચ સપાઇસપરા સાથે વાત કરી પોતાની મહત્તા ઘટાડવી ન જોઇએ એટલું પણ કહી દીધુ, પણ મહારાજાએ રાણીનું કહેવું ન સાંભળ્યું. આજે મહારાજા છેલ્લા ચાર દિવસના પ્રમાણમાં આનંદમાં હતા. આજે જાણે પોતાની ઇષ્ટ સિદ્ધિ થવાની એમ એના મનમાં લાગતું હતુ, વળી સામે યશોભદ્રા જેવી કડક બાઇ છે તેનો ખ્યાલ પણ આવતો હતો.. પ્રિયંવદાંને મળેલા જવાબ સાથે વિટસામે બંધ થયેલા પ્રવેશદ્વારો મગજપર આવતાં હતાં અને આમ ઘડિકમાં આશામાં અને ઘડિકમાં નિરાશામા ઝોલાં ખાતા મહારાજા અગાઉના કરતાં આજે સહેજ સ્વસ્થ લાગતા હતા. મહારાણી વિચક્ષણ હતી, એની નજરમા હલકા માણસો સાથેની વાતો આવી ગઇ હતી, શી વાત હતી તે પોતે હજુ જાણી શકી નહોતી, પણ જે થાય છે તે અણઇચ્છવા જોગ છે એમ તેને લાગતુ હતુ. મહારાજા જેવી મહાન વ્યક્તિ આવા હલકા ગોલાગોલી સાથે વાત કરે તે દેખીને જરાપણ ગમતું નહિ, પણ મહારાજાએ એનો એક એ

વાર તુચ્છકાર કર્યો ત્યારપછી એ વધારે સાવધાન બની ગઇ હતી અને આવા નાજુક સમયમાં રાજાને વધારે ચીડવવા જતાં વાત વટકી જવાના ભયને એ દૂર રાખવા ઇચ્છતી હતી. જે ચાલી રહ્યું છે તેમાં રાજ્યનું, પ્રજાનું અને પોતાનું અહિત છે એમ તેને લાગતું હતું, પણ પોતે નિરૂપાય હતી. ખટપટ ફરી વાત મેળવવાના પ્રયાસ કરવાથી તે પર હતી અને ચાલે છે તે જોતાં તેના મનમાં દુઃખ થતું હતું પણ તેનો ઉપાય શો કરવો તેનો માર્ગ હજુ સુધી શોધી શકી નહોતી. આખરે તે થાકી, પણ તેની માનસિક ઉપાધિ બહુ વધી ગઇ. એમાં કોઈએ શહેરમાં ચાલતી રાજાના ચારિત્રની નમાલી વાત તેને બીતાં બીતાં કહી સંભળાવી, ત્યારથી એના ખેદનો પાર ન રહ્યો અને રાજાની અસ્વસ્થતાનાં કારણમાં કદાચ કોઇ આવી વિપરીત વાત હોય તેની તેને શંકા પણ આવી. તેણે પ્રિયંવદાને બોલાવી, પણ તે તો બડી પક્કી હતી, એણે વાત ઉડાવી દીધી, પણ મહારાણી વિચક્ષણ હોઇ સવાલ જવાબમા એટલું સમજી ગયા કે રાજમહેલમાં થોડા દિવસથી કોઈ ખટપટ ચાલે છે અને રાજા તેના સૂત્રધાર છે. જાતે અત્યંત પવિત્ર હોઈ એ વધારે બોલી શકી નહિ, પણ હવે એના મન પર આધી આવવા લાગી અને શરીરપર થાક લાગવા માંડયો.

આ બાજૂ મહારાજા તો સાંજની રાહ જોઈ રહ્યા હતા. પોતે સારા કપડાં પહેરવા કે સાદે વેશે જવું, સાથે કોઇ બીજા માણસો રાખવા કે માત્ર હજૂરિયાથી ચલાવી લેવું અને યશોભદ્રા સાથે વાત પોતે શરૂ કરવી કે એને બોલવા દેવું, એવા એવા સેંકડો વિચારો કરવા લાગ્યા. શહેરમાં તો આજે હોળિકાનું પર્વ હતું, ગામનાં નાનાં મોટાં ઘણાં ખરા ઘેલાં થઇ ગયાં હતાં, રંગરાગ અને ધમાલમાં વિચિત્ર વર્તન કરી રહ્યાં હતા; કોઇ રંગ ઉડાડતાં તો કોઇ ગાયન કરતાં, કોઇ ટોળે મળીને રખડતા તો કોઇ ગામ બહાર નીકળી ધમાલ કરતાં, કોઇ છોકરાઓ ફાટફાટ બોલતાં તો કોઇ હોળી ચેતવવા માટે લાકડા એકઠાં

કરતાં, કોઈ ઢોલકાં વગાડતાં તો કોઇ ડમરૂક વગાડતાં, કોઇ ફાવે તેમ લલકારતાં તો કોઇ નાચતાં—આમ ગામ લોક અત્યારે રંગરાગ ફાગમાં પડી ગયા હતાં અમુક આત્માર્થી કે સંત જનોને બાદ કરતાં ગામમાં અત્યારે ધમાલ, દોડાદોડ, હોહા અને નાટારંગ થઈ રહ્યા હતા અને કોઇ કોઇ સ્થળે તો નાનાં મોટાંની મર્યાદા મૂકી અસભ્ય ઉચ્ચારણો પણ પોકારાઇ રહ્યાં હતાં.

આવા સમયે યુવરાજ કંડરિક તો મહેલે શેના જ હોય ! એ તો પોતાની મંડળી સાથે અત્યારે રાજબગિચામાં હોળી ખેલવા ચાલ્યો ગયો હતો, દેવી યશોભદ્રા મહેલમાં એકલા હતા, દાસ દાસીઓ પણ હોળી ખેલવા રજા લઇ ચાલ્યા ગયા હતા, માત્ર સાત્વિક પ્રકૃતિની યશોભદ્રા મહેલમાં હતા અને દરવાજા પર માત્ર એક ચોકીદાર પુરૂષ હતો. દેવી પોતે યુવાન હતા, ખેલ ખેલી શકે તેવી આવડત અને વયવાળા હતા, પણ એને આવા વિલાસો ગમતા નહોતા. એ સાત્વિક આનંદમા માનનાર હતા, એને હોળિકા પર્વની તુચ્છ ઘટનામા રસ નહોતો, એટલે એતો પુસ્તક વાંચનમાં પડી ગયા હતા એણે હોળિકાના બીજા દિવસે વસંતોત્સવના ગરબાની ઘટના પોતાના મહેલમાં કરી હતી, પણ અત્યારે એ વાચનમા ડૂબી ગયા હતા.

બરાબર સાંજના પાંચ વાગે ( આથમતે પહોરે ) હજૂરિયા સાથે મહારાજા યશોભદ્રાના મહેલે આવ્યા. ચોકીદાર મહારાજાને કેમ રોકી શકે ? મહારાજા આ મહેલે તો કદી આવેલા નહિ એટલે ચોકીદાર તો ગભરાઈ ગયો, નમી ગયો, અને ખડો થઇ ગયો. મહરાજા પાછળ અને હજૂરિયો આગળ સીધા મહેલમાં દાખલ થયા અને કોઇ જાતની ખબર આપ્યા વગર દેવી યશોભદ્રા સામે ખડા થઈ ગયા. હવે ખરેખરી મૂંઝવણ શરૂ થઇ. દેવી તો મહારાજાને અને હજૂરિયાને જોતાંજ ખડા થઇ ગયા, હાથમાંનુ પુસ્તક બંધ કરી સામી છત પર મૂકી દીધું અને રાજા પોતે આવે વખતે પોતાની પાસે આવે એટલે એને નવાઇ તો

લાગી, પણ એની આંખમાં સતીત્વનું તેજ અને યૌવનની લાલીમા હતા. હજૂરિયો અને મહારાજા આવ્યા તો ખરા, પણ કોણે વાત શરૂ કરવી અને શું બોલવું તેની ગોઠવણ કરેલી ન હોવાથી મૂંઝવણમાં પડી ગયા. રાજાએ સિંહાસન પર બેઠક લીધી, હજૂરિયો ઊભો રહ્યો. અંતે હજૂરિયાએ વાત શરૂ કરી–' દેવિ ! મહારાજા તમારી પાસે આવ્યા છે. ' દેવીએ નીચે મુખે કહ્યું ' પધારો. '

મહારાજા કાંઈ બોલ્યા નહિ. હજૂરિયો બોલી ગયો ' મહારાજા આપને ચાહે છે. ' દેવી કહે ' મહારાજા આખી પ્રજાને અને પોતાના કુટુંબને ચાહે તેમાં નવાઈ શી ? કેમ પધારવું થયું છે ? '

આટલો સવાલ પૂછતા હજૂરિયો બોલી ઊઠયો કે મહારાજાની ઇચ્છા દેવી યશોભદ્રાને મહારાણી પદે સ્થાપવાની છે, મહારાજા દેવીને ખૂબ સ્નેહથી ચાહે છે. એ દેવી પર વારી જાય છે અને દેવી ખાતર ગમે તે કરવા તૈયાર છે. જેમ જેમ હજૂરિયો વાત કરતો ચાલ્યો તેમ તેમ દેવી યશોભદ્રાનું મુખ લાલ થતું ગયું, એની આંખમાંથી તણખા પડવા માંડયા અને એનો આખો આકાર ચંડીનું સ્વરૂપ ધારણ કરતો ગયો. મહારાજા તો જાણે સાંભળવાજ આવ્યા હોય તેમ મૌન બેસી રહ્યાં, બબૂચક જેવો આકાર ધારણ કરી રહ્યા અને હજૂરિયાએ એટલી પ્રસ્તાવના કરી અને પછી પૂછ્યુ ' દેવી ' તમારો શો જવાબ છે ? '

યશોભદ્રા–' આવો સવાલ હોય ? જવાબ તો મહારાજાને પ્રિયંવદા સાથે કહેવરાવી દીધો છે.

હજૂરિયો–' પ્રિયવદા તો દાસી હતી, હવે તો રાજા તમારી પાસે સીધો જવાબ લેવા આવ્યા છે.

યશોભદ્રા–' વિટની સાથે જે દ્વાર બંધ થયાં તે દ્વારમાં મહારાજા પ્રવેશે એમાં એમની લાયકાત ન ગણાય. '

હજૂરિયો—' દેવી ભૂલ ખાઓ છો. આવી તક જીંદગીમાં વારંવાર મળતી નથી. મહારાજા તમને પટ્ટરાણીપદે સ્થાપશે, તમને પોતાની પડખે બેસાડશે અને તમારી નામના દેશ પરદેશમાં થશે. વિચારો, લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવાની કુબુદ્ધિ ન કરો. '

યશોભદ્રા—' મહારાજા પાસે દેવી યશોધરા છે. મારી સગી બહેન જેવા છે અને વેશ્યા વારાંગના ને રખાયતની પ્રસિદ્ધિ મને નો ખપે. '

હજૂરિયો—' આ મહારાજા તો કામદેવનો અવતાર છે, મહા વિલાસી છે, શરીરે તંદુરસ્ત છે, રૂપરૂપના ભંડાર છે, અને ખરા ઓજસ્વી છે. તમે જરા સામી નજર તો કરો. એ તમને ખૂબ ચહાય છે તમે એમની પડખે બેસો. હું બહાર જઉં. '

યશોભદ્રા—' ખબરદાર ! બોલતા લજવાતો નથી ? મારા દેવ તો કંડરીક છે, મારા હૃદયવલ્લભ છે, મારા નાથ છે, ગમે તેવા પણ તે મારા છે અને હું તેમની છું. '

મહારાજાએ જરા ખોંખારો ખાવો, પણ જીભ ન ઉપડી

હજૂરિયો—' તમે કંડરીક કંડરીક કૂટયા કરો છો, પણ એનામાં શું બળ્યું છે ? નથી એનામાં ઘાટ, નથી ઘાટ, નથી યુવાનીની મસ્તી, નથી મગજની તાજગી, નથી બોલવાની આવડત કે નથી મુત્સદીગીરિ. હજુ માની જાઓ, વિચારો, આ સોનાથાળને પગથી ઠેલો ન મારો. આવા મહારાજા ચાહના કરે ત્યારે સમજવું કે પૂર્વનાં પુન્ય જાગ્યાં છે. હું બહાર જઉં ? '

યશોભદ્રા—' મૂર્ખ હજૂરિયા ! કમ અક્કલ હરજી ! તને હું કેટલી વાર કહી દઉં કે મારે કંડરીક પ્રાણ આધાર છે; મારું જીવન છે, મારા દેવ છે, મારા પરમ ઈશ્વર છે. આમરૂ સર ચાલ્યા જાઓ અને

## : ૧૦ :

# કાસળ કાઢવાના કારસ્તાન

૧

કુરજી હજૂરિયો જરા ઉતાવળો ચાલી મહારાજા સાથે થઈ ગયો. પોતે કામ ન સાધી શક્યો એટલે મનમાં ખૂબ ડુભાયો, રાજા પણ એના તરફ બહુ આકર્ષણથી જોતો નહોતો એટલે એણે પોતાના બચાવના રૂપમાં કહેવા માંડ્યું 'મારા દેવ! આ યશોભદ્રા બડી કાફર છે, પાકી દગાબાજી છે, ભારે અભિમાની છે, પણ એ અંતે બૈરી છે, મારું માનો તો એને બેસાડી દેવાનો એક ઉપાય છે. વચ્ચેથી કંડરીકનું કાસળ કાઢી નાખો. એ આફુડી પગે પડીને આપની પાસે આવશે એના પિતા દેવલોક થયા છે અને ભાઈ સાથે એને બનતું નથી, એટલે એના પિયરમાં હવે એને કોઈ સંઘરે તેમ નથી અને અત્યારે એ કંડરીક કંડરીક ગાય છે તેને બદલે પુંડરીક પુંડરીક ગાતી થઈ જશે. એ તો બૈરી શરૂઆતમાં જરા મોંઘી સોંઘી થાય, પણ અંતે ક્યાં સુધી ટકે? બૈરી જાતમાં જરા હઠ હોય છે, પણ આખરે એ ઠેકાણે આવી જવાની.'

આટલી વાત કરે છે ત્યાં સામેથી મંત્રીશ્વર આવતા દેખાયા. હજૂરિયો ખસી ગયો.

મંત્રીશ્વર—' મારા નાના રાજા ! અત્યારે છડી સવારીએ પગ-પાળા નીકળી પડયા છો ! મારે ખાસ કામ હતું તેથી રાજમહેલમાં જઇ આવ્યો.'

મહારાજા—' તદ્દન છડી સવારીએ તો નથી, હજૂરિયો સાથે છે, જરા આ બાજુ ફરવા નીકળ્યો હતો.' (રાજાએ બળતો જવાબ આપ્યો.)

મંત્રીશ્વર—' હમણા ગામમાં તમારે માટે સાચી ખોટી અનેક વાતો ચાલે છે. હું તમને તે કહેવાનોજ હતો. રાજાની પ્રતિષ્ઠા તો ચોખી, રૂના પોલ જેવી, છુરીની ધાર જેવી જોઇએ. હું તે સંબંધી વાત પછી કરીશ. અત્યારે તો ખાસ અગત્યના કામે આવ્યો છું તેની હકીકત જણાવી દઉં.'

મહારાજા—' મહેલમાં ચાલો, નિરાતે વાત કરીએ.'

મંત્રીશ્વર—' વખત ખોવા જેવો નથી, નિરાતે કરવા જેવી નથી, તોફાન વધી જાય તેમ દેખાય છે.'

મહારાજા—' બાબત શી છે ? ટૂંકમાં જણાવી દો.'

મંત્રીશ્વર—' સીમાડા ઉપર તોફાન વધતું જાય છે, તોફેદારો રીસાયા છે, ભાયાતો જરા હઠે ભરાયા છે અને મામલો ગંભીર થતો જાય છે, તો આપનો હુકમ લેવા આવ્યો છું.'

મહારાજા—' દરેક વાતનો પાકો બંદોબસ્ત કરો.'

મંત્રીશ્વર—' લશ્કરની બે ત્રણ ટુકડી મોકલવી પડશે. કારણકે બાજી ગૂંચવાઇ જાય પછી મહેનત વધારે પડે. આપની આજ્ઞા હોય તો પાંચસો ઘોડેસ્વાર અને એટલું જ પાયદળ મોકલી આપું.'

મહારાજા—' મોકલો અને બંદોબસ્ત રાખવા યુવરાજ કંકરી-કને મોકલી આપો. કાલે સવારેજ ઉપડી જાય તેવો હુકમ કાઢો.'

કુળ ઉપર કાળો કૂચડો લગાડવાનું કામ છોડી દો. નાના ભાઇની વધૂ તો તમારી દીકરી કહેવાય ! ફટ છે તમારી કસ અક્કલને ! '

રાજાને વળી બોલવાનો વિચાર થયો, ફરી ખોખારો ખાધો, પણ યશોભદ્રાના આગળ એ અવાક્ બની ગયો.

હજૂરિયો—' જુઓ દેવી ! ઘેર આવી રહેલી ગંગાને નહિ ઓળખવામાં ખત્તા ખાશો, મહા પસ્તાવાના ખાડામા ઊતરી જશો, કંડરીકને ગૂમાવી બેસશો અને સડીસડીને મરશો. જુવાનીના લહાવા લઈ લો અને સામેથી થતી માગણીને વધાવી લો. '

યશોભદ્રા—' નીચ ગોલા ! મન પર કાબૂ રાખી તારી સાથે સભ્યતાથી બોલુ છુ તેમ તેમ તું ફાટતો જાય છે ? મારા પતિદેવને વગોવે છે અને મને ધમકાવે છે ? હમણા પાકુ મારીને તને ભગાવી દઇશ. ચાલ, ઊભો થા અને નીકળ બહાર. વધારે બોલ્યો તો હેરાન થઇ જઇશ. '

હજૂરિયો—' મને ગાળો દેવામા કે ધમકાવવામાં સાર નહિ નીકળે. હજુ માન. અત્યારે તારા પતિની જીદગી જોખમમાં છે. તું ઘરનીએ જઇશ અને ઘાટનીએ જઇશ. '

દેવીએ જવાબ ન આપ્યો, રાજા જોઇ રહ્યો, એના મુખપરથી દેવીનું ચંડી સ્વરૂપ દેખાઇ ગયું, રાજા પોતે બોલવા ઇચ્છતો હોય એમ તેણે ત્રીજીવાર ખોખારો ખાધો અને પછી બોલ્યો ' દેવી માની જાઓ ! નહિ તો તમને ભારી થઇ પડશે અમે તે ભોગે તમને પાડીશ, પટકીશ અને મારી કરીશ. લીધેલ કામ હુ છોડતો નથી અને તમે નાહક કંડરીકનું માથુ પણ જોખમમાં મૂકો છો રાંડયા પછી લાજ નહિ રહે, મોડી મોડી બુદ્ધિ આવશે એમાં ગદ્ધાપણું એ જશે અને બ્રહ્મચારીપણું એ જશે હજુ વખત છે. રાજાને કોપાવી સાર નહિ કાઢો. '

દેવી પતિના મોટાભાઇ સામે ન બોલી, સામે પતિદેવની છબી હતી તેને નમસ્કાર કર્યો, રાજા તરફ પગ બતાવ્યો અને પોતે ત્યાંથી બાજુના કમરામાં ચાલી ગઈ.

હજૂરિયાના હાથ હેઠા પડયા, દેવીનું ઉગ્ર તેજ જોતાં એ મૂંઝાઇ ગયો, રાજા વિમાસણમાં પડી ગયો. માત્ર જતાં જતાં એટલુંજ બોલ્યો કે ' અત્યારે આવી પતરાજી કરો છો તો જોઇ લેજો. હાથ જીભ કાઢી શરણે થવુ પડે તેના કરતાં આમ માની જવું સારૂં છે. રાજાનું અપમાન કરનારના શા હવાલ થાય છે તે કલ્પી ન શકે તે તો મૂર્ખ ગણાય. '

આટલું બોલી દાંત કચકચાવી રાજા વિદાય થયા હજૂરિયો પાછળથી વધારે બબડયો, કંડરીકનું શિર સલામત નથી એવી વાત બીજી વાર ભડ ભડી ગયો અને અત્યંત ગુસ્સોમાં પગ પછાડી રાજાની પાછળ ગયો. દેવીની અસહાય દશાનો અને મહેલમાં કોઇ ન હોવાનો ગેરલાભ લેવાનું કે બળાત્કાર કરી હવસ પૂરી કરવાનું રાજાને ન સૂઝયું તેનું કારણ સતીત્વનું તેજ અને પૂર્વકાળમા આવે રસ્તે નહિ ઊતરેલ હોઇ એવી પરિસ્થિતિની તૈયારીનો અભાવ હતો. એને ધારણા પાર પડવાની ખાતરી હતી એટલે આવો આકરો તિરસ્કાર સાંભળી ન શકયો, પણ મનમાં વેર બાંધ્યુ, પ્રેમનુ સ્થાન ઉન્માદે લીધું, પી ન શકાય તો ઢોળી નાખવાની વૃત્તિ થઈ અને ઉશ્કેરાટ ભરેલી સ્થિતિમાં પોતાને મહેલે જવા રાજા નીકળ્યો.

**મંત્રીશ્વર**—'વાત એટલી ગંભીર નથી, યુવરાજને તસ્દી આપવા જેવું કામ નથી અને એ રસિયાભાઇ એટલા જલદી તૈયાર થશે કે કેમ એની પણ શંકા છે.'

**મહારાજા**—'કંડરીકને જ મોકલવો. અહીં બેઠો બેઠો ખાય છે તે હાડકા હરામનાં થતાં જાય છે. હમણા હુકમ મોકલો કે કાલે તે પણ લશ્કર સાથે જાય અને કાર્યવાહીનાં નિવેદનો મોકલતો રહે. એ રીતે એને કામમા પળોટવો ઠીક છે.'

મંત્રીશ્વર નમીને રાજકચેરીની ઓફીસમા ગયા ત્યાં એક પણ કારકુન મળે નહિ, હોળી ખેલવા સર્વ ચાલ્યા ગયા હતા. આ બાજૂ હજૂરિયો તુરત મહારાજાને મળ્યો. મહારાજાએ કંડરીકને બહારગામ મોકલી આપવાની કરેલી તદબીર કહી બતાવી. હજૂરિયો પોતાને માથેથી ઠપકો નીકળી જવાનો આ લાગ જોઇ રાજી થયો, મહારાજાએ હજૂરિયાને લશ્કર સાથે જવા આજ્ઞા કરી, હજૂરિયાને થયુ કે આ તો બલા જવાને બદલે પગે વળગી ગઈ. એને માટે હવે બીજો માર્ગ જ રહ્યો નહોતો. રાજાને એણે જણાવ્યું કે પોતે લશ્કર સાથે જઈને કંડરીકનું કાસળ કાઢી–કઢાવી નાખવા ઘટતી તજવીજ કરશે. મહારાજાએ એને ખર્ચખૂટણ આપવાનું અને રીતસર બદલો વાળી આપવાનું વચન આપ્યું અને બીજે દિવસે લશ્કર સાથે જવા લેખીત હુકમ આપી દીધો, ગમે તેટલો ખરચ કરવાનો સદર પરવાનો આપ્યો. 'કાસળ' એટલે આડખીલી, તરત કાસળ કાઢવી એટલે ખીલી દૂર કરવી. એના અનેક અર્થ થાય, ગમે તેવાં સાધનો વપરાય એની ચોખવટ કરવાનો અત્યારે તો સમય નહોતો. હજૂરિયો કંડરીકને ખલાસ કરવાનુ સમજ્યો અને અત્યારે આ વાત ન આવી હોત તો પોતાની નોકરી જાત કે રાજા ખફા થઈ જાત તેમાંથી બચ્યો એમ સમજ્યો અને છૂટકારાનો દમ ખેંચી ત્યાથી તૈયારી કરવા

પોતાને ઘેર ગયો. કાસળ કાઢવામાં કેટલી હદ સુધી જવું એની ચોખવટ રાજાએ કરી નહિ, માત્ર આડખીલી નીકળી જવાની તેની સૂચના હતી.

પેલી બાજૂ મંત્રીશ્વર દરબાર કચેરીમાં કોઇ કારકુનને ન જોવાને પરિણામે હાથે હુકમ લખવા બેસી ગયા. ખાસ તુમારી હુકમ કંડરીક-પર મહારાજાની આજ્ઞાથી સિપાઇ સાથે મોકલી આપ્યો અને આવતી કાલની સવારે લશ્કર સાથે કૂચ કરવા કંડરીકને ફરમાવી દીધું. સિપાઇ હુકમ લઇ કંડરીક યુવરાજને શોધવા નીકળ્યો. એ તો પોતાની મંડળી સાથે ક્યાનો ક્યા નીકળી ગયો હતો. રાત્રે બીજે પહોરે ( અત્યારના દશ વાગે ) પોતાના મહેલપર આવ્યો, ત્યાં હુકમ મળ્યો. અત્યાર સુધી એના પર રાજ આજ્ઞા કદી આવેલ નહિ, આ પહેલોજ અનુભવ હતો એટલે હુકમ વાંચી એ જરા ખચાયો, પણ એ જાતે બહાદુર હતો એટલે એના મનમા ક્ષોભ ન થયો પણ પોતાની હોળી ખેલવાની મજા અડધેથી લૂંટાઇ જશે અને આવતી કાલનો રાસ સમારંભ જોવાથી પોતે વંચિત રહેશે એટલા ખ્યાલે એ જરા અકળાયો, પણ જાતે ભોળો હોવાથી મનને મનાવી એ મહેલમાં આવ્યો.

રાજા પોતે આવીને સાંજે પાછા ગયા, ત્યારથી યશોભદ્રાના મનપર શોકની છાયા તરવરી રહી હતી. એને કર્તવ્યભાન બરાબર હતું તેથી તો એના મનમાં ગૌરવ હતું, પણ પોતાનાં રૂપ કે ચાતુર્ય આવી રીતે બીજાના વિનિપાતનું કારણ થાય એ વાત એને ગમતી નહોતી. રાજ ખટપટ કેવી ભયંકર ચીજ છે એની એ સારી રીતે જાણકાર હતી અને રાજા ધારે તો કોઇપણ પ્રાણીને મહા મુશ્કેલીમાં નાખી શકે તેનો તેની કલ્પનામાં બરાબર ખ્યાલ હતો. લગભગ ચાર કલાક સુધી એણે અનેક તર્કવિતર્ક કર્યા, પોતાના મક્કમ નિર્ણયને અંગે કેવી કેવી ખટપટો શક્ય છે તેની કલ્પના કરી. પોતાના નિશ્ચય-

માં એ અક્કર હતી અને ગમે તે ભોગે શિયળરક્ષા કરવાનીજ હતી એ બાબતમાં એના મનમાં સવાલજ ન ઊઠયો. પણ હવે રાજમહેલમાં વધારે સંભાળથી રહેવું પડશે એવો એણે મન સાથે નિર્ણય કરી લીધો. એકાદ વખત હાલ તુરત પોતાને પિયેર ચાલ્યા જવાની વાત એના મન પર આવી, પણ એમ કરવામાં પતિવિયોગ થાય તે સહેવા એ તૈયાર નહોતી. પિતાની ગેરહાજરીને કારણે મોટાભાઇ પાસે જવાની એની બહુ મરજી પણ નહોતી. આવા આવા અનેક તરંગો કરતી યશોભદ્રા ઊંઘનું એક પણ ઝોકું માર્યા વગર વિચારમાળામાં બેઠી હતી, ત્યાં પતિદેવના આગમનનો અવાજ સાંભળ્યો.

એ તુરત ઊભી થઇ, પણ પતિને જરા ઢીલા પડેલા જોઇ એ સમજી કે આજની હોળીની રમતથી દેવ થાકી ગયા હશે. એતો વાતે વળગી.

યશોભદ્રા—'આજે કયાં કયાં ફરી આવ્યા ? કોને કોને મળી આવ્યા ? કેવી ધમાલો કરી ?'

કંડરીક—'એ સાચાફૂટ જવાદે. મારે તો સવારે લશ્કર સાથે કૂચ કરવાની છે. મંત્રીશ્વરનો લખેલો હુકમ આવ્યો છે. જલ્દી તૈયારી કરવાની હોવાથી વાતો કરવાનો વખત નથી.'

યશોભદ્રા—'પણ મારા દેવ ! જરા બેસો, જળ પીઓ, પાનં ખાઓ. એવડી શી ઉતાવળ છે. બે દિવસ રહીને પણ જવાય. આવતી કાલનો રાસસમારંભ તો પતાવો.'

કંડરીક—'વહાલી ! મારા પર મંત્રીનો લખેલ રાજમહોર વાળો હુકમ આવ્યો છે. ભાઇ પોતે મને બહારગામ મોકલવા ઇચ્છે છે અને પ્હો ફાટતાં તો મારે વિદાય થવાનું છે.'

યશોભદ્રા—'પણ એવી તે શી ઉતાવળ છે ? કઇ ધાડ મારી નાખવાની છે ? આવા પર્વ દિવસે હુકમ મોકલતાં કોઇએ કશો વિચાર તો કર્યો હશે ને ?'

આટલો સવાલ કરવાની સાથે યશોભદ્રાને મહારાજા સાથેનો સાંજનો પ્રસંગ તાજો થયો. આ વાતમાં રાજાની કદાચ ખટપટ હશે એવી આશંકા થઈ, એટલે તુરત પ્રશ્ન કર્યો. કે શું આ હુકમ મહારાજાએ કર્યો છે ?'

કંડરીક—' લે આ હુકમજ વાંચને. એમાં લખે છે કે ખૂદ મહારાજાના હુકમથી મંત્રીશ્વર જણાવે છે કે સરહદ–સીમાડા પર ખાસ તકેદારી રાખવા માટે લશ્કર સાથે જવું. (હુકમનો કાગળ ભદ્રા તરફ ફેંકે છે. ) આવી રીતે મારા ઉપર કોઇ દી' હુકમ આવ્યો નથી. આ તો બધા જૂની આંખે નવા તમાસા છે.'

યશોભદ્રા—' મને એમ થાય છે કે આ હુકમ બરાબર પાકો નથી. એ તો તમારાં પારખાં જોવા લખાયો હશે. સરહદ ઉપર એવી મોટી ગડબડ કે ધિંગાણું જાણવામાં પણ આવ્યુ નથી કે જેમાં તમારા જેવી જવાબદાર વ્યક્તિની જરૂર હોય.'

કંડરીક—' એ ગમે તેમ હોય, પણ કોઇ વખત નહિ અને આજે મને જવાનું કહેવામાં આવે અને હું હા ના કરૂં તો વાત યોગ્ય ન લાગે.'

યશોભદ્રા—' પણ રાજ્યમાં તો નાયક ઉપનાયક સેનાપતિ વગેરે ક્યાં ઓછા છે ? આપ મહારાજાને મળી ખુલાસો તો મેળવો. શું છે, કેટલી જરૂર છે, મોડું કરવામાં કાંઇ વાંધો છે કે નહિ–વગેરે વિગતો જાણો. બે દહાડા મોડું થવામાં ખાટું મોળું શું થઇ જવાનું છે ?'

કંડરીક—' મંત્રીશ્વર પોતે કદી હુકમ લખતા નથી. આજે તે મહારાજાના–મોટાભાઇના કહેવાથી લખે છે, અત્યારે મધરાત થવા આવી છે, ભાઇની મુલાકાતનો વખત નથી, લશ્કરી બાબત છે, માણસને કહી તૈયારી કરાવ. અત્યારે મંત્રી અહીં આવી ગયા હોત

તો સારૂં થાત, પણ એ હવે જુદા થઇ ગયા છે.'

યશોભદ્રા—'પણ મારા દેવ! તમે આકળા ન થાઓ, મારે તમને વાત કરવી છે'.

કંડરીક—'અત્યારે વાતનો વખત નથી, પણ બણુનો સમય નથી. જવું એટલે જવું. મારાં કપડાં, ખોરાક ભાતાપોતાની તૈયારી કરો. હું જરા દેહશુદ્ધિ કરી આવું'

કંડરીક કપડાં ઉતારી દેહશુદ્ધિ કરવા ગયો. યશોભદ્રા આખી રમત પામી ગઇ. પોતાથી પતિને દૂર કરવાની આખી તદબીર તેના મગજમાં આવી ગઇ. પતિની ગેરહાજરીનો લાભ લઇ પોતાને વધારે ફોસલાવવાનું અને બને તો ફસાવવાનું થાય તેની પાછળની આખી રચના એના મનમા ગોઠવાઇ ગઇ પણ કંડરીકને આ વાત કહેવાનો વખત મળે તેમ તેને લાગ્યું નહિ અને હઠીલો કંડરીક કરેલ નિર્ણયમાથી પાછો ફરે તેવો નથી એ વાત તે બરાબર જાણતી હતી. એને વાત કરવાની ઘણી મરજી હતી, મહારાજાએ પોતાને ફસાવવા કેવા છટકા માંડયા હતા તે જણાવવા એ તલપાપડ થઇ રહી હતી, પણ અમુક કપડા અને અમુક હથિયાર અને અમુક ચીજો તૈયાર કરવાની ધમાલમા મોડી રાત થઇ ગઇ અને કંડરીકની બહારગામ જવાની એ ઘણા વખત પછી પહેલી વાર તૈયારી કરવાની હોવાને કારણે નાની મોટી ચીજો સંભારવામાં ઘણો વખત થઇ ગયો. બહુ મોડી રાતે કંડરીક થાકીને સૂઇ ગયો. અને યશોભદ્રાએ આજે બનેલા બનાવ સંબંધીની હકીકત કહેવાની હતી તે મનની વાત મનમા રહી ગઇ. આખા દિવસનો થાકેલ અને રાત્રે ઉશ્કેરાયેલ ભોળો કંડરીક ઘસઘસાટ ઊંઘવા લાગ્યો અંતે યશોભદ્રા પતિપાસે મહારાજાએ લીધેલા માર્ગોની અને પોતાની અને પોતાની તરફ કરેલ કુદષ્ટિની કશી વાત કરી શકી નહિ.

સવારના પહોરમાં કાંઇ પણ ખાધા પીધા સિવાય કંડરીક તો ઘરબહાર નીકળ્યો. રસોઇ તૈયાર કરેલી પડી રહી. એને પોતાનું પરાક્રમ બતાવવાની તાલાવેલી લાગી હતી. એ ચાલવા તૈયાર થયો ત્યારે યશોભદ્રાએ એને પાનની પટ્ટી કરી આપી. એણે નરણે કોઠે પાન લેવાની ના પાડી. રાતથી માંડીને યશોભદ્રાની જમણી આંખ ફરકતી રહી હતી અને એના મનમાં અશુભની શંકા થયા કરતી હતી, પણ એ અત્યંત વિચક્ષણ પાતિવ્રત્યની મૂર્તિ મ્હોઢેથી એક અક્ષર બોલી શકી નહિ અથવા કાંઇ સૂચવન પણ આપી શકી નહિ. એના મન પર અને મુખ પર દેખાતી શોકની છાયા પતિ પરદેશ જાય ત્યારે સ્ત્રીઓમા સ્વાભાવિક હોય એમ ધારી કંડરીક તો જવાની હોંશમાં વધારે પૂછવાનુ પણ વીસરી ગયો અને આંખમા શ્રાવણ ભાદરવો વરસાવતી પત્નીને સહજ ભાવભરી દૃષ્ટિની અંજલિ આપી ચાલતો થયો.

: ૧૧ :

## ઇર્ષાગ્નિ અને આક્ષેપો

૧

ફાગણ વદ એકમને રોજ કંડરીકે લશ્કર સાથે કૂચ કરી. એને મોટાભાઇ મહારાજા પુંડરીકને મળવાનો સમય પણ ન મળ્યો. એના મનમાં મોટું કામ કરી નામના મેળવવાની તમન્ના લાગી હતી. એણે લશ્કર કેટલું છે એ જાણ્યું અને અંદર કોણ કોણ આવ્યું છે, કેવી તૈયારી છે, હથિયારો કેવાં કેટલાં અને કઇ સ્થિતિનાં છે તેનો સહેજ અંદાજ પણ જાણી લીધો અને લશ્કરના પડાવ ઠામ ઠામ થતાં આગળ વધવા સાથે પોતે પણ તેને મોખરે રહી કૂચ કરવા લાગ્યો. એને તો લશ્કરની ધમાલમાં, નાના મોટા હુકમો કરવામાં અને દરરોજ આગળ વધવાની ગોઠવણોમાં બીજું કાંઇ યાદ પણ આવતું નહિ અને પોતે લશ્કરના ઉપરી તરીકે આગળ વધતો હતો. લશ્કર સાથે કૂચ કરવાનો એને આ પહેલો જ પ્રસંગ હતો, પણ એને સારે નસીબે એને મદદ કરનાર બે નાના નાના સેનાપતિઓ તેની સાથે હતા. લશ્કરની અંદર જાણભેદુ માણસો પણ રાખવા પડે છે અંદર અંદર પરસ્પર મેળ બેસાડવો પડે છે અને એમાં જરા પણ મંદતા હોય

તો જરૂર વખતે આણીને ટાંકશે, લશ્કર એક દીલથી કામ કરી શકતું નથી એટલા માટે એક લોહિયા માણસોએ સાથે રહીને સર્વ સામાન્ય સાધ્યને પહોંચવા એક ધારૂ કામ કરવાની જરૂર રહે છે.

કૂચ કરતા બે ત્રણ વખત સમાચાર મળ્યા કે હરજી નામનો હજૂરિયો જે મહારાજાના હુકમોથી લશ્કરની સાથે આવ્યો હતો તે કાંઇ ભેદી કામો કરી રહ્યો હતો. હજૂરિયાને કાંઇ ખાસ લશ્કરી તાલીમ મળેલી નહોતી અને આવા સરહદ પરના મામલામાં તો મુદ્દામ તાલીમવાળા લશ્કરીની જરૂર હતી. આવા બીન લશ્કરી માણસનુ લશ્કર સાથે કામ નહિ, લશ્કરની ખાવાપીવાની સૂવા બેસવાની અને પગપાળા મુસાફરી કરવાની રીત જ જુદા પ્રકારની હોય છે. હજૂરિયો બીન લશ્કરી હોઇ લશ્કર સાથે એકમેક થવા ઘડાયેલો પણ નહોતો અને લશ્કર સાથે એનો મેળ પણ બેસતો નહોતો. એ વારંવાર કંડરીકના પડાવ પાસે આટા ખાય, અર્થ વગરના તેના સંબધમાં સવાલો પૂછે અને જાતે વાચાળ હોઇ નકામા ગુલબાગો ઉડાવ્યા કરે એ વાત લશ્કરી નજરે ખરાબ લાગતી હતી. કંડરીક પાસે એના સંબધમાં રાવ પહોચી કંડરીકે એને એકાદ વખત પોતાની પાસે બોલાવ્યો, પણ એણે ભળતા ઉત્તર આપ્યા. એ મહારાજાનો ખાસ હજૂરિયો હતો અને મહારાજાની આજ્ઞાથી લશ્કર સાથે આવતો હતો એમ એણે જાહેર કર્યું એટલે કોઇ એને સતાવતા નહિ, પણ લશ્કરી સત્તાવાળા એની દરેક હીલચાલ ઉપર દેખરેખ રાખતા હતા.

દરમ્યાનમાં સાકેતપુરમા એક બે અણઇચ્છવા જોગ ઘટના બની ગઇ. મહારાજાએ ધૂળેટી (ફા વ. ૧) ને રોજ તો કાંઇ હીલચાલ ન કરી. બીજની રાત્રે પોતાના હજૂરિયા રાવજીને યશોભદ્રા પાસે મોકલ્યો. હીરજી હજૂરિયો તો લશ્કરમા ગયો હતો તેની સાથેનો આ બીજો હજૂરિયો હતો યશોભદ્રાએ રાજા સબધી વાત કરવા ના પાડી.

રાવજીએ ખૂબ ડારો આપ્યો, કંડરીકનો અને તેનો હવે મેળો થવાનો નથી ત્યા સુધીનો ડારો દીધો અને ન બોલવાના વચન સંભળાવ્યાં. યશોભદ્રાએ કશો જવાબ ન આપ્યો, પણ તેને ચાલ્યો જવા જણાવ્યું અને સામે કંડરીકનુ પટચિત્ર હતું તેને પગે લાગી. રાવજી સમજ્યો કે જ્યા સુધી કંડરીકનો પંડ બેઠો છે ત્યા સુધી આ બાઇ પુંડરીકની પત કરશે નહિ. એણે આવી મહારાજાને નિવેદન કર્યું. મહારાજાની મૂઝવણુ વધતી ચાલી. એને થયુ કે હજુ પાચ દશ દહાડા જશે એટલે યશોભદ્રા પોતાની થઇ જશે. પ્રાણી જ્યારે છેલ્લે પાટલે બેસે છે ત્યારે ભાન કે વિવેક ભૂલી જાય છે, એ પોતાની વાત સિદ્ધ કરવા સર્વ પ્રયાસ કરે છે અને અનેક અગવડો વચ્ચે પણ અંતે દુનિયાની સર્વ ચીજો, કુદરત કે માણુસો પોતાને અનુકૂળ થઈ જશે અને પોતાનું કામ થઇ આવશે એમ ધારી લે છે. આશા એ અમર ચીજ છે અને સાચી ખોટી આશાના તાંતણા પર માણુસ અવલંબન લે છે અને પછી તો તે આશાસ્પદ વસ્તુને કેન્દ્રમા રાખી તેના ફરતા અનેક નાચો એક પછી એક નાચે છે અને એ રીતે દિવસ ઉપર દિવસ ગાળે છે, પણુ આશા મૂકતો નથી.

રાવજી હજૂરિયાએ મહારાજા પાસે વાત કરી ત્યારે રાજાની આશામાં ઊલટો વધારો થયો. જે આકરૂં રૂપ યશોભદ્રાએ હીરજી પાસે અને પોતાની રૂબરૂ લીધું હતુ અને જે ગુસ્સો દેખાડયો હતો તેમા તે ઘણી ઢીલી થઈ ગઇ છે એમ એણે ધારી લીધું અને હવે થોડા દિવસમાં પોતાની મન કામના જરૂર પૂરી થશે એની આશા તેને બંધાણી. દરમ્યાન સાકેતપુરમા વાત ચાલવા માંડી રાજાના માણુસો યશોભદ્રાને ત્યાં આટા ખાય છે, રાજા પોતે પણુ ત્યા જાય છે અને બધો ગોટાળો થઇ ગયો છે એવા સમાચાર ગામમાં પ્રસરવા લાગ્યા. લોકો તો મનમાથી ઉપજાવી નીપજાવીને વાતો વધારતા જાય છે અને તેમાં આવી હલકી વાતો તો બહુ જોસથી અને તાબડતોબ ફેલાય છે એટલે

ત વધવ લાગી. વિકૃત થતી ચાલી અને અનેક નવા નવા આકારો ધારણ કરવા લાગી.

મહારાણી યશોધરાને આ વાતના સમાચાર મળ્યા. એણે તપાસ કરવા માંડી. એની પ્રિયંવદા દાસી એકાદ વખત કાંઇ ગોટાળું બોલી ગઇ. એ હલકી જાતની દાસીના પેટમાં વાત અંતે છૂપી નહિ. એટલે યશોધરાની જિજ્ઞાસાનો પાર રહ્યો નહિ. જન્મ દિવસથી માંડીને આજ સુધીના મહારાજાનાં વર્તનનો તેને ખુલાસો મળી ગયો. આવી વાત સ્ત્રીઓ તુરત માની લે છે. અને સ્ત્રીને જ્યારે પોતાનો પતિ પોતાને સ્વાધીન નથી એમ લાગે છે અને પરસ્ત્રી તેના સહવાસમાં છે, એવી શંકા પડે છે ત્યારે એને પારકી સ્ત્રીઉપર ખૂબ દ્વેષ જાગી ઊઠે છે. એતો એમજ સમજે છે પોતાની સર્વ હક્ક સ્વાધીનની ચીજ પર અન્યનો શો અધિકાર છે. એને પોતાના પતિ ઉપર ખેદ થાય તેના કરતા તેના પ્રેમપાત્ર ઉપર દ્વેષ વધારે પડતો થઇ જાય છે અને જાણે એ પારકી સ્ત્રી પોતાના પ્રદેશમાં આવી ત્રાસ કરી રહી છે એ મિસાલે એ કામ લે છે એમાં પોતાના પતિનો કેટલો દોષ છે એ વિચારતી નથી, એમાં હજુ કાંઇ સંબંધ થયો છે કે માત્ર વાતોજ છે એ વાતને એ ગણકારતી નથી; એને તો પ્રેમ પંથમાં પોતાનો હરીફ જાગ્યો છે એટલી વાતજ બસ થઇ પડે છે અને પછી તે હરીફ તરફ દુશ્મનાવટ ઊભી કરે છે.

દેવી યશોધરાને પણ આમજ થયું. એણે ઊડતી વાત માની લીધી. જન્મ દિવસના યશોભદ્રાના ગરબાના કારણો તેના તરફનો રાજાને રીઝવવાનો પ્રયત્નજ ગણી લીધો અને પછી તો પોતાની અનેક ચીજો ઓછી થઇ છે, પોતાના હાર અને હીરાબંગડીઓ મહેલમાંથી બહાર ગયેલ છે એવી બાબતો યશોભદ્રાને આંગેજ છે એમ તેણે ધારી લીધું. વળી એણે વિચાર્યું કે યશોભદ્રાએ ફાગણ વદ ૧૪ (ધૂળેટી) નો ગરબા-

મહોત્સવ રદ કર્યો તેમાં અને ત્યાર પછી ઢોંગ કરી બહાર ન નીકળવાસાં પણ મહારાજા સાથે મળવાનો જ મુદ્દો છે. એને યશોભદ્રાની દરેક હીલચાલ અથવા હીલચાલની ગેરહાજરીમાં રાજા સાથેનો સંબંધ એને લાગવા માંડયો અને એ અર્થમાં એ પ્રત્યેક વાત વાંચવા માંડી ત્યારે એનું આખું વાતાવરણ ઇર્ષાથી ભરાઇ ગયું.

પછી તો યશોભદ્રાની કોઇ વાત આવે એટલે એનો અર્થ રાજા અને તેના સંબંધને અંગેજ થાય. એ ખાય તો એનો પતિ પરદેશ ગયો છે ત્યારે એને ખાવાનું કેમ સૂઝે છે એવા સવાલો પૂછાય અને તેના સંબંધમા કલ્પના ચાલે અને એ ન ખાય તો મહારાજા એની પાસે જઇ શકતા નથી એટલે એને વ્યાકુળતા થાય છે તેથી એતો લાંઘણે ચઢી છે એમ ધારે. યશોભદ્રાના દીલમાં તો કાંઈ નહોતું, પણ એની પ્રત્યેક વાત વિરૂપ કે ઊલટા આકારમાં રાણી યશોધરાને દેખાવા લાગી અને એના દાસદાસીઓ એ દ્વેષાગ્નિ અને ઇર્ષાગ્નિને ખૂબ ચેતાવતાં અને સંકોરતાં ગયાં. **પ્રાણી જ્યારે ઇર્ષાને રસ્તે ચઢે છે ત્યારે એ સર્વ વિવેક ભૂલી જાય છે,** એનામાં એક જાતનું ઘેલાપણું આવી જાય છે અને પછી તો એ સામાની પ્રત્યેક હીલચાલ પર ચોકી રાખે છે, તેના સંબંધમાં ફાવે તેવા અર્થ કરે છે. એકાદ વખત મહારાજા પાસે પણ વાતમાં મહારાણી બોલી ગઇ અને આડકતરી રીતે યશોભદ્રા નામ તરફ છણકો પણ કર્યો એના ખ્યાલમાં પણ ન રહ્યું કે રાજાઓ તો અનેકને પરણી શકે છે અને ફાવે તેટલીને અંગવસ્ત્ર તરીકે બેસાડી શકે છે. રાજાનો એના તરફ ઉપર ઉપરનો સદ્ભાવ હતો તે પણ ઓછો થવા લાગ્યો અને આ રીતે દિવસ ઉપર દિવસ જવા લાગ્યા

એક દિવસ યશોભદ્રા અને યશોધરાની દાસીઓ વચ્ચે ભારે બોલાચાલી થઇ ગઇ. આ વાત લગભગ ફાગણ વદ ૧૦ને રોજ બની. દેવી યશોધરાની દાસીએ યશોભદ્રાને રાજાની 'રખાત' તરીકે વર્ણવી અને એને માટે છિનાળ અને છટકેલ જેવા અસુઘટતા શબ્દો વાપર્યા. આ

વાતની હકીકત મહારાણી અને દેવી યશોભદ્રા સુધી પહોંચી. એની વાત શહેરમાં પણ પહોંચી ગઇ. યશોભદ્રાએ આવી વગર પાયાની પોતા સંબંધી વાત જાણી ત્યારે એને પારાવાર ખેદ થયો. મહારાણી તો જાતે તેના મહેલમાં આવ્યા અને અત્યાર સુધી જેને પોતાની સગી બહેન ગણતા હતા તેને ન બોલવાનું બોલી સંભળાવવા લાગ્યા.

શાંત યશોભદ્રા એક અક્ષર ઊંચે અવાજે બોલી નહિ. એને પ્રાણી કર્મવશ થઇ કેવા ચાળા કરે છે એનું નાટક જોવાતું હોય એવો આખો તમાસો લાગ્યો. એના મનોભાવ એણે પ્રકટ કર્યો નહિ એટલે મહારાણીએ ધારી લીધું કે એ જરૂર દોષિત છે. જો એમ ન હોય તો એ કાંઇ મુખેથી વાંધો તો લે એમ એણે પોતાની કલ્પના પ્રમાણે દલીલ કરી. ઇર્ષામાંથી એને ક્રોધ થયો, પછી તો યશોભદ્રાને સાત પેઢીની સભળાવી, એના બાપ દાદાનાં ગાણાં ગાયાં અને એવાને પેટે જન્મે તે કયાથી ખાનદાન હોય એવાં એવાં ફટાણાં સભળાવ્યાં. મુખપરનો રંગ પલટાવા દીધા સિવાય યશોભદ્રાએ સર્વ સાંભળી લીધું, પોતે કાંઇ પણ બોલી નહિ એટલે દેવી યશોધરા વધારે ઉશ્કેરાયા. એને યશોભદ્રાની ચૂપકીદીમાં પોતાના આક્ષેપોનો સ્વીકાર લાગ્યો. એણે યશોભદ્રા સાથે વૈર જાહેર કર્યું અને બબડતી બબડતી પોતાને મહેલે પાછી ફરી આ વાત શહેરમાં અનેક આકારમાં ફેલાણી. લોકો આવી નબળી વાત સાંભળવા તૈયાર હોય છે અને તેમા અતિશયોક્તિ કરી આમળ વધારવા વધારે તૈયાર હોય છે એટલે ગામમાં તો હજારો પ્રકારની વાત ચાલવા લાગી.

: ૧૨ :

## કંડરીકનું ભેદી અવસાન

એવામાં ફાગણ વદ ૧૪ને રોજ ખાસ ખેપીઆ મારફત સાકેત-પુર રાજદરબારમાં સમાચાર આવ્યા યુવરાજ કંડરીકનું અવસાન સરહદ પર થયું છે. રાજમહેલમાં એની જાણ સડાણી. રાજરીતિ પ્રમાણે ગામમાં બે દિવસનો અણોજો પાળવામાં આવ્યો, સાત દિવસ-નો શોક પાળવાનો ઠરાવ થયો, નગરની સ્ત્રીઓએ અને નગરજનોએ કાણ કરાવી અને તે દેશના રિવાજ પ્રમાણે ઉત્તર ક્રિયા વિધિ પત્યો.

રાજાના મુખપર દેખાવમાં વિષાદ હતો, પણ પોતાનો સગો ભાઇ મરણ પામે ત્યારે જેવો ખેદ થવો જોઇએ તેટલો દેખાતો નહતો અને ગાઢતા તો જાણે કાંઇજ ન હોય એમ લાગતું હતું. અવસાનનું કારણ કાંઇ જણાવવામાં આવ્યું નહિ માત્ર અવસાન થયું છે એટલાજ સમાચાર આવ્યા એટલે લોકોમાં તો અનેક વાતો ચાલવા માંડી. કોઇ કહે પુંડરીક મહારાજાએ દેવી યશોભદ્રાને પોતાની કરવા કંડ-રીકનું કાસળ કઢાવ્યું; કોઇ કહે કંડરીક અડધો ગાંડા જેવો હતો તે

ખાઇ ઓળંગતાં અંદર ગબડી પડયો અને માથું ફૂટતાં મરી ગયો; કોઈ કહે મહારાજા અને યશોભદ્રાના સબંધના સમાચાર કંડરીકને મળતાં એણે ઝેર પીને આપઘાત કર્યો; કોઇ કહે એને પરદેશનું પાણી સહ્યુ નહિ, એને ત્રિદોષ અને ઝાડા થઈ ગયા અને એ લવતો લવતો મરી ગયો. અનેક વાત થઈ, પણ ખરી રીતે શા કારણે અને કેવી રીતે મરણ થયુ તેના પાકા સમાચાર લોકોને મળ્યા નહિ. પણ લશ્કરમાંથી કોઈ પાછું આવે તે પહેલાં આ બધી વાતો અનેક મુખે અનેક વિચિત્ર આકારમા સારા સાકેતપુરમા ચાલતી થઇ ગઇ.

યશોભદ્રાને તો આભ ફાટી ગયો. એ તો સર્વ પ્રકારે આશાથી ભરેલી હતી, હજી તો ઊગીને ઊભી થતી હતી અને દુનિયાના અનેક કોડ એના મનમાં હતા. ભરજુવાનીમા એને વૈધવ્ય પ્રાપ્ત થયું અને ચારે તરફ ઇર્ષાની જવાળા સળગતી રહી એટલે એનાં દુઃખમા ઘણો વધારો થયો. મહારાણી યશોધરાએ માત્ર લોક રીતિએ સ્નાન કર્યું, પણ અંગત દિલાસો આપવા યશોભદ્રા પાસે આવ્યા પણ નહિ. ત્રીજે દિવસે એનો ભાઈ પોતાના રસાલા સાથે દિલાસે આવી ગયો, પણ એને પોતાની બહેન તરફ ખાસ લાગણી હતી નહિ, એટલે એતો માત્ર સંસાર વહેવાર જાળવી ચાલ્યો ગયો. યશોભદ્રાને અવર્ણ્ય દુઃખ થયુ, એની સર્વ મનની મનમાં રહી ગઈ. એના પતિ, વિદાય થતી વખતે સવારે જમ્યા પણ નહિ અને પોતાના હાથનું પાન પણ જતા જતાં લઈ શકયા નહિ એ વાત સંભારી સંભારી એતો એવી રડે અને એટલો ખેદ કરે કે એનું વર્ણન થાય નહિ. પોતાના લગભગ એક વર્ષ દરમ્યાનના અનેક નાના મોટા પ્રસંગો એના માનસ પર આવે, એને મન કંડરીક તો દેવ હતા અને અવસાન પછી ખરેખર દેવમુર્તિ બની ગયા. પણ યશોભદ્રા પદ્ધતિસર રડવામા માનતી નહોતી આપણી સ્ત્રીઓ મ્હો વાળે કે છાજિયા લે તેવી વાતથી એ દૂર રહી. એ વાતનો પણ ખોટો અર્થ લોકોએ કર્યો. અને ખાસ કરીને યશોધરા

રાણીએ તો વાત ચલાવી કે યશોભદ્રાને મનથી તો માણસ મર્યું નથી, પણ માત્ર લાકડું ભાગ્યુ છે. આવી રીતે કોઇ જાતના ખાસ બનાવ વગર કંડરીકનુ અવસાન જાહેર થયું અને લોકો તો એ વાતને વીસરવા પણ લાગ્યા.

પણ દેવી યશોભદ્રાને તો કોઇ વાતની કળ પડે નહિ. એને ખરી વાત કહેનાર પણ હજુ સુધી કોઇ મળ્યું નહોતું. સાકેતપુરનુ રાજ્ય મોટું હતું. સરહદ પરથી તુરતમા કોઈ પાછું આવ્યું નહોતુ અને તે વખને જવા આવવાના કે સમાચાર મેળવવાના સાધનો ઘણાં મર્યાદિત હતા એટલે કઇ તારિખે કેટલા વાગે કયા કારણે કંડરીકનું અવસાન થયુ, તે મરતી વખત કાંઇ બોલ્યા કે નહિ એવી કાઇપણ વિગત તુરતમાં સાંપડી નહિ. કંડરીકના અવસાન અંગેની અનેક વાતો આ રીતે અણુ ઉકેલાયલી રહી. સરહદ—સીમાડા પરથી સમાચાર આવવાની દરેક આશા રાખતા હતા અને દરમ્યાન મનમાં આવે તેવા તદ્દન બનાવટી ગુલબાનો ગામમા ઊડતાં હતાં. એમાં પણ સ્ત્રી વર્ગે તો આ વખતે હદ કરી દીધી અને કેટલીક બાબતમાં તો માઝા પણ મૂકી દીધી. સામાન્ય ઉકિત છે કે '**જિસ ઘર બહુત વધામણાં, ઊસ ઘર મોટી પોક,**' એ કહેવતમા ભારે રહસ્ય છે. જે માણસને ત્યા સર અવસર અનેક માણસો વધામણી ખાવા આવતા હોય, તેને ત્યા અવસાનની પોક પડે ત્યારે તે પણ ઘણી મોટી હોય; જે માણસની આબરૂ ખૂબ ચઢેલી કે વધેલી હોય, તે જ્યારે તેમા પાછો પડે ત્યારે તેના નામ પર ચૂંથણું પણ ઘણાં થાય; જે માણસ કાઈ સારૂં કામ કરે ત્યારે તેને આભનંદન આપવા મોટા જલસા થાય તે માણસની નબળી વાત બને ત્યારે તેના વરઘોડા પણ મોટાજ થાય. દુનિયા દોરંગી છે, એને રંગ પલટાતા વાર લાગતી નથી અને સુલટાને બદલે ઊલટો રંગ ક્યારે થશે તે કોઈ કહી શકે નહિ, પણ રંગ બદલાય ત્યારે આગળની ઓળખાણ કે મૈત્રી કાંઇ રહેતું નથી ખાસ સ્નેહી કે ઘરના

માણસ હોય તે પણ સરસીઆ ગાવા બેસી જાય છે અને પોતાના સ્નેહીની નબળી વાત પણ એટલાજ રસથી કરે છે. લોકોની જીભને નાળું નથી, જે મુખે પાન ચાવ્યાં હોય તેજ મ્હોંએ કોલસા ચાવવામાં એને સંકોચ થતો નથી અને રંગ ફેરવવામા કે અભિપ્રાય ઉથલાવી નાખવામાં એને જરા પણ સંકોચ થતો નથી. આ સર્વ વાત યશોભદ્રાના સંબંધમા બનતી જણાઇ. એને માથે અટાટની પડી છે અને ભર જુવાનીમાં બાળવૈધવ્ય એને પ્રાપ્ત થયું છે, એને અત્યારે દિલાસો આપનાર બાળક પણ નથી કે એને દીકરીએ દીવો રહે તેમ નથી એવી કોઇ વાત ન વિચારતાં લોકો એને માટે ગમે તેવી વાતો ઉઠાવી ઉઠાવીને કરવા લાગ્યા અને કંડરીકને તો લગભગ વીસરીજ ગયા. અત્યારે યશોભદ્રા સહાનુભૂતિની પાત્ર બનવાને બદલે ગામ ગપાટાનુ નિમિત્ત બની.

શોકની દશા યશોભદ્રાના સંબધમા વધતી જ ચાલી. સાધારણ રીતે દુઃખનું ઓસડ દહાડા ગણાય છે. વખત જાય તેમ દુઃખ વિસારે પડે છે અને હકીકત બન્યા પછી થોડે વખતે તે વ્યક્તિની દુનિયા પાછી ધીમે ધીમે અસલ ધરેડ તરફ આવતી જાય છે, પણ યશોભદ્રાના સબધમા તેથી ઊલટું બન્યુ. એનો શોક દહાડે દહાડે વધતો ગયો એને અનેક વિચાર આવવા લાગ્યા, અને પોતાની પરિસ્થિતિને અંગે વિચારવા લાયક અનેક કારણો દેખાયા. એ કદી રાગડો તાણીને રડી નહિ, પણ એનાં ગરમ આંસુ અને મ્લાન વદન એનું દુ.ખ છૂપાવી શકયા નહિ. એણે લગભગ ખોરાક તજી દીધો હતો, એની પાસે ગામની સ્ત્રીઓ દિલાસો આપવા આવતી હતી, તેની સાથે એ કશું બોલતી નહી. પણ એના મગજ પર વ્યગ્રતા તો જરૂર દેખાતી હતી. એણે દેશના રિવાજ પ્રમાણે છાજિયા કરવાના કે એવા પદ્ધતિસરના ઢોગ સોંગમાં કે દેખાડો કરવાના મ્હોં વાળવાના કે પછાડીઓ ખાવાના વિધિમાં જરાપણ

ભાગ લીધો નહિ એટલે બૈરાંઓને ટીકા કરવાનું કારણ તો ઘણું મળ્યું, પણ એ પોતાના નિશ્ચયમાં અફર રહી. પણ અત્યારે એને દિશા સૂઝતી નહોતી, એ પોતાના અંતરપટમા રહેલા શોકને સમાવી શકતી નહોતી, એ પોતાની આગળ રચાયલી બાજીના ઊંડાણુમાં પ્રવેશ કરી શકતી નહોતી અને અપરંપાર દુઃખના બોજા નીચે કચ-રાઇ ગયેલી અત્યારે એ હતાશ બની ભારે ઉર્મિલ બની ગઈ હતી એને અનેક વિચારો આવતા હતા, પણ ઊડી જતા હતા. એ પોતાનું મન એકે વિચાર પર સ્થિર કરી શકતી નહોતી.

મહારાણી યશોધરાને કંડરીકના અવસાન પરત્વે ઊંડી અસર ન થઈ એણે વ્યવહાર જાળવવા શોકના વસ્ત્રો પહેર્યાં, પણ એને ઊંડે ઊંડે મનમા થયું કે યશોભદ્રા ખૂબ છકી ગઈ હતી, તે હવે ઠેકાણે આવશે. એના મનમા ઈર્ષ્યાએ જે સ્વરૂપ લીધું હતુ તે વધારે સ્પષ્ટ આકાર ધારણ કરવા લાગ્યું. યશોભદ્રાના સૌભાગ્યના નાશ સાથે એનો તોર ઊતરી જશે અને એનો શણગાર અને સૌભાગ્ય ચાલ્યા જતા એના રૂપ અને યૌવન નરમ પડી જશે અને પરિણામે એનામાં ઘડપણ આવી જશે. આવા આવા વિચારને પરિણામે એણે ભદ્રા પાસે આવીને બેસવું જોઇએ અને એને દિલાસો આપવો જોઇએ તેને બદલે માત્ર વ્યવહાર પૂરતું ઉપર ઉપરનું જવું આવવુ એણે રાખ્યું, પણ અંદરખાનેથી જે અરેરાટી થવી જોઈએ તેનો ઉદ્‌ગમ દેવી યશો-ધરામાં થયો નહિ.

અને મહારાજા પુંડરીક શી રમતમા હતા તેની કશી સમજણ પડી નહિ લોકોમા અમે તેવી વાત ચાલે તેને બાજૂએ મૂકતાં પણ રાજાએ જેવી જોઇએ તેવી શોકની છાયા બતાવી નહિ. અત્યારે રાજ્યનો જુવાન જોધ વારસ ચાલ્યો જાય ત્યારે ત્યાં તો કાળો કેર વર્તાવો જોઈએ અને એકનો એક સગો ભાઈ જતા રાજમહેલમાં તો ગજબ વર્તાવો જોઈએ એવી કોઈ પરિસ્થિતિ ત્યાં જણાઇ નહિ. રાજા

ફાગણ સુદ આઠમ પછી જે શૂનશૂન્યાકાર થઇ ગયા હતા તેને બદલે વધારે સ્ફુર્તિ દેખાડવા લાગ્યા એટલે લોકોના અને અમલદાર વર્ગમાં ચાલતી ઘુસપુસ વાતોને વધારે પુષ્ટિ મળવા લાગી. વળી મુદ્દાની વાત એ બની કે કંડરીકનું અવસાન શા કારણે થયું, કે તેને મંદવાડ થયો કે તે લડાઇમાં ઘવાઈ ગયો કે શું બન્યુ તેની કોઇ વાત લાવવા કે તેનો તાગ લેવા કશી પ્રવૃત્તિ કરતું હોય તેમ પણ જણાયું નહિ.

અને વૃદ્ધ મંત્રીશ્વર અત્યારે આભા બની ગયા. એ ચાલાક મુત્સદ્દીને અનેક બાતમી મળતી હતી, રાજમહેલમાં શું ચાલે છે તેના સમાચાર પણ તેને મળતા હતા અને જોકે બધી વાતની મૂળ બાબત સુધી એ પહોચ્યા નહોતા, પણ એને મનમાં શંકાઓ ઉદ્ભવી હતી. એ ધારત તો મહારાજાને સમજાવી શકત, કદાચ જરૂર જણાત તો ઠપકો પણ આપી શકત અને યોગ્ય જણાત તો પોતે રાજ્યની નોકરીની જવાબદારીમાથી ફારેગ થઇ પોતાનો અણગમો પણ વ્યક્ત કરી શકત; પણ આ વખતે એ તત્ત્વજ્ઞાનમા ઊંડા ઊતરી ગયા. મનુષ્ય સ્વભાવની નિર્બળતાઓ કેટલી હદસુધી સામ્રાજ્ય જમાવી શકે છે તે વાતે એના મનપર જોર પકડયું અને એ સ્નેહની અસ્થિરતા, પ્રેમની પામરતા, સગપણની સંદિગ્ધતા અને જીવનની વિચિત્રતાની વિચારણામાં એટલા બધા ઊંડા ઊતરી ગયા કે પોતાના કર્તવ્યના ભાનને બદલે એને ત્યાગમાર્ગ તરફ ભાવ થઈ ગયો. પરિણામે એ સંસારને કે અમલદારીને છોડવાને બદલે વધારે ગાઢતાથી તેને ચોટી પડયા. એટલે આવા મહત્ત્વના પ્રસંગે એના જેવા દીર્ઘદર્શી વિશાળ રાજનીતિજ્ઞ તરફથી ધારણા કહી શકાય કે આશા રાખી શકાય એવું એક પણ પગલુ લઈ શકાયુ નહિ. ખૂબીની અને નોંધવા લાયક વાત તો એ બની કે આવે વખતે એણે યશોભદ્રાની પાસે જઇ તેને દિલાસો આપવો જોઇએ, તેને ધારણા આપવી જોઈએ અને તેને માર્ગદર્શન

કરાવી શોકમાંથી ઉપર ખેંચી કાઢવી જોઈએ, તેને બદલે એમણે કાંઈ કર્યું નહિ, માત્ર ખરખરાને અંગે એકવાર ડેલીએ જઈ ચાલ્યા આવ્યા અને યશોભદ્રાને મ્હોંઢે પણ થયા નહિ. એને સંસારની અનિત્યતા દેખાણી, ભાઈ બાપના નથી એવી ભાવના થઈ. રાજા કોઈના થયા નથી કે થના નથી એ વાત એના મનમાં સુદૃઢ થઈ, પણ એણે યશોભદ્રાને અંગે કોઈ સક્રિય કામ કર્યું નહિ. એ તો કંડરીકના અવસાનને ચાલુ બનતા બનાવ તરીકે ગણી રહ્યા અને એની ભીતરમાં રાજકારણના અલટા પલટાના બનાવોની શક્યતા હોય એવો કોઈ વિચાર તેમને આવ્યો હોય એવુ તેમના વર્તનપરથી લાગ્યું નહિ.

: ૧૩ :

## આઠાં કામના હરીફો અને સુવા ઉપર જ્ઞાથી

૧

દિવસ ઉપર દિવસ ચાલ્યા. ચૈત્ર માસનો ઊકળાટ શરૂ થયો, તપવાના દનિયા શરૂ થઇ ગયા, વસંતને માથે ગ્રીષ્મ ઋતુ આવી, પણ યશોભદ્રાના હૃદયપરથી બોજો હળવો થવાને બદલે વધારે ને વધારે આકરો થતો ચાલ્યો.

**ચૈત્ર સુદ એકમને** રોજ નવું વર્ષ બેસે ત્યારે એ દેશમાં મોટો મહોત્સવ થતો અને લોકો નૂતન વર્ષાભિનંદન કરતા. આ વર્ષે રાજ્યનો સોગ ( શોક ) હોવાથી સાકેતપુરમાં કોઈ પ્રકારની ઊજવણી થઇ નહિ આખો દિવસ સામાન્ય પ્રકારના દિવસ તરીકે પસાર થતો દેખાયો. રાજદરબારની સભા અને નવા વર્ષની સવારી થઇ નહિ, અને યશોભદ્રાને મહેલે જો કે તેના પૂરતી ઉપર ઉપરની રડારોળ તો બંધ જ હતા, પણ તે દિવસે કોઇ પ્રકારનો બનાવ બન્યો નહિ. યશોભદ્રાના મુખપર ગ્લાનિ, આખો વખત ચાલુ નિસાસા અવારનવાર અશ્રુબિંદુથી ભરાતી આંખો અને દાસદાસીઓના દિલાસા ઉપરાંત

ત્યાં કાંઈ ન હતું. તે દિવસે તો લોકો ખરખરા માટે પણ ન આવ્યા.

એજ સ્વરૂપે બીજ, ત્રીજ, ચોથ, પાંચમ અને છઠ પસાર થઈ ગઈ. સાતસાત દિવસનાં વહેણાં વાઈ ગયાં, પણ દેશના સીમાડા પરથી કાંઈ સમાચાર આવ્યા નહિ. લોકોમાં સાચી ખોટી કલ્પનાઓ અને વાતો વધતી રહી, પણ સાચા આધારભૂત સમાચારના અભાવે કોઈ ચોક્કસ નિર્ણય કરી શક્યા નહિ. ચૈત્ર સુદ છઠની સાંજે હીરજી હજૂરિયો લશ્કરમાંથી નાસી આવ્યો, પોતાને ઘેર સીધો ગયો. ગામમાં શી વાત ચાલે છે તેની તપાસ કરી ત્યારે તેને સમજાણું કે ઉપર ઉપરની અદ્ધરિયા વાતો ચાલે છે તે ઉપરાંત જનતાને કંડરીકના અવસાનને અંગે કાંઈ સમાચાર મળ્યા નથી આટલી વાત જાણી એ તો સીધો મહારાજા પાસે ગયો, મહારાજાને જણાવ્યું કે કંડરીકનું કાસલ વચ્ચેથી નીકળી ગયું છે. એણે એ વાત કેમ બની તેની વિગત જણાવી નહિ. રાજાએ તેને કાંઈ પૂછ્યું પણ નહિ. રાજાના મન પર જરા માત્ર શોક તે વખતે જણાયો નહિ.

પછી યશોભદ્રાને અંગે સવાલ પૂછતાં રાજાએ જણાવ્યું કે એ બાબતમાં જરાપણ ફેરફાર થયો નથી, અત્યારે તો એ સૂનમૂન પડી છે, રડતી નથી કે મ્હો વાળતી નથી, કોઈની સાથે બોલતી નથી કે કોઈને બોલાવતી નથી. દિલાસો આપવા આવનારને મ્હોંએ થતી નથી કે રાજરિવાજ પ્રમાણે સ્ત્રીસમૂહની વચ્ચે આવી રીતસર છાજિયાં લેતી નથી કે મરસિયા ઝીલતી નથી, એનું મન કોઈને આપતી નથી અને કોઈ પ્રકારનો વહેવાર જાળવતી નથી આટલી હકીકત જાણ્યા પછી હજૂરિયાએ વળી સવાલ કર્યો ' સાહેબ ! આપની હવે શી ઇચ્છા છે ? '

' અરે ગાડા ! ' પુંડરીક મહારાજાએ જવાબ આપ્યો. ' અત્યારે એવી વાત તે હોય ? કોઈ જાણે તો શું ધારે ? અત્યારે એને સાથે

આઘાત થયો છે ત્યારે કાંઇ આની વાત કરવા જા અને તે ન કરવાનું કરી બેસે તો આપણું નાક કપાય.'

'મારા દેવ!' હજૂરિયે જવાબ વાળ્યો. 'અત્યારે વાત તાજી હોય ત્યારેજ આવા કામ બને! હવે એ તો રાડી પરવારી, વગરફીકરી થઇ, પૂછનાર આછનાર વગરની થઇ. એવી નધણીઆતીને તો અત્યારેજ પાડી દેવાય. એતો ધા ભેગો ધસરકો! હું કાલે એને ઠેકાણે લઇ આવીશ'

રાજાના મનમાં કામદેવ ગુપ્ત રહ્યો હતો અને જરા દબાઇ ગયો હતો તે પાછો તરવરી ઊઠયો. અકરાકેરનુ મરણ થયેલું હોય, રાજદરબારે દેકારા દેવાઈ રહ્યા હોય, લધીઓ અને ખવાસણો મોટેથી છાતીફાટ ફૂટતી હોય, આખું રાજદરબાર સૂન થઇ ગયું હોય, નવા વર્ષના મહોત્સવ પણ બંધ થઈ ગયા હોય, તેવે વખતે જેના મનમાં કામદેવ જાગે તેની નિષ્ઠુરતાની તો પરાકાષ્ઠા કહેવાય! ભાઇ જેવો ભાઇ ગયો, તેના અવસાનના કારણો, તેની અંતિમ ઇચ્છાઓ, તેના અંત્યેષ્ઠિ સંસ્કારો કે એવી કોઈ બાબતમા સવાલો કરવાને બદલે એની વિધવાને હવે કઇ રીતે હાલબેહાલ કરવી એની વિચારણામાં રાજા સાવ વિવેકભ્રષ્ટ થઇ ગયો એ પોતાનું સ્થાન, પોતાનો દરજ્જો અને પોતાનો સગપણ સંબંધ નેવે મૂકી યશોભદ્રાની વાતમા રસ લેવા લાગ્યો. આવા હજૂરિયા જેવા હલકા માણસ આવી ગંભીર વાતને કેટલો વખત ખાનગી રાખશે તેની પણ તેણે તુલના ન કરી, આવા હલકા માણસો રાજાના અવગુણની વાત, જાત માહિતીથી કરે ત્યારે લોકો તેમાં કેટલો રસ લે છે તેનો ખ્યાલ પણ તેણે ન કર્યો અને જાણે ભાઇનુ મરણ એતો કાંઇ બનાવ નથી એમ ગણી હજૂરિયા સાથે એણે ખટપટ કેમ ચલાવવી અને બાકીનાં કારસ્તાનો કેમ પૂરા કરવાં તેની વાત આદરી દીધી

હજૂરિયે કહ્યું 'મહારાજ ! આપ ચિંતા ન કરો, આવતી કાલે સાતમની રાત્રે હું યશોભદ્રાની પાસે જઈશ. દિવસે તો ગામનાં લોકો ખરખરો કરવા આવે એટલે એકાંત વાત નહિ થાય. સાતમની રાત્રે કામ સીધું થઈ જશે. હવે મને મારા મનમાં શંકા નથી.'

રાજાએ તેને સાવધાનીથી કામ લેવા કહ્યું. ગામમા ગનસન મનસન વાતો થવા માંડી છે અને દેવી યશોધરા પણ વાંકુ બોલવા માંડી છે એટલે ખાસકરીને ખૂબ ચેતીને સંભાળ રાખવાને રાજાએ હજૂરિયાને ભલામણ કરી; અને બીજી કોઈ વાત કર્યા વગર કે કુંડરીકના મરણ સંબંધી વિગતો જાણ્યા વગર એણે હીરજી હજૂરિયાને અતિ અધમ કામ પર મોકલી દીધો હજૂરિયો ભારે બોલકણો હતો, પણ રાજનીતિમા અધૂરો હતો. એ મહારાજા પાસેથી બહાર નીકળ્યો ત્યા એને દરવાજા પર ચિટ મળ્યો. બન્નેને રાજાની મહેરબાની મેળવવી હતી એટલે બન્નેના મનમા એમ હતુ કે રાજાનુ કામ પોતે કરી આપ્યુ છે એમ દેખાય તો રાજા પોતાની ઉપર ખુશખુશાલ થઈ જાય અને પોતાની જીવાઈ કાયમ થઈ જાય. યશોભદ્રાને રાજાની કરવાની બન્નેની મુરાદ હતી, પણ છતા અરસપરસ બન્ને હરીફ હતા. ચિટે હીરજી હજૂરિયાને ઊભો રાખ્યો. વાત શરૂ કરતા તેણે પૂછ્યું " ક્યાં ભાઈ હીરજી ! હમણાં હમણાં કેમ દેખાતો નથી ? "

હજૂરિયે જવાબમાં કહ્યું " કેમ તને ખબર નથી, હું તો સીમાડા પર ગયો હતો."

ચિટ પાક્કો હતો. એને મનમા થયું કે હજૂરિયાની વાતમા કાંઈક ઠેકાણું છે. એટલે એણે વાત કઢાવવા પૂછ્યું " અરે તે તો ભારે કરી ? તને ત્યા મહારાજાએ મોકલ્યો હશે ? હવે લશ્કરી કામમા હજૂરિયા જાય છે એ તો આજે જાણ્યું ! ત્યારે ત્યા તો તું ગોઠી ઘાટ મારી આવ્યો હશે ? "

હજૂરિયાને પોતાની જાત ઉપરના આક્ષેપો ખરાબ લાગ્યા એને થયું કે વિટ એકતો જાતે કામ કરી શક્યો નથી, અને રાજાને મ્હોઢું પણ દેખાડી શકતો નથી અને વળી પાછો પોતાની તરફ આક્ષેપ કરે છે એટલે જવાબમાં બોલ્યો "જો ભાઇ વિટ ! એતો મરદનાં કામ છે. તું ન ફાવ્યો અને છતાં આટલી વાયડાઇ કરે છે. પણ બચ્ચા ! યાદ રાખજે કે હું તો દેવીને મહારાજાને ચરણે પગઘસતી અને પગેલાગતી ન કરૂં તો મારૂં નામ હીરજી નહિ ! તું તો ખાલી જખ મારે છે !"

વિટને વાતમાં રસ પડયો " હીરજી ! જોને ! આપણે તો જૂના દોસ્તદાર રહ્યા. જરા સાથે રહીને કરીએ તો કામમાં સહેલાઇ આવશે. આખો લાડવો એકલા ખાવા કરતાં ભાગમાં રહીશ તો રાજા પાસે ઇનામ અપાવીશ. બોલ, કબૂલ છે ?"

" હવે ઇનામ અપાવનાર તુ તે કોણ ?" હવે હજૂરિયો વાયરે ચઢયો અને પોતાની કમઅક્કલનું પ્રદર્શન કરતાં લવી ગયો. " તારા બધાં કારસ્તાન હું જાણું છું. એક દિવસ તને ઉઘાડો પાડીશ ત્યારે તારે લોકોમાં મ્હો બતાવવું પણ ભારે થઇ પડશે. કામ આવડે નહિ અને કરવા જાય, પછી ખત્તા ખાય ત્યારે માથું ચંચવાળે—એવા તારા જેવા દોઢડાહ્યાઓએ તો મહારાજાનું નામ બગાડયું છે. કામ કાજનો ધડો નહિ, રસ્તાની આવડત નહિ અને આવાં કામમાં પડી જાતે હેરાન થાય છે અને બીજાને હેરાન કરે છે અને રાજાની વગોવણી કરાવે છે ! મારી સલાહ માનનો હો તો ઘેર બેસી ભગવાનનુ ભજન કર કે છોકરાં રમાડ !"

" અલ્યા ગોલા ! તુ તો બહુ ફાટી ગયો લાગે છે ! આવી આવી મોટી વાતો કરવાનો ધંધો કયારથી માંડયો ? રાજાને વરધી પહોચાડવાના ધંધામાંથી મારા જેવા અમલદારનું અપમાન કરતાં અને

સલાહ આપતા ક્યારનો શીખ્યો ? મને ઘેર બેસવાનું કહેનાર તું કોણ ? જરા ગડબડ કરીશ તો મહારાજાને કહી તને પેડો આપવાનું સૂચવી દઇશ. જરા પોતાનું સ્થાન વિચારીને બોલ, નાને મ્હોઢે મોટી ડફાસો મારતાં લાજતો નથી ? "

આવો લંબાણુ જવાબ વિટે આપ્યો અને પોતાને ઊધડો લીધો એટલે હજૂરિયો જરા ગુસ્સામાં આવી ગયો અને પછી ભડભડયો. " મારા અમલદાર સાહેબ ! રાજા સાહેબને ગામ આખામાં વગોવ્યા, મંડળીમાં બેસી વાતો કરી અને એક શેકયો પાપડ પણ ભાંગી શક્યા નહિ ! આ મરદના કામ તમે ન કરી શકો ! અમલદારીનો કેફ ઉતારી નાખો ! '

વિટે જવાબમાં કહ્યું " જરા વિચારીને બોલ. તેં શું મોટું કામ કર્યું છે ? જાતનો અદક રહ્યો એટલે કાંઇ પાસળી ચસકી છે ? લવારો શેનો કરે છે ? શી મોટી ધાડ મારી નાખી છે કે આમ જેમ તેમ ફાટયું ફાટયું બોલે છે ? ચીઠ્ઠીના ચાકરને મહારાજાએ કટવી કટવીને નકામું પોતાનું નામ બગાડયું છે ! "

હવે હજૂરિયો ચઢી ગયો " મારા મોટા સાહેબ ! તમે ધકેલા ખાધા અને છેવટે જવાબ આપવા મ્હોઢું પણ બતાવી શક્યા નથી અને છતાં આજે મને દબડાવવા આવ્યા છો ? તમે મહારાજાનું શું કામ ઉકાળી આપ્યું છે તે મહારાજા જાણે છે ! ખાલી યતરાજી મૂકી દો અને ઘેર સીધાવો. "

" તો તેં શું કામ કરી આપ્યું ? આજે કાંઈ દારૂ બારૂ પીધો છે કે પેટમાં વાયરો ચઢી ઠેઠ માથા સુધી ગયો છે ? માળા આ વસવાયા તો આજકાલ ભારે ફાટી ગયા છે ! તો, દીકરા મારા ! આ રીત રાખીશ તો હજૂરની ડેલી ભૂલી જઇશ અને પાછો અસલના કૂમાનો આશરો લેવો પડશે. " વિટે પણ એને વધારે ચીડવ્યો-

હજૂરિયો છીછરા મનનો હતો. વિટની જેમ રાજનીતિનો જાણકાર નહોતો. રાજાની એકે વાત બહાર પડે તો તેનાં પરિણામ કેવાં આકરાં આવે તેની કલ્પના કરી શકે તેટલી તાકાતવાળો નહોતો. અને વિટે એને ચઢાવ્યો એટલે એ મગજ પર કાબૂ ખોઇ બેઠો અને ભખળી-બોલી ગયો ' આટલી પતરાજી તમે શેની કરો છો ? જો લશ્કરમાં જઈ યુવરાજનું કાસળ કાઢી આવ્યા હોત કે મહારાજાનો રસ્તો સાફ કરી આપ્યો હોત તો આ તમારા પતરાજી પણાનો કાંઇ અર્થ ગણાત ખાલી મને ધમકી આપી પોતાના નમાલા પણાને પ્રકટ ન કરો "

વિટ સમજી ગયો. એને કંડરીકના મરણ પાછળ ભેદ લાગ્યો, એણે ત્યાર પછી યુક્તિસર પૂછવા માડયું. પણ હવે હીરજી એની ગત સમજી ગયો, એણે વાત ઉડાવવા માડી, પણ યુવરાજના મરણ પાછળ ભેદ હતો અને તેમાં મહારાજાનો હાથ હતો તે વાત ઉઘાડી પડી ગઇ. હીરજી જરા ખસિયાણો પડી ગયો. પણ જાતે હલકો હતો એટલે એમાં શું થઈ ગયુ ? એમ મનને વાળવા લાગ્યો. વિટ જેવા ગામની કોઈ જેવા જો કોઈ વાતની પાછળ પડે અને ગામમાં વાત ફેલાવે તો એમા પોતાનુ મોત થાય અને રાજાની ગેર આબરૂ થાય તે આ ઓછી અક્કલના માનવીના ખ્યાલમાં ન રહ્યું. એક બીજા પર આક્ષેપ કરતા અને ઠેકાણા વગરની વાતો કરતા અ તે વધારે ચડભડીને વિટ અને હજૂરિયો જૂદા પડયા અને જુદા પડતી વખતે અરસપરસ દાંત કચકચાવ્યા અને સામસામું વેર વસાવ્યું.

: ૧૪ :

## અફવાઓના રાફડા

હજૂરિયો મુસાફરીના થાકે રાત્રે તો સૂઈ ગયો. વાતની ઉતાવળમા પોતે વિટ જેવા વાતુડિયા માણુસ પાસે વાત જણાવી દીધી છે એ વાતનો એને જરા જરા પશ્ચાતાપ પણ થયો. પણ એની રીત પ્રમાણે એ વાતને વીસરી ગયો. સાતમ ( ચૈત્ર ) ની સવારે ઊઠયો ત્યારથી યશોભદ્રા સાથે પોતે કેવી રીતે વાતો કરશે, તેને કેમ ફોસલાવી, જરૂર પડશે તો તેને કેવી રીતે ધમકાવશે, એના વિચારમાં એ પાસા ગોઠવવા માંડયો. પોતે સાકેતપુરની બહાર ગયો હતો એ વાત ગામમાં જણાઈ ગઈ હતી, પણુ કંડરીકના અવસાન પાછળ કોઈ ભેદ હતો કે તેમા તેનો ( હજૂરિયાનો ) કોઈ હાથ હતો કે તેની પાછળ બીજા કોઈની પ્રેરણા હતી એ વાત હજુ શહેરમાં જણાઈ નહોતી, પણ કાલે રાત્રે વિટથી પોતે જુદો પડયો ત્યાર પછી વિટે પોતાની મંડળીમા એ વાત કરી હતી અને સવાર થતા સુધીમા તો વાટે અને ઘાટે, શેરીમાં અને ચોકમા, પાણી શેરડે અને દેવમંદિરને માર્ગે એ વાત ચાલુ થઈ ગઈ હતી અને એ વાતમાં હજૂરિયાનું નામ

ઉઘાડી રીતે દેવાતું હતું અને મહારાજાની નજર યશોભદ્રા દેવી તરફ ફરી છે અને રાજ્યમાં મોટી ઊથલપાથલ થવાની છે એવી વાત પ્રસરવા માંડી હતી. બપોર સુધીમાં તો આખા ગામમાં એ હકીક્ત ગામશાહી વાતનો એક વિષય થઇ પડી અને પછી તો એના ઉપર મતો અભિપ્રાયો તર્કવિતર્કો અને ચૂંથણાં થતાં ચાલ્યાં.

કોઇ કહે કંડરીકજ ઘેલો હતો કે આમ સરહદ પર ચાલ્યો ગયો. એના ખોરાકમાં ઝેર આપવામાં આવ્યુ હતું એવી વાત કોઇએ ચલાવી, એના રહેવાની છાવણીને આગ લાગી અને કોઇએ એને બાળી મૂકયો એવી વાત પણ કોઇએ ચલાવી, એ ઘોડાપરથી પડી ગયો એમા કોઇનો હાથ હતો એવી પણ વાત ચાલી. રાજાની નજર એની પત્ની દેવી યશોભદ્રા ઉપર છે અને સંતલસ કરી રાજાએજ એનો ઘાટ ઘડાવી નાખ્યો છે એવી પણ વાત ચાલી. આ પ્રમાણે સાચી ખોટી અને બળતી અનેક વાતો ચાલવા લાગી. પણ કંડરીકના મરણમા કાઇ ગૂઢતા છે, એની પાછળ નાનું કે મોટું કાવતરૂં છે અને એમાં રાજમહેલની અંદરની ગંદી રમતો છે એવું જનતાને લાગ્યું.

એમાં હજૂરિયાના હલકટ સ્વભાવે વધારે ફાળો આપ્યો, ગામના લોકોમાથી પારકી પંચાત કરનારા કોઇક હજૂરિયાને ઘેર ઊપડયા. અત્યારે ભાઇશ્રી તો રાત માટે તરકીબો ગોઠવી રહ્યા હતા. ગામ લોકોને ખબર પડી કે હજૂરિયો મહારાજાના મોકલવાથી સીમાડા પર લસ્કર સાથે ગયો હતો. હજૂરિયાને સીધા સવાલ કરતા એણે જવાબમાં ગોટા વાળ્યા એટલે ગામલોકને થયું કે જરૂર દાળમાં કાઇક કાળું છે. વાત ફેલાવવા માંડી કંડરીક કેમ મરણ પામ્યો તેની ગામમાં કાંઇ વિગત આવી નહોતી એટલે લોકોને વાત કરવાનું ફાવતું થઇ ગયુ અને બપોર સુધીમાં તો ઘેર ઘેર વાત ચાલવા લાગી. બપોરે

હજૂરિયો બજારમાં નીકળ્યો ત્યારે લોકો તેની સામું આંગળી ચીંધવા મંડી ગયા. તે વખતે હજૂરિયે જાણ્યું કે કંડરીકના મરણની આસપાસ ગામમાં અનેક સાચી ખોટી વાત ચાલી રહી છે.

અને પછી ગામલોક જ્યારે રાજકથા કરવા માડે છે ત્યારે કોઈ મર્યાદા રહેતી નથી. લોકો તો મનમાં આવે તેવા તુક્કા ઉડાવે છે અને એક બીજાની પાસે એવા રસથી વાતો કરે છે કે જાણે પોતેજ આખો રહસ્યભેદ પામી ગયા હોય. આખો દિવસ કંડરીકના મરણની વાત અને દેવી યશોભદ્રાની સાથે રાજાનો અણઇચ્છવાજોગ સંબંધ અને તેને લગતી અનેક અફવાઓ ચાલવા લાગી.

લોકોએ મહારાજાના જન્મદિવસને રોજ યશોભદ્રાએ લેવરાવેલા રાસડા પણ રાજાને ખુશ કરવા લીધા હતા એવી એવી વાતો ચલાવી. એ રૂપાળી રાણી આવી ત્યારથી દેવી યશોધરાને મહારાજા બોલાવતા પણ નથી એવી એ વાતો થઇ. છેલ્લા થોડા દિવસોથી મહારાજા રાજ્યના કોઇ કામમાં ભાગ લેતા નથી અને આખો વખત યશોભદ્રા સાથે લહેર ઉડાવે છે એવી પણ વાતો ઊડી. યશોભદ્રા મ્હોં વળાવતી નથી કે કોમંડળમાં કૂટતી નથી કે છાજિયાં લેતી નથી તેનો અર્થ પણ એવો બેસાડ્યો કે એતો હવે નિશ્ચિંત થઇ છે, એને એના ધણીના મરણથી કાંઇ લાગ્યું નથી અને આડો કાંટો નીકળી ગયો છે. આવા અર્થો પણ લોકોએ બેસાડી દીધા.

લોકો આવી વાતમાં ખૂબ રસ લે છે. કોઇની નબળી વાત હોય તો જરા પણ તપાસ કર્યા વગર તેને સાચી માની બેસે છે, એમાં સામાને કેટલો ગેરઇન્સાફ થાય છે તે સંબંધનો ખ્યાલ મગજમાંથી કાઢી નાખે છે અને દરેક માણસ વાતમાં ટકા પોતાની કલ્પનાથી ઉમેરતો જાય છે. આખરે વાત નાની હોય તેનું વતેસર થઇ જાય છે, ટાયલામાંથી ઇતિહાસ બની જાય છે અને કેટલીક વાર તો ગામ ગપાટાના વિનોદમાંથી કંઇકના જીવ જાય છે, કંઇકને ઘેર અણબના-

વનાં આંધણુ મૂકાય છે અને કેટલીકવાર સંપના કુસંપ થાય છે. '**જ્યાં મળે ચાર ચોટલા ત્યાં ભાંગે બે ઓટલા**' એવી કહેવત સ્ત્રીઓને લાગુ પડે છે તે માત્ર સ્ત્રીઓની તરફ અણગમો બતાવવા છીછરાપણું છે. એકંદરે ગપાટા મારવાની બાબતમાં અને વગર તપાસે આક્ષેપો કરવામાં અને વાતની વાયડાઇ બાબતમાં પુરૂષવર્ગ પણ સ્ત્રીવર્ગથી જરાપણ ઓછો ઊતરે તેમ નથી. બીનજવાબદાર વાતો, અરતબ્યરત ટીકાઓ, વગર આધારના મૂલ્યાંકનો, વગર પાયાના ભવાડાઓ, મુદ્દાવગરના હેત્વાક્ષેપો એ જેટલો સ્ત્રીઓનો અધિકાર વિષય છે તેટલોજ પુરૂષોનો પ્રિય વિષય છે. એમાં તફાવત હોય તો તે માત્ર વખતનો છે. એવા ગપાટા હાંકવા માટે સ્ત્રીઓને ફુરસદ વધારે પ્રમાણમાં મળે છે, બાકી કુળકુપપણામાં, હળવા મનપણામાં કે બીનજવાબદાર વાત ચલાવવાના રસમાં બન્ને વર્ગ એક બીજાને ટક્કર મારે તેમ છે.

કંડરીકની વાત ગામમાં ખૂબ ચાલી. યશોભદ્રાને અંદર બરાબર સંડોવવામાં આવી, મહારાજા પર વગર સંકોચે આક્ષેપ થવા માંડયા અને હજૂરિયા જેવા હલકા માણસો જેની નોકરીમાં હોય ત્યાં બીજી સારાવાટ પણ શી હોય એમ ટીકાઓ અભિપ્રાયો અને મતો પ્રકટ થવા લાગ્યા. આ વાત અકસ્માત રીતે રાજમહેલમાં પણ પહોંચી ગઇ. મહારાણીના સાંભળવામાં આ વાત આવી ત્યારે પ્રથમ તો એણે એ વાતને અફવા તરીકે હસી કાઢી, પણ પછી દાસી પ્રિયંવદાની છૂપી હીલચાલ, પ્રશ્નના જવાબ ઉડાવવાની ચીવટ અને રાજાનો થોડા દિવસથી પોતા તરફ દેખાતો અભાવ અથવા ઉપેક્ષાભાવ એને યાદ આવ્યો, એટલે ગામમાં ચાલતી વાતની તપાસ કરવી જોઇએ એવો એને પણ વિચાર આવ્યો.

મહારાજાએ તો તુરત દાસી પ્રિયંવદાને બોલાવવા મોકલી પણ આજે તે ખાસ કામે શહેરમાં ગઇ હતી મોડી રાતે આવવાની રજા

લક્ષ પોતાને કામે ગયું હતી એ વાત યાદ આવતાં રાત્રે તેને પૂછવાની મનમાં ગાંઠ વાળી. પણ આખો દિવસ વાત તો નવા નવા આકારમાં આવ્યાજ કરી એટલે મહારાણીને ઉકળાટ તો થયાજ કર્યો. ખૂબીની વાત એ બની કે આવી વાત મહારાણીએ તો દાબી દેવી જોઇએ તેને બદલે જે આવે તેને મહારાણી એ વાત રસપૂર્વક પૂછતા થઈ ગયા અને શહેરમાં એ સંબંધમાં શાંશાં ગપ્પા ચાલે છે તે સાંભળવાને ઉત્સુકતા બતાવતા ગયા અને ગામમાં તો વાત વધતીજ ચાલી, અનેક નવાં ચોકઠાં ગોઠવાતાં ગયાં, અનેક નવા ઉત્પન્ન થતાં ગયા અને નવા નવા પ્રકારના આક્ષેપો વધતાજ ગયા. મોડી બપોર સુધીમાં તો અનેક અફવાથી ગામ વ્યાપ્ત થઇ ગયું અને ચોરે ને ચૌટે, હાટે અને વાટે, ચોકે અને દેવડીએ આ બાબતમાં અનેક પ્રકારના ગપ્પાંઓ ચાલુ થઈ ગયાં.

: ૧૫ :

## હજૂરિયા હરજીનો છેલ્લો દાવ

૯

આવા વિચિત્ર વાતાવરણમાં સાતમનો દિવસ પસાર થઈ રહ્યો, સાંજ પડી, યશોભદ્રા તો આખો વખત ગમગીનીમાં પડી રહી હતી. એને ખાવાનું ન્હાવાનું કે કપડાં સરખાં કરવાનું ભાન નહોતું. એના મનપર કંડરીકના અવસાને ખૂબ અસર કરી હતી તેતો ઉઘાડી વાત હતી, પણ એના શોકના ભાર નીચે એ એવી કચડાઈ ગઈ નહોતી કે એ સ્વતંત્ર વિચાર ન કરી શકે. એના સંસ્કારી પિતાએ એને પાન-ફૂલિયાપણે ઉછેરી હતી, છતાં સાથે એને તે વખતને યોગ્ય સારી કેળવણી આપી હતી. એનો ગણિત અને ન્યાયનો અભ્યાસ ખાસ વખાણને પાત્ર હતો, એનું સામાન્ય સાહિત્ય ખુબ સુંદર હતું એણે પંચકાવ્યનો અભ્યાસ કર્યો હતો, અને તે ઉપરાંત એણે કથાસાહિત્ય ખૂબ વાંચ્યું હતું, એ પ્રકારના સાહિત્યમાં એનો રસ ચાલુ હતો અને છેલ્લાંછેલ્લાં તેણે ભાવના; વૈરાગ્ય અને તત્ત્વ સ્વરૂપના ગ્રંથો પણ ખૂબ વાંચ્યા હતા. એનામાં સારા સંસ્કાર એકાકાર પામી ગયા હતા

હાલમાં તે શૃંગાર વૈરાગ્ય તરંગિણી અને વૈરાગ્યશતક વાંચતી હતી અને એને બાર ભાવનાના આંતરમાં ઊતરવાનો ભારે શોખ થયો હતો. અનિત્ય અન્યત્વ અને સંસાર ભાવનાના અભ્યાસ પછી એનામાં કંડરીકના અવસાનનો શોક સહન કરવાની તાકાત આવી ગઈ હતી અને તેથી એ સંસ્કારી રાજકુમારી મ્હોંફાટ રડતી નહોતી. તેના આંતરમાં તેની જીવનની અસ્થિરતાની વિચારણા અને સંસાર સ્વરૂપની વિચિત્રતા કામ કરી રહ્યા હતા. એ જાણુતી હતી કે વહેલા કે મોડા સર્વને જવાનું છે, એટલે પછી જાય તેને માટે શોક કરવા કરતાં પોતાને માટે વિચાર કરવાની આવશ્યકતા વધારે છે, પોતાના અંતે કેવા હાલ થશે તે પર ખ્યાલાત બાંધવાની જરૂર છે અને કર્મના અચળ સિદ્ધાંતને બરાબર સમજી તેને સ્વીકારવાથી કર્મબંધ ઓછો થાય છે તે મુદ્દા પર એ ચઢી ગઈ હતી. આવી આત્મિક વિચારણાને અંગે તે પોતાના માથા પર આવી પડેલી આફતને સહન કરી શકી હતી. એને લાગણી નથી એવી એવી લોકોમાં વાતો થતી હતી. એની પાછળ આ અભ્યાસ અને વિચારણા હતાં અને એ સામાન્ય જનતાને દુર્ગ્રાહ્ય હોવાને કારણે એને માટે કાંઇક કાંઇક ખોટો ખ્યાલ કરાવી રહ્યા હતા.

છતાં યશોભદ્રા માનવી હતી, યુવાવસ્થાના કાંઠા ઉપર બેઠેલી હતી, સંસાર વહેવારના અનેક કોડોથી ભરેલી હતી, રસિક હતી અને સાથે સાધનસંપન્ન હતી. એટલે આવી અટાટની આફત આવી પડે ત્યારે તે માત્ર આત્મજ્ઞાન ઉપર ઊતરી જાય એટલી વિકાસ પામેલી નહોતી, છતાં સામાન્ય જનતા શોકના દેખાવો કરે, છાજિયાં લે કે મ્હોં વાળે એ વાતમાં એને બાલ દેખાવ અને ધાધલજ લાગતાં હતાં. એનો એણે ત્યાગ કર્યો અથવા અલ્પતા કરી. આ હકીકતથી લોકોમાં સાચી ખોટી ટીકા થતી હતી તે વાતને બાજુએ રાખતા એના મનમાં પતિના મરણથી અવારનવાર ખૂબ લાગી આવતું. એ આશા ભરી યૌવનાના

અત્યારે બારે ભૂડી ગયા જેવું હોય એ વખતે એને લાગણી ન થાય એમ તો નજ બને, પણ એ શોકમાં ડૂબી ગઈ નહોતી અવારનવાર એના દિલને ઓછું આવી જતું હતું, છતાં એ ટકી રહી હતી.

સાતમની બપોરે શહેરમાંથી કોઇ કોઇ સ્ત્રીઓ ખરખરો કરવા આવી તેમણે અંદર અંદર ગામમાં ચાલતી વાતના ઇસારા કર્યા પણ એની પાસે વાત કરવાની કે એના સંબંધમાં એને મહેણું મારવાની કોઇની હામ ચાલી નહિ. પરિણામે સાંજ સુધી યશોભદ્રા ગામમાં ચાલતી અફવાઓ સબંધી તદ્દન અજાણ હતી. સાંજના સાત વાગે હજૂરિયો યશોભદ્રાના મહેલ પાસે આવ્યો અને રજા મેળવી દેવી યશોભદ્રા સમક્ષ હાજર થયો. અત્યારે દેવી યશોભદ્રા કોઈ પુરૂષને ખાસ મળતા નહોતા, પણ આ હજૂરિયો દેવ કંડરીક સંબંધી સમાચાર લઇ આવ્યો છે એવી હકીકત પ્રતિહારીએ કહી એટલે તેને પોતાની પાસે લઇ આવવાની પરવાનગી આપી.

હજૂરિયાએ આવી દેવીને નમન કર્યાં. સાંજનો વખત હતો. સૂર્ય અસ્ત થવાની તૈયારી હતી.

હજૂરિયે વાત શરૂ કરી, 'દેવી! શરીરે સારા છો કે? આપે હવે ગમ ઓછો કરવો જોઇએ.'

દેવીએ કાળી સાડી પહેરી હતી. અત્યંત સ્વરૂપવાન સ્ત્રી કાળી સાડી પહેરે ત્યારે ઘણી વધારે રૂપાળી દેખાય છે. એના તેજસ્વી ઘાટિલા શરીર ઉપર મ્લાન વદનની વચ્ચે પણ એના સ્વરૂપને કાળી સાડીથી વિશેષ ઝળકાટ મળતો હતો. એના ચાકેલાં અને જરા ચીમળાયલાં લાગતાં લોચનમાંથી એનું યૌવન થનગની રહ્યું હતું. એના શાંત પણ આક્રમક રૂપે હજૂરિયા પર અસર કરી અને કેટલુંક બોલવાનુ એ ભૂલી પણ ગયો. એનો પોતાના મન ઉપરનો કાબૂ ઓછો થયો, પણ જાતે અધમ અને ચારિત્રહીન હતો એટલે છેવટે બોલી

ગયો કે ' ખરેખર ! તમે તો હળવા થઇ ગયા અને મનમાં આવે તેમ કરવાને અને ફરવાને લાયક થઇ ગયા ! '

યશોભદ્રાને હજૂરિયાની સાથેનો છેલ્લો પ્રસંગ બરાબર યાદ હતો. એ વાતને તો હજુ પૂરૂં પખવાડિયું પણ થયું નહોતું, એટલે એ હજૂરિયા સાથે વાત કરવા પણ ઇચ્છતી નહોતી, પણ પતિના સમાચાર અને એમની અંતની ઘડિઓ સંબંધી વિગત મેળવવાની લાલચે એણે.વાત ચલાવી. પોતે નીચું મુખ રાખી બોલ્યા, ' હરજી ! તું સીમાડે ગયો હતો ! લશ્કર સાથે હતો ?

હાજી ' હું તો ઘણો ખરો વખત કંડરીક મહારાજ સાથેજ રહેતો અને મહારાજાએ મને તેને માટેજ લશ્કરમાં મોકલ્યો હતો. ' હરજીએ જવાબ વાળ્યો.

દેવીએ વાત ઉપાડી લીધી ' મહારાજાએ પોતેજ તને લશ્કરમાં મોકલ્યો હતો ? લશ્કરમા હજૂરિયાનું શું કામ ? તુ તો યોદ્ધો કે લડવૈયો નથી ! '

હજૂરિયે ધા કર્યો ' મારા બાપદાદાઓ કદી લડયા નથી અને મને કામઠા ઉપર તીર ચઢાવતાં પણ આવડતુ નથી. આ તો તમારા માટે રસ્તો કરવા મને મહારાજાએ લશ્કરમાં મોકલ્યો હતો ! '

રાણી મુદ્દો ન સમજી શક્યા. એણે જવાબમાં રહેલ દુરાશય પારખ્યો નહિ. એણે સવાલ કર્યો ' તો મારા દેવને શું વ્યાધિ થયો ? એમણે દેહ છોડતાં કેવી ઇચ્છાઓ વ્યક્ત કરી ? તેઓ કેટલા દિવસ માંદા રહ્યા ? એમણે મને યાદ કરી કે નહિ ? એમનો અગ્નિ સંસ્કાર રાજવૈભવને છાજે તેમ થયો કે નહિ ? આ સર્વ વાત મને જણાવ. '

' અરે માંદા શેના ને વાત શી ? ભર ભલામણ શેની અને યાદ કરવાના શેના ? એતો ભડાક દેતાને ખલાસ થઈ ગયા અને તમને રસ્તો કરી આપ્યો. વાત સમજ્યા કે નહિં ? ' હજૂરિયે વાતને ટૂંકી કરવા ગોળ ગોળ વાત કરવા માંડી

રાણીને હવે જરા શંકા પડવા માંડી. એ ચતુર હતી. મહારાજાએ હજૂરિયાને ખાસ મોકલ્યો હતો તે વાત ઉપરથી એ થોડું તો પામી ગઇ હતી અને માર્ગ કરવાની અને રસ્તો કરવાની વાતો ઉપરથી વાતમાં ગોટાળો છે એટલું એ સમજી હતી. વધારે વાત કઢાવવા એણે વાતને લંબાવી. ' તારી વાતમાં મને કાંઇ સમજ પડતી નથી મારૂં તો તને એ પૂછવું છે કે મારા દેવે મને મરતી વખત સંભારી હતી ? એમણે કાંઇક ઇચ્છાઓ બતાવી હતી ? એમને ભગવાનનું નામ સંભળાવ્યું હતું ? એમના દવાદારૂ ઉપચાર બરાબર થયા હતા ? એમનો મંદવાડ શો હતો ? કેટલા દિવસ ચાલ્યો ? જરા બરાબર સરખી વાત કર. '

' દેવી ! તમે તો હોશિયાર છો, ચાલાક છો, સમજુ છો, એક વાતમાં સમજી ન ગયા કે મંદવાડે નહિ અને ખાટલોએ નહિ, દવાએ નહિ, અને ઉપચારે નહિ, ભર પણ નહિ અને ભલામણ પણ નહિ. એક તડાકે તમારો રસ્તો સાફ થઇ ગયો અને કામ ફત્તેહ થઇ ગયું. લાંબી વાતને ટૂંકી કરવા કહી દઉં કે કાલે રાત્રે મહારાજા તમારી પાસે એકલા છડી સવારીએ આવશે. મેં તો રસ્તો કરી આપ્યો છે. હવે કાલની રાતથી તમે છો અને તેઓ છે. ' જરા લંબાણ જવાબ હરજીએ આપ્યો અને પોતે કરેલા કરાવેલાં કામમાં નરી અધમતા હતી એટલી વાત ઇરાદાપૂર્વક ઉઘાડી પાડી.

યશોભદ્રાનું મુખ લાલ થઇ ગયું. પતિના મરણ પાછળ ભેદ છે એનો વસવસો મજબૂત થતો ગયો. એ બોલી ઊઠી ' નીચ ગોલા ! તું આ શું બકે છે ? મારા એક સવાલનો જવાબ આપતો નથી અને આડી આડી વાત કરે છે ? કાંઇ મારા પતિદેવના અંતની પળો સંબંધી સમાચાર આપીશ ? તું તે વખતે હાજર હતો ? તેમણે મને કાંઇ કહેવરાવ્યું છે ? '

હીરજી સમજ્યો કે દેવી કાંઇક ઢીલી પડી છે, એટલે એણે વાતને વધારે ચોળી. ' એણે જવાબમાં કહ્યું કે ' તમારા જેવા ચતુર માણસ

તો ઇસારામાં સમજી જાય એ કહ્યું તે તમે ધ્યાનમાં ન લીધું. ફરી વાર કહી દઉં છું કે કાલે રાત્રે મહારાજા અહીં પધારશે. સોળ શણુગાર સજી તૈયાર રહેજો અને બારણા બંધ કરી માણી લેજો. એ સારો દહાડો દેખાડવા માટે બધી વાત બની બનાવી દીધી છે. હવે લહેર કરો અને મોજ માણો. ગઇ તીથિ તો જોશીએ વાંચે નહિ.'

'પાપી નીચ ! મારા એક પણ સવાલનો જવાબ આપતો નથી અને મનમાં આવે તેમ લવ્યા કરે છે ! જો સીધી વાતનો જવાબ નહિ આપે તો તારો ટાંટિયો ભાંગી નાખીશ ! તું શૂરવીર રજપૂતાણીની શક્તિ સમજે છે ? હજુ છેવટ માટે પૂછી લઉં છું કે મારા દેવની અંતિમ પળો અને ઇચ્છાઓ સંબંધી વાત કર અને નહિ તો રસ્તો પકડ.'

હજૂરિયો સ્વભાવે તદ્દન નીચ હતો, ચારિત્રભ્રષ્ટ હતો, રાજાની ખુશામત ગમે તે પ્રકારે કરવાને ટેવાયલો હતો અને સતી સ્ત્રીઓ કેવી પરાક્રમી અને વટવાળી હોય છે અને તેના તેજમાં કેટલું જોમ હોય છે તેના ખ્યાલ વગરનો હતો. અનુભવથી એ શિયળભ્રષ્ટ અને રખડુ સ્ત્રીઓના સંબંધમાં આવેલો હતો અને સતી સ્ત્રીઓ જ્યારે આત્મબળ વાપરે ત્યારે કેટલી તેજસ્વી થાય છે તેની કલ્પના વગરનો હતો. યશોભદ્રાના જવાબમાં એને ભારે સ્પષ્ટતા લાગી. પણ મહારાજાને મળવાની લાલચ એ જતી નહિ કરે એમ એ ધારતો હતો. એ હવે નિરાધાર બની ગઇ છે અને એને વશ કરવી એતો ચપટી વગાડવાનુ કામ છે એમ એ ધારતો હતો, એટલે જરા ડઘાયલા સ્વરે એણે છેલ્લો દાવ ફેંક્યો. 'દેવિ ! ગાંડા કાઢો મા, કંડરીકની વાત ભૂલી જાઓ, અવતાર સફળ કરો, અને કાલે રાત્રે મહારાજા પધારે ત્યારે તેની ગોદમાં માણી લો. ખાલી ઝપાટા મારશો તો અત્યારે તમારૂં અહીં કોઇ નથી અને બળ જબરીથી માનવું તે કરતાં સમજણ પૂર્વક ઘડી સાચવી લેવી એમાં અક્કલ છે. બાકી ના કહેશો તો નીચા પડીને

કબૂલ કરવું પડશે અને કાળની કહાણી રહી જશે. હું જઉં છું અને છેલ્લી વિનતિ કરતો જઉં છું કે મુજ ગરીબનું વચન માની ડાહ્યા ડમરા થઇ જજો અને બધાને ત્યાં થાય છે તેવુ કરજો. આવી હાણવા માણવાની તક ફરી નહિ આવે. છોકરા થશે ને ગાદીએ બેસશે, તમે રાજમાતા થશો. માટે અવતારને સફળ કરી લો અને ગાંડા વેડા છોડી દો.

હવે હુ રજા લઉં છુ. અક્કલવાળા છો એટલે છેલ્લી ભલામણ કરતો જઉં છું કે ખાલી ફજેતા અટકાવવા હોય તો બાજી તમારા હાથમાં છે મહારાજા લીધી લત છોડે નહિ તેવા છે અને ગદ્ધાપણું એ જાય અને બ્રહ્મચારીપણું એ જાય, બન્ને જાય, તે વગર અક્કલની વાત છે: પછી તમે જાણો.'

આટલું એ નીચે મુખે બોલી ગયો. દેવી સામે જોવાની એની તાકાત ન રહી. એ ચાલી ગયો અને મહારાજાને જણાવી દીધું કે આઠમની રાત્રે એમણે એકલા યશોભદ્રાને મહેલે જવું. બધી બાકી ગોઠવણ થઇ ગઇ છે અને કોઇ વાતનો વાધો નહિ આવે.

: ૧૬ :

# યશોભદ્રાનું મનોમંથન અને પલાયન

યુવરાજ કંડરીક સંબંધી કાંઈ પણ સમાચાર આપ્યા વગર અને વિજ્ઞપ્તિરૂપે સલાહ અને પરિણામરૂપે ધમકી આપી હજૂરિયો ચાલ્યો ગયો, ત્યારબાદ દેવી યશોભદ્રા ખૂબ વિચારમાં પડી ગયા. એને હીરજીના કથનની અંદર ઘણો ભેદ લાગ્યો, એને દેવ કંડરીકના અવસાનની પાછળના પડદાઓમાં પણ ભારે ભેદ લાગ્યો અને હીરજીના કથનની ભીતરમાં મહારાજાનો હાથ દેખાયો. એને મનમાં થયું કે બહારથી સંત સાધુ જેવો દેખાતો માણસ ઇન્દ્રિયવશ પડી ન કરવાનું કરી બેસે એટલે પછી તો એ પોતાનું સગપણ કે પોતાની ફરજ પણ વીસરી જઈ બાળકની જેમ વર્તે, અધમ સાધનોનો ઉપયોગ કરે અને આબરૂ કે પ્રતિષ્ઠાના ખ્યાલને નેવે મૂકે

એને થયું કે ભાઈ જેવો સગો ભાઈ જાય તે પોતાથી વયમાં નાનો હોય, જુવાનજોધ હોય, આશાભર્યો હોય ત્યારે વહેવાર દૃષ્ટિએ પણ માણસને વૈરાગ્ય થાય છે, કાંઈ નહિ તો સ્મશાન વૈરાગ્ય થાય છે, કાંઈ નહિ તો સ્મશાન વૈરાગ્ય થોડા દિવસ તો ટકે છે, માણસ એવે વખતે

કાંઈ ત્યાગ કરે છે તેને બદલે જે કામાતુર માણસ આવાં સંદેશા અને કહેણ મોકલે તેની અંદરની અધમતા કેટલી હશે? અત્યારે મારી બાજુએ બેન જેવી યશોધરા આવીને બેસે તો પણ મને દુઃખ ઓછું લાગે, એને બદલે એ પણ ઉપર ઉપરથી બે એક વખત આવી ગયા, મને એકલી મૂકી ચાલ્યા ગયા, એટલે એ પણ રાજાની સાથે સામેલ નહિ હોય તો મારા તરફ લાગણી વગરના જરૂર થઈ ગયા હશે એમ જણાય છે.

અને ખૂદ રાજાએ તો ખરેખર ગજબ કર્યો! હજુ એના ભાઈના અંગારા બુઝાયા નથી તે વખતે રાજાને આવું સૂઝે એ તો સાધારણ રીતે અક્કલમા ન ઊતરે તેવી વાત છે. કદાચ આ હજૂરિયો પોતાના મનથી તો નહિ આવ્યો હોય? રાજા પોતે આવી વાત આવે વખતે કહેવરાવે ત્યારે તો ભારે ગજબ થઈ જાય! પણ ઇન્દ્રિય પરવશ પડેલો માણસ શું શું કરે. હજૂરિયો પોતા માટે આવ્યો નથી, માટે જરૂર રાજાએ તેને મોકલેલ હોવો જોઈએ. એવા હલકા માણસ રાજાના પાઠીંબા વગર અહીં આવવાની હીંમત કરી નજ શકે!

મારા તો દેવ ગયા અને મારે માથે આફતના ઢગલા આવી પડયા. અત્યારે પિયર જવાનું પણ મન થાય તેમ નથી.

આવા આવા વિચાર કરતી હતી ત્યાં તેની એક વિચક્ષણ દાસી આવી. તે હમેશાં દેવી યશોભદ્રા પાસેજ રહેતી હતી. તેને હજૂરિયાના આગમનની ખબર નહોતી. એ શહેરમાથી ચાલી આવતી હતી. એણે યશોભદ્રા પાસે તેના સંબંધમાં ગામમાં ચાલતી વાતો કહી સંભળાવી. કંડરીક મહારાજાના અવસાન પાછળની વાતો, મહારાજાનો યશોભદ્રા સાથેનો સંબંધ, રાજમહેલમાં ચાલતાં કારસ્તાનો, યશોધરા અને મહારાજાનો બગડી ગયેલો સંબંધ અને એવી એવી ગામમાં ચાલતી અનેક વાતો એણે દેવી યશોભદ્રા પાસે કહી. આખા શહેરમાં હાલ તો એજ વાત છે એમ જણાવ્યું અને કંડરીક દેવના

તો જનમારો એળે થઇ જાય. અને વસ્તુતઃ હવે આ મહેલમાં મારે છે પણ શું ? જેને માટે આ સર્વ રચાસત જમાવી હતી તે તો મને મૂકીને ચાલ્યા ગયા અને મારે તો અત્યારે કોઇનો આધાર પણ નથી હવે આ છત્રી પલંગ કે આયના, ચિત્રો કે ઘરેણાંઓ સુખાસન કે સિંહાસન મારે શા કામના છે ? આ ફુવારા કે આ હોજોમાં મારે કોની સાથે માણવું છે ?

આવા આવા એ વિચાર કરતી હતી, વિચારના વમળમાં વધારે વધારે અકળાતી હતી અને કોઇની સાથે વાત કરવાનો વખત કે મોકો પણ નહોતો. દાસી તો ઊંઘમા ઝોલાં ખાતી હતી તેને પણ એણે સૂઇ જવા મોકલી આપી. પછી તદ્દન એકાંતમાં એને પોતાની નિરાધાર સ્થિતિનો વધારે ખ્યાલ થતો ગયો. આવતી કાલે સાંજે મહારાજા જાતે આવે એટલે દરબારીઓ કે દરવાનો તો તેને પગે લાગવા મંડી જશે, દાસીઓ હેબતાઇ જશે અને તેવે વખતે રાજા પોતે ઝોડની જેમ પોતાની ઉપર કૂદી પડે તો ક્યાં જવું ? કોની મદદ માગવી ? કોણ મદદ કરવા આવે ? જ્યાં મહાઅમાત્ય જેવા પણ ટાઢી ટાઢી વાત કરી ગયા અને 'જોઇશું, થઇ રહેશે, ફીકર ન કરશો ' એવા અર્થહીન ક્રિયાહીન માત્ર દિલાસાના શબ્દો કહી ગયા ત્યાં હવે બીજેથી શી આશા રાખવી !

અનેક તર્કવિતર્કો કર્યાં. એના ખ્યાલમાં નબળાઇની એક કલ્પના પણ ન આવી, પણ વિકારવશ પડેલ રાજા અમે તે કરી બેસે ત્યારે પોતાના આ હાલ થાય તેનો જ ખ્યાલ આવ્યો. એના મનપર પોતાના પતિનો નિર્દોષ ચહેરો તરવરી રહ્યો, એના તરફ ભક્તિ અને ભાવ વધારે સતેજ થયા અને એક આધાર જતા અબળાની કેવી હાલત થઇ જાય છે તેનો વિચાર આવ્યો.

એણે પોતાના નોકરો, દરવાનો, દાસદાસીનાં ચિત્રો મનપર ખડાં કર્યાં અને રાજા આવે ત્યારે તેમાના એકપણ પોતાની મદદે આવે

તેવા નથી, જાતે નિર્માલ્ય છે અને રાજાના ખુશામતીઆ છે એમ તેને લાગ્યું. જેનાથી રક્ષણ મળવું જોઈએ તેજ જ્યારે વીફરી બેસે ત્યારે ગામમાં કોની મગદુર છે કે તેની વિરૂદ્ધનો પક્ષ લે. તે ગામના મહાજનથી પરિચિત પણ નહોતી અને પતિના જન્મદિવસે કેટલાકને નજરે જોયા હતા, પણ એ અત્યારે પોતાને મદદ કરશે એમ માનવાનું એને કારણ લાગ્યું નહિ.

જેમ જેમ વધારે વિચાર કરવા લાગી તેમ તેમ પોતાની સ્થિતિ અને દશાનો તેને આકરો આભાસ પડવા લાગ્યો. એને સંબંધની અસ્થિરતા, સગપણની નિષ્ઠુરતા અને સંસારની અસારતા મનપર તરવરવા લાગ્યાં. એના મનપર સંસારભાવનાએ સામ્રાજ્ય મેળવ્યું અને બરાબર મધરાતે એણે નિશ્ચય કરી નાખ્યો કે આ સ્થિતિમાંથી છૂટવાનો એકજ રસ્તો છે અને તે અહીંથી નાસી છૂટવાનો જ માર્ગ છે અને બીજો કોઇ માર્ગ નથી જ. અહીં રહીને શિયળને જોખમમાં મૂકવું, ભવ હારી જઇને જીવનને તુચ્છ થવા દેવું તેને બદલે આ સ્થાન જ શા માટે મૂકી ન દેવું ?

વધારે વિચાર કરવાનો સમય નહોતો, વાત બહાર પડી જાય તો રાજાનો પ્રતિબંધ આકરૂં રૂપ લે અને રાજા ધારે તો તેને ફોસલાવી ધમકાવી અથવા આખરે કેદમાં નાખી પોતાને હેરાન કરે અને અંતે પોતાનું શિયળ જોખમાય, તેને બદલે અહીંથી નાસી છૂટવામાં શો વાંધો છે ? લોકો ગમે તે વાતો કરશે, પણ લોકોની વાતોપર આધાર શો રાખવાનો છે ? એ તો જે કરીશ તેમાં વાંધા વચકા કાઢયા જ કરશે, એ પડખે ઊભા રહેવાના નથી, પણ સાચી ખોટી વાત આવશે તો રસ લઇ તેમાં વધારો કરી આગળ ધપાવવાના છે.

આટલા વિચાર સાથેજ એને પોતાનું રૂપ યાદ આવ્યું. પોતે પોતાના રૂપ માટે મગરૂર નહોતી, પણ પોતે તેથી અજાણ નહોતી, મહારાજા પોતે પણ એનોજ ભોગ થઇ પડયા છે એ વાત તેના

અવસાન પાછળ ઘણી રમતો રમાણી છે એવી ચાલતી વાતો પણ એણે ગામ ગપાટા તરીકે જણાવી દીધી.

આ વાત સાંભળી દેવી યશોભદ્રા વધારે મુંઝાણી. અત્યારે એને સલાહ લેવાનું ઠેકાણું પણ દેખાયુ નહિ. હજુ સાકેતપુરમાં આવ્યાને એને પૂરૂં વરસ પણ થયું નહોતું અને પોતે વિદ્યારસિક હોવાથી ગામમાં કોઇ સાથે અંગત સબંધ પણ વધાર્યો નહોતો. વિવેકથી લોકો આવે જાય અને દિલાસો આપે, તેવા માણસો પાસે મનની વાત ન કરાય. અને ખાસ સલાહ મેળવવા જેવા ગામમાં તેના ખાસ સંબંધી નહોતા. એણે દાસી પાસે ટૂંકામાં હજૂરિયાની વાત કરી, હજૂરિયાના છેલ્લા શબ્દો કહ્યા, મહારાજાનો પાપી નિર્ણય સંભળાવ્યો અને હવે શું કરવું તેનો વિચાર કરવા માંડયો. દેવી યશોભદ્રાનો વિચાર મક્કમ હતો, બ્રહ્મચર્ય ઉપર એને ખૂબ શ્રદ્ધા હતી, આત્મનિશ્ચયમાં એ અડગ હતી પણ અત્યારે પોતાની નિરાધાર સ્થિતિ એ સમજતી હતી. અને ગામના રાજા જ્યારે આડે રસ્તે ઊતરી જાય ત્યારે તેના માર્ગમાં પોતાને મદદ કરનાર કોઇ નહિ મળે એવો તેનો મત હતો એટલે એણે દાસીને પૂછયું. દાસી વિચારશીળ હતી. પણ આવા ગૂચવણવાળા પ્રસંગમાં એની બુદ્ધિ ચાલી નહિ. એણે છેવટે એક વાત સૂઝાડી. ત્યારે પૂછવા ઠેકાણું હોય તો આમ મહાઅમાત્ય તેની નજરમાં આવ્યા. દેવી તો રાતોરાત સાકેતપુર છોડી ચાલ્યા જવાના મત ઉપર આવી ગઇ હતી.

એણે દાસીની સલાહ મુજબ તેનેજ મહાઅમાત્યને તેડવા મોકલ્યા. મહાઅમાત્ય બહુ વૃદ્ધ થયા હતા અને રાત્રે ઘણું ખરૂં બહાર નીકળતા નહોતા. દેવી યશોભદ્રાનો ખાસ જરૂરી આગ્રહ થવાને કારણે તે તેના મંદિરે આવ્યા. દેવી યશોભદ્રા તો અત્યાર સુધી તેની સાથે ઉઘાડે મ્હોંએ કદી બોલેલ પણ નહિ. મુખમાંથી ફૂલ ઝરે તેવી વાણીમાં તેણે સર્વ વાત કહી દીધી. મહારાજા પોતાને

મંદિરે એકવાર આવી ગયા હતા, ત્યાંથી માંડીને હજૂરિયો આજે સાંજે રાજાનો નિર્ણય સંભળાવી ગયો તે બધી વાત કહી દીધી. મહાઅમાત્યે પોતેજ કંડરીકને લશ્કરમાં જવાનો હુકમ લખી તે ઉપર મહોર છાપ મારી હતી તે વાત તેને પણ યાદ આવી. શહેરમાં ચાલતી વાતોની સણસણાટી મહાઅમાત્યને પણ આવી હતી, બધી વાત સાંભળી એણે તો એટલુંજ કહ્યું કે હું કાલે સવારે મહારાજાને મળીશ અને આવા કામથી બે આબરૂ ન થવાને સમજાવીશ. વાત દરમ્યાન એને યશોભદ્રાની મક્કમતા ભારે આશ્ચર્યથી ભરપૂર લાગી. એ સાચી સલાહ આપનાર પવિત્ર મંત્રી હતા, છતાં રાજદરબારમાં તો આવા અનેક ગોટાળા ચાલે એના જાણકાર હતા. એને આ વાતમાં કોઇ બહુ નવાઇ ન લાગી, પણ યશોભદ્રાની મક્કમતાએ એના મગજ પર તેને માટે ઉત્તમ છાપ પાડી. બાકી એ જમાનાના ખાધેલ હોઇ એને આ વાતમાં ખાસ ગભીરતા ન લાગી. મંત્રીશ્વર તો ધીરજની બે વાત કરી ચાલ્યા ગયા. રાતના નવ વાગવા જેટલો સમય થઇ ગયો. તે વખતે દાસી પણ ઝોકાં ખાવા લાગી. હવે યશોભદ્રાને પોતાની અસહાય દશાનો બરાબર ખ્યાલ આવ્યો. એણે વિચાર્યું કે મહાઅમાત્ય ગમે તેટલું સમજાવે પણ ઇંદ્રિયને પરવશ પડેલ પ્રાણી ગમે તેવું અપકૃત્ય કરી બેસે, એટલે મહાઅમાત્યના દિલાસા પર આધાર રાખવો ખોટો છે અને રાજા પોતાની સમક્ષ આવ્યા ત્યારે તેનાં દેદાર અને વિકારી આંખો અને હજૂરિયા સાથે તેણે કહેવરાવેલ શબ્દો એતો આખરી અંજામ બતાવનાર છે. પછી તેણે વિચાર્યું કે, ધારો કે રાજા પોતે અમાત્યની સલાહ અવગણી અહીં જાતે આવે તો તેવે ટાણે પોતાનું કોણ? હરજીની છેલ્લી ધમકીના આકરા શબ્દો તેના કાનમાં હજુ ધમધમી રહ્યા હતા. રાજા કોઇ જાતનો બળાત્કાર કરે તો આવા ભયભાદર્યા રાજમહેલમાં તેની મદદે આવનાર કોણ? અને તે તો બધા રાજાને સારૂં લગાડવા જાય અને ઉન્મત્ત રાજા એક વખત ન કરવાનું કરી બેસે તો પોતાનો

ખ્યાલ બહાર નહોતી અને અત્યારે તો પોતે રાજ્યાશ્રયમાં કંઇક રીતે સલામત છે, પણ બહાર જતાં તો તેના પર અનેક પતંગિયાં આવી પડે તેનો તેને વિચાર થયો.

આ સર્વ વાતનો ઉલ્લેખ કરતાં ઘણો વખત લાગે છે, પણ અતિ પ્રવિણ ચપળ યશોભદ્રાએ આખી વાત મગજમાં ગોઠવી દીધી, દાસીના હલકાં કપડાં પહેરી લીધાં, મુખપર ત્રણ આડા લીંટા એવી રીતે કરી લીધા કે એ કદરૂપી દેખાય, ત્રાંસી દેખાય અને બિહામણી દેખાય. આટલી ઘટના શરીર પૂરતી કરી, ક્યાં જવું તેના કોઇ પણ પ્રકારના નિર્ણય વગર એ રાત્રે એક વાગે ઊપડી, એના વેશપલટામાં એ ઓળખાય એવું નહોતું. દરવાનને કહ્યું કે દેવી માટે દવા લેવા જઉં છું, શહેરને દરવાજે કહ્યું કે દેવી યશોભદ્રાનો સંદેશો તેમના દૂરના સગાને પહોંચાડવા જઉં છુ એમ કહી એ ગામ બહાર નીકળી પડી. પોતાની સાથે માત્ર બાપે આપેલ રત્નકંબળ અને પતિદેવની દીધેલી-રાજમુદ્રિકા લઇ લીધાં અને કયા જવુ છે તેના ઠેકાણા વગર રાત્રીના ત્રીજા પહોરે યશોભદ્રા સાકેતપુરથી બહાર નીકળી પડી.

એણે સાકેતપુરને પ્રણામ કર્યા. એક વર્ષ પર કઇ આશાએ આવી હતી અને ભર મધરાતે કેવા સંયોગોમાં ચાલી નીકળવું પડે છે તેનો ખ્યાલ કરતી એ શહેર છોડી આગળ ચાલી. આવી રીતે એનો હોસથી તૈયાર કરેલો માળો વીંખાઈ ગયો અને કાંઇક રહી ગયો હતો તેને તેણે જાતે તોડી ફોડી નાખ્યો અને પોતે તે માળામાથી ભાગી છૂટી, છટકી ગઇ અને આખા માળાનો ભૂકો કરી નાખ્યો. અનેક આશાથી ભરપૂર માનવજીવનમાથી સરકી ગયેલી એ અત્યારે માળામાંથી મુક્ત થઇ ગઈ. માળાને લાત મારી એકલી અટૂલી આગળ વધવા લાગી પણ એનુ મનોબળ જેવુ ને તેવું સાબૂત હતું. આ રીતે મહાયત્ને અને અનેક કોડોથી બાંધેલો માળો વીંખાઇ ગયો.

# વિભાગ ૩ જો

## ક્ષુલ્લક અને દાક્ષિણ્ય

: ૧ :

### શ્રાવસ્તિને માર્ગે

૧

**હવી** યશોભદ્રા રાત્રીના છેલ્લે પહોરે સાકેતપુરને પાદરે આવી પહોંચી. જંગલને માર્ગે આગળ વધી. પ્રભાત થવાને એક પહોર જેટલો વખત હતો. તે મહેલ બહાર નીકળી તે પહેલાંજ ચંદ્ર આથમી ગયો હતો અને આકાશમા તારા માત્ર ઝગમગી રહ્યા હતા અને એના માર્ગ ઉપર આછો પ્રકાશ રેડી રહ્યા હતા. આખા જંગલમાં નિરવ શાંતિ હતી. અવારનવાર કોઇ પક્ષી કદાચ બોલતું હતું તે સિવાય મનુષ્યનો અવાજ ત્યાં સંભળાતો નહોતો.

મહારાણી પગે ચાલતી હતી, પોતે રાજરાણી છે એનો તો એના મગજમાં અત્યારે ખ્યાલ કે તોર પણ નહોતો, પોતાના શિયળ-ની હવે રક્ષા થશે એ વાતની ધીરજે એના માનસમાં સંતોષ પૂર્યો હતો. કૂતરાના ભસવાના અવાજની એને દરકાર નહોતી. પણ જેમ જેમ તે આગળ વધતી ગઇ તેમ તેમ હવે ક્યાં જવું તે પ્રશ્ન તેની સન્મુખ ઊઠવા લાગ્યો. પ્રાણી કોઇ કામ ઉપાડે છે ત્યારે ઝટ કરતો ને કામ આદરી બેસે છે. પણ કામની ઝીણી વિગતોનો વિચાર આવેશને

અગે કરતો નથી. દેવી યશોભદ્રા ચાલી તો નીકળી, પણ ક્યાં જવું, શુ કરવું, કોનો આશ્રય લેવો વગેરે બાબતનો કાંઇ વિચાર કર્યો ન હતો. અને ખરી રીતે એને વિચાર કરવાનો વખત પણ મળ્યો નહોતો. આઠમની સાંજે મહારાજા પોતાના શિયળનો ભંગ કરી પોતાને બેઆબરૂ કરશે એ ભયમા એણે નાસી છૂટવાનો માર્ગ સ્વીકારી લીધો હતો.

નગર બહાર એક કોસ સુધી તો એ એમને એમ ચાલી ગઇ, પછી એક ઉઘાડા ચોગાનમાં મોટી શિલાપર બેઠી. સ્વચ્છ આકાશમાં આછી આછી ચાંદની છવાઇ રહી હતી અને પશુ પક્ષીઓ પણ ઠંડી રાત્રીમાં ઊંઘી ગયા હતા વાતાવરણ શાંત પણ ઘેરેલું હતું અને યશોભદ્રાની સહાયમાં આત્મ બળજ માત્ર પડખે ખડું થઇ રહ્યું હતું.

આવા શાંત વાતાવરણમાં એને પોતાની નિરાધાર દશાનો બરાબર ખ્યાલ થયો. એક માસ પહેલાંની આજ આઠમે સવારના વહેલાં ઊઠી પોને સ્નાન કરી અલંકાર સજવા માંડયાં હતાં અને સખીઓ સાથે રાસડા ગરબા લીધા હતા તેજ આઠમે પોતે આજે પતિને ગુમાવી બેઠી, રાજવૈભવને ફેંકી આવી અને અત્યારે તદ્દન નિરાધાર થઇ ગઇ ! માણસની દશા બદલાય છે ત્યારે કલ્પનામાં પણ ન આવે તેવા ફેરફાર થઇ જાય છે. જેને ત્યાં સેંકડો દાસદાસીઓ હુકમ ઝીલવા હાજર હોય, જેને બેસવા માટે સુખપાલ, તાવદાન, રથ અને શીઘ્રયાન ( સિગરામ ) તૈયાર હોય, જેને પાણી માગે ત્યાં દૂધ મળતું હોય તેને આવી અસહાય દશામાં પગે ચાલીને પારકે આશરે જવું પડે એ પણ દૈવનો કોપ છે ! એને પોતાના પતિ યાદ આવ્યા, એની ફરતી રચાયલી ભયંકર રચનાઓ નજર સામે તરવરી રહી, એનું ભરાવદાર મરદાનગીવાળું શરીર એની સામે કલ્પનામા ખડું થયું અને નિસાસા મૂકતા એની મનોવેદના વધવા માંડી, ત્યા એને બીજો વિચાર આવ્યો. રાજાને ખબર પડશે કે પોતે નાસી છૂટી છે એટલે જરૂર એને પકડવાને

હાથ કરવા માણુસો ચોતરફ દોડાવશે અને કદાચ તેના હાથમાં સપડાઇ ગઇ તો તેનો છૂટકારો નહિ થાય. આ વિચાર આગળ પોતાની નિરાધાર દશાની વાત એ ભૂલી ગઇ અને તેજ ક્ષણે એણે રસ્તો કાપવા માંડયો. વચ્ચે મોટી નદી આવી તે પણ એની આડે ન આવી અને એ રીતે ચાલતાં ચાલતાં લગભગ ત્રણ કોસ દૂર નીકળી ગઇ. રસ્તે મોટા જંગલમાં એણે દૂરથી સિંહની ગર્જનાઓ સાંભળી પણ એને તો બ્રહ્મચર્યનું રક્ષણ કોઇ પણ ભોગે કરવું હતું. કોઇ પણ વાતે ગભરાયા વગર માત્ર શિયળરક્ષાના ઉદ્દેશથી એણે આગળ ને આગળ ચાલ્યા કર્યું. પ્રભાત થતાં એ વિજયપુર નામના નાના ગામડાના પાદરમાં આવી પહોંચી.

ગામડાં તરીકે વિજયપુર તદ્દન નાનું હતું, પણ તેના પાદરમાં એક મોટો સાર્થ ડેરા તંબુ સાથે પડયો હતો. તે યુગમાં વેપારની રીત સાથસથવારાની હતી. એક મોટો વેપારી—સોદાગર હોય તે માલનાં ગાડાં ભરી, કેટલોક માલ ઊંટ ઉપર નાખી એક ગામથી બીજે ગામ જાય, માલ વેચે, નવો ખરીદે અને એ રીતે વરસમાં આઠ મહિના બહારગામ ફરતો રહે. એની સાથે માલને જાળવનાર સિપાઇઓ, ચોકીદારો અને થોડા લશ્કરી માણુસો હોય. ચોકીદાર દિવસે ચોકી કરે અને લશ્કરી માણુસો રાત્રે તીર કામઠા તરવાર ધારણુ કરી ચોકી કરે. એની પાસે તબૂ ડેરા હોય અને પોતાને બેસવા માટે શિગરામ હોય. આવો સાથ ચાલે ત્યારે કોઇ છૂટા છવાયા મુસાફરી કરનારા એવાનો સાથવારો શોધે. આવા વેપારીના સાથમા જવાથી જનારના જાનમાલની સલામતી રહે. વેપારી પણ પોતાના સાથમાં લાયક માણુસોને જ સાથે આવવાની રજા આપે. ગમે તેવા ભળતો માણુસને સાથ આપે ને તેજ દગો દે તો આવતી કાલની આફત આજે આવી પડે. તે વખતે ફાંસીઆ, લૂટારા, પીંઢારા, ચોર, ડાકુ અને બહારવટીઆ આદિ અનેકનો ભય રહેતો હતો, રાજમાર્ગો પણ

સલામત નહોતા. લોકો પોતાનું રક્ષણ કરી શકે એવી તાલીસવાળા હતા, પણ સ્ત્રીઓ, વૃદ્ધો, માંદાઓ અને ત્યાગીઓ માટે આવા સાથો બહુ ઉપયોગી ગણાતા અને લોકો સારો સાથ શોધવા માટે ખૂબ પ્રયત્ન કરતા અને તેની રાહ પણ જોતા.

તે વખતે શ્રાવસ્તિ નગર તરફ જતો ધનાવહ શેઠનો સાથ વિજય-પુરને પાદર પડયો હતો. ધનાવહ શેઠ હવે લગભગ સાઠ વર્ષની વયે પહોંચી ગયા હતા, માથાપરના સર્વ બાલ સફેદ થઈ ગયા હતા અને હજુ જોકે ચોમાસું આવવાને બે ત્રણ માસ બાકી હતા, છતાં આ વરસે એમના પુત્રના લગ્ન વૈશાખ માસમાં લેવાનાં હોવાથી જલદી પોતાને ગામ શ્રાવસ્તિ પાછા ફરતા હતા. અત્યારે એના ડેરા તંબૂ ઉપડવાની તૈયારી ચાલતી હતી. યશોભદ્રા તે વખતે ત્યાં ચાલતી ચાલતી આવી પહોંચી

ધનાવહ શેઠ તે વખતે જંગલ જઈને પાછા આવતા હતા. શરીર પર એણે માત્ર પંચિયું જ પહેરેલું હતું. હાથમાં ખાલી કરેલો પાણીનો લોટો અને બીજા હાથમાં લાકડી લઈ એ જંગલથી પાછા ફરતા હતા. એણે સવારના ઊઠી પરમાત્માનું સ્મરણ કરી લોટો લઈ લગભગ અડધા કોશ દૂર જંગલમાં જવાનું ધોરણ રાખ્યું હતું—

‘ આંખે પાણી દાંતે લૂણ[1], પેટ ન ભરિયે ચારે ખૂણ;
દોય વખત જંગલસેં જાય[2], ઉસકી કોડી વૈદ્ય ન ખાય. ’

એ કહેવત એમણે નાનપણથી ગોખી રાખી હતી અને એનું એણે અક્ષરશઃ પાલન કરેલું હોવાને પરિણામે એ ભાગ્યે જ માંદા પડતા અને એનું વય સાઠ વર્ષનું થવા આવ્યું હતું, છતાં એની આંખો સારી હતી, દાંત બત્રીસે સાબૂત હતા અને સુખાકારી શ્રેષ્ઠ હતી. યોગાનુયોગ એવો બન્યો કે શેઠ જે રસ્તેથી જંગલમાંથી

૧ મીઠું. ૨ નિહાર કરવા ચોગાનમાં ખેતરમાં જાય.

પાછા આવતા હતા તે જ માર્ગેથી યશોભદ્રા એ ગામડા તરફ આવતી હતી. અત્યારે એની મુખમુદ્રા પણ થાકેલી જણાતી હતી પણ વિચક્ષણ શેઠ તુરત કળી ગયા, કે આ બાઇ વખાની મારી હેરાન થઇને જતી હોય એમ જણાય છે. એણે ચહેરો બિહામણો કરવાના પ્રયત્ન પણ જોઇ લીધા, પણ એની તીક્ષ્ણ નજરમાં એનું અસલ રૂપ આવી ગયું. એણે તુરતજ પૂછ્યું 'બહેન ! કયા ગામથી આવો છો !'

આ સવાલ સાંભળતાં જ યશોભદ્રા પોતાની અર્ધ તંદ્રા જેવી માનસ વૃત્તિમાંથી જાગૃત થઇ ગઇ. એણે શેઠના આકાર અને મુખમુદ્રામાં ચીવટ પવિત્રતા અને સૌમ્યવૃત્તિ જોઇ લીધા. એ પ્રખર બુદ્ધિશાળી વિદુષી બાઇની વય યુવાન હતી, પણ એનામાં બુદ્ધિનો વિકાસ ઘણો સારો થઇ ગએલો હોવાને લીધે એને માણસની પરીક્ષા બહુ સારી સૂજતી હતી; શેઠને ધનના ઇચ્છક તરીકે એના દેદારપરથી જોઇ લીધા, પણ શેઠની પ્રકૃતિની સૌમ્યતા જોઇ યશોભદ્રાને નિરાંત થઇ. વળી એને અત્યારે કોઇ આશ્રયની ખાસ જરૂર હતી, માત્ર એના મનમાં ચિંતા એટલી હતી કે ચૂલામાંથી નીકળીને ઓલામા પડવા જેવી ભૂલ થઇ જશે તો પોતાનાં રૂપ યૌવન અને લાવણ્યની ઝડપમાં કોઇ પણ પતંગિયુ આવી જાતે હેરાન થશે અને તેને પોતાને હેરાન કરી બેસશે. કારણ કે સ્પર્શેન્દ્રિય પર વિજય મેળવનારાં પતંગીઆં થોડાં જ હોય છે જ્યારે એની મધલાળમાં ફસાનાર ઘણાં હોય છે.

યુવાન સ્ત્રીને માથે કેટલા કેટલા ભય હોય છે તેનાથી તેની કલ્પના ભરેલી હતી અને અત્યાર સુધી પાનફૂલિયાપણે ઊછરેલી એણે ટાઢ કે તડકો, ત્રાસ કે જૂલમ, જાલીમ કે લંપટને જોયા નહોતા, પણ એણે વાંચી સાંભળીને આવાઓની કલ્પના કરી લીધી હતી. એણે શેઠને જવાબમાં કહ્યું 'ભાઈ ! હું સાકેતપુરથી આવું છું.'

'પણ આવા નદીનાળાથી ભરેલા જ ગલમાં આટલી બધી પ્રભા-

તમાં તદ્દન એકલાં અટૂલાં તમે કેમ ? નથી સથવારો કે નથી કોઈ ચોકીદાર ? હું પણ પોતનપુરથી જ આવું છું. આવું ભયંકર જંગલ વળાવા ચોકિયાત કે સાથ વગર વટાવી શકાય નહિ. અને તમે તો એકલા ચાલ્યા આવતા જણાઓ છો.' શેઠે સ્વાભાવિક સવાલ કર્યો. યશોભદ્રાએ જવાબમાં કહ્યુ 'આપનો સવાલ વાજબી છે, પણ માણસને માથે આફત આવે છે ત્યારે વખાના માર્યો એ ગમે તેવું આકરૂં જોખમ પણ ખેડી લે છે. ખરી રીતે આપે અત્યારે જંગલ નદીનાળાના જોખમની વાત તાજી કરી ત્યારે જ મને ખેડેલા જોખમનું ભાન થયું છે.'

'જો તમને વાંધો ન હોય તો તમે કોણ છો ? કેમ આવ્યા છો ? ક્યાં જવાના છો ? એ વાત કહો. મારાથી બનશે તો હું તમને મદદ કરીશ.' શેઠે બાઈની સીકલ પરથી પરીક્ષા કરી લીધી કે એ ત્રાસી ગયેલ પણ ખાનદાન સન્નારી છે, એટલે એણે વગર માગે મદદ આપવાની માગણી કરી.

યશોભદ્રાને પણ પુરૂષપ્રતીતિ થતાં પોતાને શેઠની મદદ યોગ્ય અને અવસરોચિત થઈ પડશે એમ ધારી તેણે જણાવ્યું 'ભાઈ! મારી કથા જરા લાંબી છે, આપ જરા બેસો તો આપને સર્વ વાત જણાવું.' શેઠે તેને પોતાની સાથે પોતાના સાથના તંબૂમા આવવા આમંત્રણ આપ્યું. શેઠ ત્યાં જઈ હાથ પગ ધોઈ બાઈ પાસે આવ્યા. પોતાની વાત મુદ્દામ રીતે તેણે શેઠને કહી સંભળાવી, પોતાને સાકેતપુરના રાજા તરફથી ત્રાસ થયેલ છે, પોતે વિધવા છે, શિયળ રક્ષા માટે નાસી છૂટી આવી છે અને હજુ પણ રાજાના ભયમાં છે, પોતાના પતિનુ અપમૃત્યુ પણ પોતાના રૂપને કારણે થયુ છે અને અત્યારે એ અસહાય દશામાં નિરાધાર છે એ વાત સંક્ષેપમાં જણાવી. એની બોલવાની સાદાઈ, એના અવાજની મધુરતા, એની ગંભીર આકૃતિ, એની વાત કરવાની સ્પષ્ટતા અને એના મુખપર છવાઈ રહેલી નિર્દોષતાને કારણે શેઠે એની વાત સાચી માની, સ્વીકારી લીધી અને પછી તેને આશ્વાસન આપતાં

કહ્યું ' બહેન ! માણસને માથે દુ.ખ તો પડયાજ કરે છે. એ તો જ્યાં ગનખા દેહ ત્યાં અડચણ ઉપાધિ વિયોગ અને આફતો આવ્યાંજ કરે. તમારે માથે નાની વયમાં ભારે આકરી આફતો વરસી ગઈ! એમાં આપણો ઉપાય ચાલતો નથી. ફરસને શરસ નથી, આફતને આમંત્રણ આપવું પડતું નથી, દુઃખિયાઓનાં ગામ કોઈ અલગ વસતાં નથી, પડે તે ભોગવી લેવી તેમા જ મજા છે. તમે ભારે હિંમત કરી નીકળી પડયા ! તમે મોટું સાહસ કરી જગલ કાપી આવ્યા ! તમે મોટા સંયમ રાખી રાજાને છેહ દીધો ' તમે આકરી પ્રતિજ્ઞા પાળવા માટે મોટી અગવડો વેઠી ' હવે હુ તમારે માટે શુ કરૂ ? '

' ભાઇ ! મુરબ્બી ' મારે તો અત્યારે ઊંચે આભ અને નીચે ધરતી છે. મારૂં શું થશે અને હુ ક્યાં જઇશ એતો મેં હંજુ સુધી ખ્યાલ પણ કર્યો નથી. હજુ સુધી તો રાજા મારે માથે કેવાં છાણાં થાપશે અને મારા શા હાલ હવાલ થશે તેનોજ વિચાર આવે છે. હું તો તમને ભાઈ તરીકે પૂછું છું કે મારે શુ કરવું ? કયા જવું ? '

શેઠનો જવાબ સીધોજ હતો ' બહેન ' તારે આ રાજમાં રહેવું નહિ. આ રાજા તો સારો ગણાય છે, પણ બુદ્ધિ બગડે ત્યારે માણસ મર્યાદા મૂકી દે છે. તમે હાલ મારી સાથે શ્રાવસ્તિ ચાલો. ત્યાં રાજ્ય સારૂંછે, વસતી ખાનદાન છે, સારા સંતસાધુનો જોગ છે અને મારે ઘેર મોટો પરિવાર છે. તમારૂં યોગ્ય આતિથ્ય કરવામાં આવશે એતો જણાવવાની જરૂર ન હોય, પણ તમને ત્યાં કશી ચિંતા નહિ આવે. મને ભાઈ સમાન ગણો અને સાથ ભેગા થઈ જાઓ. તમે એકલા ચાલો તો તો આવતી કાલ સુધીમાં રાજાના લશ્કરીઓ તમને શોધી રાજાને સ્વાધીન કરી દેશે. રાજાને ખબર પડશે કે એ તમારી પાછળ શોધ સારૂં પાળાઓ ચારે દિશામાં છોડી મૂકશે. મારી માગણીનો સ્વીકાર કરો. '

યશોભદ્રાએ ધનાવહ શેઠની માગણીમાં સાફ દાનત જોઈ લીધી. એને આટલો સારો આશ્રય મળી ગયો એટલે એ પોતાને ધન્ય માનવા લાગી. કોઈ રાજ્ય તરફના માણસ ભાઈબેનને શોધવા આવે તો નોકરે કે ચોકીદારોએ કશો પત્તો ન આપવાનો શેઠે બંદોબસ્ત કરી દીધો. યશોભદ્રા પાસે રત્નકંબળ અને એક વીંટી હતાં તે તેણે જાળવી રાખવા માટે ધનાવહ શેઠને આપ્યાં, અને સાથસાથે યશોભદ્રાએ પણ શ્રાવસ્તિને રસ્તે આગળ વધવા માંડયું. ત્રીજે દિવસે પોતનપુરના રાજ્યના ઘોડેસ્વારો તપાસ કરવા આવ્યા, પૂછપૂરછ કરી; તે વખતે યશોભદ્રા તંબૂમાં હતાં, કોઇએ પત્તો આપ્યો નહિ અને હવે તો સાકેતપુરનો સીમાડો પણ આવી ગયો હતો એટલે બીજા દિવસ પછી તો શ્રાવસ્તિ ( સાવત્થી ) ની હદમાં પેસવાનું હોવાથી બહુ ચિંતાજનક વાત રહી ન હતી. ધનાવહ શેઠ પાસે પણ નાનકડું સરખું લશ્કર તો હતું જ, પણ તેનો કશો ઉપયોગ કરવાની જરૂર ન પડી.

રસ્તે એક બે વાર શેઠ ધનાવહ સાથે યશોભદ્રાને વાતચીત થઈ. શેઠ આમ તો ઘણા મર્યાદામાં રહેનાર અને પારકી બૈરી સાથે બહુ વાતચીત કરતા નહોતા, એમનું જીવન ધોરણ એવું હતું કે બનતા સુધી સ્ત્રીઓના સંબંધમાં જ ઓછું આવવું. કામદેવના ઘરમાં જઈ કામદેવને જીતનાર ઓછા હોય છે એવું શિક્ષણ એમને રાખ્યું હતું અને એના મનમાં સ્વદારાસંતોષની વાત બરાબર જામી ગયેલી હતી. કુટુંબ પરિવારે સુખી હતા અને જાતે પૈસા પ્રાપ્ત કરવાની બાબતમાં લોભી હોવા છતાં ખાવેપીવે અને રોટલે ઉદાર હતા એટલે એને એક રીતે પૈસાની પડી નહોતી, પણ બીજી રીતે પાઇએ પાઈનો હિસાબ પણ ગણનારા હતા. ગમેતેટલી આધેડ કે વૃદ્ધ વય થઈ હોય, છતાં સ્ત્રીઓનો પરિચય ભલભલાને મૂંઝવી નાખે છે એ વાત એમના મનમા બેસી ગઈ હતી એટલે એ યશોભદ્રાને વારંવાર મળતા નહોતા,

પણ એની તપાસ રાખતા, ખબર રાખતા અને એને કોઈ વાતે ઓછું ન પડે એને માટે માણસોને ભલામણુ અને હુકમો કરતા.

એક દિવસ શેઠ અને યશોભદ્રાને વાત થઇ ત્યારે એણે પોતાના મુનીમને સાથે રાખ્યો. બહેન જેવી બાઇની સાથે એકાંત ન કરવી એ એમના જીવનનું ધોરણ હતું. સમજુ અને વિચક્ષણ માણસને પણ એકાંત ભૂલથાપ ખવરાવી દે છે એવો એમનો મત હતો. તે વખતે એમણે યશોભદ્રાને ખૂબ દિલાસો આપ્યો અને સાથે સાવત્થી નગરીમાં અતિ પવિત્ર સાધ્વી છે એનો પરિચય વાતવાતમાં આપ્યો. શેઠની વાત કહેવાની મતલબ એ હતી કે બાઇ યશોભદ્રાએ આવા વિકટ સમયમાં પણ જીવન સફળ કરવું હોય તો હજુ તેને માટે માર્ગ છે. એ બોલી ગયા કે જીવન નાખી દેવા જેવી ચીજ નથી. આ મનખા દેહ તો મહા પુણ્યમે અંતે મળે છે અને એમાં સંયોગ વિયોગ તો થયા કરે છે. કાંઇપણ અઘટિત બને એમાથી પણ સમજુ માણસ તો સાર કાઢે છે, ' જે થાય તે સારાને માટે ' એવો એનો જીવન ઉલ્લેખ હોય છે અને જ્યાં ભલભલાં રડવા કકળાટ કરવા કે માથાં ફૂટવા મંડી જાય ત્યા એતો નવનીત શોધી લે છે. શેઠનુ કહેવું એમ હતું કે માખણમા પાટું મારવું એતો સર્વ કરી શકે છે, પણ જ્યારે દિશા સૂજતી ન હોય, આફત ઉપર આફત આવતી હોય ત્યારે તેમાંથી સાર શોધી કાઢે એ અક્કલવાન કહેવાય છે.

દેવી યશોભદ્રા શેઠની વાત સાભળતી હતી, એણે પોતાનો અભિપ્રાય કશો આપ્યો નહિ, પણ શેઠ તેને આવો સારો માર્ગ દેખાડે છે તે તેને વિચાર કરવા માટે ખૂબ ગમે છે એટલું તો તેણે બતાવી દીધુ. શેઠ પોતે એના ચહેરા ઉપર હજુ શોકની છાયા છે, એનું હૃદય રડી રહ્યું છે અને એને આપેલ આશ્રયને એ મહા મૂલ્યવાન ગણે છે એટલું બરાબર જોઈ શકતા હતા. એને ધીરજ રહે અને તેમાં વધારો થાય તેવી રીતનીજ અને તેટલા પૂરતીજ વાત શેઠે આ પ્રથમ મેળાપ

વખતે કરી. દેવી યશોભદ્રાને એ વાત ગમી છે એટલું શેઠ જોઇ શક્યા.

શેઠ પોતે જૈન સંસ્કારવાળા હતા. એણે ધર્મનો અભ્યાસ તો બહુ કર્યો નહોતો, પણ શ્રવણ અવારનવાર કર્યું હતું અને ત્યાગ કરી શક્યા નહોતા, પણ ત્યાગરૂચિવાળા હતા અને અન્ય કોઈ ત્યાગ માર્ગે પ્રગતિ કરવા ઇચ્છે તો તેને પ્રેમબુદ્ધિએ સહાય કરવા સર્વદા તૈયાર હતા. એની વિચક્ષણ નજરમાં યશોભદ્રા માટે ત્યાગ માર્ગજ ઉચિત દેખાયો અને એમા એનું જીવનસાર્થક્ય જરૂર થશે એમ એને લાગ્યું એટલે એ વાતને વધારે પુષ્ટિ આપવા બે દિવસ પછી વળી યશોભદ્રાના તંબૂ ઉપર આવ્યા. એમની રીત પ્રમાણે એ એકલા તો કદી સ્ત્રી પાસે આવતાજ નહિ.

આ બીજા મેળાપ વખતે એણે તબિયત અનુકૂળતા વગેરેના ઔપચારિક સવાલો પૂછ્યા. કોઇ જાતની અગવડ નથી પડતી એવી પૃચ્છા કરી અને પછી તુરત જણાવ્યું કે હવે તો તેઓ સાકેતપુર રાજ્યની હદની બહાર નીકળી ગયા છે, એટલે રાજ્ય કે રાજા તરફનો કોઈ પ્રકારનો ભો રહ્યો નથી. એણે આગલે દહાડે સીમાડા પર થોડા સવારો આવી ચાલ્યા ગયા હતા અને કોઈ બાઇના સબંધમાં સવાલો પૂછી ગયા હતા એ વાત પણ કરી અને છેવટે એણે સંયમ-માર્ગની વાતો કરી ત્યારે એને ખબર પડી કે યશોભદ્રા પણ જૈનધર્મની અભ્યાસી હતી એને સંસ્કારમા અહિંસા સંયમ અને તપનાં પદાર્થ-પાઠો મળ્યા હતા, આ વાત જાણી શેઠને આનંદ થયો. કાંઇ જોઇએ તો વગર સંકોચે માંગી મંગાવી લેવાની સૂચના કરી, બાઇ માગે તે હાજર કરવાની માણસોને તાકીદ કરી અને આ રીતે સાથ આગળ ધપવા લાગ્યો અને સાવત્થી*નગરી નજીક નજીક આવવા લાગી.

---

* 'સાવત્થી' અસલ નામ છે ગંગાને કાંઠે એ નગરી હતી. એનું સસ્કૃત નામ 'શ્રાવસ્તિ' અથવા 'શ્રાવસ્તી' છે. એ ઐતિહાસિક પ્રસિદ્ધ સ્થાન હતું.

: ૨ :

## ધનાવહ શેઠની કૌટુંબિક ખાનદાની

ધનાવહ શેઠનો સાથ બહુ મોટો મુકામ નહોતો કરતો એટલે સર્વે દરરોજ ચાર પાંચ કોસ ચાલતા આગળ વધતા હતા. શેઠ પોતાના સાથના માણસો ઉપરાંત સથવારો સાધી કરી સાથસાથે જોડાયલા સર્વની દેખરેખ રાખતા. કોઈ માંદું પડે, કોઈને વસ્તુની અગવડ પડે, કોઈને નજીવી બાબતમાં તકરાર કે વાંધા પડે એ સર્વ બાબતપર એનું ધ્યાન રહેતું અને એમના સાલસ અને વહેવારૂ સ્વભાવને કારણે સાથના માણસો અને સથવારે આવેલા બહારના જનો સર્વ આનંદથી આગળ કૂચ કરતા હતા. સદ્‌ભાગ્યે આ સાથમાં કોઈ લબાડ, ધમાલિયા કે દુરાચારી આવી મળ્યા નહોતા, એટલે કોઈ જાતની તકલીફ કે ગોટાળા વગર સાથ આગળ વધતો હતો.

યશોભદ્રાના મુખપર શોકછાયા હજુ શમી નહોતી, પણ ધીમે ધીમે એ અનિવાર્યને તાબે થતી જતી હતી. પ્રાણીમા જો વાત ભૂલી જવાની આવડત કે શક્તિ ન હોય તો જીવન અશક્ય બને. ' દુ:ખનું

ઓસડ દહાડા ' એ તદ્દન સાચી વાત છે અને અનુભવથી સમજાય તેવી છે. અમુક વખત જાય એટલે વાત વીસારે પડતી જાય છે અને ચોક્કસ બનાવને લઈને જે નવી પરિસ્થિતિ ઊભી થાય તેને પ્રાણી ધીમે ધીમે આધીન થઈ જાય છે અને પછી તે અનુસાર જીવન ઘડતર કરે છે. એ હજુ તદ્દન નાની વયની હતી, એના મનમાં હજુ અનેક કોડો ભરેલ હતા, હજુ ઊગીને ઊભી થતી હતી, દુઃખ સંતાપ કે કષ્ટથી અપરિચિત હતી; એણે નાનપણથી અત્યાર સુધીમાં આફત કે તાપ વેઠ્યા નહોતા, એટલે પોતાની પરાધીન દશા પર, પોતાના વૈધવ્ય પર, પોતાના અસાધારણ રૂપલાવણ્યના ભોક્તાની ગેરહાજરી પર એને અનેક પ્રકારના ખેદ થતા હતા, પણ એ આવી પડે તે ભોગવી લેવું એટલું અભ્યાસથી શીખી ગઈ હતી. તેનો અત્યારે જાત અનુભવ કરતી હતી. એને રાત્રોના શાંત સમયે ઘણી વખત દુઃખ યાદ આવતું, મનમાં ઉદ્વેગ થતો, કોઈ કોઈ વાર અજંપો પણ થતો, પણ અંતે એ પરમાત્માનું સ્મરણ કરી ઊંઘી જતી અને એની તંદુરસ્તી અને મન–સંયમ સારા હોવાને કારણે એ ઊંઘમાથી કદી વચ્ચે જાગી જતી નહિ. એટલે પાછલી રાત્રે કે ત્રીજા પહોરે જે અકથ્ય વિયોગ દુ.ખ થાય છે તેનો તેણે અનુભવ થયો નહોતો. આવા દુ ખમાં ધનાવહ શેઠ જેવા સજ્જનનો સાથ મળી ગયો એ ઘોર દુઃખનાં કાળાં વાદળમાં રૂપેરી વીજળી જેવું એને લાગ્યું અને એ ન મળ્યા હોત તો રાજા એને માથે કેવા સંસ્કાર કરત, 'એના શા હાલ થાત એનો વિચાર કરતા એને કંપારી છૂટતી હતી. દુઃખના દિલાસારૂપે એ શેઠ પોતાના રૂપ તરફ સીધી નજર પણ માંડતા નથી અને કોઈવાર આવે તો એકલા આવતા નથી એ વાતની એના પર બહુ સારી અસર થઈ અને દુનિયામાં રૂપ ઉપર ફના થનાર પતંગિયા હોય છે, તેમ રૂપ તરફ નજર ન કરનાર સંયમી સંતોષી દમન કરનારા વીરલા પણ હોય છે એ ખ્યાલ અને અનુભવથી એને આહ્લાદ થતો હતો.

ચૈત્ર વદ પાંચમને રોજ સાથ સાવત્થી નગરે પહોચ્યો. સર્વ સાથ-વાળાઓ પોત પોતાને સ્થાને ગયા, શેઠના નોકર ચાકરો પોતપોતાનાં ઘર ભેગાં થઈ ગયાં, ચોકીયાતો એમને ઉતારે ભિતર્યો, નોકર ચાકરોને ચાર માસની રજા મળે તેને બદલે આ વખતે છ માસની રજા મળી. અને વધારામાં શેઠને ઘેર લેવાના લગ્ન માણવા મળશે એ વાતના આનંદમાં તે પડી ગયા અને ભેટ સોગાદ સરપાવની આશા રાખવા લાગ્યા. શ્રાવસ્તી નગરીએ પહોંચતા સાથ વિખાઈ ગયો, ગાડાં બેલ સર્વ યથાસ્થાને બંધાઈ ગયા અને ઘેર આવી સર્વ આનંદ લહેર અનુભવવા લાગ્યા

યશોભદ્રાને ધનાવહ શેઠને ઘેર ઉતારો આપવામાં આવ્યો. શેઠના પત્ની દેવી યશોદા પણ ભદ્રિક સુખી જીવ હતા. એની પાસે ત્રણ મોટા છોકરાની વહુઓ પણ રૂપાળી હોશીલી અને આનંદી હતી. સર્વથી નાના છોકરાના લગ્ન આ સાલના વૈશાખ માસમા લેવાની ગોઠવણ થઈ ગઈ હતી. આવા ભર્યાભાદર્યા ઘરમાં યશોભદ્રાને ઉતારો મળ્યો, પણ એતો સાવત્થી નગરી આવી ત્યારથી ત્યાગમૂર્તિ બની ગઈ. એના મનમા વિલાસ નહિ, એની આખમા વિકાર નહિ, એના ચહેરામાં જોસ નહિ, એનાં કપડાંમા ઉદ્ધતાઈ નહિ. એક સાદુ સફેદ કપડું ઉપર રાખે, મર્યાદા જળવાય તેવો વેશ પહેરે અને આંજણ, તાંબૂલ, સિંદૂર કે એવી કોઈ વસ્તુની લપછપ વગર એક સ્થાને રહી ચિંતવન કર્યા કરે. એના સ્વભાવમાં અતડાઈ નહોતી, અકસ્માત ઓચિંતી આવી પડેલી આફતે એને અકાળ ગંભીર બનાવી દીધી હતી. ભદ્રક શેઠાણીને તો એ વાતમાં જરા તોછડાપણું લાગ્યું, પણ મોટા છોકરાની વહુ આ વાતનું હાર્દ સમજી શકતી હતી. એણે એ વાતનો ખુલાસો બાઈજી પાસે કર્યો ત્યારે શેઠાણીને પણ યશોભદ્રા ઉપર રાગ ઊપજ્યો.

યશોભદ્રાનો વિશેષ પરિચય પોતાના ઘરના માણસોને શેઠ સાહેબે ન કરાવ્યો, માત્ર એ ખાનદાન બાઈ છે, વખાની મારી આવી ચઢી છે

અને જાતે શરમાળ અને દુઃખણી છે તેનો યોગ્ય સત્કાર કરવાની ભલામણ કરી શેઠ તો એના સંબંધી વિશેષ વધારે વાત કરવાની કે એના સબંધી વારવાર પૃચ્છા કરવાથી દૂરજ રહ્યા. આવી યુવાન સ્ત્રી અજાણી અને પરદેશી, રૂપાળી અને જોબનવંતી ઘરમાં આવે તો અનેક શંકા કુશંકા અને વાતોને સ્થાન મળે, પણ આ સબંધમાં ધનાવહ શેઠનું ચારિત્ર એટલું બધું જાણીતું હતું કે કોઇએ એ સંબંધી દરકાર કરી નહિ કે સવાલ કર્યો નહિ. માત્ર મોટા છોકરાની વહુ જરા ચબાવલી અને સાથે નટખટ પણ હતી, એણે યશોભદ્રાને વાત પૂછી લીધી. યશોભદ્રાને આ ભાભીથી વાત છૂપાવવાનું કશું કારણ નહોતું, એટલે એણે ટૂંકામા પોતાની કથની કહી બતાવી. ભાભીને તો આ વાત સાંભળતાં યશોભદ્રા માટે અકથ્ય માન ઉત્પન્ન થયુ યશોભદ્રાએ તેને સાથે જણાવી દીધું હતુ કે હજુ પોતે આ સર્વ હકીકત બહાર પાડવા ઇચ્છતી નહોતી, કારણ કે આ નગરમાં ( શ્રાવસ્તિ નગરીમાં ) જો કે સાકેતપુરના રાજાનો અધિકાર ચાલતો નહોતો, છતાં પોતે હવે રાજાઓની અનેક પ્રકારની ખટપટોનો ભોગ થવા ઇચ્છતી નહોતી. આ મોટી ભાભી સાથે એને બહુ બેસતું આવી ગયું. એ બહુ બહાર નીકળવા ઇચ્છતી નહોતી અને હજુ ક્યાં જવું, શુ કરવું વગેરે કોઇ બાબતનો કાર્યક્રમ મુકરર કર્યો નહોતો, એટલે એ ઘરમાં રહી પોતાનો સમય ગાળવા લાગી.

પ્રથમ દિવસે તો એ થાકી પાકી સૂઇ ગઇ. બીજે દિવસે બપોરે મોટી ભાભી એની પાસે આવ્યા અને વાતે વળગ્યા. એણે વાતની શરૂઆત પોતાની નગરીથી કરી. તેણે જણાવ્યું કે આ શ્રાવસ્તી નગરીને લોકો સાવત્થીના નામથી પીછાને છે. એનો બહુ મોટો લાંબો અને ગર્વપ્રદ ઇતિહાસ છે મગધ દેશમાં એ નગરીનુ બહુ ઉચ્ચ સ્થાન છે એના અનેક મહાન રાજાઓએ ભારે શૌર્ય અને મોટા ત્યાગ દાખવેલાં છે. ત્યા ઉતારી રાજાની સેના પદરાણીથી થયેલા સંભવ-

નાથ નામના તીર્થંકર થઈ ગયા. એ ત્રીજા તીર્થંકરના વંશજો હજુ પણ ત્યાં વિદ્યમાન છે. ત્યાંના રાજા પરંપરાના મૂજબ, પ્રજાકલ્યાણમાં તત્પર અને ન્યાય ધર્મમાં નિપુણ છે અને સંભવનાથ મહારાજના વખતથી ચાલી આવતી કુટુંબ મર્યાદા, રાજ્યધર્મ અને વ્યવસ્થા જાળવનારા છે. નગરમાં સંભવનાથ ભગવાનનો ભવ્ય પ્રાસાદ છે. એ કલ્યાણક ભૂમિ વંદન કરવા યોગ્ય છે. નગરમાં બીજા અનેક પ્રાસાદો છે, વસતીગૃહમાં મહાન આચાર્ય અને બીજા વસતીગૃહમાં સાધ્વીઓ છે. આવી આવી અનેક વાતો કરી અને આવા ન્યાયી રાજાના નગરમાં યશોભદ્રા તદ્દન સલામત છે એમ છેવટે જણાવી પોતે પોતાના ઓરડામાં ચાલી ગઈ.

યશોભદ્રા હજુ આખો વખત વિચારસાગરમાં ડૂબી રહેલી હતી. એને તો આ બધું શું થઈ ગયું—એનો ચિત્રપટ સન્મુખ આવ્યા કરતો હતો. પોતે યુવરાજની પત્ની, વિધવા થઈ, પોતાના પતિનો કોઈ અંતિમ સંદેશો ઝીલી શકી નહિ, અંતિમ સેવા ચાકરી કરી શકી નહિ અને રાજા જેવો રાજા પોતાના સગા ભાઈને મરાવી નાખે અને પોતાને મધરાત્રે ભાગવુ પડે, નદીનાળા જંગલના દેખાવો સિંહની ગર્જનાઓ, નદીના પાણીનો ઉતાર અને છેવટે ધનાવહ શેઠનો સાથ અને પોતાનું બહેન કે દીકરી તરીકે સ્વાગત—આ સર્વ વાત એના મગજમાં ઘર કરી રહી હતી. એને પોતાની આફત અને રખડપટ્ટીપર દુઃખ થતું હતું. પોતાના અકાળ વૈધવ્ય પર અફસોસ થતો હતો, ધનાવા શેઠના આખા કુટુંબનો સંપ, સાદાઈ અને સાલસાઈ જોઈ આનંદ થતો હતો અને પોતે હવે શું કરવું અને ક્યાં જવું, કેમ રહેવું તેના પર તર્કવિતર્કો થતા હતા. આવા અનેક વિચારમાં બીજો દિવસ પણ નીકળી ગયો. રાત્રે પણ તેના તેજ વિચારો આવ્યા. હજુ યશોભદ્રા શેઠની હવેલી બહાર નીકળી નહોતી કે એણે સાવત્થી નગરી જોઈ નહોતી.

ત્રીજે દિવસે સવારે એ મોટા ભાભી સાથે હવેલીની બહાર નીકળી. શહેરનો મોટો વ્યાપાર, બજારમાં લોકોની અવરજવર, હાટોની લાંબી લાંબી શ્રેણીઓ, દુકાનોની સીધી પરંપરાઓ અને વેચાતાં માલની વિવિધતાઓ, લોકોનો ઉત્સાહ અને તેમના ધમાલ જોતી જોતી એ ભાભી સાથે જિનમંદિરે ગઈ. ત્યાંના મુખ્ય ભવ્ય પ્રાસાદને જોતા એને ઘણો આહ્‌લાદ થયો, એને પોતાના બાલ્યકાળના સંસ્મરણો યાદ આવ્યાં, પોતે ધર્મનો અભ્યાસ કરી મંદિરે જતી ત્યા દશત્રિક અને પાંચ અધિગમ કેવી રીતે જાળવવાં, આશાતનાઓ કેવી રીતે વર્જવી તેને માટે અભ્યાસ કરતી હતી અને સખીઓ સાથે દર્શન પૂજન માટે કેવા ઉલ્લાસથી જતી હતી, એ વખતે એને કેવા સુંદર મનોરથ થતા હતા—તે સર્વ યાદ આવ્યું.

મંદિરમાં શ્રી સંભવનાથ ભગવાનની સફેત આરસની ભવ્ય મૂર્તિ હતી. એના દર્શન કરતાં એને અપૂર્વ વીર્યોલ્લાસ થયો, દ્રવ્ય ભાવ પૂજન કર્યું અને ત્યાંથી બાજુમા આવેલા ઉપાશ્રય જૈન—વસતીગૃહ તરફ ભાભી સાથે પોતે ચાલ્યા.

: ૩ :

# સૌમ્ય મૂર્તિ કીર્તિમતી.

ભવ્ય વિશાળ રાજમાર્ગના ચોકની અંદર જિનમંદિર આવેલું હતું અને તેની બાજુમાં વસતીગૃહ હતું. એને ઉપાશ્રયનું નામ પણ આપવામાં આવતું. ત્યાં સાધ્વીઓને થોડા વખત માટે રહેવાની ગોઠવણ હતી અને સાધ્વી કોઇ ન હોય તો એ સ્થાનમાં પરદેશી મુસાફર યાત્રા નિમિત્તે આવે તે એનો ધર્મશાળા તરીકે ઉપયોગ કરી શકતા હતા, પણ સાધ્વીનું ત્યાં સ્થાન હોય ત્યારે એનો ધર્મશાળા તરીકે ઉપયોગ ન થઇ શકે એવો તત્રસ્થ સંઘના કાર્યવાહકોએ પ્રબંધ કર્યો હતો.

ઉપાશ્રયમાં તે વખતે **કીર્તિમતી** નામના અત્યંત ત્યાગી શાંત મૂર્તિ તેજસ્વી સાધ્વી થોડા વખત માટે પોતાના ગામગામના વિહાર દરમ્યાન રહેવા આવ્યા હતા. તેમને સાવત્થી નગરીમાં આવ્યાને હજુ ચાર પાંચ દિવસજ થયા હતા. ભાભી અને યશોભદ્રા તેમની પાસે આવ્યા. સાથે ૩૫-૪૦ સાધ્વીનો પરિવાર તે વખતે ત્યાં હતો. બન્નેએ સાધ્વીને વંદન કર્યું અને સામે બેઠા.

કીર્તિમતીએ પાના પુસ્તકમાંથી માથું ઊંચું કરી જોયું, શેઠના મોટા પુત્રવધૂને તે ઓળખતા હતા, કારણ કે વિહાર દરમ્યાન તેઓશ્રી અગાઉ પણ બે વખત સાવત્થી નગરીમાં આવી ગયા હતા. ધર્મલાભ પછી તેમણે સહજ પૂછ્યું કે મોટા શેઠાણી અને ઘરનાં બીજા આ વખતે કેમ ઓછાં દેખાય છે, એના જવાબમાં ભાભીએ જણાવ્યું કે મોટા શેઠ પરદેશથી બે દિવસ પરજ આવ્યા છે અને પોતાના દિયરના આવતા આસમાં લગ્ન લીધેલાં હોવાથી હમણાં તો વસ્તુની ખરીદી, પાપડ શેવ વડી અનાજ અને બીજી અનેક તૈયારીમાં પડી ગયેલા હોવાથી આવવાનું ઓછું બને છે.

**કીર્તિમતી સાધ્વી** અત્યંત પવિત્ર હતા, દુનિયાદારી રીતથી જાણકાર હતા, બાળબ્રહ્મચારિણી હતા અને અત્યારે એની વય તો ચાળીશ વર્ષની થઈ હતી, છતાં અકાળ વૃદ્ધત્વ ન લાગે તેવી રીતે એ ગંભીર, શાંત અને આદર્શ ધર્મીનો નમુનો બની રહ્યા હતા. એનામાં જેટલો ઊંડો અભ્યાસ હતો, એટલીજ એની અચ્છી વક્તૃત્વ શક્તિ હતી. એનો મનુષ્ય સ્વભાવનો અભ્યાસ ઘણો સુંદર અને છતાં એની વ્યવહાર દક્ષતા ધર્મના ઉચ્ચ ધોરણને અનુરૂપ હતી. એમની પાસે નકામી વાત કરવાની કોઇની હિંમત ચાલતી નહોતી. એમનો શાસ્ત્રાભ્યાસ બ્રાહ્મી સુંદરીની યાદ આપે તેવો હતો અને તેમનો ગળાનો કંઠ અત્યંત મધુર હતો. એ જ્યારે સ્તવન સજ્ઝાય બોલે ત્યારે કિન્નરનાં ગાનને ભુલાવી દે તેવો આલાપ હતો અને ગળાની મીઠાશ અજોડ હતી. દ્રવ્ય સાધુ અને ભાવ સાધુનાં જેટલાં લક્ષણ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યાં છે તે સર્વ તેનામાં ઉપલબ્ધ હતા અને ખાસ કરીને તેમનું વ્યક્તિત્વ અદ્ભુત પડતું હતું. એનામાં જે અદ્ભુત અવર્ણ્ય શાંતિ હતી, તેની પ્રતિભા આખા વસતીગૃહમાં પડતી હતી અને તેની પાસે જતાં જાણે એક જાતની ન વર્ણવી શકાય, પણ બરાબર અનુભવી શકાય એવી નિર્ગત અંદર અનુભવાતી હતી.

આવા સૌમ્યમૂર્તિ કીર્તિમતી સાધ્વી પાસે બાલીએ લીધેલાં લગ્ન અને તેને અંગે ધમાલની જરા વાત કરી એટલે સામાન્ય રીતે બહુ ઓછું બોલનારા સાધ્વીજી જરા ઝળકી ઊઠયા અને બોલ્યા: “ જુઓ બહેન! આ સંસારમાં લગ્ન વ્યવહાર અને બીજા સાંસારિક પ્રસંગોમાં અને દુનિયાની રીતો કરવામાં તથા સગાં સંબંધીના વેધ વચકા જાળવવામાં અને વહેવારમાં પ્રાણી એટલો ગુંથાયલો રહે છે કે એને આ બધું શું છે અને શા માટે છે તેનો વિચાર કરવાનો વખત જ મળતો નથી, લોક વહેવાર જાળવવામાં એનો આખો વખત ચાલ્યો જાય છે અને પોતાને ‘ કુશળ ’ કહેવરાવવાની લાલચમાં પોતે કયાં ઘસડાઈ જાય છે એનું એને ભાન રહેતું નથી અને આ સર્વ શેને માટે છે તેનો વિચાર કરવાને એને સમય પણ મળતો નથી. સમજુ માણસ પ્રવૃત્તિ કરે તો તેની પાછળ કાંઇક મુદ્દો હોય છે; કાંઈ સાધ્ય હોય છે, કાંઇ ઉદ્દેશ હોય છે; બાકી પવન આવે તે તરફ ઘસડાઈ જવું અને આખરે ભીંત આવે ત્યારે અફળાઇને ઊભા રહેવું કે બેસી જવું એ અક્કલવાનનું કામ નથી. તમે વિચારશો તો પ્રાણીની દોડધામ ધમાલ અને ચાલુ પ્રવૃત્તિની પાછળ કાંઇ મુદ્દો હોતો નથી. એ ધન ખાતર પ્રવૃત્તિ કરતો હોય તો તેતો તદ્દન અહીં રહી જનાર છે અને ૫૦–૬૦ વર્ષ માટે આટલા ઉધમાતો કરવા અને પાછું સર્વ અહીં મૂકી ખાલી હાથે ચાલ્યા જવું એ તો તદ્દન સાધ્ય વગરની સમજણ વગરની અક્કલ વગરની વાત છે અને માનેલા વ્યવહાર એટલે શું? પોતાનું નામ પુત્ર રાખશે કે વંશવારસ વેલો ચલાવશે એતો ધુમાડાના બાચકા છે. પુત્ર અક્કલવાળો હશે તો તે તેનું સંભાળી લેશે, અક્કલ વગરનો હશે તો બે આડા અવળા તમાચા લાગતાં કડભર થઇ જશે અને અનેક પુત્રોએ બાપની પૂંજી ગુમાવેલી આપણે જોઇએ છીએ. આવા વ્યવહાર ખાતર ધર્મને વિસારવો, આત્માને વિસારવો કે તેના રાગદ્વેષમાં લપટાઈ જઈ ખોટા ચક્કરમાં ચઢી જવું એ તો

ડહાપણનું કામ કેમ ગણાય? સંસારમાં હો ત્યાં સુધી વહેવાર તો જાળવવા પડે, પણ આંતર ધર્મને અવિરોધપણે, આત્મવિકાસને આંચ બને તેટલી ઓછી આવવા દેવાને રસ્તે પણ સંસારમાં રહી શકાય છે; તો તમારા જેવા લબ્ધ લક્ષ્ય માનવીએ સંસ્કાર સંગ્રહના પ્રસંગોની અવગણના કરવી ન ઘટે. અને મોટા શેઠે તો હવે નિવૃત્ત થઇ સેવામાર્ગમાં કે આત્મ ચિંતવનમાં સમય ગાળવો ઘટે. એમને આટલી આધેડ વયે હજુ પરદેશ ભ્રમવું અને વ્યાપાર ખેડવો તે શા માટે હોય? ઘરમાં વહુ દીકરા છે, ઘરનો ભાર વહુઓ ઉપાડી લે તેવી છે અને વ્યાપારમાં છોકરાઓ કાબેલ છે. તેમણે હવે આ જંજાળમાંથી બને તેટલા ફારગત થવું ઘટે. આ તમારી સાથે આવેલા બહેન કોણ છે?"

આખો વખત એમની સૌમ્ય ભદ્રક મૂર્તિ તરફ યશોભદ્રા તો જોઇ રહી હતી. એના એક એક શબ્દના ઉચ્ચારની એના ઉપર છાયા પડતી હતી. એના પ્રત્યેક શબ્દ જાણે એના મુખમાંથી ફૂલ ઝરતાં હોય એવા જણાતા હતા એની આંખમાં શાંતિ, એના બોલવામાં ગંભીરતા, એની વાતમાં રસ છતાં અંગત તત્ત્વ કે હેતુનો તદ્દન અભાવ અને એની ભાષાની ભવ્યતા ઉચ્ચારની વિશિષ્ટતા અને ભાવની વિપુળતા સાંભળતાં સાંભળતાં એ પોતે તો અવાક્ થઇ ગઇ હતી અને પ્રથમ દર્શનેજ તેના ઉપર અસાધારણ છાપ પડી ગઇ હોય એમ તેની મુખમુદ્રા પરથી લાગતું હતું.

આવા અદ્ભુત પ્રથમ મેળાપ વખતે યશોભદ્રાના મન પર જે છાપ પડી તેની વિશાળ અસરને કારણે તે વખતે જો કદાચ તેને કાંઇ સવાલ પૂછવામાં આવ્યો હોત તો હૃદયના ભારને કારણે એ જવાબ દઇ શકત કે નહિ તે શંકાસ્પદ ગણાય, પણ સારું થયું કે સાધ્વીશ્રીએ આ નવા આવનાર બાઇ કોણ છે એવો સવાલ ભાભીનેજ કર્યો મોટા ભાભીનું નામ **અનોપમા** હતું એ બહુ કુશળ અને ધનાવા શેઠની

ગૃહલક્ષ્મી હતી. એ વ્યવહારમાં જેટલી ચાલાક હતી તેટલીજ ધર્મ ક્રિયામા સન્મુખ હતી. ધર્મને અગે એ કોઇ વિશિષ્ટ ત્યાગ કરવાની સ્થિતિમાં નહોતી, છતા એની વૃત્તિ અને વર્તનમા ત્યાગ ભાવ હોવાને કારણે એ વ્યવહાર કાર્યોમા ઉણપ રાખી શકતી હતી અને કેટલાક વ્યવહારૂ ધર્મી પ્રાણીઓની કક્ષામા આવી ગઈ હતી

અનોપમા ભાભીએ જવાબ આપ્યો ' એ અમારા મહેમાન છે, શેઠના સાથમા આવ્યા છે, પોતે જૈન ધર્મના સારા અભ્યાસી છે અને બહુ ક્રિયા કરતા નથી, છતાં ક્રિયા તરફ ભાવ વાળા છે. ' આટલો પરિચય આપી અનોપમા ચૂપ રહી એટલે સાધ્વીશ્રી કીર્તિમતીએ યશોભદ્રાને પોતાની પાસે અવારનવાર આવવાનુ સૂચવન કર્યું એને અભ્યાસ કરવાની રૂચિ હોય તો પોતે અભ્યાસ કરાવશે એમ જણાવી દીધુ અને જીવનની સફળતા કરવા પ્રત્યેક પ્રાણીએ પ્રબંધ કરવો જોઇએ તેવો સંક્ષિપ્ત ઉપદેશ આપ્યો. યશોભદ્રા એક અક્ષર બોલી નહિ, પણ એને શ્રી કીર્તિમતીના તરફ ખૂબ આકર્ષણ થયું હોય એમ એના મુખ ભાવથી જણાઇ આવતુ હતુ.

પ્રથમ મુલાકાત લગભગ અરધો કલાક ચાલી હશે. આજે ચૈત્ર વદ આઠમનો દિવસ હતો. હવે પછી અનોપમા અને યશોભદ્રા આવશે ત્યારે તેમને તાત્કાલિક પૂરા થયેલા આયંબિલની ઓળીમા રહેલ સિંદ્ધચક્રનો મહાન યોગ સમજાવવા પોતે પ્રયત્ન કરશે એટલું જણાવી દીધા પછી શ્રીમતી મધુર સ્વરે ' ધર્મલાભ ' બોલ્યા એટલે નણુદભાભી ત્યાંથી ઊઠી પોતાની હવેલીએ પાછા આવ્યા.

હવેલી તરફ પાછા આવતાં, વાત પરથી યશોભદ્રાએ જાણી લીધું કે શ્રી કિર્તિમતી સંસારી અવસ્થામા કોઇ ગૃહસ્થની પુત્રી હતા, જાતે અભ્યાસ કરી જ્ઞાનવાન હોઇ સંસારના ત્યાગી બન્યા હતા, બાળબ્રહ્મચારી હતા અને આદર્શ સાધ્વી હતા. એ કદી નકામી વાત કરતા નહિ, ગૃહસ્થીના ઘરની વાતોમા માથુ મારતા નહિ અને

અત્યંત આનંદથી ભવભીરૂપણે ચારિત્ર પાળતા હતા. એને કોઈ ગામ, કોઈ સ્થાન કે કોઈ વ્યક્તિ પર પ્રતિબંધ હતો નહિ અને એ જ્ઞાન ધ્યાનમાં ઉદ્યત રહી બને તેટલું આત્મશ્રેય સાધતા હતા. એ અગાઉ પણ બે ત્રણ વખત શ્રાવસ્તિ નગરીમાં આવી ગયેલા, પણ એણે કોઈ પ્રકારની ખટપટ કરેલ ન હોવાને કારણે આખા સમુદાયમાં ખૂબ લોકપ્રિય થઈ ગયેલા હતા અને ભાષાસંયમને માટે એની બહુ પ્રશંસા થતી હતી. એ જરૂરી પ્રસંગે ઘણા લાંબા સમય સુધી અસ્ખલિત ઉપદેશ આપી શકતા, પણ બાકીના સમયમાં એ બહુ વાંચતા, સાધ્વી અને શ્રાવિકાઓને અભ્યાસ કરાવતા અને દરરોજ બે કલાક ધ્યાન કરતા. એની પાસે નકામી વાત કરવાનું બને તેમજ નહોતું. એને ખાવાપીવાની જરાપણ લાલસા નહોતી અને ગૃહસ્થીનો સ્ત્રી વર્ગ એની પાસે કદાચ કોઈ જાતની કુથળી કરવાની શરૂઆત કરે તો એ અત્યંત પ્રેમથી પણ ચોખવટથી એવી વાત જૈન વસ્તીગૃહમાં શોભે નહિ એમ કહી અટકાવી દેતા હતા, એની શાંતિની આભા આખા વસ્તીગૃહમા પડતી હતી અને એનો સાધ્વી સમુદાય પણ ભવ્ય ચેતનવંતો અને સંયમની સાધનામાં રત હતો. એના ઉત્તમ ચારિત્રને કારણે એ નાની વયમાં 'પ્રવર્તિની' પદ પામ્યા હતા અને ગચ્છાધિપતિ પણ એવાજ આદર્શ ત્યાગી અને સંયમી હોઈ એને બહુ સારી રીતે પીછાની ગયા હતા. હમણા જ સમાચાર આવ્યા હતા કે વિહાર કરતાં કરતાં ગચ્છાધિપતિ થોડા દિવસમાં અહીં (શ્રાવસ્તી-નગરીએ) પધારવાના છે. આ ગચ્છાધિપતિ પણ બહુ ભવ્ય વ્યક્તિ છે વગેરે વગેરે.

આટલી વાત થતાં યશોભદ્રાને એમાં ખૂબ રસ પડયો એણે જાણ્યુ કે આચાર્ય મહારાજનું નામ **અજિતસેન સૂરિ** હતું. તે દિવસે બપોરે પાછા યશોભદ્રા અને ભાભી અનોપમા બેઠા ત્યારે સાધ્વી શ્રી કીર્તિમતીની જ વાત ચાલી. તે વાતમાં યશોભદ્રાને માલૂમ પડ્યું કે સાધ્વી કીર્તિમતી 'મહત્તરિકા' હતા, આખા ગચ્છ ગણના

સાધ્વીના અગ્રપદે સ્થપાયલા હતા અને પ્રવર્તિની સ્થાનને ખૂબ દીપાવી રહ્યા હતા. પોતે તેમની પાસે વધારે જવાની ઇચ્છા બતાવી એટલે અનુપમા ભાભીએ કહ્યું કે પોતે તો હાલ ઘરમાં લગ્ન કાર્યને અંગે વારંવાર આવી શકશે નહિ, પણ ઘરમાં દાસી હતી તેને ભલામણ કરી દીધી કે જ્યારે યશોભદ્રાને શ્રી કીર્તિમતી પાસે જવાની ઇચ્છા થાય ત્યારે તેની સાથે દાસીએ જવું. શ્રાવસ્તી નગરી મોટી હતી અને વસતીસ્થાન જરા દૂર હતું. ત્યાં જવા માટે સુખપાળની ગોઠવણ કરવા ભાભીએ સૂચવન કર્યું, પણ યશોભદ્રાએ તે માટે ના કહી. એને ચાલીને જવામાં જરા પણ હીણપ લાગે તેમ નહોતું, પણ દાસીના સથવારાની જરૂર તેણે સ્વીકારી લીધી. છતાં અનુપમાએ કહ્યું કે બની શકશે ત્યારે પોતે જરૂર વસતીગૃહે સાથે આવશે, કારણ કે તેને પણ મહત્તરિકાના પ્રત્યેક શબ્દ પર મુગ્ધતા થતી હતી અને પોતે એમના શ્રાવસ્તીના વસવાટનો લાભ લેવા જરૂર માગતી હતી. તેને વળી જણાવ્યું પણ ખરૂં કે પોતાના કુટુંબમાં લગ્નકાર્યથી પરવાર્યા પછી પોતે વધારે વખત લાભ લેશે અને બનતા સુધી તો મહત્તરિકાનું ચાતુર્માસ પણ શ્રાવસ્તીમાં થવા સંભવ હોઇ, ચાતુર્માસમાં ખૂબ મજા આવશે.

આ રીતે કોઇવાર દાસી સાથે અને કોઇવાર ભાભી અનુપમા સાથે યશોભદ્રા ઉપાશ્રયે જવા લાગી. પ્રથમ દિવસે જ સંસારની અસારતા, ઈંદ્રિયોની વિકળતા, સંયમની મહત્તા આદિ વિષયો પર વાતો નીકળી અને આ વાતો તરફ યશોભદ્રાને રાગ થયો અને એમાં પોતાની માનસિક વ્યથાનો રસ્તો દેખાયો.

કીર્તિમતીએ જોયું કે યશોભદ્રા નવું પાત્ર છે, એના પર ઘાટ ઘડી શકાય તેવું છે એટલે પછી તો એમણે પણ સંસારના આખા સ્વરૂપનું તેની પાસે નિરૂપણ કરવા માંડ્યું. એને સંસારની અસ્થિરતા, સગપણની અસ્થિરતા, શરીરની અસ્થિરતા આદિ વાતો એવા સ્પષ્ટ આકારમાં એક પછી એક મૂકવા માંડી કે યશોભદ્રાને તો જાણે નવું

જીવન આવતું હોય, પોતાની સામેના અંધકારના પડદા કપાતા જતા હોય અને નવો નવો પ્રકાશ પડતો જતો હોય એમ લાગવા માંડ્યું. પરિણામે એ કોઈ કોઈ વખત તો દિવસમાં બે વખત શ્રી કીર્તિમતી પાસે જવા લાગી.

પ્રથમ મેળાપ પછીના ત્રીજે દિવસે યશોભદ્રા એકલી શ્રી કીર્તિમતી પાસે ગઈ ત્યારે તેણે સાધ્વીશ્રીને પોતાની **આત્મકથા** બહુ સંક્ષેપમાં જણાવી. સાધ્વી પ્રવર્તિનીને તો સંસારનું સ્વરૂપ સમજાઈ ગયેલું જ હતું એટલે એને એમાં ખાસ નવાઈ ન લાગી. ઇંદ્રિયો પર સંયમ ન હોય ત્યારે માણસો કેવા મૂર્ખ બની જાય છે, પોતાનું કર્તવ્ય ચૂકી કેવાં ગાંડાં કાઢે છે, વિવેક ભ્રષ્ટ થાય ત્યારે કેવાં વર્તનો કરે છે. તેમાં એણે તો અનેક દાખલાઓ આપ્યા તે સાંભળી યશોભદ્રા ખરેખર વિચારમાં પડી ગઈ. કર્મવશ પડેલો પ્રાણી ઇંદ્રિય પરવશ પોતાની નજીકના સગા સાથે કેવાં ખોટાં વર્તાવો કરે છે, છૂટો મૂકેલો ઇંદ્રિયગ્રાહ કેટલા અને કેવા અધઃપાતો કરાવે છે અને જીવનનાં સગપણો કેટલાં ટૂંક વખતના હોય છે તે સંબંધી લાંબી નજરે વિચાર બતાવતાં એણે સંસાર ચક્રની ઘટના ભવ્ય ભાષામાં પણ ચોખવટથી જણાવી દીધી અને એનો નિસ્તાર લાવવાનો માર્ગ પૂછતાં એણે **અહિંસા સંયમ અને તપના** માર્ગનો મહિમા બતાવી, ડાહ્યા માણસો કદી સંસારમાં લપટાતા નથી, લપટાય તો કેવી રીતે ઉપર તરી આવતાના રસ્તા શોધે એ સર્વ વિચાર બહુજ સ્પષ્ટતાથી બતાવ્યો આ હકીકતથી યશોભદ્રાના મન પર જબરી અસર થઈ. અત્યાર સુધી યશોભદ્રાના મન પર શોકની છાયા હતી તે બળના રૂપમાં ફરી જવા લાગી, પોતાના અમાપ દુઃખનો ઉપાય એને શ્રી કીર્તિમતીના સાનિધ્યમાં લાગ્યો અને પોતે પણ શ્રી કીર્તિમતી જેવી થાય તો આ સંસારના ત્રિવિધ તાપથી બળવાને બદલે પોતાનો ભવ સફળ કરી શકે એવી એની ધારણા થઈ અને પોતાનું જીવન અત્યાર સુધી સારરૂપ લાગતું હતુ તે હવે

હેતુસરનું લાગવા માંડયું અને જ્યારે અત્યાર સુધી આખા સંસાર રણમા તાપ રેતી અને ગરમ વાયરા દેખાતા હતા ત્યારે હવે તેમાં પણ લીલો પ્રદેશ ( oasis ) દેખાવા લાગ્યો. જીવનનો સાર શોધવાની અને શોધ્યા પછી તે માર્ગે લાગી જવાની અત્યારની મળેલી તક ગુમાવવા જેવી નથી એ મુદ્દાપર એણે વિચારધારાની દિશા બદલી અને એ ફેરબદલાને પરિણામે એનું સંસારપરનું અને આત્મા તરફનું આખુ વલણ મહાન પલટો લેતુ હોય એમ એને લાગવા માંડયું.

હવેલી પર આવી તેણે આ વાત અનોપમા ભાભીને કહી. અનોપમા પ્રથમ તો જરા સડક થઇ ગઇ. એને હવે યશોભદ્રા પર રાગ થયો હતો અને જેના પર પોતાને રાગ હોય તે માણસ સંસાર છોડી જાય તે કદી કોઇને પાલવતું નથી એ તો જુગજૂની વાત છે. એણે વાતને તદ્દન જુદું સ્વરૂપ આપ્યુ. એણે ત્યાગ માર્ગની કઠીનતા પર વધારે ભાર મૂકયો. રાજરાણીના જીવનની સરળતા, ખાવાપીવાની વસ્તુઓની વિપુલતા, મન કે શરીરપર કાબૂ આવવાની વિષમતા અને ખાસ કરીને રાજકુમારી અને રાજરાણી માટે એ વાતની વધારે પડતી મુશ્કેલી પર એણે વાત કરવા માંડી અને પોતાની સગી બહેન દીક્ષા લેવાનો વિચાર કરે ત્યારે તેને ના પાડે, સમજાવે, વાતને મુદતમાં નાખે, તેવી રીતે તણે સલાહ આપવા માડી. ભગવતી **દીક્ષા** એતો **લોહાના ચણા ચાવવા** જેવું **વિષમ કાર્ય** છે, એ કાઇ કાચા પોચાના કામ નથી અને એતો આખા જીવન પલટાનો પ્રશ્ન છે. એમાં આમ ક્ષણિક વૈરાગ્ય આવી જાય તેથી આખા ભવના પ્રશ્નોનો નિકાલ ન કરી શકાય, પાંચ પદર દહાડા કે બે પાંચ માસનો સવાલ હોય તો જાણે સમજ્યા, પણ આતો હમેશને માટે સંયમ, મહાઘોર તપસ્યા, જમીનપર સૂવાનું, પગે ચાલવાનુ, ભીક્ષા લાવીને ખાવાનું અને મન વચન કાયાના યોગો પર સંયમ આખી જીંદગી સુધી રાખવાનો– આ સર્વ વાતો બનાવવી એ કાઇ કૂડલીનો ગોળ ભાગવા જેવી વાત નથી આ વાત પર વધારે વિચાર કરવા જેવો છે એમ કહી એણે એ વાતને લાંબા ઝોળા પર નાખી. આજે ચૈત્ર સુદ ૧૦ નો દિવસ હતો.

: ૪ :

## રાજા પુંડરિકનો પશ્ચાતાપ

જે રાત્રીના પછવાડેના ભાગમાં યશોભદ્રા સાકેતપુર છોડી નાસી છૂટી, તેના બીજા દિવસની સવારે મહા-અમાત્ય પ્રથમ પહોરને છેડે જાતે મહારાજા પુંડરીકને મહેલે પધાર્યા. એમને પ્રથમથી રજા મેળવવાની જરૂર નહોતી. એ ખાસ કામ હોય અથવા મહારાજાની તરફથી તેડુ આવ્યુ હોય તોજ રાજમહેલમાં આવતાં, બાકી પોતાનું ઘણુ ખરૂં કામ એ ઘેર કરતા અને કોઇ કોઇવાર કચેરીમાં આવીને કરતા. એને ઉમરની અસર શરીર પર લાગતી હતી, માથા પર એક પણ બાલ કાળો રહ્યો નહોતો, છતાં એના મગજમાં વિચારની સ્પષ્ટતા હતી અને સલાહ આપવામાં એની લાંબી નજર, રાજ્યહિત અને પરંપરા પોષક વૃત્તિ જરૂર દેખાઇ આવતા હતાં. એની ભવ્ય મુખમુદ્રા પર મક્કમતા, અડગ નિશ્ચય અને છતાં કારસ્તાન સમજવાની ચકળવકળતા દેખાઇ આવતા હતા. એ જરા ખબર મોકલી સીધા મહારાજા પુંડરીક પાસે ગયા.

'મારા રાજા!' મહા અમાત્યે શરૂઆત કરી 'હમણા કેમ તદ્દન નજરવસ થતાં દેખાઓ છો? શરીરે સ્વચ્છતા કેમ ઓછી દેખાય છે? ઉપચાર કાંઇ કરો છો? આટલા વખતમાં કદી આપની આવી સ્થિતિ દેખી નથી અને આપના મન પર મોટો ભાર દેખાય છે. શી હકીકત છે?'

મહારાજાએ કહ્યું 'કોઈ ખાસ બાબત નથી. તબિયત ઠીક છે. રાજવૈદ્યને બોલાવ્યા હતા. તેમણે ખાસ ઉપચારની જરૂર નથી એમ કહ્યું. થોડા વખતમાં સર્વ ઠીક થઈ જશે.'

'પણ મારા નાના રાજા!' મહા અમાત્યે ચલાવ્યું 'તમે રાજ-કાજમાં લગભગ એક માસથી કાંઇ ધ્યાન આપતા નથી. સીમાડા પર લશ્કર મોકલ્યું તેનું શું થયું તેના સમાચાર પણ પૂછતા નથી અને આખો વખત ગમગીન બેસી રહો છો! નથી હરતા ફરતા કે નથી રમત ગમત કરતા, નથી આનંદ કરતા કે નથી આપની ઉમરના સહ-ચારી મિત્રોમાં ભળી ઠઠ્ઠા મશ્કરી કરતા, મહારાણી પણ ફરિયાદ કરતા હતા કે આપને શું થયું છે તે સમજાતું નથી, દો કાંઈ દિલ ખોલી વાત કરશો? આમને આમ ચાલે તો રાજ્યનું શું થાય?'

અમાત્યજી! રાજ્ય તો ચાલ્યા કરે છે, તમે અત્યારે વહેલી સવારે કોઈ દી નહિ, ને કેમ આવી ચઢયા છો? રાજાએ ટૂંકું પતાવવા ટંડો જવાબ આપ્યો.

પણ અમાત્યને મનમાં અત્યંત વલોપાત થતો હતો. એણે રાજાના 'રાજ્ય તો ચાલ્યા કરે છે' એ શબ્દોને પકડી લીધા અને પછી જરા લંબાણ ચલાવ્યું 'મારા સાહેબ! રાજ્ય તો રાજાથી ચાલે, જો રાજા બેદરકાર બને તો દેશમાં ઠગારા લૂંટારા તાલીમબાજ અને ધાંધલીઆનું જોર વધી જાય, આજૂબાજૂના દુશ્મન રાજાઓ તાકીને બેઠા હોય તે જોર કરે અને રાજ્ય ઘસાતું જાય, પક્ષ નબળો થતો

જાય અને જાલીમોનું જોર થાય. રાજ્ય તો સત્ય પર ચાલે છે, રાજાના કડક શાસન પર ચાલે છે, વિશુદ્ધ ન્યાય પાલન પર ચાલે છે, પ્રજાનાં જાનમાલની સલામતી પર ચાલે છે, યોગ્યને યોગ્ય બદલો મળે તે પર ચાલે છે, ચોર ઠગારા બદમાસને નસિયત કરવા પર ચાલે છે, ગાદીકરીની આબરૂની સલામતી પર ચાલે છે. રાજા આગેવાન કે સલાહકાર કર્તવ્ય ભ્રષ્ટ થાય તો રાજ્યના પાયા ઢીલા પડી જાય છે અને અંતે રાજા રાજ્ય અને પ્રજા સર્વને ખૂબ સહન કરવું પડે છે.'

હજુ મહા અમાત્ય આગળ બોલવા જતા હતા ત્યાં પ્રતિહારી આવી રાજાના કાનમાં સંદેશો કહી ગયો. મહા અમાત્ય અને મહારાજા બેઠા હોય ત્યારે રાજ્યના કોઇ નોકરથી અંદર અવાય નહિ એવો સામાન્ય નિયમ હતો તેને ચૂકી જઈ પ્રતિહારી અંદર આવ્યો એટલે ખાસ અગત્યના સમાચાર હશે એમ લાગવાથી મહા અમાત્યે સવાલ કર્યો ' કેમ શું છે ? કોઈ ખાસ બાતમી આવી છે ?' પ્રતિહારી તો સમાચાર આપી બહાર ચાલ્યો ગયો હતો. રાજાએ જવાબમાં કહ્યું ' એણે જરા ગભીર વાત કરી છે. એ કહે છે કે આપણા કંડરીકની વીધવા રાણી યશોભદ્રા તેના મહેલમાં સવારથી જણાતા નથી. આ વાતની તપાસ કરવી જોઇએ.'

' અરે હા !' અમાત્યે વાત ઉપાડી લીધી. ' હું તમને એના સંબંધમાંજ વાત કરવા આવ્યો હતો. તમે આવા ઉચ્ચ ગ્રાહવાળા થઇને શું માંડી બેઠા છો ? આપણું રાજ્ય તો અહિંસા સંયમ અને ત્યાગના સૂત્રો પર ચાલે છે. તેનો રાજા પોતે પોતાના આશ્રિત કે સ્વજન પર આડી નજર કરે તો તો દુનિયા રસાતાળ જાય ! અને ગામમાં તો કહેવાય છે કે એના પતિના—આપના નાના ભાઇના અકાળ મરણમાં આપનો હાથ હતો ! આ વાતમાં એક અંશ પણ સત્ય હોય તો આપના વંશના દાણાં પાણી પરવાર્યાં જણાય છે. શું આપ આજે રાત્રે યશોભદ્રાના મહેલે જવાના છો ?'

રાજા પર સીધો ઝાટકો પડયો. અમાત્યને એ પિતાતુલ્ય માનતો હતો અને અમાત્ય પણ રાજાને મર્યાદામાં રહી સાચી સલાહ આપતા હતા. આજે રાત્રે પોતે યશોભદ્રાને મહેલે જવાના છે એ વાતની બાતમી મહા અમાત્યને કેમ મળી એ વાતની પણ રાજાને નવાઈ લાગી. પણ એ વાત ખાઈ જતાં એણે કહ્યું "અમાત્ય! તમે શું બોલ્યા? મારા ભાઈનું ખૂન હું કરાવું એ વાત તે કદી બને?'

'ત્યારે હીરજી હજૂરિયાને આપે કંડરીકની પાછળ નહોતો મોકલ્યો?' અમાત્યે સવાલ કર્યો.

'મેં એને બરાબર મોકલ્યો હતો. માત્ર કંડરીક સીમાડા પર જાય, ત્યાં જઈ લડે અને કામમાં રહે એ બાબત પર દેખરેખ રાખવા એને મોકલ્યો હતો.' રાજાએ ગંભીરતા ધારણ કરી જવાબ આપ્યો.

અમાત્યે વાત રસ પર ચઢાવી 'પણ એણે કંડરીકની છાવણી આખી સળગાવી દીધી, ઊંઘતા કંડરીકને જીવતો બાળી મૂક્યો. ચાર માણસની સહાય લીધી અને આખા લશ્કરમાં હાહાકાર થઈ રહ્યો છે અને આપના નામ પર વાતો થાય છે તે આપે જાણી નથી? મહારાજાએ તો કાન ઉપર હાથ મૂકયા એટલે મંત્રીએ આગળ ચલાવ્યું 'સાહેબ! સાંભળો. તમારા નામે એ હજૂરિયો લશ્કરમાં ગયો, એવા બીન લશ્કરી બીન તાલીમી માણસને લશ્કરમાં જોઈ સર્વને નવાઈ લાગી, એણે રાજાની મહોર છાપવાળો હુકમ બતાવ્યો. એટલે એને છાવણીમાં સ્થાન મળ્યું. એણે ત્યાં જઈ બીજું કશું કામ કર્યું નથી. એણે યુવરાજ કંડરીક પર તકેદારી રાખવા માંડી. તેનાં છીંડા શોધવાનું કામ શરૂ કરી દીધું અને અંતે એણે દેવના કુંવરસમા ભાઈને જીવતો સળગાવી મૂક્યો. આખા શહેરમાં કહેવાય છે કે આપે ખોટી દાનતથી દેવી યશોભદ્રાને પોતાની કરવા આખું કાવતરું રચ્યું હતું. આખા ગામમાં તો હાહાકાર થઈ રહ્યો છે!'

રાજાએ બહાર રાહ જોતાં ખાસદારને બોલાવ્યો અને હીરજી હજૂરિયાને જલ્દી બોલાવી લાવવા હુકમ કર્યો. દરમ્યાન પ્રધાનને જણાવ્યું કે પોતે યશોભદ્રા પર મોહી ગયો હતો એટલે ભાઈ થોડો વખત દૂર હોય તો પોતાનું કામ થાય એટલા વાસ્તે તેને દૂર કર્યો હતો અને તેના પર તકેદારી રાખવા હીરજીને મોકલ્યો હતો. એને મારી નાખવામાં પોતાનો હાથ નહોતો કે પોતાને તે વાતની ખબર નહોતી કે પોતે તેવા પ્રકારનો હુકમ આપ્યો નહોતો. આ વાત ચાલતી હતી ત્યાં હીરજી આવી પહોંચ્યો. મહાઅમાત્યે બેચાર સવાલ પૂછયા. એના સમજવામાં આવી ગયું કે મહારાજાનો આખો હુકમ હીરજીએ ઉથલાવી નાખ્યો હતો. પોતાના પ્રેમમાર્ગમાં આડખીલી રૂપે નડતાં પોતાના ભાઈને દૂર રાખવાના હુકમનો અવળો અર્થ હજૂરિયાએ પોતાનો સ્વાર્થ સાધવા અને મહારાજાની મહેરબાની મેળવવાને અંગે મનમાં ઉપજાવી કાઢયો હતો અને ભયંકર કાર્ય એણે જાણી સમજીને કર્યું હતું. આખી તપાસ કરવામાં અને મહારાજાના શબ્દો સમજવામાં અને હજૂરિયાના કારસ્તાનમાં છૂપાયેલું આખું વિકૃત માનસ સમજવામાં એને વખત ન લાગ્યો. એણે રાજાની હાજરીમાં હીરજીને દેશની હદ ચોવીસ કલાકમાં છોડી જવા ફરમાવી દીધું અને આવા હલકા વર્ણના નીચ સ્વભાવના માણસો રાજ્યની હદમાં ન રહેવા જોઈએ એવી સજાવટ કરી દીધી.

રાજા પોતે તો ભાઈના અકાળ ખૂનને લગતી આખી વાત જાણી છોભીલો બની ગયો. એના ખ્યાલમાં ભાઈનું ખૂન સ્વપ્ને પણ હતું નહિ, એનું કારણ આડકતરી રીતે પોતે બની ગયો એટલે એના ખેદનો પાર રહ્યો નહિ. એને તો અત્યારે જાણે આખી દુનિયા ચકળવકળ ફરતી હોય એમ લાગવા માંડ્યું. આ અંતરના તાપમાં એ યશોભદ્રાની આખી વાત ભૂલી ગયો. એને ભોળા ઉત્સાહી બળવાન ભાઈની સ્મૃતિ તાજી થઈ. એની સાથે ફર્યો, રખડયા, રમ્યા, ખાધું,

પીધું અને હાણ્યા માણ્યા—એ વાતો એની અંતર ચક્ષુ સામે ખડી થઇ, એને એ પોતાની ડાબી બાજુ ગણતો હતો એ વાત એના મનમાં આવી ગઈ, પોતાને પુત્ર ન થાય તો તે રાજ્યનો ઉત્તરાધિકારી હતો એ વાત પણ એને સાંભરી, એની નસમાં અને પોતાની નસમાં એકજ માતાપિતાનું લોહી વહેતું હતું એ એના વિચારપંથમાં આવ્યું એ તો ખરેખર હૃદયથી રડવા લાગ્યો, એની એક આંખમાં શ્રાવણ અને બીજીમાં ભાદરવો જોઇ, એનો પશ્ચાતાપ સાચો છે એમ મહાઅમાત્યને લાગ્યું.

મહાઅમાત્યે જોયું કે અત્યારે હવે વધારે વાત કરવાથી રાજા કાંઈ ઊંધુંચત્તું કરી બેસશે. રાજા અંદરખાનેથી સાત્ત્વિક હોવા છતાં જુવાનીના જુસ્સામાં અને બદ સોબતથી ખોટે રવાડે ચઢી ગયો હતો. વાત વધારે છેડવામાં હાલ તુરત કાંઈ માલ નથી, વખત વખતનું કામ કરશે અને રાજા પોતાની અસલ મર્યાદામાં આવી જશે એમ લાગતા એણે તુરત માણસોને યશોભદ્રાની શોધ કરવા મોકલ્યા. પોતે મહારાણીને મળ્યા. મહારાજાને જાળવવા અને એને માટે ચિંતા ન કરવી તેમજ કોઇ વાતનાં મેણાં કે છણકા ન કરવાની ઉચિત સૂચના આપી. વાત દરમ્યાન એને પ્રિયંવદા દાસીની આખી હકીકત રાણીએ જણાવી દીધી. ટૂંકી તપાસ કરી મહાઅમાત્યે એને નોકરીમાંથી કાઢી મૂકી અને રાજ્યમહેલમાં બનેલ વાતનો જો એક અક્ષર બોલશે કે વાતો ફેલાવશે તો એને રાજ્યમાં રહેવું ભારે થઇ પડશે એટલી સખત તાકીદ આપી રાજમહેલમાંથી અને રાણીની નોકરીમાંથી તેને દૂર કરી દીધી.

આ સર્વ વ્યવસ્થા કરતાં લગભગ કલાક થઇ ગયો એટલામાં મુદ્દામ માણુસો પાકા સમાચાર લાવ્યા કે દેવી યશોભદ્રા રાત્રીના ત્રીજા પહોરે તદ્દન એકલા ચાલી નીકળ્યા છે. એણે દાસીનો વેશ લીધો હતો અને દેવી યશોભદ્રા માટે દવા લેવા જવાને બહાને એ મહેલમાંથી

કાઢી ગયા હતા. વિચક્ષણ મહા અમાત્ય, યશોભદ્રાનું માનસ બરાબર કળી ગયા. એણે તપાસ પૂરી કરવા દેવી પાસે રહેતી વિચક્ષણા દાસીને બોલાવી સમાચાર પૂછ્યા. તપાસ પરથી અને દાસીના કહેવાથી યશોભદ્રાનું આખું મનોમન્થન એ સમજી ગયા. દાસીએ આંખમાં આંસુ સાથે કહ્યું કે ' મને જરા સરખો ખ્યાલ પણ નહિ કે દેવી અહીંથી ચાલ્યા જશે. હું તો રાતના બાર વાગ્યા સુધી એમની પાસે બેઠી હતી અને વ્યવહારની અને દિલાસાની કંઇ કંઇ વાતો મેં તેમની સાથે કરી હતી પછી આખા દિવસના થાકને લીધે મને ઊંઘ આવવા લાગી એટલે દેવીએ મને સૂઇ જવા કહ્યું. તે વખતે એ કાંઇ બોલ્યા પણ નહિ. આપને રાત્રે બોલાવ્યા એટલે આપ સર્વ બાબતનો પાકો બંદોબસ્ત કરશો એવી મને ખાતરી હતી. આપ ગયા તે વખતે દેવી બોલી ગયા હતા કે અત્યારે તેનું કોઇ નથી. કદાચ એમને આપના જવાબમાં ઠંડક લાગી હશે, પણ એમનો કોઈ પ્રકારનો ખ્યાલ હું તે વખતે સમજી શકેલી નહિ. મને ખરેખર ખેદ થાય છે કે ઊંઘના આવેશમાં હું એમને એકલા મૂકી મહેલના બીજા ભાગમાં જઇ સૂઇ ગઈ.' આખી વાત દરમ્યાન એ તો રડયા જ કરતી હતી. વિચક્ષણ મહામંત્રીના લક્ષ્યમાં યશોભદ્રાનું આખું માનસ સ્વરૂપ આવી ગયું. યશોભદ્રાની સાથેની વાતમાં પોતે ભાર મૂકી વાતને મોળી પાડી ન દીધી તે વાતનો તેમને જરા ખેદ પણ થયો.

છેવટે મહેલ છોડતી વખત એણે મહારાણી યશોધરાને કહ્યું કે ‘ મહારાજા એક બે દિવસ ખૂબ રડશે, એને બને તેટલું રડવા દેજો. એને દિલાસો આપી રડતા અટકાવશો તો એ માંડા થઇ જશે. કદાચ એ ન રડે અને વાતે વળગે તો કુંડરીકની વાત કાઢી એને રડાવજો, એની સામે બેસી તમે રડજો, એ રડતાં અટકે નહિ એ વાત ધ્યાનમાં રાખજો. મનમાં ડચૂરો ભરાઈ રહેશે તો એની રૂંધામણ થશે અને તે ઇચ્છવા યોગ્ય નથી. બાકી યશોભદ્રાનું નામ દેતા નહિ, એના સંબંધનો ઉલ્લેખ કરતા નહિ, એની વાત યાદ કરીને કોઇ જાતનાં મેણાટોણાં મારતાં નહિ. માત્ર એ પૂછે કે યાદ કરે તો એટલું જ કહેશો કે એની તપાસ કરવા માટે ચારે તરફ માણસો અને ઘોડેસ્વારો મોકલ્યા છે અને એને પિયર પૂછપરછ કરવા ખાસ મુદ્દામ કાસદ મોકલ્યો છે. ’ આ વાતમાં જરા પણ ગફલતી ન થાય તેવી પાકી ભલામણ કરીને મહાઅમાત્ય પોતાને મંદિરે ગયા.

મહારાજાના ખેદનો પાર રહ્યો નહિ. પોતાનો ભાઈ જેવો ભાઇ ચાલ્યો ગયો, તેનું નિમિત્ત કારણ પોતે બની ગયા એ વાત પર એનો જીવ ખૂબ ગભરાયો. એ મુક્તકંઠે ખૂબ રડયા. સાંજને વખતે એને દેવી યશોભદ્રા યાદ આવી. હવે એના ઉપર જે વિષયવાસના હતી તેને બદલે પોતાને મન એ જાણે જીવતી પૂજ્ય આરાધ્ય દેવી હોય એવો ભાવ થયો, પવિત્ર સતીના આખા જીવનની સુગંધ એની ઉપર અસર કરવા લાગી, એનો સંયમ, એનો વિવેક, એની સભ્યતા અને એનું શું થયું હશે અને એ કયાં ગઇ હશે એની એને ચિંતા થઈ, પણ હવે એના સંબંધમાં પોતે કાંઇક બોલે તો રાણી એનો અવળો અર્થ કરે એ ચિંતાથી એના નામનો ઉચ્ચાર સરખો પણ ન કર્યો, કે એની તપાસનું પરિણામ શું આવ્યું તે સંબંધી પૂછગાછ પણ ન કરી. મહાઅમાત્ય યોગ્ય કરી લેશે એવી તેને ખાત્રી હતી.

બીજે દિવસે મહાઅમાત્ય બુદ્ધિધન મહારાજા પાસે આવ્યા નહિ.

એણે પશ્ચાત્તાપને પોતાનું કામ કરવા દીધું. ત્રીજે દિવસે આવીને એણે મહારાજાને ખૂબ દિલાસો આપ્યો, સંસારસંબંધની અસ્થિરતાની વાતો કરી અને વાતવાતમાં જણાવી દીધું કે યશોભદ્રાની ચારે તરફ સરહદ સુધી તપાસ કરાવી, પણ પત્તો મળ્યો નથી અને માંડલીક ગુણચંદ્રને ત્યાં મોકલેલ ખાસ એપિયો પણ પાછો આવી ગયો હતો. એ દિશા તરફ પણ દેવી ગયેલ લાગતા નથી. અંતે સામાન્ય માન્યતા એવી થઇ કે કોઈ કૂવામાં પડીને કે એવી કોઈ રીતે દેવીએ જીવનનો અંત આણ્યો હશે. એને માટે મહારાજાને લાગણી થઈ આવી. તેમાં હવે વિયોગ આસક્તિ કે લંપટપણાની ગંધ નહોતી, પણ માત્ર ભક્તિ, પ્રશંસા, ચારિત્ર મહિમા અને કુળવાન વધૂના આદર્શના સાક્ષાત્કારની પ્રતિભા હતી અને ભાવનામય સતીત્વનું એમાં પ્રકટ દૃષ્ટાંત મહારાજા સ્વીકારી રહ્યા હતા. અને તે કારણે, શરમથી કે શોકથી મહારાજા યશોભદ્રા માટે બહુ તપાસ કરતા નહોતા કે થતી તપાસમાં ખાસ ઉઘાડો રસ લેતા નહોતા.

મહામંત્રી આમાં રાજાનું માનસ બરાબર સમજી ગયા હતા. દેવી યશોધરા માનસવિદ્યામાં કાચી હોવાથી એને આ વાતમાં રહેલ રહસ્ય સમજાતું નહોતું, પણ એને મહાઅમાત્યની બુદ્ધિશક્તિ પર પૂરો ભરોસો હતો. આ રીતે દિવસો પસાર થતા ચાલ્યા, રાજા ધીમે ધીમે રાજકાર્યમા ભાગ લેતા થઇ ગયા અને કંડરીક યશોભદ્રાનું આખું પ્રકરણ ખતમ થઇ ગયું અને એક રીતે તેના પર પડદો પડી ગયો.

સાકેતપુરના લોકોએ ચાર પાંચ દિવસ તો ખૂબ વાતો કરી. કોઇએ રાજાને લંપટ કહ્યો, કોઇએ યશોભદ્રા માટે તર્કવિતર્કો કર્યા, તેજ સાંજે હજૂરિયો ગામ છોડી ગયો ત્યારે વળી વાતોએ નવું સ્વરૂપ ધારણ કર્યું. પાંચ પંદર દિવસ વાતો થઇ. યશોભદ્રાનું શું થયું તે કાંઇ સમજાયું નહિ અને થોડા દિવસ પછી લોકો ધીમે ધીમે કંડરીક યશોભદ્રાનું પ્રકરણ ભૂલી ગયા, નામ પણ વિસારે પડવા લાગ્યું અને સૂરત પણ ભૂલાઇ જવા માંડી.

## ગચ્છાધિપતિ અજિતસેનસૂરિ

### ૫

આગળથી આવેલા સમાચાર પ્રમાણે ચૈત્ર વદ ૨ ને રોજ પ્રથમ પહોરે સવારે ગચ્છાધિપતિ શ્રી અજિતસેનસૂરીશ્વર સાવત્થી નગરી પધાર્યા. એ આચાર્યવર્ય શ્રી વીરના સાચા પ્રતિનિધિ હતા, અદ્ભુત ત્યાગમૂર્તિ હતા, ગચ્છનો ભાર વહન કરવાની આવડત અને શક્તિ વાળા હતા, મહા દીર્ઘદર્શી હતા અને કોઈ પ્રકારની લાલસા ઇચ્છા કે અપેક્ષા વગર નિયંત્રણ કરવામાં તત્પર હતા. એમનો ત્યાગ અપરિમિત હતો, એમની ભદ્રિકતા ભવ્ય હતી અને એમનું તેજ રાજવીને પણ શોભાવે તેવું હતું.

એ પાંચે ઈંદ્રિયનો બરાબર સંયમ કરનાર, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર અને ક્રોધ માન માયા લોભથી મુક્ત હતા; પાંચ મહાવ્રતથી યુક્ત હોઈ કંચન કામિનીના ત્યાગી હતા, જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર તપાચાર વીર્યાચાર પાળવામાં સમર્થ હતા અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને ધારણ કરનારા હતા. સંક્ષેપમાં કહીએ તો આચાર્ય માટે નિર્દિષ્ટ કરેલા છત્રીસ છત્રીશી ગુણના ધારક

કરનાર હોવા ઉપરાંત નિર્દંભ, નિરભિમાની, નિરીચ્છક અને નિરાશીભાવના સાચા પોષક હોઇ, માત્ર પાંત્રીશ વર્ષની વયે આચાર્ય પદવી મેળવી આખા સાધુ સાધ્વીના સમૂહ (ગચ્છ)ના નાયક પોતાના ગુણથી થયા હતા. પોતે અધિપતિ છે એવો એમને મમત્વ-ભાવ કદી થયો નહોતો અને એમની સરળતાને કારણે આખા ગચ્છમા કોઇ પ્રકારનો વિખવાદ ખટપટ કે કચવાટ સામાન્યતઃ થયો નહોતો.

એમની વાણીનો પ્રવાહ અદ્‌ભુત હતો, એમની ભાષામા તેજ સાથે સત્ત્વ હતું, એમના ઉપદેશમાં મુદ્દામ સારગ્રાહિતા ઉપરાંત આંતર તેજ અને તેની પાછળ પોતાના તેવાજ વર્તનનું પીઠબળ હોવાને કારણે ભારે સચોટતા હતી. વ્યાખ્યાન પીઠપરથી તેઓ શ્રી વ્યાખ્યાન કરે ત્યારે શ્રોતાઓ રસમાં લદબદ થઈ જતા એ તત્ત્વજ્ઞાન પર બોલે તો તેમાં મીષ્ટતા હોય, એ કથા વાર્તા કરે તો તેમાં અદ્‌ભુત રસના જમાવટ હોય અને એ ચરણકરણનું વ્યાખ્યાન કરે તો તેમાં દૃષ્ટાંત અને રહસ્ય દર્શનની એવી સુરસ યોજના હોય કે સાભળનાર મુગ્ધ થઈ જાય. એમના વ્યાખ્યાનની જમાવટમા એવો સુમેળ થતો કે એમને સાંભળવા આવેલમાંથી કદી કોઇએ ઝોકું કે બગાસું ખાધું જાણ્યું નથી કે કોઇ શ્રોતા ઊભો થઇ ચાલ્યો જતો દેખ્યો નથી. વ્યાખ્યાન કળા તો ખરેખર એમની વૈયક્તિક જ હતી અને જનતામાં એની પ્રશંસા એટલી જામી ગયેલી હતી કે એમના વ્યાખ્યાન સમય પહેલાં સભાગૃહ ભરાઈ જતું હતું.

અને એમના આખા દેહ પર શાંતિ પથરાઇ રહી હતી એમની ભવ્ય મુખમુદ્રા જોતા માણસ પોતાનુ વૈર મૂકી જાય. એમનો ત્યાગ જોઈ સંસારરસ ઢીલો પાડી દે, એમની માત્ર છ દ્રવ્ય ખાવાની હકીકત જાણી આટલો અલ્પાહાર છતા આવું દિવ્ય સ્વરૂપ કેમ રહી શકે તેવા વિચારમાં ભાવુકો પડી જાય અને એમની નિર્વિકારી આંખો જોતાં

એમના તરફ સાહજિક ભાવ થઇ આવે. આવા પ્રબળ પ્રતાપી આચાર્ય શ્રી શ્રાવસ્તી નગરીમા પધાર્યા. શ્રાવસ્તીનો જૈન સંઘ પણ ખૂબ ભાવુક હતો, તેની સંખ્યા પણ મોટી હતી અને એના કાર્યવાહકો ધર્મરસિક, સ્વચ્છ હૃદયી અને ધર્મપ્રભાવના રત હતા. એમણે આચાર્યશ્રીના મહાન ત્યાગ અને સ્થાનને યોગ્ય તેમનો સત્કાર કર્યો. શ્રાવક શ્રાવિકા વર્ગ તેમને દૂર સુધી સામે લેવા ગયો, અત્યંત હોંશથી તેમને નગર પ્રવેશ કરાવવા તત્પર બન્યો અને પોતાને ધર્મશ્રવણ કરવાનો તથા વ્રત નિયમાદિ લેવાનો સારો લાભ મળશે એ વિચારથી આનંદમાં આવી ગયો. એમનું સામૈયું ભાવભરી રીતે પણ કશા ખોટા આડંબર વગર કરવામાં આવ્યું અને આમ જનતાએ પણ એમાં ખૂબ રસથી ભાગ લીધો. હજારો જૈન અને જૈનેતરો, પુરૂષ અને સ્ત્રીઓ સામૈયામાં મર્યાદા પ્રમાણે ચાલ્યા, સાધ્વી સમૂહે પણ તેમાં ભાગ લીધો. ધનાવા શેઠનો અને તેના આખા પરિવારનો એમાં મુખ્ય ભાગ હતો. સાવત્થીમાં આવ્યા પછી ધનાવા શેઠે તે દિવસે સવારે યશોભદ્રાને પહેલીવાર બોલાવી અને આચાર્યશ્રીના સામૈયામા અને ઉપદેશ શ્રવણમાં ભાગ લેવા સૂચના કરી. એણે નીચી દૃષ્ટિ રાખી માત્ર એટલુ જ કહ્યું કે ધર્મક્રિયા કે ઉપદેશ શ્રવણમાં શોક આડો ન આવે અને એ રીતે મન વાળવાથી વાત વિસારે પડે. અનોપમા ભાભીનો તો એ દિવસથી યશોભદ્રાને સામૈયામાં લઈ જવા માટે આગ્રહ હતો જ અને શેઠસાહેબે પ્રેરણા કરી એટલે યશોભદ્રા પણ બહાર નીકળી, ભાવથી આચાયશ્રીને વાંદ્યા અને આચાર્યશ્રી માટે સાધુનું વસતિ સ્થાન શહેરના મધ્ય ચોકમાં સાધ્વીના વસતિસ્થાન ( ઉપાશ્રય )થી દૂર હતું ત્યાં સર્વની સાથે પોતે પણ ગઇ.

આચાર્યશ્રીયે બહુ સુંદર ઉપદેશ આપ્યો. જીવન સફળ કેવી રીતે થાય, ત્યાગનો મહિમા કેટલો મોટો છે, એ માર્ગે ચાલવાથી આખો પ્રગતિ માર્ગ કેવી રીતે સુધરી જાય છે, આ જીવનનું સાધ્ય સુખ

છે તે સર્વમાન્ય હોવા છતાં સુખની વ્યાખ્યા ઘણી વખત પ્રાણી તાત્કાળિક નજરે કરી પોતાની આખી પ્રગતિ કેમ બગાડી નાખે છે, સાચું સુખ સ્થાયી અનંત અને અવ્યાબાધ શા માટે છે, એ સુખની પ્રાપ્તિને અને ત્યાગ માર્ગને કેવો ઘનીષ્ટ સંબંધ છે અને લાંબી નજરે માર્ગપ્રતીક્ષા કરવાની ટેવ પડે તો તેમાં કેટલો લાભ છે અને તે રીતે ઇંદ્રિયજન્ય સુખો, તાત્કાલિક સગવડો અને વ્યવહારની માની લીધેલી મોટાઇઓ એક બાજૂએ રાખવામાં આવે અને પરમાનંદ આત્મવિલોપન અને સંયમના માર્ગ સ્વીકારવામાં આવે તો તેને પરિણામે થતો આનંદ બીજી બાજુએ રાખતાં ત્રાજવું કઇ બાજુએ નમે એ બાબત એમણે સચોટ રીતે સંભળાવી. બે ત્રણ કોશનો વિહાર કર્યો પછી જરા પણ થાક કે સ્ખલના વગર એમણે ત્યાગમાર્ગનો મહિમા એવી સરસ રીતે બતાવ્યો કે આખો શ્રોતા વર્ગ મુગ્ધ થઇ ગયો. તેઓ બે ઘડિ (૪૮ મિનિટ) બોલ્યા, પણ આખી સભામાં અવાજ થયો નહિ, કોઇ ઊઠી ગયું નહિ કે કોઇને કંટાળો આવ્યો નહિ.

આચાર્યશ્રીએ વ્યાખ્યાન પૂરું કરતા પડિલેહણ કરવા માંડયું તે વખતે સ્વયંપ્રેરણાથી યશોભદ્રાએ અને ભાભી અનુપમાએ ગહુંલી[1] ગાઇ. એની ગાવાની ઢબ, ગળાની મીઠાશ અને રાગના લે'થી આખી સભા ખૂબ રંજન પામી. તેમણે ગાયું અને હાજર રહેલી બહેનોએ ઝીલ્યું તેમાં કોઇ સ્થળે ક્ષતિ નહોતી. જાણે કેટલાએ દિવસની તૈયારી હોય તેવી તેમાં એકવાકયતા હતી. નીચેના અર્થની એ ગહુંલી હતી.

---

૧ વ્યાખ્યાનની વચ્ચેના સમયમાં સ્ત્રીવર્ગભકિત ગુરુવંદન કે દેશ વદન કે દેશનાનો મહિમા દર્શાવનાર પદ્ય દેશીમાં ગાય છે. તેને ' ગહુંલી ' કહેવામાં આવે છે. એ જૈન પારિભાષિક શબ્દ છે.

સખી સરસતી ભગવતી માતા રે, કાંઇ પ્રણમી જે સુખશાતા રે;
કાંઈ વચન સુધારસ દાતા, ગુણવંતા સાંભળો વીર વાણી રે,
કાંઇ મોક્ષ તણી નિશાણી. ગુણ૦ ૧.

કાંઇ ચોવીશમાં જિનરાયા રે, સાથે ચૌદ સહસ મુનિરાયા રે,
જેહના સેવે સુર નર પાયા. ગુણવંતા૦ ૨.

સખી ચતુરંગ ફોજા સાથ રે, સખી આવ્યા શ્રેણિક નર નાથરે,
પ્રભુ વંદીને હુવા સનાથ. ગુણવંતા૦ ૩.

બહુ સખીઓ સંયુત રાણી રે, આવી ચેલણા ગુણખાણી રે,
એ તો ભામંડળમાં ઉજાણી. ગુણવંતા૦ ૪.

કરે સાથિયો મોહન વેલરે, કાંઈ પ્રભુને વધાવે રંગરેલરે,
કાંઇ ધોવા કરમના મેલ. ગુણવંતા૦ ૫.

બારે પરષદા નિસુણે વાણી રે, કાંઇ અમૃતરસ સમ જાણી રે,
કાંઈ વરવા મુગતિ પટરાણી. ગુણવંતા૦ ૬.

કિન્નરી સરખુ અદ્દભુત ગાન, મીઠા સૂર અને ઢળકતી મિલાવટ અને આચાર્યના ઉપદેશ સાથે આખી હકીકતને મળતો મેળ એવો સરસ જામી ગયો કે આ ગાનાર કોણ એવી પૃચ્છા પણ થવા લાગી, પણ વ્યાખ્યાન ગૃહની સભ્યતા પ્રમાણે કોઇ સ્ત્રી વર્ગ સામે નજર ન કરે, પણ કાન શ્રવણ દ્વારા અંદરથી જિજ્ઞાસાવૃત્તિ તો જરૂર જાગે. સમૂહ મેળાપમાં યશોભદ્રા આજે પહેલીજવાર દેખાયા હતા, સાવત્થી નગરીમાં એ અપરિચિત હતા. અંદર અંદર માત્ર એટલીજ વાત થઇ કે ધનાવા શેઠને ત્યાં કોઇ મહેમાન બહારગામથી આવેલ છે એણે અને શેઠના મોટા છોકરાની વહુ (પુત્રવધૂ) એ આજની સુંદર ગહુંળી ગાઇ.

આચાર્યશ્રી મહુંળી પૂરી થતાંજ, ' સર્વમંગલ માંગલ્યં ' બોલ્યા અને શ્રોતાવર્ગ પોતાના સ્થાનપર જવા લાગ્યાં. એમનો આજનો ઉપદેશ ઘણો અસરકારક હતો. એનાપર વિચાર કરતાં લોકો વીખરાવા લાગ્યા. ઉપદેશની સીધી અસર યશોભદ્રા પર થઇ. એને પોતાની આખી આફતના વાદળા વચ્ચે માર્ગ દેખાવા માંડયો, એના વિચાર પથમાં વીજળીના ચમકાર જણાવા લાગ્યા, એને મહાવીકટ અરણ્યમાં માર્ગ સાંપડતો હોય એમ લાગ્યું અને સર્વ ગૂંચવણનો નિકાલ થઇ જવાનું માર્ગદર્શન થાય ત્યારે જેવી શાંતિ થાય તેવી અંદરની શાંતિ એ અનુભવવા લાગી.

ધનાવહ શેઠની હવેલી પર આવતાં એણે અનોપમા ભાભીને વાત કરી, પોતાનો વિચાર જણાવ્યો, પોતાનો વિચાર ત્યાગમાર્ગ સ્વીકારવાનો થયો છે એવી ઇચ્છા વ્યક્ત કરી, અનોપમા ભાભીએ એમાં પ્રેરણા આપી, પણ એ બાબતમાં પ્રવર્તિની કીર્તિમતીની સલાહ લેવા સૂચવન કર્યું. તેજ બપોરે બન્ને મહત્તરિકા પાસે ગયા. યશોભદ્રા પણ હવે તો મોટા સાધ્વી સાથે ખૂબ પરિચિત થઇ ગયા હતા. એમણે ત્યાગ માર્ગનો સ્વીકાર એ સર્વ ઉપાધિની મુક્તિનો ધોરી રાજમાર્ગ છે એમ જણાવ્યું, પણ એમાં અનેક મુસિબતો છે તેનો સાથે સાથે નિર્દેશ પણ કર્યો. તેમણે કહ્યું:—

" આકરા તપ તપવાના એ તો દેહ દમનને અંગે જરૂરી છે. સાથે કેટલીક અંગત અગવડો પણ પડે. પગે ચાલીને લાંબા વિહાર કરવા, બારે માસ ઠંડું કરેલું ગરમ પાણી પીવું, માત્ર જરૂર જોગાં વસ્ત્ર રાખવાં, ખોરાકમાં રસવૃત્તિને કોઇ રીતે પોષણ ન મળે તેવો લૂખો સૂકો આહાર લેવો, રાત્રીએ વસતિ બહાર નીકળવું નહિ, નાટક જોવાં નહિ કે ભજવવાં નહિ, એક દમડી પણ પાસે રાખવી નહિ, પુસ્તક પાનાં પર પણ સ્વાધીનતા કે માલેકીપણું માનવું નહિ, એક સ્થાને એક માસથી વધારે વખત રહેવું નહિ, ગોચરીના ૪૨ દોષો

પાળવા, અતિમાત્રા આહાર કરવો નહિ, ગૃહસ્થ કે સ્ત્રી વર્ગ સાથે અતિ પરિચય કરવો નહિ, મન વચન કાયાથી બ્રહ્મચર્ય પાળવું, ગુરૂની આજ્ઞામાં રહેવું, પારકી વસ્તુને કે પર વસ્તુને વગર પરવાનગીએ લેવી નહિ, વૃદ્ધોનો વિનય કરવો, બે વખત પ્રતિક્રમણ પડિલેહણ કરવાં વગેરે ચારિત્ર યોગની પ્રવૃત્તિમાં રસ પડવો જોઇએ. એનાથી ભવના ફેરા મટી જવાના છે એવી ખાતરી રાખવી. ખાસ કરીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ બરાબર પાળવાથી મન વચન કાયા પર એટલો મોટો સંયમ આવી જાય છે કે પછી સંયમ માર્ગમાં મુસીબત આવતી નથી, અને એ રીતનું માનસ થઇ જાય તો પછી એ સહજ ચર્યા બની જાય છે.

અને બીજી વાત એ છે કે સંયમ લીધા પછી ત્યાગ માર્ગ સ્વીકાર્યો પછી જો પાછો ઇન્દ્રિયોનો દોર વધી જાય અને ત્યાગનો ત્યાગ થઇ જાય અથવા ચવાની વૃત્તિ થઇ જાય તો બહુ નુકસાન થાય છે. વમન કરેલી ચીજ પાછી ખાવાનું બને તો ભારે શીથલપાચલ થઇ જાય અને ઘણી વખત તો **વટલી બ્રાહ્મણી તરકડીમાંથી** જાય તેવી દશા થાય છે, આવી દશા થાય ત્યારે પ્રાણી ઇંદ્રિયોનો ભોગ દશગણા હજારગણા જોસથી કરવા લાગી જાય છે અને એવાં આકરાં નિકાચિત કર્મો બાંધે છે કે એનું ભવભ્રમણ ભારે આકરું દીર્ઘ અને લાંબુ થઇ જાય છે. આ સર્વ હકીકત કહેવાનો સાર એટલો છે કે ત્યાગમાર્ગનો સ્વીકાર સમજીને કરવો, વિચારીને કરવો, પોતાનો અડગ નિશ્ચય કરીને કરવો અને ટેક કદી છોડવાની નથી એવા પાકા નિર્ણય પછી કરવો. વ્રત પચ્ચખ્ખાણ શિયાલની માફક નમ્રતાથી આર્યપ્રતીક્ષા કર્યા પછી અને ખૂબ તપાસ કરીને કરવાં, પણ એકવાર વ્રત લીધું એટલે પછી તો '**પ્રાણ જાય, પણ વચન ન જાયે**' એ નિશ્ચય હોવો જોઇએ.

અને આ સર્વ મુસીબતો ગભરાવા માટે નથી બતાવી. જ્યારે પ્રાણી જોર કરે છે, આત્મવીર્ય ફોરવે છે, અનંત સત્તાગત શક્તિને બહાર કાઢે છે, ત્યારે તેને માટે કોઇ વાત મુશ્કેલ નથી. કોઇ માર્ગ આકરો નથી, કોઇ પંથ વિકટ નથી. અનંત શક્તિનો આત્મા ગમે તેટલી મુશ્કેલી પર સામ્રાજ્ય મેળવી પોતાનું સાધ્ય સાધે છે અને આકરાં કર્મો તોડી સર્વથા મુક્તિ મેળવે છે. **સ્વાધીન વિષયોનો ત્યાગ કરવો એતો ખરી મોજ છે.** વસ્તુ ન હોય, ન મળવાની હોય, અગમ્ય હોય અને ત્યાગ થાય તેમાં બલિહારી નથી. બાંધેલ પરાધીન અશ્વ બ્રહ્મચર્ય પાળે તેમાં ખાસ મહત્તા નથી. સામે વસ્તુ પડી હોય, ખવરાવનારનો આગ્રહ હોય, પોતાના દાંત સાબૂત હોય, વૈદ્યનો તબિયતને અંગે તેને પ્રતિબંધ ન હોય, અને છતાં ' મારે એ ખપતી નથી' એમ કહેવામાં જે આનંદ છે તેનો મહિમા અનુપમેય છે. એમાં આત્મ તેજ છે, આંતર સત્ત્વ છે, મહા મનસ્વીતાનો ઝળકાર છે. જરાપણ સંકોચ વગર આ ત્યાગ માર્ગ સ્વીકારવા જેવો છે. એમાં પ્રાણીની મુક્તિ છે, સંસાર યાત્રાનું પર્યવસાન છે અને દૈહિક અને માનસિક ઉપાધિઓનો છેડો છે.

અને આ ઇન્દ્રિય જન્ય સુખો માટે કે પૌદ્ગલિક વસ્તુઓના ત્યાગને અંગે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. એ સુખો અને એ વસ્તુઓને અંતે તો છોડવી જ પડે છે, વૃદ્ધ ઉંમર થાય ત્યારે ઇંદ્રિય રસો છોડવા પડે, વેપાર ધંધો નબળો પડે ત્યારે ધન જાય, શરીર પ્રકૃતિ બગડે અને વસ્તુઓ છોડવી પડે, અને મોત આવે ત્યારે ઉઘાડે હાથે જમાવેલી કે પકડી રાખેલી આખી રિયાસત છોડી જવુ પડે—પણ એવા ત્યાગમાં મોજ નથી, એમાં આનંદ નથી, એમાં ઉચ્ચ ગ્રહ નથી. ત્યાગ તો સ્વાધીન દશામાં થાય, વિચારણાને પરિણામે થાય, વસ્તુની પિછાનને પરિણામે થાય—એમાં અંદરનું અપરંપાર સુખ છે, અંતરનો પ્રમોદ છે, આત્મ વીર્યનો ઉલ્લાસ છે.

માટે ત્યાગ માર્ગને સમજી ઓળખી સ્વીકારવાની વાત અત્યુત્તમ છે, ખાસ કર્તવ્ય છે અને ચેતનની પ્રગતિનો સીધો સરળ અને અનપવાદી માર્ગ છે."

આ લબાણ પ્રેરણા યશોભદ્રાને ખૂબ અસરકારક નીવડી. એને એમાં પોતાની ગૂંચવણનો નિકાલ લાગ્યો. અત્યારે પોતાનું દુઃખ વિસારે પાડતી હોય તેમ તેને લાગ્યું. એનો વૈરાગ્ય દુઃખ ગર્ભિત હતો તેને સ્થાને જ્ઞાનની સૌરભ થવા લાગી અને આવા સંયોગોમાં પોતાની લગભગ એક માસ પહેલા થયેલી વૈધવ્ય દશાને જાણે પોતાને સનાથતા થતી હોય એમ લાગવા માંડયું, અજિતસેનસૂરિના ઉપદેશની એના પર સરસ છાયા પડી હતી. તેના પર તેજ બપોરે મહત્તરિકા દ્વારા જળ સિંચન થયું મહત્તરિકાએ એને ખૂબ વિચાર કરવા અને પોતાની શક્તિની તુલના કરવા જણાવ્યું, ક્ષણિક આવેશમાં બની આવતા સહસા કાર્યમાં કોઇ વખત હૃદયમાં શલ્ય રહી જાય તો આકરો હૃદય દાહ કરનાર વિકાર થઇ જાય છે. એ વાત પર એણે ધ્યાન ખેચ્યું અને ખૂબ વિચાર કરી પગલું ભરવાની સલાહ આપી.

આજે યશોભદ્રા શેઠને ઘેર આવી ત્યારે જાણે તેના હૃદય પરનો બોજો હળવો પડયો હોય એમ એની મુખમુદ્રા કહેતી હતી. અનુપમા સાથે પણ આજે એ વધારે છૂટથી વાત કરતી હતી અને ભૂલા પડેલાને માર્ગ પ્રાપ્તિ થાય ત્યારે જેવુ માનસિક વલણ થાય તેવી તેની આંતર ઊર્મિ અંદર કામ કરી રહી હતી.

: ૬ :

# યશોભદ્રાની દીક્ષા

## ૧

મનુષ્યના જીવનમાં કોઈ કોઈ વાર એટલા બધા ફેરફાર થઈ જાય છે અને એનો વેગ એટલો સખ્ત હોય છે કે પશ્ચાદવલોકન કરતાં જાણે ન ધારેલો મોટો ફેરફાર એકદમ અને અણધાર્યો થઈ ગયો હોય એમ એને પોતાને જ લાગે. એક મહારાજાના ઘરની રાણી, યુવરાજની પત્ની, તાજી પરણેલી, ઊગતી યુવતી જેણે ફાગણ સુદ ૮ ને રોજ જનતાના ભવ્ય મેળાવડા સમક્ષ રાસડા લેવરાવ્યા હોય અને જેણે ટાઢ તડકો કે વરસાદના વમળ જોયાં અનુભવ્યાં ન હોય જે પાણી માગે ત્યાં દૂધ હાજર થતું હોય જેની સેવામાં સેકડો દાસ દાસીઓ હાજર રહેતી હોય તેવી એક યૌવનને કાંઠે ઊભેલી રસિક સ્ત્રી પૂરા બે માસ થયા ન હોય ત્યાં સર્વ ત્યાગનો વિચાર કરે, સમજણ પૂર્વક તે પર નિર્ણય કરવા બેસે તેવા વૈરાગ્યને દુઃખગર્ભિત ભલે ગણવામાં આવે, પણ જ્ઞાનની લહરી એના પર પસાર ન થાય ત્યાં સુધી એમાં સ્થિરતા આવે નહિ એમાં રસ પ્રગટે નહિ અને એની ખરી જમાવટ થાય નહિ.

દુઃખ વખતે પ્રાણી ગાંડો ઘેલો થઈ જાય છે. વિચાર શક્તિ પરનો કાબૂ ગુમાવી બેસે છે અને કેટલીકવાર તો ન કરવાનાં કામ કરી બેસે છે, આડે માર્ગે ઊતરી જાય છે અને પોતે નિરૂપાય છે એવા બચાવની પાછળ આખો વ્યવહાર માર્ગ કે નૈતિક પ્રાગતિક માર્ગને બગાડી મૂકે છે. ઘણે ભાગે એને તેવે વખતે સલાહકાર પણ એવા મળે છે. ' એ તો એમ જ ચાલે ' અથવા ' શું કરીએ ? ઉપાય નથી ' એવા બહાનાં નીચે એ નીચો પડી જાય છે અને પછી તો ભયંકર ભૂલોની પરંપરા થાય છે અને રખડવાની ટેવ પડેલો માર્ગ અધમ અવતરણમાં વધારે ને વધારે નીચો થતો જાય છે.

આવા પ્રસંગમાં **સ્ત્રીઓની અસહાય દશા** વધારે ખરાબ હોય છે. વૈધવ્યવાળી સ્થિતિમાં એને ઊંચે આભ અને નીચે ધરતી દેખાય છે, એને માથેથી છત્ર ઊડી જતાં જાણે એનો સંસાર ખારો ઝેર થઈ જાય છે. એવી સ્થિતિમાં કોઈ વ્યભિચારમાં ઊતરી જાય છે, કોઈ પરવશતામાં પડી જાય છે, કોઈ વગર પરણે ફરી ઘર માંડી બેસે છે અને કોઈ ઇંદ્રિય અને મનને મોકળાં મૂકી ગમે તેવા આડે રસ્તે ઊતરી જાય છે. એવા સંયોગોમાં મન પર કાબૂ રાખવો અને ઇંદ્રિયને મોકળી મૂકવા કરતા એના પર સંયમ કરવામાં ખરૂં હિત છે એ વાત સૂઝવી કે સુઝાડવી બહુ મુશ્કેલ છે. સંસાર રસિક પ્રાણીઓ આવા સંયોગોમાં સહાનુભૂતિ બતાવે ખરા, પણ તે માત્ર હોઠ સુધીની હોય છે. ' બહુ ખોટું થઈ ગયું ! અકરાકેર વરતાઈ ગયો ' ભારે ગજબ થઈ ગયો !' આવાં સૂત્રોચ્ચારણમાં જેને દુઃખ પડ્યું હોય તેને તો ઊલટો એમાં વધારો થાય છે અને કોઈ પ્રકારનું દિશા સૂચન કે માર્ગદર્શન એમાથી પ્રાપ્ત ન થાય તો ઊલટો હૃદયનો ક્લેશ વધારે આકરૂ રૂપ લે છે અને તેનો બોજો પણ માનસિક રીતે વધારે થવાને કારણે વ્યથામાં વધારો કરે છે.

ચૈત્ર વદ બારસની રાત્રે યશોભદ્રા એકલી પડી. રાત્રીના દશનો

સમય થયો હતો. તે દેશની રીત પ્રમાણે વૈશાખ વદ બારસનો દિવસ આવ્યો. દિવસની સખ્ત ગરમીનો શ્રમ ઉતારવા મનુષ્યો અગાશીમાં બેસતા હતા. ચોતરફ સંપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ હતી. દિવસની ગરમી ઓછી થવા માંડી હતી. તે વખતે શ્રાવસ્તીમાં રાત્રીને વખતે પહેલી વખત પોતાના કમરાની બહાર યશોભદ્રા નીકળી અને અગાશીમાં બેઠક પર બેઠી. આજે એ તદ્દન એકલી હતી. એણે ખૂબ વિચાર કર્યો. એને આત્મ સાધન કરવાની આંતર પ્રેરણા થઈ. એને પતિ-વિયોગથી મનમાં જે દુઃખ થયું હતું અને આખો વખત જે પોતાનું હૃદય રડી રહ્યું હતું તેને સારે રસ્તે દોરવણી આપવાનો આજે આવી પહોંચેલ વખત ખૂબ સારો લાગ્યો. એણે પૌદ્‌ગલિક સુખની અલ્પ ક્ષણિકતા ખૂબ સાલવા લાગી, એને પોતાની પરાધીન દશા પર ખૂબ વિચારો આવ્યા, એને કોઈ કારણે પોતે પકડાઈ જાય અને પુંડરીક રાજાને ત્યા એને ધકેલી દેવામાં આવે તો પોતાનું શું થાય તે પર વિચાર પરંપરા ચાલી. એને સંસાર રખડપાટી પર ખૂબ તરવરાટ થયો. એને સુખદુઃખની કલ્પનામાં ખાલી પૌદ્‌ગલિક ભાવ જ દેખાયો અને અંતે જે સુખ દીર્ઘકાળ ટકવાનું નથી તે સુખ શું કામનું ? આવા આવા વિચાર આવતા લાગ્યા. પછી સંસાર પર્યટનમાં આવા તો અનેક પ્રસંગો આવી ગયા એમ ખ્યાલ આવ્યો, મનુષ્ય દેહની દુર્લભતા નજરમાં આવી, આવો જન્મ મળ્યો તેને મોજ કે આનંદમાં વેડફી નાખવો કે વિયોગકલ્પનાથી દુઃખી બનાવી દેવો એમાં ઘણી ટૂંકી નજર લાગી.

એક બાજૂ એને પતિવિયોગ અને પોતાનું વૈધવ્ય જરા સાલે ત્યાં વળી આત્માની શક્તિ અને પોતાને મળેલી અપૂર્વ તક યાદ આવે, વળી ચારિત્રના માર્ગની અનેક મુશ્કેલી નજરે ત્યાં આત્માના અનંત વીર્યની વાત મન ઉપર આવે, વળી પાછું પોતાનું પિયર સાંભરે અને ધનાવહ શેઠના ઘરના માણસોનો પોતા તરફનો ચાહ અને સત્કાર યાદ આવે.

આવા વિચારદ્વંદ્વમાં એણે ત્રણ કલાક કાઢી નાખ્યા. પછી એને છેવટે નિર્ણય થયો કે ગમે તે અગવડે આત્મસાધન કરવું, અગવડ સગવડના ખ્યાલો તો દૂર કરી પોતાની પ્રગતિ સુધારી લેવાય, ભવ-ભ્રમણમાં આવો અવસર ભાગ્યેજ સાંપડે છે તેનો પૂરતો લાભ લેવો અને જે ચેતન નાટકની ભયંકર યાતના સહન કરી શકે છે તેને પગે ચાલવાની કે ભોયપર સૂવાની કે એવી નજીવી વાતને સહન કરવામાં શી બિસાત છે ? એ તો ટેવ પડશે એટલે સર્વ ગોઠવાઇ જશે, એના વિચારથી પાછું હઠવા જેવું નજ હોય. મધ્ય રાત્રીએ દેવી યશોભદ્રા પોતાના નિર્ણયમાં અક્કમ થઇ ગઇ. એને સંસારના વિષયો ક્ષણિક હોઇ ખારા લાગ્યા, એને સુંદર દેહ પતંગીઆના પાવકજવલનની ઇચ્છાને અનુરૂપ લાગ્યો, એને સગપણ સંબંધની વિચિત્રતા અને અસ્થિરતા ઉપર ત્રાસ આવ્યો અને પ્રવર્તિની રજા આપે તો હવે તુરતમાં જીવન સફળ કરવાની જે ચાવી તેમણે બતાવી છે તેનો પોતાના સબધમા ઉપયોગ કરી લેવા વિજ્ઞપ્તિ કરવાની અને તે ચાવી મેળવવાની તીવ્ર અભિલાષા સાથે એણે આરામ કર્યો. એને આજે રાત્રે શાંત નિદ્રા આવી ગઇ, એના મનપર વિહ્વળતાનો બોજો હતો તે દૂર થઇ ગયો. એ રાત્રીએ સ્વપ્નમાં પણ એણે મુખમાંથી સુંદર ફળ બહાર કાઢયું અને પોતે તો મેરૂશિખર પરના ઉચ્ચ શૃંગના ભવ્ય સિંહાસન પર બેઠી હોય એવો અનુભવ થયો.

સવારે અનોપમા સાથે એ મહત્તરિકા શ્રી કીર્તિમતી પાસે ગઇ. ત્યાં તેમને પોતાના વિચારો અને નિર્ણય જણાવ્યા. મહત્તરિકાએ એને ચકાસી જોઇ. એમને અનેક સવાલ જવાબો પર નિગાહ કરતાં ખાતરી થઇ કે યશોભદ્રાનો આ ક્ષણિક ભડકો કે આવેશ નથી, પણ વિચારપૂર્વક થયેલો દૃઢ નિર્ણય છે. મહત્તરિકા એના શરીરનાં ચિહ્ન પરથી એને (દેવી યશોભદ્રાને) પદ્મિની સ્ત્રી તરીકે જાણી ચૂકયા હતા. એવી સ્ત્રીઓમાં વિચારશક્તિ ખૂબ પ્રબળ હોય છે અને તે સાથે

એવી સ્ત્રીઓ જો ત્યાગ કરે તો પ્રાણાંત કષ્ટે પણ અડગ નિર્ણયને વળગી રહે એવી તેમની ખાસિયત હોય છે એ વાત ખ્યાલમાં રાખી, એમણે અનુમતિ દર્શાવી, પણ છેવટનો નિર્ણય તો ગચ્છાધિપતિ અજિતસેન મહારાજ કરશે એવો નિર્ણય બતાવ્યો. અજિતસેન ગચ્છાધિપતિ ખૂબ વિચારશીળ અને દીર્ઘદૃષ્ટા હતા. વ્યાખ્યાન સમય પૂરો થયા પછી મહત્તરિકાએ તેમની પાસે યશોભદ્રાનો નિર્ણય અને વિજ્ઞપ્તિ રજૂ કરી. અને પછી ગચ્છાધિપતિનો આદેશ માગ્યો.

એમણે પોતે આચાર્ય મહારાજને યશોભદ્રા કોણ છે, કેવા સંયોગોમાં આવેલ છે અને તેનાં લક્ષણ ભાવના અને દઢતા કેવાં છે તેની વાત કરી. આ વાત માત્ર આચાર્યશ્રી અને મહત્તરિકાએજ જાણી. આચાર્યશ્રીએ સાકેતપુર તરફથી આક્રમણ થાય તો તેની વધારેમાં વધારે તકલીફ કેટલી થાય, કેટલા વખતની થાય તેની તુલના કરી લીધી અને યશોભદ્રાનાં લક્ષણ વ્યંજન અને વિચારદર્શનની સ્પષ્ટતા પર ખ્યાલ કરી એમણે સંમતિ આપી અને બે ચાર વર્ષ સુધી યશોભદ્રાએ સાકેતપુરની દિશાએ કે એ રાજ્યની હદમાં વિહાર ન કરવો એટલી વાત કરી તુરત જણાવ્યું કે આવતી વૈશાખ સુદ ૩ ( અક્ષયતૃતીયા ) બહુ સારી તીથી છે. એમણે એક પ્રચલિત કહેવત કહી.

'હોળીનો પડવો અને બેસતા વરસની બીજ
વગરપૂછ્યું મુહૂરત તે ત્રેરશ અને ત્રીજ.'

એનો અર્થ સમજાવતાં એમણે કહ્યું વરસ દરમ્યાન ચાર દિવસ પ્રાયઃ શુદ્ધજ હોય છે. ( ૧ ) ફાગણ વદ ૧ ( ૨ ) કાર્તક શુદ ૨ ( ૩) આસો વદ ૧૩ અને ( ૪ ) વૈશાખ સુદ ૩; દરેક તેરશને ત્રીજ એમ સમજવાનું નથી, પણ ધનતેરશ અને અખાત્રીજ એ બેજ સમજવાના છે. એ દિવસો એ ખાસ શુભ યોગો હોય છે. ચંદ્રમા પહોંચતો હોય તો તે દિવસે શુભ કાર્ય કરવુ બાકી તો સારૂં કામ કરવું હોય

તો અંદરથી વીર્યોલ્લાસ થાય. હૃદયમાં આનંદ ઊછળે અને શરીર પર રોમાંચ ખડાં થાય તેના જેવું એક પણ મુહૂર્ત નથી.

નિર્ણય થઇ ગયો. અનોપમા આશ્ચર્ય પામી. યશોભદ્રાને રોમોદ્‌ગમ થયો. આચાર્યશ્રીએ રાજદ્વારી કારણસર અને યશોભદ્રાના હિતની નજરે આખો પ્રસંગ સાધારણ ઠાઠ માઠથી પતાવવાની સૂચના કરી અને મહત્તરિકાને ખબર આપી દીધી કે યશોભદ્રા કોણ છે, ક્યાંની છે વગેરે વાતનો હાલ વિસ્તાર કરવો નહિ. એક ધર્મ-રૂચિવંત મોટા ઘરની બાઇ ધનાવા શેઠની મહેમાન વૈશાખ સુદ ત્રીજને દિવસે દીક્ષા લેનાર છે, સંસારનો ત્યાગ કરનાર છે એટલીજ હકીકત જનતાએ જાણી.

પછી તો યશોભદ્રાને જાણે નવું જીવન આવી ગયું. એના મુખ પરની શોકની છાયા બદલાઈ ગઇ, એનામાં અસાધારણ ચેતન આવી ગયું, જાણે કોઈ અતિ મહાન કાર્ય કરવાનું હોય તે વખતે પ્રાણીના મુખ પર જે ઉત્સાહ, જે આનંદ ઊર્મિ જે ભવ્ય તેજ આવે છે તેનુ ઓજસ તેની આસપાસ તરવરવા લાગ્યું. ન એને કપડાં ઘરેણાં છેલ્લીવાર પહેરી લેવાની ઇચ્છા થઈ કે ન ભાતભાતનાં ભોજન ખાઈ લેવાં ઇચ્છા થઇ, ન એને તેલતાંબૂલ અંજન કે પીઠી ચોળી લેવાની આકાંક્ષા થઈ કે ન એને ધાંધલ ધમાલ કે વરઘોડામાં ઘૂમવાની લાગણી થઈ. એ તો વગર દીક્ષાએ મહાત્યાગી બની ગઇ અને એના મુખપર ત્યાગની શાંતિ અને વિશાળ આત્મભાવનાની શાંતિ સ્થિરતા અને વૈરાગ્ય તરવરી આવતાં જણાયાં. આ રીતે પાંચ દિવસો ખૂબ આનંદમાં, આત્મ ચિંતવનમાં પસાર થયા, દરમ્યાન એણે તો લગભગ આયંબીલનો ખોરાકજ લીધો. કેટલાક ધર્મપ્રેમી ભાઇઓએ અને બહેનોએ એને જમણ માટે આમંત્રણ આપ્યાં, પણ ભાભી અનુપમા એ એનો આભાર સાથે અસ્વીકાર કર્યો, કારણકે દેવી યશોભદ્રાએ એને આગળથી જણાવી દીધું હતુ પોતે લૂખો

આહાર ઘનાવા શેઠને ત્યાં લેનાર છે. માત્ર યશોભદ્રાને જાણ કર્યા વગર એણે વૈશાખ સુદ બીજની બપોરે પોતાની બ્હેનપણીઓને મોટી સંખ્યામા એકઠી કરી, રાસડા લેવાનો પ્રબંધ કર્યો. યશોભદ્રાએ તો રાસડા ગરબામાં ખાસ પ્રાવીણ્ય મેળવેલું હતું, પણ એ તો માત્ર દ્રષ્ટા તરીકે જ રહી. એણે રાસડા લેવરાવ્યા કે ઝીલ્યા નહિ પણ જોયા તો ખરા. ઘણા ખરા રાસડા પ્રચલીત હતા. એક આ પ્રસંગને માટે બનાવ્યો હતો તે નીચે પ્રમાણે હતો.

સાવત્થી નગરીના ચોકમાં, મોટો મંડપ રચિયો આજ
આનંદ વધામણા૦
એની શોભા સુંદર બની રંગથી, આવ્યો નગરનારીનો સાથ.
આનંદ વધામણા૦
દેવ અજિતસેન સૂરિ રાજીયા, ઉપદેશથી તાર્યા અનેક.
આનંદ વધામણા૦
નગરલોક સકળ ઊલટી રહ્યા, વાણી સૂણવાના રસમાં ઘુંટાય.
આનંદ વધામણા૦
શ્રી કીર્તિમતીના સૌજન્યથી, નારી વર્ગની ઉન્નતિ થાય.
આનંદ વધામણા૦
યશોભદ્રા દેવી સતી સુંદરી, એના ઉરમાં અસર ઊંડી થાય.
આનંદ વધામણા૦
ચાલે બહેની જીવનને ઉજાળશે, ત્રણ લોકમાં રાખશે નામ.
આનંદ વધામણા૦
એનું ધન્ય જીવન ઊજળું થશે, એ તો દુનિયાને દેશે દાન.
આનંદ વધામણા૦
એ તો તડકા છાયાને વીસારશે, નવ કલ્પી કરશે વિહાર.
આનંદ વધામણા૦

એના જીવનનો પલટો થઈ જશે, દોષ રહિત એ લેશે આહાર.
આનંદ વધામણા૦
સમિતિ ગુપતિને એ પાળશે, સુખાસન તજી ચાલશે પાય.
આનંદ વધામણા૦
પોતે જીવન સફળતા સાધશે, અને પરીષહ સહેશે અનેક.
આનંદ વધામણા૦
ઉપસર્ગથી એ ડરશે નહિ, મનમાં કરશે ભાવનાનો સુમેળ.
આનંદ વધામણા૦
એની જીવન સફળતા સાધશે, યતિધર્મમાં રાચશે નિત્ય.
આનંદ વધામણા૦
ધન્ય એની જીવન તારૂં ધન્ય છે, તારો મહિમા ન મુખથી ગવાય.
આનંદ વધામણા૦

લગભગ મધ્ય ચોકમાં બે કલાક સુધી રાસડા ગરબાની ધૂમ બની રહી ધનાવા શેઠ તરફથી રાસડા ગરબામા ભાગ લેનાર બહેનોને એક એક રૂપિયો શ્રીફળ અને સાડી આપવામાં આવ્યા અને ખૂબ આનંદની અંદર રહીસહી યશોભદ્રાની ઊંડી ઊંડી ગ્લાનિ પણ દબાઈ ગઇ.

તે સાંજે ધનાવા શેઠે યશોભદ્રાને ટૂંકમા જણાવ્યું કે " બહેન યશોભદ્રા ! મેં ઇરાદા પૂર્વક તારી સાથે આટલો વખત વાત કરી નથી, પણ હું સર્વ હકીકત જોઇ રહ્યો છું જેવા પ્રેમથી નિર્ણય પર આવી જીવન કૃતાર્થ કરવા નીકળી છો, તેવાજ દૃઢ નિર્ણયથી લેવાતા વ્રતને જાળવજે, પોષજે, દીપાવજે. તારૂ બગડેલું જીવન સુધારવાને માર્ગે તું બહુ સુંદર દોરવણી નીચે આવી ગઈ છે. જંગલેથી પાછા આવતા તારો અકસ્માત મેળાપ થયો તેનુ આવું સુંદર પર્યવસાન આવશે તેની મને કલ્પના પણ નહોતી હવે સિંહની જેમ વ્રત પાળજે અને બ્રાહ્મી સુંદરી અને ચંદનબાળાની સફમા બેસી દુનિયામાં

દાખલો મૂકી જજે અને તારા આત્માનું સુધારજે. જીવનની આ ધન્ય પળો છે અને તારા અડગપણા ઉપર એની ફ્નેહનો આધાર છે. મને ખાતરી છે કે તું તેને દીપાવીશ, શોભાવીશ, બહલાવીશ. તારી સુકોમળ કાયાને દીક્ષાની યાતના આકરી લાગશે, પણ પાકટ નિર્ણય પાસે તો મેરૂ પણ આડો આવતો નથી. જે નિર્ણયને પરિણામે તું સાકેતપુરની નદી ઊતરી ગઇ, મહા અટવી પસાર કરી ગઇ અને ભયંકર સિંહ વાઘની ગર્જનાઓને વટાવી ગઇ, તેજ નિશ્ચય તારી બાજુએ રહેશે. ધન્ય છે તારી દૃઢતાને! ધન્ય છે આ જીવન સાફલ્યનો નિર્ણયને ! "

વૈશાખ સુદ ત્રીજની પ્રભાતે દેવપૂજન કરી તદ્દન સાદાં સફેદ વસ્ત્ર પહેરી આચાર્યદેવની વસતિ સ્થાનમાં સર્વ આવ્યા. વરઘોડો કે ધામધૂમ, ધમાલ કે જાહેરાત કાંઇ નહિ હતાં. માત્ર આજે એક પરદેશી ભાવુક બહેનનો દીક્ષા મહોત્સવ છે એટલી વાત લોકોએ જાણી હતી. યશોભદ્રાએ વસતિગૃહમાં આવી નાણુ સમક્ષ ક્રિયા કરી, ચાર બંધુઓએ ચતુર્થવ્રત લેવા ક્રિયા કરી. બાજુના કમરામાં જઇ એ સ્નાન કરી આવી. એનો આખો કેશકલાપ ઉતારી લેવામાં આવ્યો. તેની સાથે મહત્તરિકા કીર્તિમતી અને બહેન જેવી ભાભી અનોપમા હતા. સર્વ વસ્ત્રાલંકાર મૂકી દઇ એણે સ્નાન કર્યા પછી સાધ્વી યોગ્ય સફેત વસ્ત્ર ધારણ કર્યા, હાથમાં રજોહરણ લીધું અને જ્યારે એ જનમેદની સમક્ષ સાધ્વી વેશે આગળ મહત્તરિકા અને પાછળ અનોપમા સાથે આવ્યા ત્યારે આખી સભા એના અદ્ભુત પણ નૂતન વેશથી અંજાઇ ગઇ. એનામાં ચારિત્રતેજ અત્યારથી જ ઝળહળી રહ્યું હતું.

આચાર્યશ્રીએ દિગ્બંધ સંભળાવ્યો, પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યાં, ત્રણ પ્રદક્ષિણા કરતા ચતુર્વિધ સંઘને મોખરે આચાર્યશ્રીએ સાધુ પક્ષે, મહત્તરિકાએ સાધ્વી પક્ષે, ધનાવા શેઠે શ્રાવક પક્ષે અને ધતાવા

શેઠના પત્નીએ શ્રાવિકા પક્ષે વાસક્ષેપ કર્યો, ચતુર્વિધ સંઘે ચોખા મિશ્રિત વાસ તેના ઉપર નાખ્યાં અને આ રીતે યશોભદ્રાદેવીએ સંસાર ત્યાગ કર્યો, વ્રત ઉચ્ચારણા પ્રેમપૂર્વક કર્યાં અને આખા સંઘમાં આનંદ મંગળ વર્ત્યો. કરેમિભંતેનો પાઠ ત્રણ વાર ઉચ્ચરાયો, પંચમહાવ્રતના ઉચ્ચારણ થયા અને છેવટે આચાર્ય ગચ્છાધિપતિ શ્રી અજિતસેન સૂરિએ ખાસ ઉપદેશ આપતાં યશોભદ્રા સાધ્વીને ઉદ્દેશીને સર્વ જન સાંભળે તેમ કહ્યું: “ મહા પુણ્યનો ઉદય હોય તો જ આ ભાગવતી દીક્ષા લેવાના ભાવ થાય છે. પ્રાણીને વિષય સુખ-ધન ધરેણાં સગપણો અને વ્યવહારનાં ગુંથણાં દિવસાનુદિવસ એટલાં વધી જાય છે કે પોતે આ સર્વ શેને માટે કરે છે તેનો વિચાર કરવાનો અવકાશ પણ એને મળતો નથી. એને પાછળથી ધક્કો આવે એટલે એ આગળ ચાલે છે, પણ એને ક્યાં જવું છે તેનો એને સ્પષ્ટ વિચાર કે ખ્યાલ પણ આવતો નથી અને જ્યારે જમાવેલી રિયાસત છોડી ચાલ્યા જવું પડે છે ત્યારે એને બહુ આકરૂં લાગે છે અને સર્વ છોડીને ચાલી જવાની વાત તો ચોક્કસ છે. આમાંથી કોઈ ભાગ્યવંત-આખો માર્ગ જોઇ શકે છે, પોતાનું શ્રેય સાધી શકે છે અને સંસારની ઉપાધિમાંથી મુક્ત બને છે. એ આંતર ધ્યાનમાં ઊતરે છે, એનામાં ત્યાગ, વૈરાગ્ય ભમે છે, એ નિર્મળ નિરભિમાની નિષ્પરિગ્રહી બ્રહ્મચારી બને છે, એનામાં અસ્થિમજ્જાએ આત્મભાવ જામે છે ત્યારે એને અહીં પણ એવો આનંદ આવે છે કે એની સાથે સંસારનું કોઈ સુખ, કોઇ પદવી, કોઇ સ્થાન સરખાવી શકાય તેવું નથી. આવો ત્યાગ દુઃખથી ઉદ્ભવે, મોહથી ઉદ્ભવે કે જ્ઞાનથી જાગૃત થાય. ગમે તે પ્રકારનો હોય, પણ અંતે જો સાચો હૃદયપૂર્વકનો ત્યાગ બને તો તેનો મહિમા મોટો થઈ જાય છે, આશય ઉદાર થાય છે અને ત્યાગની ભાવના પ્રમાણે ગુણ પ્રાપ્તિમાં પ્રગતિ થતી જાય છે તથા સાધ્ય સન્મુખ થતું જાય છે.

તેટલા માટે ત્યાગ બની શકે નહિ તેવા પ્રાણીઓએ પણ ત્યાગની રૂચિ તો જરૂર રાખવી ઘટે. આ સંસારના આકરા તાપનો છેડો લાવવાનો અને અનંતકાળ સાચું સુખ સાધવાનો માર્ગ સમજણથી કરેલો ત્યાગ છે. એ રાજમાર્ગ છે. વસ્તુ ઘરબાર દોલત સર્મા સર્વ અંતે છોડવાં તો પડેજ છે, પણ સમજીને છોડાય તેનો મહિમા છે, બાકી કોઈ ઝૂંટવી લે કે યમરાજા ઉઠાવી જાય ત્યારે તો માત્ર હાથ ઘસવાનુંજ રહે છે. માત્ર મોહ કે દુઃખથી ઉપર ઉપરનો વૈરાગ્ય આવે તે ક્ષણિક હોય છે. પણ તે વખતે હૃદયમાં ઊર્મિ આવી ઊઠે, તેના પર સદુપદેશનું સિંચન થાય તો તેમાંથી પણ કાસ થઇ જાય છે. જ્ઞાનને પરિણામે સમજણ પૂર્વક વસ્તુવિચારણાને અંતે ત્યાગ થાય તે હમેશને માટે ટકે છે અને તેની ભવ્યતા ભારે છે.

આ જે બહેન ત્યાગમાર્ગમાં જોડાયા છે તેને ખાસ ભલામણ કરવાની કે જીવનમાં આવો અવસર એકજ વાર આવે છે. એ અવસર ધન્ય છે અને એને ધન્યતર બનાવવો એ પોતાના હાથમાં છે. અનાદિ અભ્યાસથી ઈંદ્રિયના વિષયો કે કષાયો તરફ ઢળી જવાય તે વખતે સંસારભ્રમણ, તેના ખાડા ખડિયા, તેના આકરા તાપો અને તેની રખડવાટો ધ્યાનમાં લેવી અને મનને ખેંચી લેવું. એમ કરતાં જરા આઘાત લાગશે, પણ અદ્‌ભુત આનંદ થશે. પોતાનું શ્રેય સાધવું પોતાના હાથમાં છે. દૃઢ નિર્ણય અને આત્મવિશ્વાસ પાસે ભલે તેવી અગત્રડો નકામી થઈ પડે છે, દૃઢતા વગર કોઈ મુદ્દાસરનું કાર્ય શક્ય નથી. અને પાકા નિશ્ચય પાસે પહાડો કે સમુદ્રો પણ આકરા નથી. માટે લીધેલ વ્રત, સ્વીકારેલ ધોરણ, અને કરેલ નિર્ણયને બરાબર વળગી રહેવું. એના લાભો બહુ મોટા છે, ચોક્કસ છે, આગળ જતાં અનુભવથી સમજાય તેવા છે.

માટે માનજો કે આવો અવસર ફરી ફરીને નહિ મળે. મનુષ્ય દેહ, સરખું શરીર, આત્મ જાગૃતિની રૂચિ અને અનુકૂળતા મળે તેનો

ઉપયોગ કરવો અને વસ્તુ પરિસ્થિતિનો અભ્યાસ કરી એમાંથી માખણ તાવી લેવું એમાં વિચક્ષણતાની પરીક્ષા છે, સફળતાની કસોટિ છે, અને સાચે માર્ગે પ્રાપ્તવ્ય તરફ પ્રયાણ છે."

દેવી યશોભદ્રાનું નામ આચાર્યશ્રીએ સાધ્વી દશામાં પણ તેજ રાખ્યું. દીક્ષા અવસરે કયું નામ રાખવું તેનો નિર્ણય ગુરૂ મહારાજ કરે છે, તે દિવસે શ્રી યશોભદ્રાને અપૂર્વ આનંદ થયો, ભારે વીર્યોલ્લાસ થયો, જીવન સફળ કરવાના માર્ગ પર ચઢતાં એની રોમરાજી ખૂબ વિકસ્વર થઈ. ભાભી અનુપમાને ખેદ અને ગર્વ થયો, શેઠ ધનાવાને આનંદ થયો, પણ એ તો પાછા સંસાર ઘટના અને વેપાર ધંધામાં પડી ગયા. એને મન તો આ માત્ર દરરોજ બનતા બનાવો જેવો એક બનાવ હતો. આચાર્ય અને શ્રી કીર્તિમતિ જે યશોભદ્રાને ઓળખી ગયા હતા તેમને એની સરળતા નિશ્ચળતા અને ત્યાગરૂચિથી સંતોષ થયો અને વૈશાખ શુદ ત્રીજની બપોરે દેવી યશોભદ્રા સંસારી મટી શ્રી યશોભદ્રા સાધ્વી થયા.

દીક્ષા અવસરે એનું ચૈતન્ય વધારે વિકાસ પામ્યુ. એનો સુંદર કેશકલાપ દૂર કરવામાં આવ્યો, છતાં એનું નૈસર્ગિક સુંદર રૂપ ઓર વધારે દીપી નીકળ્યુ, નિર્મળ સફેદ કપડાંની પછળ પણ એનાં સૌંદર્યની લાલીમા અને આંતરતેજના ઓજસ એની ફરતા ફરી વળ્યાં. એને પોતાની સર્વ યાતના દૂર થતી હોય એમ લાગ્યું, એ પોતાના સાંસારિક વિકૃત દશા કે પૂર્વ કાળની સુંદર સગવડો, રાજ-મહેલની રોનકો કે ખાવાપીવાની અનુકૂળતા વીસરી ગયા, એના જીવનનો મોટો પલટો થઈ ગયો અને શ્રાવિકાના વસતિ (ઉપાશ્રય) માં દાખલ થતાં એને હૃદય પૂર્વકનો અપૂર્વ આનદ થયો, જાણે પોતાનો નવ જન્મ થયો હોય, એવી એને ભાવના જાગી અને એ પ્રથમ દિવસથી સાધ્વી જીવનમાં રત થઈ ગયા

## : ૭ :

## ક્ષુલ્લક જન્મ

### ૧

**પ્રાણીના જીવનમાં પલટો** થાય છે ત્યારે તેમાં એવા મોટા ફેરફારો થઇ જાય છે કે તેની કલ્પના તેને પોતાને પણ ન હોય. જેના હુકમમા અનેક દાસ દાસીઓ હાજર હોય, જેને ખાવાપીવાની ખોટ નહોય, જેનાં તાંબૂલ અભ્યંગ અને સ્નાન અનેક સગવડોથી ભરેલાં હોય તે એ સર્વનો એકદમ ત્યાગ કરી દે ત્યારે ખરેખરો પલટો દેખાય અને એ વાત એના મન પર અસર ન કરે, એના મનમાં પણ જરાએ ઓછું ન આવે, ત્યારે સમજાય કે ત્યાગ ભાવ એને પચી ગયો છે અને તે એનામાં બરાબર જામી ગયો છે. શ્રી યશોભદ્રાને પ્રથમ દિવસથીજ ત્યાગ માર્ગ સાથે વરેલી જોનારને કાંઈ અડવું અડવું લાગે તેવુ ન જણાયું, એને પોતાને પણ આપણે પરદેશ પરઘર જઇએ ત્યારે જે પરાધીન ભાવના થાય છે તેવું પણ જરા પણ થયું નહિ, જાણે એ તો ત્યાગ માર્ગમાં જન્મીને તેમાંજ ઊછરેલ હોય એવી સરળતાથી એણે જીવન ફેરવી નાંખ્યું. સાધ્વીઓને લેવા પડતા આગારો, ગુરૂણી તરફથી લેવાની આજ્ઞાઓ, લાકડાના

પાત્રમાં આહાર આ સર્વ જાણે એ શીખીને અવતરી હોય એવી સરળતાથી એણે જાણી લીધા, ઝીલી લીધા, આદરી દીધા

એણે બીજા દિવસથીજ અભ્યાસ શરૂ કરી દીધો. આવશ્યકનાં શ્રાવિકા યોગ્ય સૂત્રો તો એને આવડતાં હતાં અને એનો અભ્યાસ અને પ્રવેશ પ્રકરણ ગ્રંથોમાં બહુ સારો હતો, એટલે એણે શરૂઆત પગામ સઝાય ( સાધુ પ્રતિક્રમણ સૂત્ર–વંદિતુ ) થી કરી, તીવ્ર બુદ્ધિ, સારી યાદ દાસ્ત અને નિર્મળ માનસને કારણે એ અભ્યાસમાં તુરત આગળ વધી ગઇ, વૈશાખ માસમાં તેણે દશ વૈકાલિકનાં અધ્યયનો કરી નાખ્યા અને તેજ માસમાં એને વડી દીક્ષા આપવામાં આવી. એટલે એની પરીક્ષા થોડા દિવસજ ચાલી અને ગુરૂણીએ એની યોગ્યતા અને એનો સાચા હૃદયનો ત્યાગભાવ જોઇ એને પાકે પાયે સાધ્વી વર્ગમાં દાખલ કરી.

આં રીતે ત્યાગ માર્ગમાં પોતાને યોગ્ય સ્થાન મેળવી એણે પોતાનો અભ્યાસ આગળ વધારવાનો રસ્તો લીધો. રૂચિ પૂર્વક અભ્યાસ થાય, બુદ્ધિની નિર્મળતા સાથે અભ્યાસ કરાવનાર કુશળ હોય અને અભ્યાસ યોગ્ય સાધનોની વિપુળતા હોય એટલે અભ્યાસ ખૂબ આગળ વધે છે. આ યશોભદ્રાના સંબધમાં પણ તેમજ બન્યુ

પણ કર્મની કથા આકરી હોય છે. પ્રાણી પોતાના મનમા ધારે છે એક વાત અને કોઇ અદષ્ટ કારણોએ થઇ આવે છે તેથી તદ્દન ઊલટી હકીકત. વાત એમ બની કે દીક્ષા લીધા પછી યુવાન સ્ત્રીસામાન્ય ઋતુસ્નાન યશોભદ્રાને આવ્યું નહિ. એ તંદુરસ્ત વિદુષીને બરાબર એક માસે ઋતુસ્નાન આવતું હતું. ચૈત્ર માસના પહેલા પખવાડિયામાં એ નિયમ પ્રમાણે એને રક્તસ્રાવ થઇ જવો જોઇએ, પણ આ વખતે એને સ્રાવ થયેલો નહિ. એણે ધાર્યું કે પતિમરણના શોકને કારણે અને સાકેતપુરના રાજા પોતાના જેઠે ઊભી કરેલી આફતની ચિંતામાં સ્રાવ અટકી ગયો હશે કે તેનો સમય બદલાઇ ગયો હશે. ત્યાર પછી

રાત્રીની નાસભાગ અને મુસાફરીના થાકને કારણે કદાચ એમાં લંબાણ થયું હશે એમ એને લાગ્યું.

અને ખરી વાત તો એ હતી કે જાતે પદ્મિની સ્ત્રી હોવાથી એને ફાગણ સુદ ૮ ની રાત્રેજ ખબર પડી ગઈ હતી કે પોતે કાંઇ અભિનવ બહારની વસ્તુ પોતાના શરીરમાં સંઘરી હતી. એને લગતાં ન સમજાય તેવાં બેચાર સ્વપ્નાં પણ એને આવી ગયાં હતાં, પણ એને ગર્ભધારણનો અનુભવ અગાઉ હતો નહિ એટલે આ ગોવાની શંકા એણે કોઇને જણાવી નહોતી. એની દાસીને પણ કહ્યું નહોતું કે અન્ય કોઇની પાસે શરીર તપાસાવ્યું પણ નહોતું. ત્યાર પછી તેના સંયોગોમાં એટલો મોટો ફેરફાર થઇ ગયો કે એને તે સંબંધી વિચાર કરવાનો પ્રસંગ પણ બન્યો નહોતો. સાવત્થી નગરીમાં ધનાત્રા શેઠને ત્યાં એ કામ પડી ત્યારે એને એ વાત યાદ આવી હતી, પણ તે વખતે એના મન પર પ્રધાન વિચાર સંસાર ત્યાગનો હતો અને એ ધર્મભાવનામાં અને આત્મવિચારણામાં એટલી ઊંડી ઊતરી ગઇ હતી કે એને પોતાનાં શરીરનો કે પોતાની સગવડ અગવડનો વિચાર પણ આવ્યો નહતો. એકાદ વખતે રાત્રીએ એને એ વાત ખ્યાલમાં આવી ત્યારે તેના મનમાં વિચાર થયો કે એ વાતની ચોખવટ કરવા જશે તો કદાચ દીક્ષાની વાત ઝોળે પડી જશે; એટલે એ વાતની એણે ચોખવટ કરી નહિ, ભાભી અનોપમાને જણાવી નહિ અને શ્રી કીર્તિમતી પાસે પણ ઉચ્ચારી નહિ એની દીક્ષાની તમન્ના આડે એને તે વખતે બીજો વિચાર પણ ન આવ્યો. સાધ્વી અવસ્થામાં પ્રસૂતિ થાય તો કેટલી અગવડો પડે, કેટલા અપવાદો સેવવા પડે વગેરે વાત એના ખ્યાલમાં પણ ન આવી. દીક્ષા લેવાના વેનમા એને બીજું કાંઈ સૂઝ્યું નહિ એણે ઇરાદાપૂર્વક એ વાત છૂપાવી એમ તો ન કહી શકાય, પણ એ વાતની ચોખવટ કરવા જતાં કદાચ પોતાને ગર્ભ છે એમ ચોક્કસ ઠરે તો પોતાની મુરાદ એકાદ વરસ લંબાઇ જાય એ તેને પોસાય તેમ ન

હોવાથી એણે ગર્ભ ધારણની વાત કોઈ પાસે કરી નહિ, તે વાતનો નિર્ણય કરાવ્યો નહિ અને ચાલે છે તેમ ચાલવા દીધુ એમાં **માયા પ્રપંચ નહોતો,** પણ ત્યાગ માર્ગ સ્વીકારની તીવ્ર તમન્ના મુખ્ય ભાગે હતી અને બાકી **સૌ સારૂં થઇ રહેશે એવી** મનુષ્યની **સાહજીક આશા** કારણભૂત હતી.

પાંચ પંદર દિવસમા શ્રી કીર્તિમતી એના શરીરમાં થતો ફેરફાર કલ્પી ગયા. એક દિવસ એમણે ચોખવટથી પૂછ્યું. એના શરીરનો થતો વિકાસ જોઇ એ પ્રવીણ સાધ્વી પામી ગયા કે એને જરૂર ગર્ભ છે, નહિતો દીક્ષાની શરૂઆતમા ખાવાપીવાના મોટા ફેરફારને લીધે અને નવીન વાતાવરણને અનુકૂળ થવાની કસોટીમાં સરીરમા શરૂઆતમાં ક્ષીણતા આવવી જોઇએ. એને બદલે યશોભદ્રાના અંગોનો વિકાસ અને ચળકાટ જોતા અને એ ભ્રુભંગ, મ્લાન વદન અને આખપરની કરચલીઓ જોતાં એને વગર કહ્યે ખાતરી થઇ કે યશોભદ્રાના પેટમા નરનો ગર્ભ છે. એક દિવસે એકાતમાં એણે શ્રી યશોભદ્રાને પૂછ્યુ યશોભદ્રાએ કહ્યું કે બે માસથી એને ઋતુસ્નાન આવેલ નથી, અને કદાચ ગર્ભ હોવાનો સભવ ગણાય, પણ પોતે એ વાતની અનુભવી ન હોવાથી કાંઇ ચોક્કસ કહી શકે નહિ. પ્રવર્તિની આ સાંભળી વિચારમાં પડી ગયા.

એણે વિચાર કર્યો કે દીક્ષા લીધા પછી એને છોડવાનું તો કહી શકાય નહિ અને દીક્ષા અવસ્થામાં સુવાવડ કરવી એમાં તો ભારે અગવડો પડે એ તુરતજ આચાર્યવર્ય શ્રી અજિતસેન સૂરિ પાસે ગયા અને તેમને સંપૂર્ણ વાત કહી બતાવી.

આચાર્ય તો મહા વિચક્ષણ હતા એના હાથમાં ગચ્છની દોરી હતી અને ગમે તેવા **નવા સંયોગો ઊભા થાય તેમાં દોરવણી** આપી શકે તેટલું તેનામાં જ્ઞાન હતુ. આચાર્યમાં નિષ્ણાતપણું ઘણાં વાંચન અને અનુભવથી આવી જાય છે. સર્વ વાત શાસ્ત્રમા

લખેલી હોતી નથી. નવીન સંયોગો ઊભા થાય ત્યારે તેનો કેમ ઉકેલ લાવવો, ગૂંચવણવાળા પ્રશ્નોના જવાબ ક્યાંથી શોધવા. તેને માટે એવો નિયમ હોય છે કે જે મહાપુરૂષોમાં અસ્થિમજ્જાએ ધર્મ જામી ગએલ હોય અને જેને વાંચન અને અનુભવને પરિણામે બુદ્ધિમાં નિર્મળતા આવી ગઇ હોય તેજ ગચ્છાધિપતિ થઇ શકે છે. સેનપ્રશ્ન હીરપ્રશ્ન આદિમાં આપેલ જવાબો એ મૂળ ગ્રંથમાં આવેલાની નવીન આવૃત્તિ નથી હોતી, પણ નિર્મળ બુદ્ધિ, ધર્મરતપણું, અભ્યાસ પૂર્ણ તૈયારી અને વિશિષ્ટ ઉપયોગ મૂકવાની આવડતનું પરિણામ છે. અને જે વસ્તુ શ્રી કીર્તિમતીને અત્યંત મૂંઝવણ કરનારી લાગી તેનો સહજ નિકાલ આચાર્યવર્યે વગર ઢીલે આપી દીધો. એમણે આખો નવ દશ માસનો કાર્યક્રમ ગોઠવી આપ્યો. એમણે જોઇ લીધું હતું કે યશોભદ્રા હૃદયથી સાચી ત્યાગી હતી. એને આઘાત ન પહોંચવો જોઇએ અને ધર્મની વિનાકારણ નિંદા કે ટીકા ન થવી જોઇએ. એમણે વજસ્વામી વગેરેના દાખલા વિચારી તુરત આખો પ્રસૂતિનો કાર્યક્રમ ગોઠવી આપ્યો.

તેમણે જણાવ્યું કે હાલ શ્રી યશોભદ્રાએ વિહાર ન કરવો; એક વર્ષ આજ નગરમાં રહેવું; વહેલી સવારે બે સાધ્વી સાથે દૂર સ્થંડિલ માટે જવું; બાકી આખો વખત ધર્મધ્યાન, કથાવાંચન, સ્તવન પઠનમાં કાઢવો; ઉપલબ્ધ પૌષ્ટિક ખોરાક લેવો; શ્રી કીર્તિમતીએ હાલ ત્રણ ચાર માસ વિહાર કરી આવવો; ચાતુર્માસ શ્રાવસ્તીમાંજ કરવું; ધનાવા શેઠનું ઘર સજ્જાતર× કરવું; તેમને ત્યાંથી જરૂરી વસ્તુ અને કદાચ ખપ પડે તો દવા વગેરે મંગાવવા; શેઠની મારફત પ્રવીણ દાઇને બોલાવવી–વગેરે. સર્વ વ્યવસ્થા આચાર્યશ્રીની સૂચના મુજબ ગોઠવાઇ ગઇ. શ્રી યશોભદ્રા સાધ્વી તો સાવત્થીમાંજ રહ્યા. ગુરૂણીજી

× એવે ઘેરથી દવા વગેરે જરૂરી વસ્તુ લઈ શકાય છે, માગી શકાય છે અને ખાસ કારણે તૈયાર કરાવી શકાય છે.

અન્યત્ર વિહાર કરી આવ્યા. સંયમ અને નિયમપૂર્વક જીવન ધોરણ રાખેલ હોવાથી શ્રી યશોભદ્રાને ખાસ અગવડ પડી નહિ. અનોપમાને સર્વ વાતની જાણ કરવામાં આવી હતી, એ દરરોજ બે વખત ખબર કાઢી જતી હતી અને ખાવાપીવાને અંગે ભાવુકોને સૂચના આપી દેતી હતી બે આધેડ સાધ્વીઓ શ્રી યશોભદ્રા સાથેજ રહી હતી. આહાર-પાણી વહોરવા જવાની તકલીફ પણ શ્રી યશોભદ્રાને માથે રાખવામાં આવી નહોતી.

ચાતુર્માસમા આનંદ વર્ત્યો. શ્રી યશોભદ્રાએ તે ચોમાસામા સૂચના અનુસાર કોઈ પ્રકારની સ્થૂળ તપસ્યા કરી નહિ. એ ઉપાશ્રયના ઉપરને માળે બે સાધ્વી સાથે રહેતી હતી અને આત્મધ્યાન અને અભ્યાસમાં આખો સમય વ્યતીત કરતી હતી. એનો આખો કાર્યક્રમ આચાર્યે એટલી વિગત સાથે ગોઠવી આપ્યો હતો કે એમા કાંઈ પૂછવાપણુ રહેતું નહોતું. ચોમાસું આવ્યું ત્યારે શ્રી યશોભદ્રાની કાંતિ ઝળકવા માંડી. પણ મુખપર કરચલી પડવા લાગી. આખા ચોમાસામાં એક વાર એને પેડુમાં દુઃખાવો થયો, પણ ઉપચારથી એ તુરત મટી ગયો.

માગશર સુદ ૧૫ની રાત્રિએ નવ વાગે એણે પુત્રને જન્મ આપ્યો. એનાં લક્ષણ પરથી એ ઘણો સૌન્દર્યવાન, કાંતિવાન, લક્ષણોપેત અને સર્વાંગ સુંદર દેખાયો. એના જન્મ વખતે અનોપમા અને ધાત્રી હાજર હતા. કીર્તિમતી બહાર રહી સર્વ ગોઠવણ કરતા હતા. આખા શ્રાવક સમુદાયમાં ધનાવા શેઠના ઘરના માણસો સિવાય કોઈને આ વાતની ખબર ન પડી. તેલ ચોળવાનું, સ્નાન કરવાનું વગેરે યોગ્ય રીતે જયણાપૂર્વક કરવામાં આવ્યું. સુવાવડમાં એને કોઈ ખાસ અગવડ ન પડી. સાધ્વી કે પ્રવર્તિની બાળકને અડયા નહિ, પણ અનોપમાના હાથમાં એ બાળકને જોઈ એ તેજસ્વી અને ધર્મધુરંધર થશે એમ જણાવી રાજી થતા. પ્રસૂતિ કાર્ય અને એને

અંગેની ક્રિયાઓ વીશેક દિવસમાં પૂરી થઈ. પાકા ચાલીશ દિવસ પૂરા કરી શ્રી કીર્તિમતી જરૂરી ભલામણ કરી ત્યાંથી વિહાર કરી ગયા. શ્રી યશોભદ્રાએ આખો વખત ખૂબ શાંતિ જાળવી. એણે જરા મૂંઝવણ બતાવી નહિ કે મનમાં કોઈ વાતનું ઓછું આણ્યું નહિ લગભગ ૨૭૭ દિવસ ગર્ભ રહ્યો તેમાં રખડપટ્ટીના દિવસો બાદ કરતાં એણે એક પણ અત્યાચાર ખાધાપીધામાં સેવ્યો નહિ, અતિ માત્રા આહાર કર્યો નહિ, ભૂખી રહી નહિ અને સંયમી જીવન તો એનું હતું જ એટલે એને સુવાવડમાં કાંઈ અગવડ પડી નહિ.

હવે પુત્ર થયા પછી તેનું શું કરવું એ વિચાર થવા માંડયો. તેનો કાર્યક્રમ આચાર્યશ્રીએ ગોઠવ્યો નહોતો. એની વિચારણા ચાલતી હતી ત્યાં અજિતસેન આચાર્ય સાવત્થીનગરીએ વિહાર કરતાં કરતાં ફાગણ માસમાં પધાર્યા. એમણે એ નવા આવેલા બાળકને ધોડિયામાં જોયું. વસ્ત્રનું ધોડિયુ ઉપાશ્રયમાં બંધાયું હતું.

આચાર્ય મહારાજે જણાવ્યું કે એના શારીરિક લક્ષણ પરથી બાળક તદુરસ્ત દેખાય છે, એના હાથપગના ચિહ્નો પરથી એનું શરીર સારૂ થશે, બાંધો મજબૂત થશે એમ લાગે છે. એના નખ પરથી એની ભોગ ભોગવવાની વૃત્તિ રહેશે અને એના મુખ પરથી એનામાં રાજતેજ જણાય છે, પણ રેખા જોતાં એ ત્યાગી રહેશે. આટલી સહજ વાતો કરી બીજું ચોમાસુ શ્રી યશોભદ્રાએ શ્રાવસ્તીમાં જ કરવું એવી આચાર્યશ્રીએ આજ્ઞા કરી અને નવો બાળક છ માસનો થાય એટલે એને ધવરાવવા શેઠને ઘેર સોપી દેવો, અનોપમાએ એને ઉછેરવો અને ધાવણનો કાળ પૂરો થાય એટલે અન્ય સાધ્વીઓ સાથે યશોભદ્રાએ અન્યત્ર વિહાર કરવો આ પ્રમાણે આગળનો ક્રમ ગોઠવી આપ્યો. જ્યારે માથે ફરજ આવી પડે ત્યારે **ત્યાગમાર્ગમાં** પણ કેવું **વ્યવહારપણું** બતાવી શકાય છે તેનો આચાર્યશ્રીએ જીવતો દાખલો આપ્યો પુત્ર કે માતાનો સંબંધ અસ્થિર છે, અલ્પકાલીન

છે, અચોક્કસ છે, છતા જ્યારે કર્તવ્ય આવી પડે ત્યારે શિશુવયના બાળક તરફ પણ અમુક પ્રકારની ફરજો બજાવવાની રહે છે એ વાત એમના ધ્યાનમા હતી. સાધારણ બુદ્ધિ જો એમનામાં હત તો તે માતાને પોતાના બાળકને અડવા પણ દેત નહિ, એને ધવરાવવા પણ દેત નહિ અને એ વખતે બાળકની સ્થિતિ શી થાત તે કલ્પી શકાય તેવું છે. આચાર્યની દક્ષતા ધર્માનુરૂપ દક્ષ અને વ્યવહારૂ હતી.

બાકી ખરી સેવા તો માતા તરીકે ભાભી અનોપમાએ બજાવી એ ખૂબ શાણી વ્યવહારકુશળ ધર્મશ્રદ્ધાળુ અને રસિક બાઈએ છોકરાને પોતાના બચ્ચાની જેમ ઉછેર્યો. એણે ઉપાશ્રયના ઉપલા માળે એકાંત હાલમાં વસ્ત્રનું ધોહિયું બાંધ્યું અને સુંદર હાલરડાં ગાયાં અને એણે સુવાવડ દરમ્યાન સાધ્વી યશોભદ્રાની એટલી તકતેવડ જાળવી કે એના ત્યાગધર્મને જરા પણ વાંધો ન આવે તે પ્રકારે એની સેવા થઈ. સાધ્વી યશોભદ્રા પણ પુત્ર તરફના રાગના કારણે નહિ, પણ મનુષ્ય દયાની નજરે પોતાની તરફનો જરૂરી ફાળો આપી રહ્યા હતા અને બાકીનો સમય જ્ઞાન ધ્યાનમાં કાઢતા હતા. સાવત્થી નગરીમાં એને લગભગ બે વર્ષ રહેવાનું થયું, એમા એને અભ્યાસનો લાભ સારો મળી ગયો. એની વિશાળ બુદ્ધિ, સારી યાદશક્તિ અને નિર્મળ માનસને લઈને એણે આગમ અને તર્કનો સારો અભ્યાસ વધારી નાખ્યો અને પોતાના પ્રકરણના જ્ઞાનને વધારી મૂકી સારો શાસ્ત્રપ્રવેશ પણ કરી દીધો. સાધારણ રીતે ચાલુ વિહારમા અભ્યાસમાં વારંવાર સ્ખલના થયા કરે છે. એ એને ન બન્યુ અને બુદ્ધિ,આવડત અને ચીવટ એનામાં સારા હતા એટલે એણે એ તકનો પૂરતો લાભ લીધો.

અને ખાસ કરીને શ્રી યશોભદ્રાએ સ્તવન સઝાયો ખૂબ યાદ કરી લીધાં. એનો કંઠ મધુર હતો; એના રાગમા મીઠાશ હતી, એના ગાનમા કુમાશ હતી, એની હલકમાં દાવદાશ હતી. પોતાની નેસાંગેક

સંગીતપ્રિયતાનો એણે ધર્મ માર્ગે સદુપયોગ કર્યો. એ પ્રતિક્રમણમાં સ્તવન કે સઝાય બોલે ત્યારે શ્રોતાને સંપૂર્ણ આનંદ થતો અને તેમનો આત્મા એક પ્રકારનો નાદ અનુભવતો. એ બપોરે પણ રાસ વાંચે અને અનેક બહેનોને તેના ભાવો સમજાવે. પ્રસૂતિ કાર્ય પતી ગયા પછી એ ઉઘાડી રીતે સાત્વથીમાં રહેતા હતા. માત્ર બાળકને ઉપરને માળે રાખવામાં આવતું હતું, પોતે આવશ્યક ક્રિયા બરાબર કરતા હતા અને ઉપદેશ ચાલુ રીતે આપતા હતા.

આચાર્યશ્રીએ બાળકને માટે સારી આશા બાંધી હતી. એમનામાં લક્ષણવ્યંજનનું જ્ઞાન ખાસ હતું. એમની સૂચનાથી બાળકનું નામ ક્ષુલ્લક રાખવામાં આવ્યું. ક્ષુલ્લક એટલે બાળ સાધુ, નાનો બાવો. આવો એ શબ્દનો ઉપયોગ તે કાળમાં પ્રચલીત હતો. બાળ બ્રહ્મચારી જેમ બ્રહ્મચારી માટે વપરાય તેમ નાના સાધુને ક્ષુલ્લક કહેવામાં આવતા. ભાવી સાધુને માટે એ શબ્દનો ઉપયોગ થતો હતો. જેણે દીક્ષા લીધી ન હોય, પણ દીક્ષા લેવા ઉદ્યુક્ત હોય અથવા જેને ભાવી શિષ્ય બનાવવાનો હોય તેને 'ક્ષુલ્લક' નામથી ઓળખવામાં આવે છે. ગોરજી કે શ્રીપૂજ પાસે ભાવી શિષ્યને ખોલડો કે ખોલકો અત્યારે પણ કહેવામાં આવે છે એ અસલ સંસ્કૃત શબ્દ ક્ષુલ્લકનું અપભ્રંશ રૂપ હોય એમ સમજાય છે.

બીજું ચાતુર્માસ સાવત્થીમાં પૂરું કરી ક્ષુલ્લકને એક વર્ષનો ત્યનો કરી તેને ધનાવા શેઠને ઘેર મૂકી શ્રી યશોભદ્રાએ વિહાર કર્યો. અનોપમા એની સંભાળ લેશે એવી પ્રવર્તિનીની અને આચાર્યવર્યની ખાતરી હતી. એ સંબંધી જરૂરી તજવીજ કરી. ધનાવા શેઠને ધર્મશ્રદ્ધા પૂરી હતી અને એને ત્યાં ખાવાપીવાની કમીના નહોતી. ક્ષુલ્લકની બાબતમાં ત્યાર પછી યશોભદ્રા ગુરૂણી અને આચાર્ય નિશ્ચિંત બન્યા.

: ૮ :

## ક્ષુલ્લકનુ બાલ્ય-દાક્ષિણ્યનો વિકાસ

ક્ષુલ્લક શ્રાવસ્તી નગરીમાં ધનાવા શેઠને ત્યાં મોટો થવા લાગ્યો. તેનાં સંબંધમાં અનોપમા ભાભીની તજવીજ પૂરતી હતી. છોકરો પોતે પણ શરમાળ, સ્વભાવે શંક અને સર્વનો પ્રેમ સંપાદન કરે તેવા સ્વભાવનો હતો, તેથી કાંઇ ભારે પડયો નહિ. શેઠ ધનાવાનું કુટુંબ મોટું હતું. એક રસોડે ચાળીશ માણસો જમતાં હતાં અને દરરોજ મહેમાનોનો અવરજવર રહેતો હતો. શેઠ પોતે હવે કમાવા કે વેપાર કરવા માટે મોટા સાથને લઇ બહાર ગામ જતા નહોતા, એ કામ એમણે પોતાના મોટા પુત્ર સુરેશકુમારને ભળાવી દીધું હતું, એટલે શેઠ સાવત્થીમાંજ રહેતા હતા. તેમને ક્ષુલ્લક ઉપર ખાસ સ્નેહ હતો. તેને શેઠ પોતાની પાસે રાખતા હતા અને વારંવાર તેને માટે ચીવટ પૂર્વક તપાસ કરતા હતા. અનોપમા એને નવરાવવા, કપડાં પહેરાવવા, જમાડવા વગેરે નાનીમોટી બાબતો પર ધ્યાન રાખતી હતી. અને એને કાંઇ

વાને ઓછું ન આવે તે માટે ખાસ તજવીજ રાખતી હતી. એની ચીવટ એક સગી મા જેવીજ હતી. એ ક્ષુલ્લકને પોતાની સાથેજ સુવરાવતી હતી. એના પતિ સુરેશ તો હવે છ માસથી વધારે વખત પરદેશ ફરતા હતા એટલે એને વખત પણ ઠીક મળતો હતો.

અનોપમાને પોતાને બે છોકરા અને એક પુત્રી હતી તેની સમાનજ ક્ષુલ્લકને ગણી એ એના પર પણ પૂરતું ધ્યાન આપતી હતી. ક્ષુલ્લક હવે બે વર્ષનો થઈ ગયો હતો. એના કાલાઘેલા બોલોથી એ આખા ઘરને પ્રિય થઇ પડયો હતો. એ ઘરમાં રમે, શેરીમાં રમવા જાય, સાંજે ધનાવા શેઠ એને પાસે બેસાડી પરીની વાતો કરે, વચ્ચે વચ્ચે પોતે સાંભળેલી ધરમની વાતો કરે, કોઇવાર પોતે દેશ દેશાંતર ફરેલા તે વખતે પોતાને થયેલા અનુભવો કહે અને રાત્રે એને અનોપમા પાસે સૂવા મોકલી દે. અનોપમા પણ એને વાર્તાઓ ખૂબ કહે નાનપણથી એને વાતો સાંભળવાનો શોખ બહુ ખીલ્યો એ ધનાવા શેઠને 'દાદા' કહીને બોલાવતો હતો અને અનોપમાને 'માસી' કહી બોલાવતો હતો. જ્યારે જ્યારે સાંજ પછી એ દાદાને નવરા જુએ ત્યારે ત્યારે એ દાદાને એક સરસ વાર્તા કહેવા વિનવે અને દાદા પણ નવી નવી અલક મલકની સારી સારી વાતો કહે. દાદા દુનિયાના ખાધેલા અને પાકા અનુભવી હતા એટલે એમની સાદી જેવી લાગતી વાતોમા પણ રહસ્ય ઘણું હોય અને એમની વાર્તા કહેવાની ઢબ એવી સરસ હતી કે બાળકની કલ્પના ખૂબ ઉત્તેજિત થાય અને અંદરથી બોધ મળે. અત્યારે આપણે જેને અકબર બીરબલના કિસ્સા કહીએ છીએ એ વાત તે સમયે બુદ્ધિ વૈભવના તેમજ વાણિયાની મોટી મોટી જાવાની સફરોના, ક્ષત્રિયોનાં પરાક્રમોના રાજાઓની વિચિત્રતાના અનેક કિસ્સા શેઠ જાણતા હતા, એ ચોરોની વાત કરી બાળકને સ્તબ્ધ કરતા અને છતાં તે બીહે નહિ એવી વાત કહેવામા ચતુરાઇ હતી, એના ચંદન મલયાગરીના

કિસ્સા કે એની ધન્નાશાલિભદ્રની વાતો, નેમનાથના વિવાહ કે પાર્શ્વનાથ અને કમઠના કિસ્સા સાંભળે, કે આદીશ્વર ભગવાન હાથીની અંબાડીપર બેસી હાંડલું ઘડી આપે કે મહાવીર સ્વામીને વરઘોડો વર્ણવે—ત્યારે બાળકો તો એક ચિત્ત થઇ ડાહ્યાડમરા બની સામે બેસી જતા અને એનો સર્વથી વધારે લાભ ક્ષુલ્લકને મળતો.

અને શેરીના છોકરાઓમાં ક્ષુલ્લક ધીમે ધીમે સરદાર બની ગયો. એના સ્વભાવમાં કુદરતી મીઠાશ હતી અને એનામાં છોકરાઓ વચ્ચેના કજિયા પતાવવાની દાવકાશ હતી. એની રમતોમાં નિર્દોષતા હતી અને એના આચરણમાં કુમાશ હતી. દાદા પાસે વાત કહેવરાવવાને અંગે એણે મોટાની ખુશામત કરવાનો ગુણ ખીલવ્યો અને જ્યારે ત્યારે 'દાદા ! વાતો કહો' એ પદ્ધતિને પરિણામે દાદા કહે તે કરવું, દાદાને રાજી રાખવા અને દાદાનું વચન ઉત્થાપવું નહિ એ ગુણ એણે નાનપણથી ખીલવ્યો, એનામાં એ પદ્ધતિથી સભ્યતા ઘણી આવી, પણ અત્યારે જેને 'સ્વાતંત્ર્ય' કહેવામાં આવે છે તેની તેનામાં ખામી રહી ગઇ. અને શેઠને ત્યાં રહેવામાં ઓશિયાળાપણું લાગે તેવું કાંઈ હતું નહિ અને તેવા બનવાનું તેને કારણ પણ હતું નહિ, છતાં મોટા શેઠ ધનાવાની ગંભીરતા અને એની સાથેનો સર્વનો સંબંધ જે પ્રકારનો હતો તેના અનુકરણને લઇને ક્ષુલ્લક કુમારે પોતાનામાં 'દાક્ષિણ્ય'નો ગુણ ખીલાવ્યો. એ ગુણમાં સભ્યતા વિનય વિવેક ખૂબ ખીલે છે, પણ એમાં મોરખાપણું પણ આવે છે. સામા માણસને ચડને ભડ કહેવાની તાકાત એમા આવતી નથી, પણ એમાં મોટા માણસની મોટાઈ તરફ માન, વડીલનું સન્માન અને વડીલ તરફ પૂજ્યભાવ જામે છે અને પોતાથી કોઇપણ વાત એમને કેમ કહેવાય કે પૂછાય એવી એક જાતની છાપ પોતાપર પડી જાય છે. એ 'દાક્ષિણ્ય' પણ મોટો ગુણ છે અને પ્રાણીને મર્યાદામાં રાખનાર છે. શ્રાવકના એકવીશ ગુણ પૈકી

એ અઠમો ગુણ છે અને ખૂબ વિચારવા યોગ્ય છે. એમાં સામાને તોડી પાડવાની વાત હોતી નથી, પણ મોટા તરફ સદ્ભાવ અને માનની ઉચ્ચ માત્રા હોય છે. કેટલાક પ્રાણીઓ મનમાં આવે તેવું બોલી નાખવામાં મહત્તા માને છે એમાં નિર્ભયતા માને છે અને કેટલાક એવી વાત કેમ બોલાય, વડીલ સાથે વાત કરતાં જીભ કેમ ઊપડે, વડીલના હુકમનું કેમ અપમાન થાય—આવા વિચારે પોતાની જાતને ગોપવી નાખે છે.

કેટલીક વાર આ દાક્ષિણ્ય નબળાઇનો આકાર પણ લે છે, પણ સારા કામમા એનો ઉપયોગ થાય તો એ માણસને ચારિત્રમાં સ્થિર રાખે છે, વચનમાં મર્યાદાની અંદર રાખે છે અને વર્તનમાં સારે રસ્તે રહેવામાં ખૂબ મદદ કરે છે. આ સુદાક્ષિણ્ય ગુણ અથવા ખાસિયતને ક્ષુલ્લકે નાનપણથી ખીલવી હતી, એના સંયોગોને લઇને એ ગુણ એનામાં વધારે વિકાસ પામ્યો હતો. અને હજુ તો એ જામતો જતો હતો, પણ ચતુર અનોપમા દાક્ષિણ્ય ગુણનો ક્ષુલ્લકમાં થતો જતો વિકાસ જોઇ શકતી હતી. **ચારિત્ર બંધારણના પાયા તો નાનપણથી જ નંખાય છે.** અને ક્ષુલ્લકને જો કે પરાધીન દશા કદી લાગવા દીધી નહોતી, છતાં જેમ જેમ એનામાં સમજણ આવતી ગઇ તેમ તેમ એ પોતાનું સ્થાન સમજતો ગયો અને એ સમજણને પરિણામે એનામાં દાક્ષિણ્ય ગુણ વધારે વધારે વિકાસ પામતો ગયો.

મોટા શેઠ સફરની અને એવી એવી કલ્પનાને ઉત્તેજિત કરે અને ધર્મમાં સ્થિર કરે તેવી વાતો કરતા ત્યારે અનોપમા તેની પાસે સતીઓની વાતો, રાજાનાં અંતઃપુરના કિસ્સાઓ અને અક્કલ હુશિયારીના નમુનાઓ કહેતી. દાદા અને માસીના આવા બેવડા પ્રયોગોથી વાર્તાઓ સાંભળવાને અંગે ક્ષુલ્લકમાં નાનપણથી નમ્રતા અને ડહાપણ વધારે જલ્દી આવતા ગયા અને સાથે સાથે પરીકથાઓ અને મોટી મોટી સફરની વાતોથી એની કલ્પના શક્તિને ખૂબ જેસ

મળ્યું અને સાત વર્ષ—પૂરા થયા પછી જ્યારે એને નિશાળે બેસાડવામાં આવ્યો ત્યારે એ બધા છોકરાઓ પાસે વાર્તાઓ કરે, વાર્તા કરવાની હોડ કરે અને એની ભાષાની મીઠાશથી અને કહેવાની ઢબથી છોકરાઓને આંજી દે. બહુ થોડા વખતમાં એ છોકરાઓનો સરદાર બની ગયો. એની સરદારીમાં તોફાન ધમાલ ઓછાં હતાં, પણ બીજા છોકરાઓની ટોળી કરતા પોતાની ટોળી ચઢીઆતી છે એમ બતાવવા એ પ્રયત્ન કરતો અને એમાં એ ફાવતો. બાકી એ મહેતાજી પાસે કદી કોઈની રાવ ખાવા જાય નહિ, કોઈની બાબતમાં કચવાટ થયો હોય હોય તો મનમાં સમજી લે અને ગમે તેમ કરી વાતને પતાવી લે, નભાવી લે કે ખમી ખાય. એ કોઈ વડીલની સામે કદી કાંઈ બોલતો નહિ, વડીલ વર્ગમાંથી કોઈનું એ કદી અપમાન કરતો નહિ અને કોઈ વાર મોટા—વૃદ્ધ એને ખોટું કામ કરતાં જણાય તો પણ તેમને મ્હોંઢે ચઢીને એ કાંઈ કહેતો નહિ. એને મનમાં એમ જ થતું કે વડીલની સામે કેમ બોલાય, વડીલની પાસે કોઈ વાત કેમ થાય અને વડીલના હુકમનો અનાદર કેમ થાય? આ જીવન પદ્ધતિ એણે નિસર્ગ પણે સ્વીકારી લીધી હતી અને વિકસાવી દીધી હતી. અને તેમાં એ ધીમે ધીમે ન ખબર પડે તેમ પ્રગતિ કર્યા જ કરતો હતો. પરિણામે આખા ઘરમાં અને શેરીમાં, નિશાળમાં અને ચોકમાં—એ ખૂબ વહાલો બની ગયો હતો, શેઠના ઘરમાં એને સર્વે અછો-અછો વાનાં કરતાં હતાં, છોકરાઓમાં એ સરદારી ભોગવતો હતો. અને દાદા ધનાવા શેઠને તો એ આંખોના તારા જેવો થઈ પડયો હતો.

તે વખતની પદ્ધતિ પ્રમાણે એણે એકડા, આંક, બારાખડી, નામા, હિસાબ, કાગળ લખવાની રીત અને એવી એવી પરચુરણ બાબતોનો અભ્યાસ કર્યો. પછી એણે પંચોપાખ્યાનની વાર્તાઓ વાંચવાનું શીખવવામાં આવ્યું. સંસ્કૃત વ્યાકરણની શરૂઆત કરવામાં આવી અને સાથે સાથે આવશ્યક ક્રિયાનાં સૂત્રો પ્રથમ મુખપાઠે

કરાવવામાં આવ્યાં. પછી એનાં રહસ્યો સમજાવવામાં આવ્યાં, પછી પ્રત્યેકની વિધિ શીખવવામાં આવી અને દેવ વંદન, ગુરૂ વંદન પચ્ચખ્ખાણ ભાષ્યોના રહસ્ય જ્યારે તેના સમજવામાં આવ્યાં, કર્મ ગ્રંથમાં એનો પ્રવેશ થયો ત્યારે એણે નવતત્ત્વનો બોધ કરતાં નય-નિક્ષેપ સપ્તભંગીની વાત જાણી લીધી. બાર વર્ષની વય થઈ ત્યારે એનો અભ્યાસ પૂરો થયો.

આ સમયમાં શ્રી યશોભદ્રા વિહાર કરતાં કરતાં સાવત્થી નગરીમાં પાંચ વખત અને તે દરમ્યાન એમણે બે ચાતુર્માસ પણ એ નગરીમાં કર્યાં. ક્ષુલ્લકને સાતમે વર્ષે એણે સાધ્વી શ્રી યશોભદ્રાને પોતાની માતા તરીકે પિછાણ્યા અને તેને તેના તરફ કુદરતી ઉમળકો થયો. શ્રી યશોભદ્રા તો વૈરાગ્યમાં અને ત્યાગમાં ખૂબ ઊંડા ઊતરી ગયા હતા. એને આખો સંસાર ઉપાધિથી ભરપૂર જણાતો હતો, એને સર્વ દુઃખનું કારણ માયા મમતા અહંકાર અને વિકારો લાગતા હતા અને એનું ચિત્ત આત્મસ્વરૂપ વિચારણા, ધ્યાન અને અભ્યાસમાં જ ચોટેલું રહેતું. ગુરૂ મહારાજના આદેશ પ્રમાણે એ સાકેતપુર હજુ ગયા નહોતા અને માનસિક વ્યાઘાત કે પૂર્વ સ્મરણ અટકાવવા એને ત્યાં જવાની ઇચ્છા પણ થતી નહોતી.

પોતાના પુત્ર ક્ષુલ્લક તરફ પણ એ નિરપેક્ષ હતા, પણ અનોપમા સાથે પુત્ર તેની પાસે આવે ત્યારે એ એને સંસારનો ત્યાગ કરવાની અને ઉપાધિથી અળગા રહેવાની વાત કરતા. એ છોકરાની ખબર અંતર જરૂર પૂછતા, પણ એથી રાગની દૃષ્ટિ કરતાં એક આશાસ્પદ બાળકને ધર્મ માર્ગે જોડી તેનો ઉદ્ધાર કરવાની ભાવના મુખ્ય ભાવે રહેતી, અને તેની આ વૃત્તિ વિચક્ષણ અનોપમા બરાબર જાણતી હતી.

બારમે વર્ષે આચાર્યશ્રી અજિતસેન સૂરિ સાવત્થી નગરીમાં પધાર્યા, પ્રવર્તિની કીર્તિમતી પણ ત્યાં આવ્યા અને તેની સાથે શ્રી યશોભદ્રા પણ ત્યાં પધાર્યાં. બાર વર્ષની આખરે આ રીતે ફરી વખત

ત્રીજને લેશનો સહયોગ એક ગામે થયો સ્વાભાવિક રીતે ક્ષુલ્લક અજિતસેનસૂરિ પાસે દરરોજ આવતો ગુરૂ મહારાજને એની યાદ-શક્તિ ખૂબ ગમતી હતી, એમણે ક્ષુલ્લકને એક દિવસ પોતાની પાસે બોલાવ્યો અને મુકત મને એની પાસે ધર્મની અને ત્યાગની વાતો કરી. ગુરૂ મહારાજ વ્યાખ્યાનમાં ત્યાગની વાતો કરતા ત્યારે ક્ષુલ્લક કથા સાંભળવાના કુદરતી શોખથી દરરોજ સાંભળવા આવતો. એનામાં જે જિજ્ઞાસા ડોસા અને માસીએ ઉત્પન્ન કરી હતી તે કુતૂહળ વૃત્તિથી કે કલ્પનાના જોરથી એ વાતો સાંભળવાનો રસિયો બન્યો હતો અને અજિતસેનસૂરિ મહારાજ વ્યાખ્યાનમા ઉપદેશની બાબતોને કથા વાર્તા સાથે એવી સરસ રીતે વણી દેતા હતા કે એમના વ્યાખ્યાનમાં કદી કોઈ ઝોકા ખાતું નહિ. કે ઊઠીને ચાલતી પકડતું નહિ. વ્યાખ્યાન શક્તિ સર્વમાં હોતી નથી. એ એક કળા છે. એ જેને બેસી જાય તેને તો રમતમાત્ર લાગે તેવું છે.

કેટલાક વ્યાખ્યાનકાર ધર્મ અર્થ કામ કથાનું એવું મિશ્રણ કરી શકે છે કે એની સંકીર્ણ કથા શ્રોતા ઉપર ભારે અસરકારક નીવડી આરપાર ઊતરી જાય તેવી બને છે. આચાર્ય શ્રી અજિતસેન સૂરિ આ પ્રકારના લોકપ્રિય વક્તા હતા. અતિ વિદ્વાન, શાસ્ત્ર પારંગામી, તર્ક આગમના બહુ પાઠી, બહુ શ્રુતોમાં વ્યાખ્યાનકળા ન હોય તો સુંદર-વાત પણ છાશ બાકળા જેવી બની જાય છે અજિત-સેન સૂરિમા એમ નહોતું. એ લોકોમાં ખૂબ રસ ઉત્પન્ન કરે તેવું વ્યાખ્યાન કરતા અને એમાં અભ્યાસી અને બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોનો રસ એક સરખી રીતે જામતો.

આવા અનેક વ્યાખ્યાનો ક્ષુલ્લકે એ ચાતુર્માસમાં સાંભળ્યા. આચાર્યશ્રી આ ઊગતા બાળકનો આખો ઇતિહાસ જાણતા હતા. એમની ઇચ્છા આ બાળકને પોતાનો શિષ્ય બનાવવાની હતી, પણ એને અંગે એની પોતાની શી ઇચ્છા હતી એ જાણવા ઇચ્છતા હતા.

કેટલાક સવાલ જવાબ ગુરૂ મહારાજે કર્યા તે પરથી બાળક વધારે પડતો શરમાય છે એમ એમને લાગ્યું. છેવટે એમણે પૂછ્યું "ક્ષુલ્લક ! બોલ તારે આગમનો અને પ્રકરણોનો અભ્યાસ કરવો છે ?"

ક્ષુલ્લકે જવાબમાં કહ્યું "ગુરૂ દેવ ! મને એ સર્વ ભણાવો, મારે તો ખૂબ ભણીને મોટા વિદ્વાન થવું છે."

આચાર્યશ્રીએ એને સાધુનો વેશ લેવા કહ્યું. એણે અભ્યાસની લાલચે હા પાડી. શ્રી યશોભદ્રાએ એમાં સંમતિ આપી અને ક્ષુલ્લકને કાચી દીક્ષા આપી નાનો ચેલો અથવા ભાવી શિષ્ય બનાવ્યો. એનું નામ તો ક્ષુલ્લક જ ચાલુ રહ્યું, એને છેદોપસ્થાન દીક્ષા ન આપી પણ વ્યવહારથી કાચી દીક્ષા આપી તેને પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યા. ભણવાની લાલચે અને માતા યશોભદ્રાની સંમતિથી એણે સાધુ વેશ લીધો. એનામાં સ્વતંત્ર નિર્ણય કરવાની શક્તિ આવી નહોતી અને એનામાં દાક્ષિણ્યતા એટલી વિકાસ પામી હતી કે એની મા કે આચાર્ય કોઇ સૂચના કરે તો તેના સંબંધમાં એ ના પાડી શકે તેમ નહોતું. અનોપમાને પોતાનો છોકરો દીક્ષા લેતો હોય તેટલું દુઃખ તો થયું, પણ એનો જન્મારો સુધરે છે એ દૃષ્ટિએ એને કાંઇ ખાસ વાંધો લીધો નહિ. કોઇ જાતના મહોત્સવ કે ધામધૂમ વગર એને સાધુ વેશ પહેરાવી ગુરૂ મહારાજે પોતાની સાથે રાખ્યો.

અજિતસેન સૂરિની માન્યતા હતી કે નાનપણમાં સંસ્કાર સારા પડી જાય તો અભ્યાસ પાકો થાય, લોહી ન ચાખવાને કારણે ઇંદ્રિય સમાગમ કુસતી થાય અને વસ્તુના જ્ઞાનને અભાવે, માણસને એની વૃત્તિજ ન થાય. કેટલાક શિષ્યોની તુલના કરતા એમના જાણવામાં આવ્યું કે મોટી વયે દીક્ષા લેનાર પોતાના આત્માનું સુધારી શકે છે, પણ સમાજને કે ધર્મ સંસ્થાને દોરવણી આપવા માટે અને શાસ્ત્રના ઊંડા બોધ કે ચર્ચાના ખુલાસા માટે જે વિશાળ વાંચન અને દીર્ઘ અભ્યાસ જોઇએ તે મોટી પાકી વયે દીક્ષિતને થઇ શકતો નથી, તેથી

સમાજનાં સ્વાસ્થ્ય અને પ્રગતિને માટે પસંદગી કરેલા વિશિષ્ટ અભ્યાસીને સંસારત્યાગ કરાવી **બાળવયમાં દીક્ષા** આપવાની જરૂર છે. માર્ગ ચલાવવા માટે, ગચ્છના સંરક્ષણ માટે અને અભ્યાસ અને પરંપરાની જાળવણી માટે કોઈ પ્રકારનો ખળભળાટ ન થાય તેવી રીતે બાળ દીક્ષિતોની જરૂર છે, તેમાં શાસનનો ઉડ્ડાહ ન થાય તે ધ્યાનમાં રાખવાનો, માબાપની સંમતિ લેવાનો અને બનતી પરીક્ષા લેવાનો એમનો અભિપ્રાય હતો. એ શિષ્યને ફોસલાવવામાં કે લાલચ આપવામાં માનતા નહોતા. પણ એ યોગ્ય સંયોગોમાં બાળદીક્ષાના વિરોધી નહોતા. એમના ઇતિહાસ વાંચન અને પોતાના જાતિ અનુભવથી એમને ખાતરી થઈ હતી કે શાસનનો ઉદ્યોત અને પ્રચાર એના પરિપૂર્ણ સ્વરૂપમાં કરવા માટે થોડા યોગ્ય બાળ દીક્ષિતોની પણ જરૂર છે. આ સંબંધમાં એમનો અભિપ્રાય ઘણી વિચારણાને અંગે બંધાયલો હતો, છતાં એમને એ વાતનો આગ્રહ નહોતો. એ એની વિરૂદ્ધની દલીલો પણ વિચારતા હતા, બાળકને વસ્તુના પરિચય વગર અનુભવની ગેરહાજરીમાં દીક્ષા આપી દેવાનું જોખમ પણ તે સમજતા હતા, તેથી ભવિષ્યની સારી આશાએ એમણે ક્ષુલ્લકને **કાચી દીક્ષા આપી**, એનો અભ્યાસ કરવાનો માર્ગ સરળ કરી નાખ્યો **અને એ દીક્ષા પણ પૂર્ણ જાહેરાતથી કરવામાં આવી.** આ રીતે બાર વર્ષની વયે ક્ષુલ્લક નાનો સાધુ બની ગયો અને હવે ધનાવા શેઠનું ઘર છોડી ઉપાશ્રયમા રહેવા લાગ્યો અને ગુરૂ મહારાજ સાથે દેશ દેશમાં વિહાર કરવા લાગ્યો અને સાથે એનો અભ્યાસ પણ ચાલુ રહ્યો.

: ૯ :

## ગુરુકુળવાસમાં બાર વર્ષ

### ૧

ક્ષુલ્લક હવે ધનાવા શેઠનું ઘર છોડી ગયો. એની વય બાર વર્ષની થઈ તે વખતે એણે દાયો સંન્યાસ સ્વીકાર્યો અથવા મહાપ્રતાપી અજિતસેન સૂરિએ એને નાનો સાધુ થવા સૂચવ્યું તે વાતની એ ઉપેક્ષા ન કરી શક્યો. હજુ એને શેરીમાં રમવા જવાનું મન થઈ આવતું, હજુ એને દાદા માસી પાસે બેસી વાર્તા સાંભળવાનું મન થતું, હજુ એને છોકરાઓની સરદારી લઈ ઘેરૈયાના ટોળાના નાયક બનવાનું ગમતું, હજુ લખોટા પાંચીકા, અગલ અગલ, કુકડાળા અને સાત તાલીઆ દાવ એને યાદ આવતા, પણ એ એવી એવી ઇચ્છાને દબાવી દેતો અને પોતાના જબરદસ્ત ગુરુ પાસે એ માટે પરવાનગી માગવાની એની હિંમત પણ ચાલતી નહિ.

એણે દીક્ષા લીધી, પણ એના મનમાં હજુ સંસારની નાની નાની હોંશો, આશાઓ, અને ઇચ્છાઓ રહ્યા કરતી હતી. વિચક્ષણ ગુરુ મહારાજ ક્ષુલ્લકની આ ખાસિયત જોઈ શક્યા હતા, એમને લાગતું હતું કે ક્ષુલ્લકમાં હજુ બાળકપણું ઘણું હતું, હજુ

એનામાં સંસ્કાર ઉત્પન્ન થયા હતા પણ જામ્યા નહોતા, પણ દીર્ઘ પરિચયથી એ ધીમે ધીમે ગભીર થઇ જશે એવી આશા ગુરુ મહારાજ સેવતા હતા. છતાં એમણે એની સર્વ ચેષ્ટાઓ, વલણો અને ખાસિયતોનો અભ્યાસ ચાલુ રાખેલો હોઇ એને પાકી દીક્ષા આપવાની વાત તેઓ જાતે કદી ઉચ્ચારતા પણ નહોતા.

ક્ષુલ્લકે તો ખૂબ પ્રયાસથી અભ્યાસ કરવા માંડયો. સાધુ યોગ્ય આવશ્યક અને દશવૈકાલિકના છજિજવણીયા અધ્યયન સુધીનો અભ્યાસ એને બહુ થોડા વખતમાં કરી લીધો. પછી તુરત તેની પાસે સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરાવવામાં આવ્યો. વ્યાકરણના અભ્યાસમા એને રસ ન પડયો, પણ એને કહેવામા આવ્યું હતું કે **બધા અભ્યાસનો પાયો વ્યાકરણમાં છે** એટલે એણે એ અભ્યાસ ઉપાડી લીધો. એની યાદશક્તિ બહુ સારી હતી એટલે એણે થોડા વખતમા વ્યાકરણ તૈયાર કરી નાંખ્યું ત્યાર પછી એનો અભ્યાસ સાહિત્યને માર્ગે દોરવવામાં આવ્યો. તેમાં એણે પાંચ મહાકાવ્યો અને બીજું પરચુરણ સાહિત્ય ખૂબ સરસ રીતે તૈયાર કર્યું. અને કાવ્યમાં ખૂબ રસ પડયો એટલે ગુરુ મહારાજ સમજી ગયા કે હજુ એની કલ્પના શક્તિ ખૂબ જાગૃત છે. એ અલંકારોને એવી સરસ રીતે જમાવે અને ધ્વનિ કાવ્ય અને અર્થ કાવ્યના દાખલાઓ એવી ચતુરાઇથી રજૂ કરે કે એની સાથે વાત કરનાર પણ છક્ક થઇ જાય. એને વર્ણનોમાં ખૂબ રસ પડવા માંડયો. નગર, દેશ, નદીના વર્ણનો એ વાંચે ત્યારે એને ગમ્મત આવતી, કામદેવનાં વર્ણનોમા એને રસ પડતો, રાજારાણીનાં વર્ણનો એ લલકારતો આલાપ સંલાપમાં ખૂબ રસ લેતો. કાવ્યના અભ્યાસ સાથે એને આખું અલંકાર શાસ્ત્ર શીખવવામાં આવ્યું. નવરસના સ્થાયી ભાવો અને અલંકારોના દાખલામાં એણે પ્રાવીણ્ય મેળવ્યું. એના અભ્યાસથી એની પોતાની ભાષા શુદ્ધિ પણ ખૂબ થઇ ગઇ.

કોઇની સાથે વાત કરે તો તેના પ્રત્યેક વાક્યમાં એની વિદ્વત્તા તરવરી આવતી હતી. છતાં નવાઈ જેવી વાત એ બની કે ગુરૂ આચાર્ય મહારાજે એને કદી વ્યાખ્યાન પીઠ પર બેસવાની સૂચના ન કરી કે એને અન્યને ઉપદેશ આપવાનો અધિકાર ન આપ્યો.

આ સર્વની પાછળ ગુરૂ મહારાજ આચાર્ય દેવનો અનુભવ કામ કરી રહ્યો હતો. તેઓનો મત એવો હતો કે ચારિત્ર જ્યાં સુધી જામે નહિ ત્યાં સુધી શિષ્યને પાકી દીક્ષા આપવી નહિ. એમ કરવાથી શિષ્યને જરૂરી લાયકાત મેળવવાની તમન્ના રહે છે અને એ રસ્તે ચાલવાથી એનામાં સ્થિરતા આવી જાય છે, એમનો મત હતો કે વ્યાખ્યાન પીઠ પર બેસવા માટે એકલી વિદ્વતા ચાલે નહિ. એમાં તો અંતરનો વૈરાગ્ય અને દૃઢ આત્મ શ્રદ્ધા જોઇએ, પાકો ત્યાગ જોઇ એ અને નિષ્કલંક ચારિત્ર જોઇએ. જેનામાં ચારિત્ર બરાબર જામ્યું હોય તેજ ચારિત્રનો મહિમા ગાઇ શકે છે અને ઉપર છલ્લા ગાનથી શ્રોતા ઉપર અસર પ્રતીજ નથી આવે તેમનો મત હોઇ, એમની પરીક્ષામાં જે ખરા ત્યાગી હોય તેનેજ પીઠિકાપર બેસવાની તેઓ રજા આપતા હતા. એમની ચકાસણીનો વિષય જ્ઞાન નહોતો, ચારિત્ર હતું, તેઓ માનતા હતા કે મોટા વક્તા કરતાં સાચો ગુણવાન સાધુ સ્થાયી અસર ઉપજાવી ધારેલ પરિણામ નીપજાવી શકે છે. એ ઉપરાંત અધુરી તૈયારીઓ માત્ર વક્તૃત્વ ખાતર વ્યાસપીઠ પર બેસનાર કોઇ વખતે એવું ઓડનું ચોડ કરી નાખે છે કે એથી સમાજ શરીર ઉપર મોટો આઘાત પડી જાય અને એવા લોકપ્રિય વક્તાઓ સ્વપરને ઘણું નુકશાન કરી શાસનની કુસેવા કરે છે. જ્યાં સુધી શુદ્ધ ચારિત્રની રમણતા અંદર નથઈ હોય, જ્યાં સુધી સ્વપરનુ વિવેચન વચનમાત્રમાં સંકલિત નથતાં વ્યવહારૂ જીવનમાં આવ્યું ન હોય, જ્યાં સુધી ત્યાગવૃત્તિ અંતરમાં ઊંડી પ્રવેશ પામી નહોય અને જ્યાં સુધી અડગ નિશ્ચયમાં ઉત્સર્ગ માર્ગને મુખ્યતા આપવાનું

જીવન ધોરણુ સ્વીકારાયું નહોય, ત્યાં સુધી એમના મતે પાટ ઉપર બેસવાની અને ઉપદેશ આપવાની લાયકાત આવતી નથી, આવું તેમનું ધોરણ હતું.

આચાર્ય મહારાજની શિષ્ય પરીક્ષા કરવાની રીતિ પણ અનનવી હતી. અમુક સાધુમાં વૈરાગ્ય અંદરથી જાગ્યો છે કે નહિ તેની પરીક્ષા તેઓ શિષ્યને ખબર ન પડે તેમ અણુસારાથી કરી શકતા હતા. અહારપાણીમાં શિષ્યની ગૃદ્ધિ કેટલી છે, અન્ય સાધુ સેવાની વૃત્તિ એનામાં કેવી જાગી છે, પરીસહ સહન કરવામાં દેખાડો કરવાની વૃત્તિ છે કે સાચી ત્યાગબુદ્ધિ અને લાપરવા આવી ગયા છે કે નહિ એનો તેઓ સૂક્ષ્મ અભ્યાસ કરતા અને ખાસ લાયકાત દેખાય ત્યારેજ શિષ્યને પાટ ઉપર બેસવાની રજા આપતા. શિષ્ય ઊંઘતો હોય તો પોતાના રજોહરણુના છેડા એના ગાલ ઉપર કે વાંસા ઉપર ફેરવે અને શિષ્ય અર્ધ ઊંઘમાં જો પોતાના ગાલ પર ટપલી મારે, મચ્છરને મારી નાખવાની ચેષ્ટા કરે તો પોતે સમજે કે આ શિષ્યમાં હજી અહિંસા જાગી નથી, પણ જો પાસે પડેલ રજોહરણુ એ ઊંઘમાં લઈ વાંસા કે કાન ઉપર ફેરવતો ગુરૂદેવ સમજે કે શિષ્ય બરાબર જાગતો જાય છે. આવી આવી તેમની પાસે શિષ્ય પરીક્ષા કરવાની અનેક ચાવીઓ હતી. તેમની પરીક્ષામાં ક્ષુલ્લક હજુ પસાર થયો નહોતો. ગુરૂદેવને લાગતું હતું કે એ ચાલાક છે, હુંશિયાર છે અને આશાસ્પદ છે, પણ હજુ એની સંસાર દશા સરી ગઈ નથી, હજુ એનામાં અહિંસા સંયમ અને તપ જામ્યાં નથી અને હજુ એની પૌદ્ગલિક વાસના ગઈ નથી, હજુ એનામાં સ્વપર વિભાગ - સ્થિર થયો નથી, હજુ એને આત્મસાક્ષાત્કાર થવાની ચાવીએ સાંપડી નથી, એટલી ઉણુપ કહેવાય ખરી.

આ હકીકતને પરિણુામે ગુરૂ મહારાજને બે ચાર વખત કહેવામાં આવ્યું કે ક્ષુલ્લકને છેદોપસ્થાપન ચારિત્ર વોચરાવવાની ગોઠવણ કરવા

રજા આપવી જોઇએ, ત્યારે ગુરૂદેવે કોઇ બાબતનો ખુલાસો ન કરતાં માત્ર 'જોઇશું' એટલોજ જવાબ આપતા આ અજિતસેન સૂરી મહારાજનું વર્ચસ્વ એટલું ઉગ્ર હતું કે એની સાથે કોઇ ચર્ચામાં ભાગ્યેજ ઊતરતું, પણ તેઓનો નિર્ણય સકારણ, સહેતુક અને સફળ હશેજ એવી પાકી માન્યતાને પરિણામે તેમના હુકમ પર ચર્ચા કે સવાલ જવાબ થતા નહોતા. ક્ષુલ્લકને આ વાતનો કોઇ કોઇ વાર વિચાર તો આવતો, પણ એ જરા તોરી અને લાપરવા વૃત્તિનો હતો. એને અભ્યાસ ઉપર ખૂબ રૂચિ હતી, એને નવું નવું ભણવાની બહુ હોંસ હતી, એને હજુ અનેક વિષયોમાં પ્રવેશ કરી પૂર્ણતા પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગ્યા કરતી હતી, એટલે એને છેદોપસ્થાપન ક્યારે મળશે તેની ખાસ ચિંતા નહતી. એને માટે ગુરૂદેવ સૂચવન કરતા નથી એ વાત એના ધ્યાનમાં હતી પણ એ બાબત ઉપર એને ઉપેક્ષા હતી; એની નજરે એ વાતમાં ખાસ મહત્ત્વ નહોતું અને એની એ સંબંધીની ઉદાસીનતા ગુરૂ મહારાજના લક્ષ્ય બહાર નહોતી.

આવી રીતે દિવસો ઉપર દિવસો જવા લાગ્યા અને ક્ષુલ્લકનો અભ્યાસ વધવા લાગ્યો. ક્ષુલ્લકના અભ્યાસમાં વ્યાકરણથી એને ધીમે ધીમે ભાષા પર કાબૂ આવતો ગયો અને સાહિત્યથી એની કલ્પનાને જોર મળતું ગયું, પણ એ દરમ્યાન એની રસવૃત્તિને પોષણજ મળ્યા કરતું હતુ અને પંચકાવ્ય અને બીજાં મહાકાવ્યોના વાંચનથી એની કલ્પના જોર કર્યા કરે તેના ઉપર અંકુશ પડે તેવો અભ્યાસ તેને થયો નહિ. માત્ર સાધુઓ પરસ્પર વાતો કરે કે શ્રાવકોને ઉપદેશ આપે ત્યારે અધ્યાત્મની વાતો તે સાંભળતો અને વિચારતો, પણ જ્ઞાન વધારવાની હોંસમા આત્મલક્ષ્યી શાસ્ત્રોનો એને ઊંડો અભ્યાસ થયો નહિ; પરિણામે એની બુદ્ધિને જેટલો વિકાસ મળ્યો અને એની ઊડ્ડયન-કલ્પના શક્તિને જેટલું પોષણ મળ્યું તેના પ્રમાણમાં એના હૃદયના ઘાટ ઘડવાને પ્રસંગો ન મળ્યા. ક્ષુલ્લકને કલ્પનાનું

જોર એટલું આવી ગયું હતું કે એ અનેક તરંગો રચી કલ્પના મૂર્તિઓ બનાવતો રહ્યો હતો. અને રાત્રે પણ એની સ્વપ્ન સૃષ્ટિમાં ત્યાગી અને ત્યાગનાં ચિત્રો જોવાને બદલે એ વૈભવ, નાચ, ધમાલ, સોનારૂપાનાં અલંકાર, હીરામોતીના આભૂષણો, સિંહાસનો અને નાચતી પૂતળીઓ અને ઊડતી પરીઓ જોતો હતો. એનામાં વ્યવહારથી જેને ત્યાગ કહેવામાં આવે છે તે બરાબર હતો. એનાં બાહ્ય વર્તનમાં જરા પણ અપવાદ લેવા લાયક તત્ત્વ ન હતું, પણ એને અંદરની વૃત્તિ તદાકાર થઇ નહોતી. આવું કાર્ય મારાથી કેમ થાય ? મારા ગુરૂદેવ એ વાત જાણે તો તેઓ મારે પોતાને માટે શું ધારે ? આ ભાવી સાધુના વેશ અને રખડ પાટીનો મેળ કેમ બેસે ? સાધુના વેશવાળાને કોઇ રાત્રિના રખડતો જુએ તો સાધુઓ માટે શું ધારે ? આવા વિચારથી એ અંદર ગૂચવાતો પડયો રહેતો હતો, પણ, રાત્રે તારામંડળ જુએ અને એને રસ્તાપરનો પ્રકાશ પકડવો મન થાય, શ્લોક યાદ આવે અને સાથે જંગલમાં ફરવાનું મન થઈ આવે, રત્નના ઢગલાના વર્ણન વાંચે અને ધનવાનોનાં મોટા મહેલાયોમાં શું થતું હશે એનાં કલ્પના ચિત્રો મનમાં ખડાં થઇ જાય આવી રીતે એ ત્યાગ અને કલ્પના વચ્ચે ઝોલાં ખાતો હતો.

અને હવે ક્ષુલ્લકને મૂછો ફૂટવા માંડી હતી. એના બાહ્ય દેખાવમાં બાળપણાને સ્થાને યુવાવસ્થા મટકાં કરી રહી હતી અને એના શરીરનો સુધટ્ટ બાંધો એને એની ખરી વય કરતાં બે વર્ષની વધારે વયના વિકાસ પામતા યુવાન તરીકે બતાવી રહ્યો હતો. એના અભ્યાસમાં એની રૂચિ ઉપર વધારે ધ્યાન અપાતું હતું અને એની રૂચિ નાનપણથી જ રમતીઆળ અને કલ્પના પર બધાયલી હોઇ એ સ્વૈર વિહારને પોષે અને કલ્પનાને મોજ કરાવે તેવા અભ્યાસ તરફ વધારે વધારે લલચાતો હતો. એને પરિણામે એ સાહિત્યનો બહુ સારો અભ્યાસી થઇ ગયો, પણ એને અધ્યાત્મનો રંગ બરાબર અંદરથી જામ્યો નહિ.

ત્યાર પછી ઉપાધ્યાયની સૂચનાથી એને ન્યાય-તર્કનો અભ્યાસ શરૂ કરાવવામાં આવ્યો. એ અભ્યાસ ચાલતો હતો ત્યારે એના અભ્યાસ કરાવનાર ગુરૂને માલૂમ પડ્યું કે એનામાં જે તેજ અને વિકાસ, કાવ્ય અને સાહિત્યના અભ્યાસ વખતે દેખાતા હતા તે મોળા અને ઢીલા પડવા લાગ્યા હતા. જે માનસિક પ્રગતિ બુદ્ધિ વિકાસને અંગે એ સાહિત્યમાં કરી શક્યો તે તર્કમાં ચાલી નહિ. એણે અભ્યાસ તો ચાલુ રાખ્યો, પણ હેત્વાભાસો અને પૂર્વ પક્ષ ઉત્તર પક્ષની ઝણઝણાટી ચાલી અને इति चेत्-न ના ધમધમાટ ચાલવા લાગ્યા તથા અતિ વ્યાપ્તિ અને અવ્યાપ્તિના તફાવતો તરવરવા લાગ્યા, ત્યારે એણે સાહિત્યના અભ્યાસ વખતે બતાવ્યો હતો તેવો તરવરાટ કે દીપ્તિમત્તા દાખવ્યાં નહિ. એક વિષય સમજવો ગ્રહણ કરવો કે પટપટાવી જવો એ એક વાત છે અને એ વિષયમાં પોતાનું વર્ચસ્વ જમાવવું, પોતાની મૌલિકતા બતાવવી, પોતાનું આંતર તેજ બતાવવું એ અલગ વાત છે. એણે કારિકા મુક્તાવલિ તર્ક સંગ્રહ આદિ ગ્રંથો કર્યા, એનાં સૂત્રો ગોખી ગયો, પણ એમાં એનો પ્રવેશ ઉપરછલ્લો જ રહ્યો. છતાં એ વાદવિવાદ ચર્ચા અને પક્ષો કરી શકતો હતો, પણ જે તેજ એણે કાવ્ય અને સાહિત્યના અભ્યાસમાં બતાવ્યું તેના પ્રમાણમાં ન્યાયમાં એનું ટટ્ટુ બરાબર ચાલ્યું નહિ. આ ઉપરાંત એણે પરચુરણ ભાષા જ્ઞાનના અને ચાલુ કથા વાર્તાનાં પુસ્તકો વાંચ્યાં, એકાદ વખતે એણે સંસ્કૃત શ્લોકો કે કાવ્યો બનાવવાનું કામ હાથ ધર્યું, પણ એમાં એનાથી ખાસ પ્રતિભા બતાવી શકાણી નહિ. સામાન્ય જોડકણા બનાવે તેને તે યુગમાં સાહિત્ય ક્ષેત્રમાં સ્થાયી સ્થાન મળતું નહોતું અને એની કૃતિઓમાં ખાસ વિશિષ્ટતા નૂતનતા શબ્દ કે અર્થ ચમત્કૃતિ આવી શક્યાં નહિ, એટલે એણે નવીન કૃતિનો પ્રયાસ છોડી દીધો.

( સંધાન ભાગ બીજો )

# કાર્યાલય તરફથી

આ સંસ્થા તરફથી શરૂ થયેલી ગ્રંથાવલીનું બીજા વર્ષનું આ ૧ લું પુસ્તક છે, અને સંળગ પ્રકાશન તરીકે ૭ મું પુસ્તક છે.

કાગળના વધતા જતા ભાવો—છાપખાનાની અનિયમિતતા-કામદારોની હડતાલો—એ બધી મુસીબતો વચ્ચે દર બબ્બે મહિને પુસ્તક બહાર પાડવાનું મુશ્કેલ બની જાય છે, છતાં પણ જેમ બને તેમ કામને પહોંચી વળવાની તજવીજ ચાલુ છે.

દરમ્યાન ગ્રાહકો તરફથી આ પુસ્તકોને સારો આવકાર મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં વસતા ગુજરાતીઓ પણ આ ગ્રંથાવલીનાં પુસ્તકો તરફ ઠીક ઠીક આકર્ષાતા જાય છે, તેમજ પરદેશમાં પણ આ ગ્રંથાવલીનાં પુસ્તકો જતાં થયાં છે.

અત્યારે આ પુસ્તકો વડોદરામાં છપાય છે. તેનું બાઇન્ડીંગ અમદાવાદમાં થાય છે. વડોદરામાં જોઇએ તેવું સારૂં બાઇન્ડીંગ થઇ શકતું જ નથી એવો અનુભવ થયો છે. આવે વખતે છપાએલા ફરમાઓ અમદાવાદ મોકલવા પડે છે. તેનાં બુકીંગની તો ભયંકર હાડમારીથી ત્રાસી જવાય છે. ગુડઝનું બુકીંગ તો બંધ છે જ પણ પાર્સલનું પણ કેટલીક વખત બંધ હોય છે. આવી અનેક પ્રકારની હાડમારીઓ છે. જેકેટો પણ અમદાવાદમાં છપાય છે. તેનું ચિત્ર મુંબઈમાં તૈયાર થાય છે તે ધારેલે સમયે તૈયાર ન થઈ શકવાથી પણ કેટલીક મુસીબતો રહ્યા કરે છે જ. આ બધી મુસીબતોમાં પણ અમે ઝંપલાવ્યું છે અને એને પહોંચી વળવાનો અમારો નિર્ધાર છે જ., પરંતુ એ બધું ગ્રાહકોની ધીરજ અને પ્રોત્સાહન ઉપર અવલંબે છે.

દરેકે દરેક ગ્રાહક પોતાથી વધુ નહિં તો એક એક ગ્રાહક આ ગ્રંથાવલી માટે મેળવી આપે એમ અમે ઇચ્છીએ છીએ.

આ ગ્રંથમાલાના ગ્રાહકોને જે જે પુસ્તકો અપાય છે તે પડતર કિંમતે જ અપાય છે. એમાં બીલકુલ નફો લેવાતો જ નથી કારણ સંસ્થાનો ઉદ્દેશ જ્ઞાન પ્રચારનો જ અને સંસ્કૃતિને રક્ષક હોઇને એક ધાર્મિક સંસ્થાની રીતે જ આ સંસ્થા ચાલી રહી છે.

આજે વેરવીખેર થયેલા વિચારોની ઐક્યતા–સમાજની તૂટી પડેલી ઇમારતો–ધર્મ અને સંસ્કારનો થતો લોપ–અને જાણે કે માનવતા પરવારી ગઇ હોય એવે સમયે–એવા આ કાળમાં–આ સંસ્થા, લોકોમા–પ્રજામા કંઇક ઉત્સાહ અને મનુષ્યમાં ઊંડે ઊંડે રહેલી–સુપ્ત અવસ્થામાં પડેલી માનવતાને જગાડવા માટે અને આપણી સંસ્કૃતિને આજની દૃષ્ટિએ ઘટાવીને જૂના અને નવા વિચારોને મેળ ખવડાવવો, એ માટે જ આ મંડળે કમર કસી છે. અને સદ્‌ભાગ્યે શરૂઆતથી જ એને સારા ટ્રસ્ટીઓની ઓથ મળી ગઇ છે.

દેખીતી રીતે આ પુસ્તકો જૈન ધર્મને લગતાં લાગે તેવાં છે. પરંતુ જૈન ધર્મને અમે તો વિશાળ સ્વરૂપમાં લઇ જવા માંગીએ છીએ જૈન ધર્મનું મુખ્ય ધ્યેય એ સર્વ ધર્મનો નિચોડ છે. અને જૈન ધર્મની સાંકડી દૃષ્ટિથી આ પુસ્તકો લખાયેલા નથી જ. પરંતુ સાચી વસ્તુસ્થિતિ શું છે અને કયા કયાં આપણા આદર્શ રત્નો છૂપાઇ–દબાઇ બેઠેલાં છે તેની સુવાસ–તેનો પ્રકાશ ફેલાવીને તેમાથી કંઇક તત્ત્વ આપણે ગ્રહણ કરતા થઇ જઇએ તે માટે આ પુસ્તકો ઉત્તમ પ્રકારનાં દૃષ્ટાંતો પુરાં પાડે છે.

દરેકે દરેક ઘરમાં આ શ્રેણીનો એક એક સેટ હોવો જ જોઇએ એમ અમે માનીએ છીએ. ઘરની શોભા માત્ર રાચરચીલાથી નથી હોતી પણ જ્ઞાન–સાધનોથી દીપે છે. એ આજના યુગના માનવીઓ જલ્દી સમજી લ્યે અને તેને અમલમાં મૂકે એવી આશા રાખીએ છીએ.

પ્રથમ વર્ષના ૧ લા પુસ્તક બુદ્ધિધન અભયકુમારની બીજી આવૃત્તિ છપાવવી પડી છે એ આ મંડળની લોકપ્રિયતા બતાવે છે–અને દરેક

પુસ્તકોની નવી નવી આવૃત્તિઓ આવી રીતે બહાર પાડવી પડે એવી સ્થિતિ ઊભી થાય એ ગુજરાતી સમાજ માટે ગૌરવભર્યું ગણાય.

ગુજરાતી પ્રજાને આજે પૈસાની ભૂખ છે તે કરતાં જ્ઞાનની સરકારની ભુખ છે—જરૂર છે. પરંતુ આજે ચારે બાજુ વેરવિખેર સાહિત્યનો ઢગલો પડેલો છે અને જુદા જુદા વિચારોમાં સમાજ ઘેરાઈ ગએલો છે. એવે વખતે એણે પોતાની દૃષ્ટિ સ્થિર કરવાની જરૂર છે. વળી બધા વિચાર પ્રવાહોનો બધા ધર્મોનો વાદ કર્યા કરવો તે કરતાં પોતાના અંતરના આત્માને ઓળખતા થઇશું તોજ તે ધર્મનો સાચો અર્થ મળી રહેશે અને તોજ સાચું જ્ઞાન મળી રહેશે.

આ પુસ્તકો એ માર્ગે વાળવા માટે પગથીઆં રૂપે છે અને આજની ઉન્નત પ્રજાએ પોતાની સામેનાં આ પગથીઆં ચઢીને દીવાદાંડીએ પહોચવાનું છે અને જૂના તથા નવા વિચારોની ઐકયતા જમાવીને સાચી સંસ્કૃતિ કે જે માનવતાને ઊંચે લઈ જનારી છે—તેને અનુસરવાનું છે અને એમ કરીને સમાજને સ્થિર બનાવી તેના પાયામાં જ્ઞાનામૃત સીચી ગૌરવવંતો અને પ્રભાવશાળી બનાવવાનો છે.

---

**મુંબઈમાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—**

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

ગોડીજીની ચાલ, ગુલાલવાડી, મુંબઈ

**મુંબઈમાં ગ્રાહકો નોંધવાનું ઠેકાણું:—**

કાન્તિલાલ શાહ ઘોડનદીકર

C/o જૈન કોન્ફરન્સ ઓફીસ, ટી. જી. શાહ બીલ્ડીંગ

પાયધુની મુંબઈ—૨

# સંસ્કૃતિરક્ષક સસ્તું સાહિત્ય મંડળ

## નિયમો ( સંક્ષિપ્તમાં )

( ૧ ) હાલ તુરત નવલકથાઓ રૂપે દ્વિમાસિક ૨૦૦–૨૫૦ પૃષ્ઠોનું એક પુસ્તક પ્રગટ કરી વાર્ષિક આશરે ૧૫૦૦ પૃષ્ઠોનું વાંચન પડતર કિંમતે અપાય છે.

( ૨ ) મંડળના નીચે પ્રમાણે પાંચ વર્ગના સભ્યો કરાય છે. સભ્યની ( પુરૂષ કે સ્ત્રી ) ઉંમર અઢાર વર્ષની ઉપરની હોવી જોઇએ.

( अ ) વાર્ષિક સભ્ય : લવાજમની રકમ ઠરાવ્યા પ્રમાણે દર વર્ષે આપે તે. (आ) આજીવન સભ્ય : એકી સાથે રૂપિયા ૧૫૧) કે વધારે આપે તે અથવા કોઈ લેખક વિના પુરસ્કારે અઢીસોક પૃષ્ઠોનું પુસ્તક લખી આપે તે. ( નોંધઃ સંસ્થા માટે આજીવન સભ્યપદની મુદ્દત વીશ વરસની ગણાશે. ) (इ) શુભેચ્છકઃ એકી સાથે રૂા. ૩૫૧) અને તેથી વધારે આપે તે. (उ) દાતા ( Donor ) : એકી સાથે રૂા. ૧૫૦૧) અને તેથી વધારે આપે તે. (ऋ) મુરબ્બી (Patron) એકી સાથે રૂા. ૩૫૦૧) અને તેથી વધારે આપે તે.

( ૩ ) વિવિધ સભ્યોના હક્ક : अ; વાર્ષિક સભ્યઃ ગમે તે તારીખથી બની શકશે. સભ્ય બન્યા પછી બાર મહિનાના વર્ષ લેખે તેમનું લવાજમ ગણાશે; [ ટીપ : બાકીની ચાર કોટીમાં ( आ થી ऋ ) થનાર સભ્ય કટકે કટકે કે એકી વખતે લવાજમની રકમ આપી શકશે. પરંતુ લવાજમ ભર્યા બાદજ તેમને મળતા હક્ક ભોગવવાને તેઓ અધિકારી ગણાશે. ]

આ. આજીવન સભ્ય : સંસ્થા તરફથી પ્રગટ થતી એક શ્રેણિનું એક પુસ્તક તેમને ભેટ મળી શકશે.

ઈ. શુભેચ્છક : બે શ્રેણિનાં પુસ્તક તેમને ભેટ મળશે. [ ટીપ : આ અને ઈ વર્ગના સભ્યોને પોતાને મળતાં પુસ્તકો સિવાય મંડળના અન્ય પુસ્તકો ખરીદવાં હશે તો ૧૨½ ટકા કમિશનથી મળી શકશે. ]

ઉ દાતા : સંસ્થાનાં સર્વ પુસ્તકની એકેક નકલ ભેટ મળશે. ઉપરાંત તેમનું નામ બાર માસ સુધી દરેક પુસ્તકમાં પ્રગટ થશે. અને કોઈપણ એક પુસ્તકની અથવા તો જુદા જુદા પુસ્તકની સમગ્ર તરીકે ૧૦૦ ( સો ) નકલો તેની કિંમત કરતાં ૫૦ ટકાના ભાવે ભેટ વહેંચવા માટે મળી શકશે.

ઋ મુરબ્બી : દાતાના જેટલા હક્ક; વિશેષમાં આ મંડળ તરફથી પ્રગટ થનાર " જૈન જ્ઞાનમહોદધિ " નો સેટ ( જેની કિંમત લગભગ રૂ. ૩૦૦ થી ૩૫૦ થશે ) વિના મૂલ્યે ભેટ તરીકે મળશે. [ ટીપ : તેમને જ્ઞાનપ્રચાર માટે પુસ્તકો ભેટ આપવા જોઈતાં હશે તો મંત્રીશ્રી ઘટતું કરી શકશે. વળી આ હક્ક તેઓ પોતાની હૈયાતી સુધી કે પચીસ વર્ષ-એમાંથી જે વધારે હોય તે સમય સુધી ભોગવી શકશે. હૈયાતી બાદ તેમના વારસદારને તે હક્ક બાકીની મુદ્દત માટે મળશે.

( ૪ ) વિશિષ્ટ સગવડ : કોઈપણ પુસ્તકમાં કોઈપણ વર્ગના સભ્યને ફોટો જોડવો હશે તો તેવી સગવડ પત્રવ્યવહારથી કરી લેવા વિનંતિ છે.

( ૫ ) આ મંડળનો સઘળો કારભાર વ્યવસ્થાપક કમિટિને જવાબદાર રહીને મંત્રીશ્રી પોતે ચલાવશે.

**મંડળના હેતુઓ અને ઉદ્દેશો :** " આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિધવિધ અંગો, જેવાં કે અહિંસા અને બંધુભાવના ઇ. ઇ. મનુષ્ય માત્રમાં પ્રગટે તથા ખીલે તે પદ્ધતિએ, નવું સાહિત્ય વર્તમાન યુગને રૂચતી શૈલીમાં ઊભું કરવું તથા જૂનાને સંશોધિત કરવું અને તેવાં નવાં જૂનાં સાહિત્યને લખી લખાવી તથા છાપી છપાવીને પ્રગટ કરી શક્ય પ્રચાર કરવો. " [ સમજૂતિ—આખી યોજના સંસ્કૃતિના રક્ષણ અંગે ઘડાયેલ હોવાથી આર્યાવર્તના અમે તે ધર્મનાં સાહિત્યને તે આવરી શકશે. તેમજ સઘળું સાહિત્ય આમ જનતાને પડતર કિંમતે આપવાનું હોવાથી તેની સાથે " સસ્તુ સાહિત્ય " એવું નામ જોડવું ઉચિત લેખાશે. ]

[ સાર : પાંચે વર્ગના સભ્યોએ જે લવાજમ ભરવાનું છે અને જે લાભ તેમને મળવાનો છે તે બન્નેનો હિસાબ, કેવળ પૈસાની દૃષ્ટિએ કરતાં પણ સ્પષ્ટ છે કે, તેમણે ભરેલી રકમ વીસેક વર્ષમાં તો ભરપાઇ થઇ જાય છે જ. ઉપરાંત પુસ્તક વાંચનથી તેમનું પોતાનું તથા અન્ય વાચકોનું જે જીવનસુધાર થશે તેની કિંમત તો આંકી અંકાશે જ નહીં. ટૂંકમાં જે દ્રવ્ય ખર્ચશો તનો પૂરો બદલો મળી રહેવાનો છે જ. એટલે આગ્રહપૂર્વક વિનંતિ કરવાની કે તમો પોતે યથાશક્તિ ઉચ્ચ કોટિના સભ્ય બનશો. એટલું જ નહીં, પણ પ્રસંગોપાત્ તમારા સ્નેહીજનોને ભલામણ કર્યા કરતાં રહેશો. ] કોઇ જાતનો ખુલાસો જોઇએ તો ખુશીથી પૂછાવી શકો છો.

# વિજ્ઞપ્તિ

( અ ) બાળ શ્રેણિ માટે—માસિક ૩૨ થી ૪૦ પૃષ્ઠો ભરાય તેવી નાની પુસ્તિકાઓ ( Tracts ) ઊભી કરવી છે; તથા આ ઉપયોગી શ્રેણિ ( લાંબી તથા ટૂંકી વાર્તાઓ, કથાઓ, જ્ઞાનામૃતો, નિબંધો, જીવન ચરિત્રો, ગૃહોપયોગી હુન્નર કળાના લેખો ઈ. ઇ. ) માટે કોઇને કોઇ પ્રકારનું મૌલિક સાહિત્ય, સરળ ભાષામાં આપે તેવા લેખકો એ નીચેના સરનામે પોતપોતાની શરતો સાથે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

( આ ) પોતા પાસે પડેલી લેખિત સામગ્રી, આમજનતાને ઉપયોગી નીવડવાની ગણત્રીએ કોઇને છપાવવી હોય તેમણે પોતાની શરતો અમને જણાવવી.

( ઇ ) જેમણે પોતાના કબજાનાં કે માલેકીનાં, પુસ્તકો, ગ્રંથો ( તૈયાર છાપેલાં કે હસ્તલિખિત ) સારી હાલતમાં કે જરા દુરસ્તી કર્યે વપરાશમાં લઇ શકાય તેવાં—કાઢી નાખવાં હોય તો અમે, વિના કિંમતે, ઉઠાવી જવાનું ખર્ચ કરીને—લઇ જવા તૈયાર છીએ. કોઇ બીજી શરત કરવી હોય તો ખુશીથી કરી શકાશે.

તા. ૧૫–૧–૪૯

સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય મંડળ
રાવપુરા, મહાજનગલી, વડોદરા

## અમારી સંસ્થા તરફથી પૂર્વે પ્રસિદ્ધ થયેલાં

# વિશિષ્ટ પ્રકાશનો

---

### ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહે લખેલાં ઐતિહાસિક સર્જન

| | | | |
|---|---|---|---|
| પ્રાચીન ભારતવર્ષ ભાગ | ૧ લો | .... રૂા. | ૫—૦—૦ |
| ” ” ” | ૨ જો | .... રૂા. | ૭—૮—૦ |
| ” ” ” | ૩ જો | .... રૂા. | ૬—૮—૦ |
| ” ” ” | ૪ થો | .... રૂા | ૬—૦—૦ |
| ” ” ” | ૫ મો | .... રૂા. | ૫—૦—૦ |
| | | કુલ રૂા. | ૩૦-૦-૦ |

કુલ એકંદર ક્રાઉન આઠ પેજી કદનાં લગભગ બે હજાર પૃષ્ઠ સંખ્યા અને આર્ટ પેપર પર છાપેલાં સોએક ચિત્રો તેમજ પ્રાચીન સિક્કાઓની ૧૦૫ ફોટો પ્રીન્ટ સાથે ૪૦ નકશાઓ પણ છે

આ બધાં પુસ્તકોનું છૂટક મૂલ્ય રૂા. ૩૦—૦—૦ છતાં રૂા. ૨૭—૦—૦ માં અપાશે.

અથાગ મહેનતને અંતે તૈયાર કરાયેલા આ સંશોધન ગ્રંથો દરેક ઐતિહાસપ્રેમીએ અવશ્ય વસાવવા જોઇએ.

આ ઐતિહાસિક ગ્રંથો આપણું અણમૂલ સંસ્કારધન છે.

## ઉપર્યુક્ત ગ્રન્થોના અંગ્રેજી વૉલ્યુમ્સ

| | | | |
|---|---|---|---|
| એન્શ્યંન્ટ ઇન્ડીઆ વોલ્યુમ | ૧ લું | .... રૂા | ૭—૦—૦ |
| ” ” ” | ૨ જું | .... રૂા. | ૧૦—૦—૦ |
| ” ” ” | ૩ જું | .... રૂા. | ૯—૦—૦ |
| ” ” ” | ૪ થુ | .... રૂા. | ૯—૦—૦ |
| | | કુલ રૂા. | ૩૫—૦—૦ |

રોયલ આઠ પેજી બે હજાર ઉપરાંત પૃષ્ઠો, આર્ટ પેપર પર છાપેલાં સંખ્યાબંધ ચિત્રો ઉપરાંત સિક્કાચિત્રો અને નકશાઓ પણ છે.


●

### સમ્રાટ્ પ્રિયદર્શી
### ઉર્ફે
### ભૂલથી મનાયેલા

# સમ્રાટ્ અશોક

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૪૬૦, ૪૦ ચિત્રો, ૧૫ સિક્કા ચિત્રો ઉપરાંત ૧૫ નકશા સહિત.

મુલ્ય રૂા. ૬—૦—૦



વિદ્યુત વેગે આગળ વધતા જમાનામાં આંખ સાથે કામ લેવાનો બોજો પણ દિવસાનુદિવસ વધતો જાય છે

વળી દુનિયામાં એકે એવો માણસ નથી કે જેને આંખનું કામ નથી જ હોતું. જેને દુનિયામાં રહેવું છે ને સમય સાથે ડગ ભરવા છે. તેને તો આંખ આંખને આંખ સાથે જ કામ પાડવાનું.

આ પ્રમાણે આંખ સાથે કામ કરતાં, તેની સાર સંભાળ ડગલે ને પગલે લેવી જ રહે. અમારે ત્યાં આંખ તપાસવા ઊંચી શાસ્ત્રીય કેળવણી લીધેલ બે ખાસ ડાકટરોને રોકયા છે જે વિના ખર્ચે આંખો તપાસે છે ને જો ચશ્મા લેવા ઠરે તો અમારા કારખાનામાં જ તે બનાવી આપીએ છીએ. એટલે કે સર્વે કામ અમારે ત્યાં જ કરી અપાય છે આવી સગવડ અમારા સિવાય કોઇને ત્યાં નથી. એટલે જરૂર પડયે લાભ લેવા દરેકને આગ્રહપૂર્વક વિનંતિ છે.

જર્મની જેવા ચશ્માના નિષ્ણાત પ્રદેશમાં આઠ વર્ષ ઉપરનો અમે વસવાટ કરી તાલીમ લીધી છે તેમ ચશ્માના કામમાં અમારો ૪૦ વર્ષનો અનુભવ છે. ખુદ વડોદરામાં રહેતાં સત્તર અઢાર વર્ષ થયાં છે એટલે વિના સંકોચે કામ લઇ શકો છો.

રાવપુરા ટાવરની સામે
વડોદરા

**શશિકાંત કાં૦ ચશ્માના વેપારી**
શાસ્ત્રીય રીતે દરેક પ્રકારના ચશ્મા
બનાવનાર તથા ચાંદ મેળવનાર